હીરપ્રશ્ન



સંપાદકઃ

પૂજ્ય આચાર્ય રાજશેખરસૂરીશ્વરજી મહારાજ

શ્રીધરણેંદ્ર પદ્માવતી સંપૂજિતાય

ૐ હ્રીં શ્રીં શ્રીશંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

પંન્યાંસશ્રી કીર્તિવિજયગણિ સંગૃહીત

હીરપ્રશ્ન

અનુવાદકાર

સિદ્ધાંતમોહદધિ પ. પૂ. આ. **શ્રીવિજયપ્રેમસૂરીશ્વરજી** મ. ના પટ્ટાલંકાર
આગમપ્રજ્ઞ પ. પૂ. આ. **શ્રીવિજયજંબૂસૂરીશ્વરજી** મ. ના વિનેય
પ. પૂ. આ. **શ્રીવિજયચિદાનંદસૂરીશ્વરજી મહારાજ**

સંપાદકઃ

વિશ્વવંદ્ય પ. પૂ. આ. શ્રીવિજય પ્રેમ-હીર-લલિતશેખરસૂરીશ્વરજી
મહારાજ સાહેબના શિષ્યરત્ન

પૂ. આ. રાજશેખરસૂરીશ્વરજી મહારાજ

સહસંપાદક : મુનિશ્રીધર્મશેખર વિજયજી

પ્રકાશક

અરિહંત આરાધક ટ્રસ્ટ

C/o. હિંદુસ્તાન મિલ સ્ટોર્સ, ૪૮૧, ગની એપાર્ટમેન્ટ,
મુંબઈ-આગ્રા રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫

કિંમત - ૬૦/- રૂપિયા

વિ. સં. ૨૦૫૫ વીરસં. ૨૫૨૫ ઈ. સ. ૧૯૯૯ નકલ ૧૦૦૦

卐 સંપૂર્ણ આર્થિક સહયોગ 卐

(પ્રતિક્રમણમાં સૂત્રોની બોલીના જ્ઞાનદ્રવ્યમાંથી)

કલ્યાણ રાજસ્થાન સંઘની શ્રાવિકા બહેનો

વિશેષસૂચના

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના આપુસ્તકની માલિકી કરવી નહિ. વાંચવા માટે પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાનભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.

મુદ્રક : ત્રીશલા પ્રીંટર્સ, બોરીવલી (વે.), ફોન : ૮૬૨ ૨૮૪૪.

પૂજ્ય આચાર્યશ્રી રાજશેખર સૂરીશ્વરજી મહારાજ સાહેબના સંપાદિત-અનુવાદિત-લેખિત ગ્રંથો

	ક્રમ	ગ્રંથ	વિષય
	૧.	ગુરુતત્ત્વ વિનિશ્ચય ભાગ-૧-૨	સંપૂર્ણ ટીકાનો ભાવાનુવાદ
★	૨.	નવપદ પ્રકરણ યાને શ્રાવકના બારવ્રતો	સંપૂર્ણ ટીકાનો ભાવાનુવાદ
★	૩.	શ્રાવકધર્મ વિધિ પ્રકરણ	સંપૂર્ણ ટીકાનો ભાવાનુવાદ
	૪.	શીલોપદેશમાલા	સંપૂર્ણ ટીકાનો ભાવાનુવાદ
	૫.	પંચવસ્તુક	સંપૂર્ણ ટીકાનો ભાવાનુવાદ
★	૬.	પંચાશક ભાગ-૧-૨	સંપૂર્ણ ટીકાનો ભાવાનુવાદ
★	૭.	ધર્મબિંદુ	સંપૂર્ણ ટીકાનો ભાવાનુવાદ
★	૮.	યોગબિંદુ	સંપૂર્ણ ટીકાનો ભાવાનુવાદ
★	૯.	યોગદૃષ્ટિ સમુચ્ચય	સંપૂર્ણ ટીકાનો ભાવાનુવાદ
★	૧૦.	પરિશિષ્ટપર્વ	સંપૂર્ણ ટીકાનો ભાવાનુવાદ
	૧૧.	ભવ ભાવના	મૂળ શ્લોકોનો ભાવાનુવાદ
	૧૨.	જ્ઞાનસાર	મૂળ શ્લોકોનો ભાવાનુવાદ
	૧૩.	પંચસૂત્ર	મૂળ શ્લોકોનો ભાવાનુવાદ
	૧૪.	પ્રશમરતિ	મૂળ શ્લોકોનો ભાવાનુવાદ
	૧૫.	ધર્મબિંદુ	મૂળ શ્લોકોનો ભાવાનુવાદ
	૧૬.	તત્ત્વાર્થ	મૂળ શ્લોકોનો ભાવાનુવાદ
	૧૭.	હારિભદ્રીય અષ્ટક	મૂળ શ્લોકોનો ભાવાનુવાદ
★	૧૮.	વીતરાગ સ્તોત્ર	મૂળ શ્લોકોનો ભાવાનુવાદ
★	૧૯.	ચૈત્યવંદન મહાભાષ્ય	મૂળ શ્લોકોનો ભાવાનુવાદ
★	૨૦.	સિદ્ધહેમ વ્યાકરણ	સંસ્કૃત વ્યાકરણ
★	૨૧.	શીલોપદેશમાલા	સંસ્કૃત પુસ્તાકારે
★	૨૨.	સિરિસિરિવાલ કહા	સંસ્કૃત પ્રતાકારે
	૨૩.	તત્ત્વાર્થાધિગમ સૂત્ર	વિસ્તૃત-વિવેચન
	૨૪.	સેન પ્રશ્ન	પ્રશ્નોત્તર
	૨૫.	સાધુ સેવા આપે મુક્તિ મેવા	વિવેચન
	૨૬.	ભાવના ભવ નાશિની	વિવેચન
	૨૭.	માતા-પિતાની સેવા	વિવેચન
	૨૮.	પ્રમોદ પુષ્પ પરિમલ	વિવેચન
★	૨૯.	હીર પ્રશ્નોત્તર	પ્રશ્નોત્તર
	૩૦.	સત્સંગની સુવાસ	વિવેચન
★	૩૧.	નવકારનો જાપ મિટાવે સંતાપ	વિવેચન
★	૩૨.	જીવન જીતવાની જડીબુટ્ટીઓ યાને મૈત્રી આદિ ચાર ભાવનાઓ	વિવેચન
★	૩૩.	જૈન ધર્મનો ઈતિહાસ અને શાસન પ્રભાવક સંપ્રતિ મહારાજા	વિવેચન
★	૩૪.	નિત્ય ઉપયોગી સાધના સંગ્રહ	શ્રાવકોપયોગી વિષયનો સંગ્રહ

★ નિશાની કરેલા પુસ્તકો નીચેના સ્થળેથી ઉપલબ્ધ થશે. ★

અરિહંત આરાધક ટ્રસ્ટ, C/o. હિન્દુસ્તાન મીલ સ્ટોર્સ, ૪૮૧, ગની એપાર્ટમેન્ટ, મુંબઈ આગ્રા રોડ, ભીવંડી-૪૨૧ ૩૦૫.

હીર પ્રશ્નોત્તર ગ્રંથરત્નના પ્રકાશનમાં આર્થિક સહકાર

"समयं गोयम ! मा पमायए !!" આ શાસ્ત્રવચનને આત્મસાત્ કરનારા અધ્યાત્મવિદ્યાનિપુણમતિ **પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રાજશેખર સૂરીશ્વરજી મહારાજા** દ્વારા સંપાદિત પ્રસ્તુત **હીર પ્રશ્નોત્તર** ગ્રંથરત્નના પ્રકાશનમાં......

પરમોપકારી, સત્યમાર્ગપ્રરૂપક, સુવિશાલ ગચ્છાધિપતિ **સ્વ. પ. પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા**ના પટ્ટ પ્રભાવક પરમોપકારી વાત્સલ્યમૂર્તિ સુવિશાલ ગચ્છાધિપતિ **પ. પૂ. આચાર્ય દેવ શ્રીમદ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજા**ના આજ્ઞાવર્તિની પરમોપકારી, અપ્રમત્ત ક્રિયાશીલ પ્રવર્તિની પ. પૂ. **સાધ્વીજી શ્રી હંસશ્રીજી મ.** ના પ્રશિષ્યા પૂજ્ય સાધ્વીજી શ્રી સમ્યગ્દર્શનાશ્રીજી મ. ના શિષ્યરત્ના પૂજ્ય સાધ્વીજી શ્રી ભવ્યદર્શનાશ્રીજી મ., પૂ. સાધ્વીજી શ્રી શીલધર્માશ્રીજી મ., પૂ. સાધ્વીજી શ્રી ચારુધર્માશ્રીજી મ. તથા પૂ. સાધ્વીજી શ્રી અધ્યાત્મરસાશ્રીજી મ. ના સદુપદેશથી.

રાજસ્થાન જૈન સંઘ-કલ્યાણ (મહારાષ્ટ્ર)

ની શ્રાવિકા બહેનોના પ્રતિક્રમણ-સૂત્રોની ઉછામણી સ્વરૂપ જ્ઞાનદ્રવ્યમાંથી આર્થિક સહકાર સાંપડયો છે.

ભવોદધિમાં ડુબતા મુસાફરો માટે દીવાદાંડી સમા ગ્રંથરત્નોના પ્રકાશન - સુરક્ષા માટે સ્થપાયેલું **શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ** તેમના સુકૃતની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે.

ટિપ્પણોમાં લીધેલાં અને સૂચિત ગ્રન્થાદિ પ્રમાણો

ગ્રન્થાંક		ટિપ્પણાંક	ગ્રન્થાંક		ટિપ્પણાંક
(૧)	ઉપદેશમાલા.	૧-૨-૬-૭	(૨૧)	શ્રાદ્ધદિન કૃત્ય.	૨૬-૪૯
(૨)	જીતકલ્પચૂર્ણિ.	૩-૪-૫૩	(૨૨)	સમરાઈચ્ચકહા.	૨૯
(૩)	ઉત્તરાધ્યયનસૂત્ર.	૫	(૨૩)	પ્રભાવક ચરિત્ર.	૩૦
(૪)	આવશ્યકસૂત્ર નિર્યુક્તિ. (હારિ૦)	૬-૩૧	(૨૪)	ભગવતીસૂત્ર.	૩૩-૩૫
			(૨૫)	રત્નાકરાવતારિકા.	૩૪
(૫)	પ્રવચન પરીક્ષા.	૮-૧૦-૧૫	(૨૬)	ઠાણાંગસૂત્ર.	૩૬
(૬)	શ્રાદ્ધવિધિ.	૯-૧૦	(૨૭)	ઠાણાંગસૂત્રવૃત્તિ.	૩૭
(૭)	શ્રીશત્રુંજયમાહાત્મ્ય.	૧૦	(૨૮)	કલ્પ કિરણાવલી.	૩૮-૩૯
(૮)	ભવભાવના.	૧૦	(૨૯)	ઔપપાતિકસૂત્ર.	૪૫
(૯)	સૂયગડાંગસૂત્ર.	૧૧	(૩૦)	આચારાંગસૂત્ર.	૪૫
(૧૦)	શ્રીસેનપ્રશ્ન.	૧૪	(૩૧)	પચ્ચખ્ખાણ ભાષ્ય.	૫૧
(૧૧)	હીરપ્રશ્ન.	૧૪	(૩૨)	નવતત્ત્વ.	૫૯
(૧૨)	શ્રીસેનપ્રશ્નસાર-સંગ્રહ.	૧૪	(૩૩)	મુદ્રિત હીરપ્રશ્નનું ટિપ્પણ.	૬૦-૬૫-૭૦
(૧૩)	આવશ્યકચૂર્ણિ.	૧૪			
(૧૪)	પ્રવચન સારોદ્ધાર.	૧૪-૪૧	(૩૪)	સંબોધ પ્રકરણ.	૬૧
(૧૫)	પંચાશક ટીકા.	૧૮	(૩૫)	અભવ્યકુલક.	૬૧
(૧૬)	છટ્ઠાકર્મગ્રંથની ટીકા.	૧૯	(૩૬)	વિવિધ પ્રશ્નોત્તર ભા.૧.	૬૪
(૧૭)	શ્રીસિત્તરીચૂર્ણિ.	૧૯	(૩૭)	નિશીથ ચૂર્ણિ.	૬૬
(૧૮)	શ્રીપર્વતિથિપ્રકાશ.	૨૨	(૩૮)	વિવિધ પ્રશ્નોત્તર ભા.૨.	૭૪
(૧૯)	યોગશાસ્ત્ર ટીકા.	૨૩	(૩૯)	હીરપ્રશ્નાવલી ગુ૦.	૭૫
(૨૦)	સંગ્રહણી. દેવભદ્રીય-ટીકા.	૨૪-૨૫-૨૭-૫૨-૫૭			

સંપાદકીય

હીરપ્રશ્ન ગ્રંથ ગુજરાતી અનુવાદસહિત વિ. સં. ૧૯૯૯માં શ્રી મુક્તાબાઈ જ્ઞાનમંદિર (ડભોઈ) તરફથી પ્રકાશિત થયો હતો. વર્તમાનમાં તે ગ્રંથ અપ્રાપ્ય બનવાથી અને અનેક સાધુ મહાત્માઓની આના પુનઃ પ્રકાશન અંગે રૂબરૂ અને પત્ર દ્વારા પ્રેરણા થવાથી આ ગ્રંથને **અરિહંત આરાધક ટ્રસ્ટ** તરફથી પુનઃ પ્રકાશિત કરવામાં આવ્યો છે. પૂર્વ પ્રકાશનથી આ પ્રકાશનમાં નીચે મુજબ વિશેષતાઓ છે—

(૧) પૂર્વ પ્રકાશનમાં પુસ્તકના આગળના ભાગમાં ગુજરાતી અનુવાદ અને પાછળના ભાગમાં સંસ્કૃત ગ્રંથ આપવામાં આવ્યો છે. આ પ્રકાશનમાં સંસ્કૃત ભાષાના અભ્યાસીઓને સંસ્કૃત અને અનુવાદ જોવામાં સરળતા રહે એ માટે સંસ્કૃત અને અનુવાદ સાથે આપવામાં આવ્યા છે.

(૨) આમાં ક્રમશઃ પ્રકાશનંબર, પ્રકાશપ્રશ્નનંબર અને સળંગપ્રશ્નનંબર એમ ત્રણ નંબર આપવામાં આવ્યા છે.

(૩) કોઈ કોઈ સ્થળે વાક્યરચના વ્યવસ્થિત કરી છે.

(૪) કોઈ કોઈ સ્થળે પ્રાચીન ભાષાના શબ્દપ્રયોગના સ્થાને વર્તમાનકાલીન ભાષાના શબ્દપ્રયોગો કર્યા છે.

(૫) વ્યાકરણની દૃષ્ટિએ હ્રસ્વ-દીર્ઘ આદિના સુધારા કર્યા છે.

(૬) કોઈ કોઈ સ્થળે અનુવાદમાં અશુદ્ધિ ખ્યાલમાં આવવાથી શુદ્ધ અર્થ લખ્યો છે. જેમકે– પ્રકા૦.૧ પ્ર.૧૬માં 'कालस्य शुद्धत्वात्' એ વાક્યનો શુદ્ધ અર્થ લખ્યો છે.

આ સિવાય ક્યાંય અનુવાદમાં કે ટિપણીઓમાં ફેરફાર કર્યો નથી. આથી અનુવાદકારના અનુપયોગ આદિથી અનુવાદમાં કે બીજા કોઈ પણ લખાણમાં ફેરફાર હોય તો તેની જવાબદારી મારી નથી.

આ ગ્રંથના સંપાદનમાં મુનિશ્રી ધર્મશેખર વિજયજી તથા મુનિશ્રી દિવ્યશેખર વિજયજી સહાયભૂત બન્યા છે. આમાં ક્યાંય જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્.

આચાર્ય રાજશેખર સૂરિ.
દીપાવલીપર્વ-૨૦૫૪
ભીડભંજન જૈન ઉપાશ્રય
કનેરી, આગ્રારોડ, ભીવંડી.

પ્રકાશકીય નિવેદન

જૈનશાસનમાં જિનમંદિર આદિ સાતક્ષેત્રોનો મહિમા અવર્ણનીય છે. આ સાત ક્ષેત્રોના મહિમાનું વર્ણન કરતાં શાસ્ત્રમાં કહ્યું છે કે- ધન વ્યાજે મુક્વામાં આવે તો વખત જતાં બમણું થાય, વેપારમાં રોકવામાં આવે તો ચારગણું થાય. ખેતીમાં વાપરેલું ધન સોગણું થાય, પણ જિનશાસનનાં સાત ક્ષેત્રોમાં વાપરેલું ધન અનંતગણું થાય. આવા મહિમાવંતા સાતક્ષેત્રોની ભક્તિ કરી શકાય એવા આશયથી વિ. સ. ૨૦૫૨માં અરિહંત આરાધક ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી. આ ટ્રસ્ટ તરફથી પ. પૂ. આ. ભ. શ્રીરાજશેખરસૂરિ મહારાજ સંપાદિત-અનુવાદિત નિત્યસાધના સંગ્રહ, યોગબિંદુ, યોગદષ્ટિ સમુચ્ચય, ચૈત્યવંદન મહાભાષ્ય, વીતરાગ સ્તોત્ર વગેરે અનેક ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. હવે અત્યારે હીરપ્રશ્ન (= પ્રશ્નોત્તર સમુચ્ચય) ગ્રંથનું પ્રકાશન કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

ભવિષ્યમાં પણ અમને આવા પ્રકાશનોનો લાભ મળતો રહે અને સાતક્ષેત્રની ભક્તિ માટે પૂજ્યોનું શાસ્ત્રીય માર્ગદર્શન મળતું રહે એવી અભ્યર્થના.

લિ. અરિહંત આરાધક ટ્રસ્ટ

वांछितदायक-श्रीगौतमस्वामिने नमो नमः ।

આદિવચન

આ પ્રશ્નોત્તર સમુચ્ચય-અપર નામ શ્રીહીરપ્રશ્નના પ્રણેતા પૂ. જગદ્‌ગુરુ શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજ છે. અને સંગ્રહકાર મહામહોપાધ્યાય શ્રી કીર્તિવિજય ગણિવર છે.

આ ગ્રંથમાં અનેક પદવીધર વિદ્વાન્ મુનિરાજો તેમજ શ્રીસંઘોએ પૂછેલા અનેકવિધ પ્રશ્નો અને તેના પૂ૦ પા૦ જગદ્‌ગુરુ વિજયહીરસૂરિજીએ આપેલા શાસ્ત્રીય ઉત્તરોનો સમાવેશ થાય છે.

ઉત્તરદાતા આચાર્યદેવ શ્રી જૈનશાસન ક્ષીતિજ ઉપર પ્રભાવશાલી સૂર્ય તરીકે ચમકી ગયેલા આજે સૌ કોઈને વિદિત છે. તે જગદ્‌ગુરુનો જન્મ પાલણપુરમાં વિક્રમ સંવત ૧૫૮૩ ના માગશર સુદિ ૯ને સોમવારના ધન્ય દિવસે થયો હતો. પિતાનું નામ ઓસવાલ જ્ઞાતીય ગૃહસ્થ કૂરાશાહ હતું અને માતાનું નામ રત્નકુક્ષિ નાથીદેવી હતું. ખાનદાન માતા પિતાએ ધર્મપુત્રનું નામ હીરજી રાખ્યું હતું. હીરજી ખરેખર બાલ્યાવસ્થાથી જ હીરની જેમ તેજસ્વી અને પાણીદાર હતા. દૈવયોગે અલ્પ સમયમાં જ માત પિતા સ્વર્ગવાસી થયાં. આ સમાચાર સાંભળતાં હીરજીની બે ભગિનીઓ કે જે પાટણ રહેતી હતી તે ત્યાં આવી અને હીરજીને સાથે લઈ ગઈ. હીરજી બ્હેનોની સાથે ગુરુવંદન કરવા જતા હતા, કારણ કે હીરજીને નાનપણથી જ અત્યંત ધર્મપ્રેમ હતો. સદ્‌ગુરુ આચાર્ય વિજયદાનસૂરિની દેશના સાંભળતાં મન સંસારની જેલમાંથી મુક્ત થવા તલપાપડ બન્યું. વૈરાગ્યવાસિત એ આત્માએ બ્હેનોને પોતાનો સદ્‌વિચાર જણાવ્યો એટલે બ્હેનોએ અનુમતિ કે નિષેધનું ઉચ્ચારણ નહિ કરતા व्याघ्रतटी ન્યાયનું અનુકરણ કર્યું. પરંતુ ભાઈએ अनिषिद्धमनुमतम् આ ન્યાયનું અવલંબન લઈ મને રજા મળી છે એમ માન્યું. અને ભાગવતી દીક્ષાના પૂનિત પંથે વિચરવા સદ્‌ગુરુ પાસે ગયાં. એટલે વિજયદાનસૂરિ ગુરુએ પાટણમાં સંવત ૧૫૯૬ ના કાર્તિકવદ ૨ ના પ્રશસ્ત દિવસે પ્રવ્રજ્યા આપી ને તેઓશ્રીનું હીરહર્ષ નામ સ્થાપ્યું.

કુશાગ્રબુદ્ધિ મુનિ હીરહર્ષને વિદ્યાપ્રાપ્તિ પ્રત્યે અભિરૂચિ સારી હતી એટલે ગુરુઆજ્ઞાથી બે મુનિવરોની સાથે ન્યાયશાસ્ત્રના અભ્યાસ માટે દેવગિરિ ગયા અને ત્યાં રહી ન્યાયશાસ્ત્રના કઠિન ગ્રંથો ચિંતામણિ વગેરેનો અભ્યાસ કરી ગુરુજી પાસે આવ્યા.

સૂરિજીએ પોતાના વિનીત વિનેયની યોગ્યતા નિહાળી હીરહર્ષમુનિને ૧૬૦૭માં નાડલાઈ (મારવાડ) ગામે પંડિતપદથી અને ૧૬૦૮માં તેજ ગામમાં માઘ શુક્લ પંચમીએ ઉપાધ્યાયપદથી અલંકૃત કર્યા અને ૧૬૧૦માં શીરોહી મૂકામે સૂરિપદ આપવામાં આવ્યું. ત્યારથી હીરહર્ષ શ્રીહીરવિજયસૂરિના નામથી પ્રસિદ્ધિ પામ્યા. વિજયદાનસૂરિના સ્વર્ગવાસ પછી ૧૬૨૨માં ભટ્ટારક પદવી પ્રાપ્ત થતાં તેઓએ સકલસંઘનો ભાર ઉઠાવી લીધો અને આ પૃથ્વીતલને પાવન કરતા ગુજરાતમાં વિચરવા લાગ્યા. તે વખતે સૂબાઓની નાદિરશાહીને (= પ્રબળ અત્યાચારને) પરિણામે આ પુણ્યપુરુષને ઘણું સહન કરવું પડયું હતું. આ ઉત્તરદાતામાં સહનશીલતા ઈન્દ્રિયદમનતા અને પ્રવચનવત્સલતા આ ત્રિવેણીનો સંગમ અપૂર્વ શોભતો હતો.

ચંપા નામની શ્રાવિકાના છ મહિનાના ઉપવાસે અકબર બાદશાહનું મન ખેચ્યું હતું. જે ગુરુના પ્રતાપે છમહિનાના ઉપવાસ નિર્વિઘ્ને પાર પડયા છે તે ગુરુનો કેવો પ્રભાવ હશે તે જાણવા વિજયહીરસૂરિને બોલાવવા આમંત્રણ કરવામાં આવ્યું હતું. તેઓશ્રીના પુણ્ય પ્રભાવથી અકબર બાદશાહ જેવા મુગલ સમ્રાટે પણ ઘણી હિંસાનો ત્યાગ કર્યો હતો; તીર્થાધિરાજ શ્રી શત્રુંજય, આબુજી, સમ્મેતશીખર આદિ તીર્થો જૈનોને સ્વાધીન, ને સર્વપ્રતિબંધમુક્ત છે, એમ જણાવનારાં ફરમાનો કાઢયાં હતાં; આમજનતા ઉપરનો જીજીયાવેરો માફ કર્યો હતો; કેદી જનોને છોડી દીધા હતા. એ આચાર્યદેવના પવિત્ર હાથે ઘણાં કુટુમ્બોનાં કુટુંબોની દીક્ષાઓ, ઘણી પ્રતિષ્ઠાઓ, અંજનશલાકાઓ, નૂતન મંદિર નિર્માણો, જીર્ણોદ્ધારો, સંઘો, ઉદ્યાપનો, પદપ્રદાનો ઈત્યાદિ યાદગાર શાસનોન્નતિ થઈ હતી, કે જે સર્વ બાબતોની સાક્ષી શ્રી હીરસૌભાગ્ય, હીરવિજયસૂરીરાસ, સૂરીશ્વર અને સમ્રાટ આદિ અનેક ગ્રન્થો પૂરી રહ્યા છે. અકબર બાદશાહે તેઓશ્રીને જગદ્‌ગુરુનું બિરૂદ આપ્યું હતું તે સાર્થક જ હતું.

આ જગદ્ગુરુ શાસનદીપક સંવત ૧૬૫૨ ના ભાદરવા સુદિ ૧૧ ને દિવસે ઉનામાં સમાધિ પામ્યો હતો.

આ ગ્રંથમા આલેખાયેલા લગભગ દરેક વિષયને સ્પર્શતા સવાલો તેમજ તેના સચોટ ખુલાસાઓ વાંચનારને ઘણા જ ઉપયોગી અને માર્ગદર્શક થઈ પડે તેવા છે, એમાં તલમાત્ર શંકાને સ્થાન નથી. યાવત્ સામાચારી વિષયક કેટલીક ઝીણી ઝીણી ગુંચોનો સુંદર ઉકેલ પણ આમાં આપવામાં આવ્યો છે. વર્તમાનમાં તિથિ તથા સૂતકાદિ વિષયોમાં સાગરપક્ષે જે કોલાહલ મચાવ્યો છે તે નર્યો સિદ્ધાન્ત અને સામાચારીથી વિરુદ્ધ છે, એ આ પુસ્તકનું જો તટસ્થ દૃષ્ટિથી વાંચન કરવામાં આવશે તો સાગરપક્ષમાં પડેલા કેટલાક વિજય(પક્ષ)ના આચાર્યાદિ મુનિવરોને પણ સાફ સાફ દીવા જેવું દેખાઈ આવશે.

જગદ્ગુરુ શ્રીવિજયહીરસૂરિમહારાજા આચાર્ય શ્રીવિજયદાનસૂરિ મહારાજાની પાટે અભિષિક્ત થયા હતા. આચાર્ય શ્રી વિજયદાનસૂરિ મહારાજા આચાર્ય શ્રી આનંદવિમલસૂરિ મહારાજાની પાટે અભિષિક્ત થયા હતા. તેમના સમયમાં પણ તિથિ આરાધનામાં લૌકિક પંચાંગો જ મનાતાં હતાં તથા તેમાં આવતી તિથિઓની ક્ષય વૃદ્ધિ અન્ય કોઈ તિથિઓમાં ખસેડાતી ન હતી. કલ્યાણક તિથિઓ, બાર પર્વિઓ, જોડીઆં કે બીનજોડીઆં એ તમામમાં ક્ષીણ તિથિ પૂર્વ દિવસે આરાધાતી અને વૃદ્ધ તિથિ ઉત્તર દિવસે આરાધાતી, એ વાતને આ પુસ્તકના ૧૦૯ તથા ૨૫૭ પ્રશ્નો ટેકો આપે છે.

આ આચાર્યદેવની પાટે આચાર્ય વિજયસેનસૂરિજી અને તેમની પાટે આચાર્ય વિજયદેવસૂરિજી તથા દ્વિતીયાચાર્ય શ્રી વિજયતિલકસૂરિજી ઉર્ફે આણંદસૂરિજી થયા, આ મહાપુરુષોએ પણ શાસનની અતુલ પ્રભાવનાઓ કરી હતી. શ્રીસેનપ્રશ્ન આ ગ્રન્થમાં કહેવાયેલી વાતોનો સંવાદ કરનારો ગ્રન્થ છે, તેમાં આનાં પ્રતિપાદનોથી ઉલટી વસ્તુ કદી આવી શક્તિ નથી જ.

સાગરપક્ષની ઇચ્છાનુસાર તિથિચર્ચા શેઠ કસ્તુરભાઈ લાલભાઈ મારફત પુનાના તટસ્થ વિદ્વાન પી. એલ. વૈદ્યને લવાદ નીમીને તેઓના ફેંસલા મુજબ વર્તવાની સહી સાથે બન્ને પક્ષકાર આચાર્યોએ પાલીતાણા-સિદ્ધક્ષેત્રમાં જાહેર રીતે કરી હતી. તેમનો નિર્ણય પોતાની વિરુદ્ધનો આવશે એમ સમજીને આ. શ્રી આનન્દસાગર મહારાજે તા. ૫-૭-૪૩ ને રોજ તટસ્થ ઉપર અયોગ્ય

આક્ષેપો કરવા પૂર્વક જાહેર પત્રિકા બહાર પાડીને તે નિર્ણય કબૂલ નહિ રાખવાનો પોતાનો ઈરાદો જણાવી દીધો. આની સામે શેઠશ્રી કસ્તુરભાઈને પણ પોતાની નાપસંદગી તા. ૨૮-૭-૪૩ ના **સંદેશ** આદિ જાહેર પત્રોમાં જણાવી દેવી પડી છે.

લવાદ મહાશયે તો બન્ને પક્ષની ચર્ચાઓ સાંભળીને પોતાનો પ્રામાણિક ઐતિહાસિક નિર્ણય ઠીક જ જણાવી દીધો છે, જેનો મતલબ આ પ્રમાણે છે-

'જૈન સમાજમાં ચંડાંશુચંડુ પંચાંગ મનાય છે તે જ માનવું, તેમાં આવતી તિથિઓને ફેરફાર કર્યા વિના માનવી. પર્વો કે કલ્યાણક કોઈ પણ તિથિની ક્ષય વૃદ્ધિ હોય ત્યારે क्षये पूर्वा० ના નિયમ મુજબ પૂર્વ અને ઉત્તર દિવસે તેની આરાધના કરવી. પુનમ આદિની ક્ષય વૃદ્ધિએ પણ તેરસ આદિની ક્ષય વૃદ્ધિ કરવી નહિ. આજ પ્રમાણે ભાદરવા સુદ પાંચમની ક્ષય વૃદ્ધિ હોય ત્યારે પણ તેને બદલે ભાદરવા સુદ ત્રીજની કે ચોથની ક્ષયવૃદ્ધિ કલ્પી લેવી નહિ અને ભાદરવા સુદ ચોથ-સંવત્સરીની ઉદય તિથિને ફેરવવી નહિ. આ. સાગરાનંદસૂરિજી આ વિષયમાં જે જિત-આચરણા અને આ. શ્રી વિજયદેવસૂરિજીના પટ્ટકના હવાલા આપે છે તે પ્રામાણિક તરીકે સાબીત થઈ શકતા નહિ હોવાથી માની શકાય તેવા નથી.'

આજ વસ્તુસ્થિતિ સૂતકને માટે છે. જ્યારે આ ગ્રંથના ઉત્તરદાતા આચાર્યદેવ શ્રીવિજયહીરસૂરીશ્વરજી મહારાજા પ્રશ્ન ૨૪૮ ના ઉત્તરમાં 'સૂતકના દશ દિવસ માટે પણ આગ્રહ રાખવાની મનાઈ કરે છે, કેમકે તે દેશાચાર છે, તથા ખરતરગચ્છીઓ, 'જેના ઘેર સૂવાવડ હોય તેના ઘરના પાણીથી પૂજા ન થાય એવું જે માને છે' એમાં શાસ્ત્રનો કશો જ આધાર નથી, આપણા તપાગચ્છમાં એવું કાંઈ જ માનવામાં આવતું નથી, તેમજ કડુવા મતિ ગચ્છીઓ, 'સુવાવડી બાઈઓથી એક મહીનો અડાય નહિ' એવું જે માને છે તેમાં પણ શાસ્ત્રનો કશોય આધાર નથી, તપાગચ્છીઓ એવું માનતા નથી', આવું સાફ સાફ ફરમાવે છે, ત્યારે આજના यन्माधवेनोक्तं तन्न કરનારા એથી ઉલટી જ રીતે સમાજને ઉંધે રસ્તે દોરી રહ્યા છે. તત્ત્વથી વિચારવામાં આવશે તો નિરાગ્રહી મનુષ્યોને સ્પષ્ટ દેખાશે કે આજે 'સુવાવડીથી એકતાલીસ દિવસ સુધી અડાય નહિ, જેને ત્યાં સુવાવડ થઈ હોય તેને ત્યાં એકતાલીસ દિવસ

સુધી ગોચરી જવાય નહી, સાથે એક મોભ હોય તો તેને ત્યાં, એક ખડકી હોય તો તે ખડકીમાં રહેનારાઓને ત્યાં, એક પોળ હોય તો તે પોળમાં રહેનારાઓને ત્યાં ગોચરી જવાય નહિ, છોકરો જન્મ્યો હોય તો દશ દિવસ છોકરી જન્મી હોય તો અગીયાર દિવસ સુધી પૂજા વગેરે થાય નહી, સુવાવડ કરનારી બાઈ અમુક દિવસ પૂજા કરી શકે નહી, મરણનું સુતક નાનું હોય અગર મોટું હોય તો અમુક દિવસ સુધી પૂજા પ્રતિક્રમણ આદિ થાય નહી, લૌકિક ગયા હોય તેને આઠ અગર સોળ અગર ચોવીસ પ્રહર પૂજા સામાયિક પ્રતિક્રમણ થાય નહિ' ઈત્યાદિ કરાતો પ્રચાર નર્યો અજ્ઞાનતા મૂલક છે. પ્રતિક્રમણાદિ પુસ્તકોમાં આવું છપાવનારાઓને મારી ખાસ ભલામણ છે કે તેઓ આ શ્રીહીરપ્રશ્ન અને તદનુવાદક શ્રી સેનપ્રશ્નના પ્રશ્ન જોઈને શ્રીતપગચ્છ સામાચારી બરાબર સમજી લે અને તેમના હાથે ધર્મકૃત્યમાં અંતરાયકારક સૂતક વિષયક જે શાસ્ત્રવિરુદ્ધ ખોટો પ્રચાર થતો હોય તેના પાપથી શીઘ્ર બચી જાય.

સૂતકના કારણે પૂજા પ્રતિક્રમણાદિ બંધ કરાવનારાઓ ખરતરાદિકોની જ માન્યતાઓનું પોતાની અજ્ઞાનતાથી પોષણ કરી રહેલા છે, તેની વધુ ખાત્રી કરવા માટે શ્રી તપાખરતર સંવાદ જોવાની વાંચકોને ભલામણ છે.

આ અનુવાદમાં દરેક પ્રકાશમાં દરેક પ્રશ્નકાર અને તેમના પ્રશ્નો જુદા આંકથી તારવવામાં આવ્યા છે. તેમજ તે તે પ્રકાશના પ્રશ્નોના અનુક્રમ અને એકંદર આખા ગ્રંથના પ્રશ્નોત્તરોના અનુક્રમ અંકો સળંગ બતાવવામાં આવ્યા છે. પ્રશ્નોત્તરોમાં આવતી ગાથાઓ તેમજ બીજી અનેક ઉપયોગી બાબતોની વાંચકોને તલસ્પર્શી સુંદર માહિતી મળે તે માટે આ અનુવાદમાં અમુક અમુક સ્થળે ઉપયોગી ટિપ્પણો આપવાની જરૂર પણ વિચારવામાં આવી છે. એકંદર ૭૫ ટિપ્પણો આમાં આમેજ કર્યા છે, તેના તરફ વાંચકોનું ખાસ ધ્યાન ખેંચીએ છીએ.

આ અનુવાદની સાથે મૂળ ગ્રંથ પણ આખો પ્રગટ કરવામાં આવ્યો છે. તેથી વાંચનારાઓને અનુવાદનાં સ્થળો સાથે મૂલ જોવું હશે તો સુગમ થઈ પડશે. આ ગ્રંથના સંશોધનમાં બે મુદ્રિત અને બે હસ્તલિખિત પ્રતો રાખવામાં આવી હતી. 'હંસવિજય જૈન ફ્રી લાયબ્રેરી' મું. અમદાવાદથી બહાર પડેલી એક મુદ્રિત પ્રત અને બીજી શા. ચંદુલાલ જમનાદાસ મુ. છાણી (ગુજરાત) થી

બહાર પડેલી. તેમજ હસ્તલિખિત પ્રતમાં એક મુ. ખંભાત. શ્રી જૈનશાલા સ્થાપિત નીતિવિજય જૈન પુસ્તકાલયમાંથી પૂ. મુનિરાજ શ્રી કનકવિજયજી દ્વારા મળી હતી, કે જે પ્રત ૩૯ પાનાની અને અશુદ્ધ તેમજ ત્રીજા પાના વિનાની હતી. અને બીજી હસ્તલિખિત પ્રત દેવશાના પાડાના પ્રાચીન જ્ઞાનભંડારમાંથી પૂ. મુનિરાજ શ્રી કાન્તિવિજયજી દ્વારા પ્રાપ્ત થઈ હતી જે પ્રત શુદ્ધ હતી. અને એનાથી એક બે અગત્યના સ્થલોએ મુદ્રિતની અશુદ્ધિ સુધારવામાં સારી મદદ મળી છે.

આ પ્રશ્નોત્તર ગ્રંથના એકંદર ચાર પ્રકાશ છે. પહેલા પ્રકાશમાં ૪ પ્રશ્નકારોના એકંદર ૪૬ પ્રશ્નો છે. બીજામાં ૧૪ પ્રશ્નકારોના એકંદર ૫૮ પ્રશ્નો છે. ત્રીજામાં ૧૪ પ્રશ્નકારોના એકંદર ૧૨૬ પ્રશ્નો છે. ચોથામાં ૬ પ્રશ્નકારોના એકંદર ૭૬ પ્રશ્નો છે. સર્વ મળીને એકંદર ૩૦૬ પ્રશ્નોત્તરો આ પુસ્તકમાં આપેલા છે.

આ પુસ્તકનો રચનાકાલ ચોક્કસ ઉપલબ્ધ થયો નથી તો પણ અનુમાનથી વિક્રમની સત્તરમી શતાબ્દી કહી શકાય છે.

આ પ્રશ્નોત્તરનો એક ગુર્જર અનુવાદ પ્રકાશક જી. એમ. ગેકટીવાળા એન્ડ બ્રધર્સ તરફથી સને ૧૯૧૩ માં બહાર પડેલો પાછળથી જાણવામાં આવ્યો હતો. તે ચોપડી હાલ અપ્રાપ્ય છે. તેનો આ અનુવાદમાં ૭૫ માં ટિપ્પણ સિવાય ક્યાંય ઉપયોગ કર્યો નથી.

આ અનુવાદ મ્હેં પ્રવચન પ્રભાવક પ્રૌઢગીતાર્થ આગમ પ્રજ્ઞ પૂ. ગુરુવર્ય્ય આચાર્યદેવ વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજાની પુણ્ય પ્રેરણાથી સં. ૧૯૯૮ ના વિજયદાનસૂરિ-જ્ઞાનમંદિર-પૌષધશાલાના ચાતુર્માસ પછી લગભગ ૧૯૯૯ના માગશર માસમાં શરૂ કર્યો હતો. આજે એજ પૂ. ગુરુદેવની અમીદૃષ્ટિભરી સુસહાયથી તેમજ વિનયનિધાન આત્મ સહોદર પૂ. મુનિરાજ શ્રી વર્ધમાનવિજયજી તથા મુનિરાજ શ્રી જયંતવિજયજી, મુનિરાજ શ્રી રૈવતવિજયજી આદિ ગુરુભાઈઓના શુભ ટેકાથી પૂર્ણ કરવા શક્તિમાન થયો છું.

આ અનુવાદને પૂજ્ય ગુરુદેવ પોતાની સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈ ગયા છે અને મ્હારી ભૂલો બતાવી મારા ઉપર અનહદ ઉપકાર કર્યો છે. છેવટે ગચ્છનાયક સિદ્ધાન્ત મહોદધિ સુવિહિત શિરોમણિ પરમગુરુદેવ આચાર્ય શ્રીમદ્‌વિજય-

પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ પણ મ્હારી વિનંતિને ધ્યાનમાં લઈ તપાસી આપ્યો છે. અને તેઓશ્રીની સુચનાથી અમુક અમુક સ્થળો સુધારી શકાયાં છે, તે માટે ગચ્છાધિપતિનો પણ ઉપકાર ભૂલી શકું તેમ નથી.

પ્રાન્તે આ અનુવાદમાં સર્વપ્રકારની શક્ય કાળજી રાખવા છતાં મતિમન્દતા તેમજ પ્રેસદોષથી જે મ્હારી કાંઈ સ્ખલના થઈ હોય તે બદલ મિથ્યાદુષ્કૃત માગીને આ પ્રયાસને સફલ બનાવવા સારુ સજ્જનોને વિનંતિ કરતો અત્રે હું વિરમીશ.

આચાર્યદેવ વિજયજંબૂસૂરીશ્વરચરણસેવામકરન્દમધુવ્રત
મુનિ ચિદાનંદવિજય.

જૈનસોસાયટી, ભરતનિવાસ.
રાજનગર.
વિક્રમ સં. ૧૯૯૯
આસો વદ અમાસ, ગુરૂવાર
દીપમાલિકા પુણ્ય પર્વ.

વિષયાનુક્રમણિકા.

પ્રશ્ન	વિષય
૧	સાધુમાં રહેલા અલ્પગુણોથી તેનું વંદનીયપણું કે તેમાં રહેલા અલ્પદોષોથી તેનું અવંદનીયપણું માનવું ?
૨	પાપશ્રમણીય અધ્યયનમાં કહેલ લક્ષણયુક્ત સાધુઓ વંદનીય માનવા કે પાસત્થાદિના લક્ષણો હોવાથી અવન્દનીય માનવા ?
૩	૨૫ ભેદે રહેલા "एआरिसे" આ ગાથામાં કહેલા સાધુઓને છઠ્ઠું સાતમું ગુણઠાણું હોય કે મતાન્તરે છઠ્ઠું હોય ?
૪	'जो चयइ' આ ગાથામાં આવેલ 'अचिरत्व' પદનો શો અર્થ ?
૫	દિગંબરાદિ ૧૦ માંથી કોઈ તપાગચ્છીય સાધુની ભક્તિ કરે અને અન્ય કોઈ વિપરીત કરે તો ફલ કેવું મળે ?
૬	૧૦ માંથી કોઈ મંદિરનું રક્ષણ કરે અને અન્ય કોઈ વિપરીત કરે તો ફલમાં ફરક ખરો કે નહિ ?
૭	૧૦ માંથી કોઈ આરાધક આત્માને મદદ કરે અને બીજો વિપરીત કરે તો બેના ફલમાં ભેદ કે અભેદ ?
૮	દિગંબરાદિ ૧૦ ની એકતા ખરી કે નહિ ?
૯	ધર્મકાર્ય કરતા દિગંબરાદિ ૧૦ને તપાગચ્છીય શ્રાવક સહાય કરે, મધ્યસ્થ રહે અથવા વિરોધ કરે તો શું થાય ?
૧૦	લુંપક સિવાયના ૯ની પ્રતિમાપૂજા વગેરે કેવી કહેવાય ?
૧૧	દિગંબરાદિ ૧૦ની સંઘભક્તિ તેમ જ સંઘની અભક્તિ કેવી સમજવી ?
૧૨	તે જ ૧૦નું નમસ્કારપઠન કેદિમોચન ઇત્યાદિ કેવું સમજવું ?
૧૩	ખરતરાદિકનાં રચેલાં સ્તોત્રાદિક કેવાં માનવાં ?
૧૪	તપાગચ્છીય શ્રાવક સ્વમંદિરમાં અને પરગચ્છીય મંદિરોમાં સુખડ વગેરે આપે તો ફલમાં સમાનતા કે વિષમતા ?
૧૫	પાંચ પર્વીઓ ક્યાં કહેલી છે ?
૧૬	શ્રાવકોને માટે ચતુષ્પર્વી કઈ ગણવી ?
૧૭	મહાવિદેહમાં કલ્યાણક તિથિ ભરતની જેમ હોય કે બીજી રીતિએ ?
૧૮	ભગવતીજીના છ મહિનાના યોગવાહી સાધુને આલોચના કેવી રીતે અપાય છે ?

૧૯ કાલગ્રહણ ગ્રહણ કરાતી વેલાએ પ્રતિબંધક કારણો હોય તો તે કાલગ્રહણ રહે કે નહિ ? અને વચમાં દિગાલોક કેમ કરાય છે ?

૨૦ પાભાઇના સ્થાને વેરત્તિનું સ્થાપન કયા પ્રસંગે થાય ?

૨૧ સમ્યક્ત્વ પ્રતિમાધારી અન્યદર્શનીને અન્ન વગેરે આપી શકે કે નહિ ?

૨૨ શ્રાવક કુલગુરુઓને અન્નાદિનું દાન કરી શકે કે નહિ ?

૨૩ નવમી પ્રતિમા વગેરેમાં દેશાવકાશિક કરાય ?

૨૪ શ્રાવકો કેટલી કેટલી પ્રતિમા સુધી કેવા કેવા પ્રકારની પૂજા કરી શકે અને કઈ પ્રતિમામાં બીલ્કુલ ન કરી શકે ?

૨૫ સૂત્ર વિરુદ્ધ આચરણ કરનારાઓનાં શુભ અનુષ્ઠાન કઈ અપેક્ષાએ નિષ્ફલ કહ્યાં છે ?

૨૬ શાસ્ત્રમાં વાણવ્યંતર દેવ દેવીઓના પૂર્વ સુકૃતની જે પ્રશંસા કરવામાં આવી છે તે આરાધક સમ્યગ્દષ્ટિની કે બીજાની ?

૨૭ પડિલેહણના આદેશ વખતે સાધુઓ ભેગા થાય તે કઈ માંડલીમાં આવે ?

૨૮ વંદિત્તુ સૂત્ર કોણે બનાવ્યું છે ?

૨૯ છઠ્ઠો કર્મગ્રંથ કોણે રચ્યો છે ?

૩૦ શ્રાવક કેટલા પયન્ના ભણી શકે ?

૩૧ સુદ દશમનું આયંબિલ કરનારા કેવા જાણવા ?

૩૨ રોહિણીના દિવસની આરાધના કરનારા માટે શું સમજવું ?

૩૩ સંવત્સરીનો ઉપવાસ પંચમીમાં ગણાય કે નહિ ?

૩૪ કાકુત્સ્થ એ કોનું નામ છે અને એની વ્યુત્પત્તિ કેવી થાય ?

૩૫ અર્થ મંડલીનો શો અર્થ ?

૩૬ યોગ શબ્દનો શો અર્થ સમજવો ?

૩૭ અષ્ટાપદ ગિરિરાજ ઉપર કઈ લબ્ધિથી જાય તો તે જ ભવમાં મોક્ષે જઈ શકે ?

૩૮ દિગાચાર્ય શબ્દનો શો અર્થ છે ?

૩૯ આર્ય સુહસ્તિ અને આર્ય મહાગિરિ સહોદર હોવા છતાં તેઓનું ગોત્ર ભિન્ન કેમ ?

૪૦ સૂર્યાભદેવે અવધિજ્ઞાનથી જંબૂદ્વીપને જોયો તે કેમ સંભવે ?

૪૧ ચોમાસી ૧૪ પછી આવતી ત્રણ પૂનમો જ પર્વ તરીકે છે કે બધી ?

૪૨ આજ્ઞા પૂર્વકના શુભ અનુષ્ઠાન સફલ છે, તો આજ્ઞા નહિ માનનાર મિથ્યાદષ્ટિએ કરેલી તપશ્ચર્યા વગેરેનું ફલ તેને મળે કે નહિ ?

૪૩ આપણે અન્યમતવાળાઓએ કરેલું પડતા જિનમંદિરનું રક્ષણ, આચાર્ય આદિની ભક્તિ ઇત્યાદિ વસ્તુનું અનુમોદન કરી શકીએ કે નહિ ?
૪૪ અનશની શ્રાવક કેવું પાણી પી શકે ?
૪૫ મરતા પક્ષાન્તરીયને નમસ્કાર આદિ સંભળાવવામાં લાભ કે ગેરલાભ?
૪૬ શ્રીહરિભદ્રસૂરિજીએ બૌદ્ધોને અગ્નિમાં હોમ્યા કે છોડી દીધા ? અને આ હકીકત ક્યાં છે ?
૪૭ જિનમંદિરમાં કેસર વગેરેના છાંટણા કરાય કે નહિ ?
૪૮ તાજી છાસ વગેરેથી સંસ્કાર કરેલા વાસી ઓદન કલ્પે કે નહિ ?
૪૯ સાધુ અને શ્રાવકો "आवस्सहि" ક્યારે કહી શકે ?
૫૦ ચોમાસામાં જિનમંદિરમાં દેવવંદન કાજો લઇને કરાય કે કેમ ?
૫૧ જિનમંદિરમાં રાત્રિએ નાટારંભ કરાય કે નહિ ?
૫૨ વ્યાખ્યાન સમયે "बइसणि ठाउं" આદેશ માગીને બેસનારાઓને જવું કલ્પે કે નહિ ?
૫૩ શ્વેતાંબરીય શેઠ વગેરે રત્નત્રયાદિ નિમિત્તે મહોત્સવ ઉજવતા દિગંબરને ત્યાં જઈ શકે કે નહિ ?
૫૪ પાકી આંબલી સુકવણીમાં ગણાય કે લીલવણીમાં ?
૫૫ પ્રથમ અને ચરમ તીર્થપતિનું બલ સરખું કેમ ?
૫૬ વિધિપૂર્વક અનુષ્ઠાન કરતાં સાધુને પ્રાયશ્ચિત્ત લાગે ?
૫૭ અડચણના ત્રણ દિવસોમાં સ્ત્રીઓએ કરેલો તપ આલોચનામાં ગણાય ?
૫૮ ૬ ઘડી થયા બાદ દશવૈકાલિકાદિ સૂત્ર ગણાય કે નહિ ?
૫૯ ભગવતીજીમાં ચાર પ્રમાણ કહ્યા છે, ત્યારે રત્નાકરાવતારિકામાં બે કેમ કહ્યા છે ?
૬૦ અસોચ્ચા કેવલી ધર્મનો ઉપદેશ આપે કે નહિ ?
૬૧ "दीहेणं परिआएणं" આ સૂત્રમાં તર શબ્દનો પ્રયોગ કેમ નથી કર્યો ?
૬૨ ભગવાન મૌન ગ્રહણ કર્યા પછી ઉત્પલ નૈમિત્તિક અને ગોશાલા સાથે બોલ્યા તેનું શું ?
૬૩ કલ્પકિરણાવલીમાં અષાઢ સુદ ૧૪ થી આરંભીને ભાદરવા સુદ ૪ સુધીમાં ૫૦ દિવસ કહ્યા છે તે કેમ ઘટે ?
૬૪ ભગવાન મહાવીરના માતા પિતા ૧૨મા દેવલોકે ગયા એવું આચારાંગનું વચન ગૌણરૂપે કેમ છે ?

૬૫ ઔપપાતિકમાં અંબડના આલાવાના સૂત્ર પાઠમાં “अरिहंत” પદ દેખાતું નથી માટે પાઠ જેવો હોય તેવો જણાવો ?

૬૬ ૧૦ પયન્નાઓ કયા ?

૬૭ ચાર મૂલ સૂત્રો કયાં ?

૬૮ છ છેદગ્રંથો કયા ?

૬૯ શ્રાવકોને અઠ્ઠમ સુધીમાં ભાતનું ઓસામણ કલ્પે કે નહિ ?

૭૦ તે દિવસની કરેલી ગોલપાપડી કઈ વિગઈમાં ગણાય ?

૭૧ સાધુવેષધારી સામાયિક ગ્રહણ કરીને પ્રતિક્રમણ કરે કે ચૈત્યવંદનથી ?

૭૨ ગૃહસ્થોને ઋતુબદ્ધકાલમાં દેવવંદન વખતે કાજો કાઢવો પડે ?

૭૩ મહાનિશીથના “सत्तट्ठ... कुसीलेय” આ પાઠનો શો અર્થ છે ?

૭૪ મહાવિદેહની વિજયોમાં અન્ય તીર્થંકરોની હયાતિમાં અન્ય તીર્થપતિનો જન્મ થાય કે નહિ ?

૭૫ ચાતુર્માસમાં તીર્થંકરોના અવસ્થાન દરમિયાન સહવર્તી આઠ અતિશયોમાં પુષ્પના પ્રકર માટે શું સમજવું ?

૭૬ ચોમાસામાં દેવો સમવસરણ રચે કે નહિ ? તેમ જ નગરમાં બાર પર્ષદા કેવી રીતે માઈ શકે ?

૭૭ ગર્ગાચાર્યના ૫૦૦ સાધુઓમાં સાધુપણું મનાય કે નહિ ?

૭૮ રુષભદેવ ભગવાન બહલી વગેરે દેશમાં વિચર્યા એવું દેશાભિધાન શી રીતે ઘટે?

૭૯ શત્રુંજય માહાત્મ્યમાં વેષધારી એવો મુમુક્ષુ વંદનીય કહ્યો છે તે કઈ અપેક્ષાએ ?

૮૦ પખ્ખી વગેરે પ્રતિક્રમણમાં કયા સૂત્ર સુધી છીંક નિવારાય છે ?

૮૧ પખ્ખી આદિ પ્રતિક્રમણમાં ક્યાં સુધીમાં છીંક આવી હોય તો ફરીથી કરાય ?

૮૨ વાંદણાં દેતાં ગુરુના પાદનું ચિંત્વન ક્યાં કરવું ?

૮૩ “सत्तविराहणपावं...” આ બે ગાથા કયા ગ્રંથમાં છે ?

૮૪ વાંદણાના અવસરે મુહપત્તિ ક્યાં મૂકવી ?

૮૫ શ્રાવિકાઓ ગુરુની પાસે સાંજના પડિલેહણની સજ્ઝાય ઉભી રહીને કરે કે કેમ ?

૮૬ રાત્રિએ શ્રાવકો દેવમંદિરમાં આરતી ઉતારી શકે કે નહિ ?

૮૭ કાઉસગ્ગ મુદ્રાવાળી પ્રતિમાના અવયવો વસ્ત્રાદિ વડે ઢંકાય ?

૮૮ પખ્ખીમાં સમ્બુદ્ધ ખામણાં આદિ કરતાં “इच्छकारि सुह पाखी...” એવો પાઠ કહેવાય ?

૮૯ કરંબાદિમાં નાખેલું સચિત્ત જીરૂં અચિત્ત થાય કે નહિ ?
૯૦ ગાંઠો છેદી નાંખી હોય એવા શેરડીના ટુકડા સચિત્ત કે અચિત્ત ?
૯૧ સામાયિકમાં પૌષધ લેવાય કે નહિ ?
૯૨ માલવી ઋષિ વગેરેની રચેલી સજ્ઝાય માંડલીમાં કહેવી કલ્પે ?
૯૩ સાધુએ અનુપયોગથી સચિત્ત મીઠું ગ્રહણ કર્યુ હોય પછી જાણવામાં આવે તો શું કરવું ?
૯૪ દેવીઓને મનથી મૈથુન સેવનારા દેવોની ભોગેચ્છાનું જ્ઞાન કેવી રીતે થાય ?
૯૫ ઉપધાન અને માલારોપણ કરવાનું શું પ્રયોજન છે ? અને તે કયા શાસ્ત્રમાં કહ્યું છે ?
૯૬ કેવી સ્થાપેલી સ્થાપના ક્રિયાશુદ્ધિના કારણભૂત થાય ?
૯૭ ઔદારિક અને આહારક દેહના અંતરાલવર્તિ જીવપ્રદેશો આહારી કે અણાહારી ? આહારી છે તો બેમાંથી કયા શરીરથી ગ્રહણ કરાયેલ આહાર વડે આહારી છે ?
૯૮ સિદ્ધોના આકારની સંભાવના થઈ શકે કે નહિ ?
૯૯ નાગિલે દુષ્ટ સાધુઓનો ત્યાગ કર્યો તે માર્ગાનુકૂલ કે નહિ ?
૧૦૦ અલ્પ આયુષ્યવાળા બ્રહ્મદત્તે દિગ્વિજય કેવી રીતે કર્યો ?
૧૦૧ સ્ત્રીરત્નના સ્પર્શથી લોહ પુરુષ ગળી જાય છે તે કેવી રીતે ?
૧૦૨ એક આકાશ પ્રદેશને વિદિશામાં રહેલ પ્રદેશની સ્પર્શના કેમ કહી નથી ?
૧૦૩ તીર્થંકરોના સાધુઓની સંખ્યા સામાન્યથી કહેલી છે કે વિશેષથી ?
૧૦૪ ચક્રવર્તી વૈક્રિય શરીરથી સ્ત્રીને ભોગવે તો સંતાન થાય કે નહિ ?
૧૦૫ ૧૪ નિયમમાં અણાહારી ત્રિફલા વગેરે મુખમાં નાખવામાં આવે તો તે દ્રવ્યમાં ગણાય કે નહિ ?
૧૦૬ ગંઠસી પચ્ચખ્ખાણમાં અણાહારી વસ્તુ વપરાય કે નહિ ?
૧૦૭ "ऊर्ध्वरथिक" શબ્દનો અર્થ શો છે ?
૧૦૮ ચોમાસામાં વિજયાદશમી પહેલાં કારણે વડી દીક્ષા અપાય કે નહિ ?
૧૦૯ પૂનમ અને અમાસની વૃદ્ધિમાં પહેલી આરાધવી જોઇએ કે બીજી ?
૧૧૦ અન્યદર્શનીનાં ધર્માનુષ્ઠાન અનુમોદાય કે નહિ ?
૧૧૧ યોગના દિવસો બાકી હોય અને વડી દીક્ષા આપ્યા પછી બીમારીના કારણે છ મહીના પસાર થઇ જાય તો કેવી રીતે અને કોણ દીક્ષા આપે ?
૧૧૨ આચાર્યાદિ સાધુઓને વાચના કયા ક્રમથી આપે ?

૧૧૩ ભગવત્યાદિ સૂત્રના અનુસારે જમાલિના કેટલા ભવો છે ?

૧૧૪ પરોવેલાં પુષ્પોથી પૂજા કરાય એવા અક્ષરો શ્રાદ્ધદિન કૃત્યની ટીકામાં છે, આ વિષયમાં બીજા અક્ષરો છે કે નહિ ?

૧૧૫ કેટલાંકો ઇદના દિવસને અસજ્ઝાય તરીકે ગણે છે. આપણી કઇ મર્યાદા છે ?

૧૧૬ રાત્રિભોજન કરનારનું સાંજનું અને સવારનું પ્રતિક્રમણ શુદ્ધ કહેવાય કે અશુદ્ધ ?

૧૧૭ રાત્રિભોજન કરનારને સવારે પચ્ચખ્ખાણ કરવું સુઝે કે નહિ ?

૧૧૮ ચોમાસામાં સાધુઓ નગરની બહાર જતાં આવતાં પાદપ્રમાર્જન કરી શકે કે નહિ ?

૧૧૯ બીજા ગચ્છના સાધુઓમાં ચારિત્ર મનાય કે નહિ ?

૧૨૦ અન્યદર્શનીઓમાં કોઈ એકાવતારી હોય ?

૧૨૧ યોગોદ્વહન કર્યા વિના કલ્પસૂત્ર વાંચી શકાય કે નહિ ?

૧૨૨ આધાકર્મી ભોજન કરનાર સાધુઓમાં રહેતા કોઈ સાધુ જો શુદ્ધગ્રાહી હોય તો તે સાધુ હોઈ શકે કે નહિ ?

૧૨૩ અવિરતિ શ્રાવકનું પ્રતિક્રમણ સફલ કે નિષ્ફલ ?

૧૨૪ લીંબુના રસથી વાસિત અજમો અને સુંઠ દુવિહારમાં કલ્પે કે નહિ?

૧૨૫ કયા શાસ્ત્રમાં ઘોળું સૈન્ધવ અચિત્ત કહ્યું છે ?

૧૨૬ બોલી બોલીને સૂત્રોનો આદેશ અપાય કે નહિ ?

૧૨૭ માંડલી બહારના ગીતાર્થને આશ્રયી સાધુ અને ગૃહસ્થે કઈ મર્યાદા રાખવી ?

૧૨૮ વર્ણાન્તર પામેલું કસેલીયાનું પાણી પ્રાસુક થાય કે નહિ ?

૧૨૯ ચૈત્યમાં ઇરિયાવહી પડિક્કમીને જ ચૈત્યવંદન કરાય ?

૧૩૦ નવકારસીનું પચ્ચખ્ખાણ રાત્રિ પચ્ચખ્ખાણમાં ગણાય કે ભિન્ન ? અને પોરસિ સુધી રહ્યો હોય તો કયા પચ્ચખ્ખાણનો લાભ થાય ?

૧૩૧ ત્રેસઠ શલાકા પુરુષો ગૃહસ્થપણામાં વિરતિવાળા કહેવાય કે નહિ ?

૧૩૨ સામાયિક કરનાર અધિક વખત બેસે તો લાભ થાય કે કેમ ?

૧૩૩ શ્રાવકો પોરસી વગેરે ચોવિહારીજ કરે કે તિવિહારી દુવિહારી પણ કરી શકે ?

૧૩૪ ચન્દ્ર–સૂર્યનું મૂલ વિમાને આવવું કેમ સંગત થાય ?

૧૩૫ ઇન્દ્રાદિ દેવોનાં વિમાનો તારાઓની વચમાંથી કેવી રીતે નીકળી શકે?

૧૩૬ ઉપવાસ કરનાર પારણે અને ઉત્તરપારણે દુવિહાર કરી શકે કે નહિ ?

૧૩૭ દેવો આયુષ્યના સઘળાં સ્થિતિસ્થાનકોમાં લાભે કે નહિ ?

૧૩૮ સહસ્રમલ્લના ગુરુનું નામ શું ?
૧૩૯ મોટાં વિમાનોનો તારા મંડલની વચ્ચે પ્રવેશ કેમ સંગત થાય ?
૧૪૦ વિરતિવંત શ્રાવક પોતાની કન્યાના વિષયમાં જયણા રાખી શકે ?
૧૪૧ ૧૪ નિયમધારીએ દિવસે મૈથુનાદિ બંધ કર્યાં હોય તો રાત્રિએ મોકળાં કરી શકે ?
૧૪૨ કાયોત્સર્ગ નિર્યુક્તિની ૯૪મી ગાથાનો શો અર્થ છે ?
૧૪૩ એક પર્યાપ્તાની નિશ્રાએ અસંખ્યાતા અપર્યાપ્તા હોય એમાં પ્રમાણ શું ?
૧૪૪ સંપૂર્ણ ધર્માસ્તિકાય દ્રવ્ય કહેવાય કે સ્કંધ ?
૧૪૫ પરમાણુના રૂપાદિનું પરાવર્તન થાય કે નહિ ?
૧૪૬ ગૌતમસ્વામી ગોચરી લેવા એકલા ગયા હતા કે સસંઘાટક ?
૧૪૭ ગ્રૈવેયક વગેરેમાં દ્રવ્યપૂજા ખરી કે નહિ ?
૧૪૮ નિગોદ શબ્દનો અર્થ અને તેમાં જીવો કેટલા હોય ?
૧૪૯ પર્યુષણાપર્વ સંબંધી છઠ્ઠ ક્યારે કરવો ?
૧૫૦ સમવસરણસ્થ તીર્થંકરો કયા વેષે દેખાય ?
૧૫૧ ગણધરો સ્થાપના સ્થાપે કે નહિ ?
૧૫૨ ગુરુપૂજા સંબંધી દ્રવ્ય ગુરુદ્રવ્ય કહેવાય કે નહિ ?
૧૫૩ ગુરુપૂજાનું વિધાન છે કે નહિ ?
૧૫૪ ગુરુપૂજાના દ્રવ્યનો ઉપયોગ ક્યાં કરાય ?
૧૫૫ કૃત્રિમ વસ્તુ કેટલો કાલ રહે ?
૧૫૬ ભૂમિસ્ફોટ પ્રત્યેક વનસ્પતિ ગણાય કે સાધારણ ?
૧૫૭ વિમાનોના આંતરામાં ભૂમિ છે કે નહિ ?
૧૫૮ જીર્ણશેઠ અને અભિનવ શેઠ કેટલા થયા છે ?
૧૫૯ હરસ પાડવામાં વૈદ્યને કઈ ક્રિયા લાગે ?
૧૬૦ જીવ પરભવનું આયુષ્ય ક્યારે બાંધે ?
૧૬૧ મોણવાળી રોટલી સાધુઓને આયંબિલમાં કલ્પે કે નહિ ?
૧૬૨ ઘનોદધિ વગેરેની પહોળાઈ કેટલી અને ક્યાં છે ?
૧૬૩ ઉકેશ ગચ્છીઓને દેશનિહ્નવ માનવા કે નહિ ?
૧૬૪ અનુત્તર વિમાનમાં કુંભના પ્રમાણમાં વિચિત્રતા દેખાય છે તેનું શું?
૧૬૫ કેટલા નારદો સ્વર્ગમાં અને કેટલા મોક્ષે ગયા ?
૧૬૬ પ્રતિમાજીના ચક્ષુ વગેરે ગરમ લાખથી ચોંટાડાય કે નહિ ?

૧૬૭ ઓળીની અસજ્ઝાયના પ્રથમ ત્રણ દિવસો ઉપધાનમાં ગણાય કે નહિ?
૧૬૮ માળ પહેરાવવાની નાણ ક્યારે મંડાય ?
૧૬૯ ચક્રવર્તી કયા ક્રમથી ખંડો સાધે ?
૧૭૦ પાસત્થા પાસે દીક્ષા લીધેલ સાધુથી ગણ ચાલી શકે એવું ક્યાં છે ?
૧૭૧ કયા શાસ્ત્રમાં દેશપાસત્થો વંદનીય કહ્યો છે ?
૧૭૨ નાણાંથી ગુરુપૂજા ક્યાં કહી છે ?
૧૭૩ ૮૪ લાખપૂર્વના આયુષ્યવાળા બાહુબલીનું નિર્વાણ ૠષભદેવની સાથે કહ્યું છે તે કેવી રીતે ઘટે ?
૧૭૪ સમ્યગ્દૃષ્ટિ અને ક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિનો સંસાર સરખો હોઈ શકે?
૧૭૫ કયા અભિનિવેશીને ઘણો કર્મબંધ થાય ?
૧૭૬ કયા જીવને કર્મબંધ મજબૂત થાય અને કોને મંદ ?
૧૭૭ ઉત્તરભરતાર્ધમાં વ્યવહારના કર્તા કોણ અને ત્યાં વ્યવહાર કેવી રીતે પ્રવર્ત્યો ?
૧૭૮ દેવોની ઉપપાત શય્યા જુદી જુદી હોય કે એક ?
૧૭૯ ૧૦૦ યોજનનું પ્રમાણ રાખ્યા પછી તે હદની બહાર લેખ મોકલવામાં દોષ લાગે કે નહિ ?
૧૮૦ ઉપધાનવાહી રાત્રિએ સ્થંડીલ ગયો હોય તો જલશૌચ કરે કે નહિ?
૧૮૧ બાહુબલીનું નિર્વાણ ભગવાનની સાથે થયું તો તેના આયુષ્ય માટે શું સમજવું ?
૧૮૨ મધ્યવર્તી આઠ જીવપ્રદેશો કર્મથી લિપ્ત કે અલિપ્ત ?
૧૮૩ મેઘકુમારનો જીવ જ્યારે હાથી હતો ત્યારે તેનું નામ કોણે પાડ્યું હશે ?
૧૮૪ જીવ ગુણસ્થાનક ઉપર ક્રમપૂર્વક ચઢે કે કેવી રીતે ?
૧૮૫ "પંતાહારે" શબ્દની વ્યાખ્યામાં શું લેવું ?
૧૮૬ ઉપાંગસૂત્રો કોણે અને ક્યારે બનાવ્યાં ?
૧૮૭ લોકાંતિક દેવોના કેટલા ભવ ?
૧૮૮ સંગમક મેરુપર્વતની ચૂલા ઉપર ક્યા શરીરથી ગયો ?
૧૮૯ નિવિના પચ્ચખ્ખાણમાં બેસણું કરવું કલ્પે કે નહિ ?
૧૯૦ પરમાધામીઓ ભવ્ય છે કે અભવ્ય ?
૧૯૧ વીરવિભુએ કયા ભવમાં ચક્રિપણાની પ્રાપ્તિનું પુણ્ય ઉપાર્જ્યું ?
૧૯૨ પરમાધામીકૃત પીડા તીર્થંકરના જીવને હોય કે નહિ ?

૧૯૩ ૫ મા ગુણઠાણે ચક્રિપદનો બંધ થાય કે નહિ ?
૧૯૪ કૃષ્ણના કેટલા ભવો ?
૧૯૫ મલ્લિનાથને કેવલજ્ઞાન ક્યારે થયું ?
૧૯૬ પૌષધવ્રતવાળી સ્ત્રીઓ રસ્તામાં દેવગુરુના ગુણો ગાઈ શકે ?
૧૯૭ રાત્રિજાગરણ થાય કે નહિ ?
૧૯૮ કલ્પસૂત્ર કેટલા વ્યાખ્યાનોથી વાંચવું ?
૧૯૯ કલ્પસૂત્રના રચયિતા કોણ ?
૨૦૦ યુગલિકોનું અકાલ મૃત્યુ થાય ?
૨૦૧ કોટિ એટલે શું ?
૨૦૨ રત્નદ્વીપની દેવી કયા શરીરથી લવણ સમુદ્રની શુદ્ધિ માટે ગઈ ?
૨૦૩ સ્વયંબુદ્ધ વગેરે ઉપદેશ આપે કે નહિ ?
૨૦૪ છ ખંડનાં નામ કયાં ?
૨૦૫ "जइया होइ" આ ગાથાનો અર્થ આજ્ઞાથી માનવો કે યુક્તિથી ?
૨૦૬ પ્રભુ વીરનું ૭૨ વર્ષનું આયુષ્ય કેવી રીતે સંગત થાય ?
૨૦૭ શ્રીવીરના માતાપિતા કયા દેવલોકમાં ગયા ?
૨૦૮ હરિનૈગમેષીએ શ્રીવીરનો ગર્ભાપહાર, અને મોચન કેવી રીતે કર્યું ?
૨૦૯ શ્રીયક મરીને ક્યાં ગયા ?
૨૧૦ સાધ્વી શ્રાવકોની સમક્ષ વ્યાખ્યાન ન કરે એવું ક્યાં છે ?
૨૧૧ ઈયલ ભ્રમરી કેવી રીતે થાય ?
૨૧૨ ગરમ વસ્ત્ર અને શરીરનો સંબંધ થતાં જીવોની ઉત્પત્તિ થાય ?
૨૧૩ મહાવિદેહમાં સીમંધર સ્વામીના સ્થાને ઉત્પન્ન થનારા તીર્થંકરનું શું નામ ત્યાં વસ્ત્ર કેવાં ? અને ત્યાં વિચરતા તીર્થંકરોના માતાદિનું શું નામ ?
૨૧૪ અષ્ટાપદસ્થ પ્રતિમાની પ્રતિષ્ઠા કોણે કરી ? અને તે ક્યાં કહ્યું છે?
૨૧૫ દ્રૌપદીએ કયું નિયાણું કર્યું ?
૨૧૬ શ્રીવીરે કેવી રીતે મેરુને કંપાવ્યો અને તે ક્યાં કહ્યું છે ?
૨૧૭ ગૌતમસ્વામીએ તાપસોને ખીરથી પારણું કેવી રીતે કરાવ્યું ?
૨૧૮ દુવિહાર એકાસણું કરનાર રાત્રિએ દુવિહાર કરી શકે કે નહિ ?
૨૧૯ એકજીવ સંસારમાં ઈન્દ્રપણું વગેરે કેટલી વાર પ્રાપ્ત કરી શકે ?
૨૨૦ ઈંદ્રોના કેટલા ભવો હોય ?
૨૨૧ નારદો કયા ભવમાં મોક્ષે જાય ?

૨૨૨ પખ્ખી આદિમાં ઉપવાસ વગેરે નહિ કરનારને શું દંડ આવે ?
૨૨૩ રાવણને હાર કોણે આપ્યો ?
૨૨૪ તુચ્છ ધાન્યના ત્યાગીને દીક્ષા લીધા પછી તે વાપરવાં કલ્પે કે નહિ?
૨૨૫ "नमोऽर्हत्" સૂત્ર પૂર્વાન્તર્ગત છે કે કેમ ? અને પૂર્વો કઈ ભાષામાં છે?
૨૨૬ પ્રત્યેક પ્રભુના શાસનમાં પ્રત્યેક બુદ્ધો કેટલા થયા છે ?
૨૨૭ પદસ્થોની આગળ દેવવંદન કરાય કે નહિ ?
૨૨૮ કયા શાસ્ત્રમાં ત્રિફલાના પાણીને પ્રાસુક કહ્યું છે ?
૨૨૯ એકવીસ જાતના પાણી ક્યારે સચિત્ત થાય ? અને હાલ તેની પ્રવૃત્તિ કેમ નથી ?
૨૩૦ શ્રાવક ગુરુ પાસે પૌષધ ઉચ્ચરે ત્યારે ગમણાગમણે આલોવે કે નહિ ?
૨૩૧ બીજ કાઢેલું કાચું ફલ અચિત્ત થાય કે નહિ ?
૨૩૨ નારકી પૂર્વભવની વાર્તા કેવી રીતે જાણે ?
૨૩૩ દેવદ્રવ્ય ખાનારને ત્યાં જવું કલ્પે કે નહિ ? અને જાય તો તેના ખર્ચનું શું કરવું ?
૨૩૪ કલ્યાણક તપ ચાલુ હોય અને સાથે પખ્ખી વગેરે આવે તો પખ્ખી આદિમાં આયંબિલ કરી શકે કે નહિ ?
૨૩૫ બે વિગઈ વાપરનારને અન્ય વિગઈનું નિવિયાતું કલ્પે કે નહિ ?
૨૩૬ લીલા શાકના ત્યાગીને મુરબ્બો કલ્પે કે નહિ ?
૨૩૭ અઢીદ્વીપની બહારના સૂર્ય-ચન્દ્ર દેવો સમવસરણાદિમાં આવે ?
૨૩૮ ભરતક્ષેત્રમાં હાલ જે સાધુઓ દેખાય છે તે સિવાય અન્ય છે ?
૨૩૯ આયંબિલમાં કારણ વિના શું સુંઠ વગેરે કલ્પે ? ૧૨૪
૨૪૦ આયંબિલમાં સુંઠ વગેરે કલ્પે અને પીપર આદિ ન કલ્પે તેમાં શું પ્રમાણ ?
૨૪૧ પહેલા ઉપધાનને બાર વર્ષ પસાર થયાં હોય તો કેટલાં ઉપધાન ફરીથી વહન કરીને માલા પહેરવી સુઝે ?
૨૪૨ ઉપધાનમાં તપના દિવસે કલ્યાણક તિથિ આવે તો શું કરવું ?
૨૪૩ કેટલા ટાઈમ સુધી પ્રતિક્રમણ કરી શકાય ?
૨૪૪ પંચમીનો તપ કરનાર ભાદરવા સુદ પંચમીએ શું કરે ?
૨૪૫ ચોમાસી પૂર્ણિમાની હતી ત્યારે પ્રતિક્રમણો કેટલાં હતાં ? અને તે કરવામાં શાસ્ત્રાધાર શો ?
૨૪૬ મોતી સચિત્ત છે કે અચિત્ત ? અને તે ક્યાં કહ્યું છે ?
૨૪૭ મોતીનાં વલયો શાસ્ત્રોક્ત છે કે કેમ ?

૨૪૮ જન્મના સૂતક માટે તપાગચ્છીઓની શી મર્યાદા છે ?

૨૪૯ જ્યારે ગીતાર્થો ખામણામાં "नित्थार पारगा होह" કહે ત્યારે શ્રાવકે શું કહેવું જોઈએ ?

૨૫૦ પખ્ખી પ્રતિક્રમણમાં શાન્તિ બોલનાર માટે કાઉસગ્ગની કઈ વિધિ ?

૨૫૧ દીવાલીનું ગણણું ક્યારે ગણવું ?

૨૫૨ જિનમંદિરમાં પ્રતિમાને સ્નાન કરાતું હોય ત્યારે ચૈત્યવંદન કરાય કે નહિ ?

૨૫૩ દેવમંદિરમાં દેવવંદન કરનાર પોસાતીએ ઈરિયાવહી પડિક્કમતાં ખેસ રાખવો જોઈએ કે નહિ ?

૨૫૪ કુસ્વપ્ન દુઃસ્વપ્ન નિવારણના કાઉસ્સગ્ગમાં ચાર લોગસ્સ ક્યાં સુધી કહેવા ?

૨૫૫ રાઈ પ્રતિક્રમણમાં ચાર ખમાસમણ આપીને સજ્ઝાય કરે કે સજ્ઝાય કરીને ખમાસમણ આપે ?

૨૫૬ ઋતુને આશ્રયી અચિત્ત જલનો કાલ ક્યાં કહ્યો છે ? અને તે પાણીમાં જીવોત્પત્તિ થઈ ન હોય તો ગાળ્યા વિના પીવાય કે નહિ ?

૨૫૭ પાંચમ અને પૂનમનો ક્ષય હોય ત્યારે તેનો તપ કઈ તિથિએ કરવો ?

૨૫૮ પ્રકાશ વિના સ્થાપના સુઝે કે નહિં ?

૨૫૯ માલા પહેરવામાં પવેયણાની ક્રિયા કરવી કે કેમ ?

૨૬૦ ઉપધાન પૂર્ણ થયા બાદ તપના દિવસે નિકળાય કે નહિ ?

૨૬૧ નાણ માંડવાના અક્ષરો કયા શાસ્ત્રમાં છે ?

૨૬૨ પૌષધમાં સામાયિકના દોષો લાગે કે નહિ ?

૨૬૩ પૌષધમાં દર્ભનો સંથારો, તથા મુખવાસ ખાવો કલ્પે કે નહિ ? અને છૂટા માણસે લાવેલાં પાટલો, થાલી વગેરે ગ્રહણ કરાય ?

૨૬૪ દેવો અન્ય દેવલોકના ચૈત્યોને વંદન કરે કે નહિ ?

૨૬૫ ધાતકીખંડાદિ દ્વીપોના મેરુથી કેટલે છેટે રહીને જ્યોતિશ્ચક્ર ફરે છે ?

૨૬૬ કાઉસગ્ગાદિમાં સ્થાપનાજી હાલે તો ક્રિયા સુઝે ?

૨૬૭ અન્યમતવાળાને ઉપવાસનું પચ્ચખ્ખાણ કરાવતાં પાણીના આગાર ઉચ્ચરાવાય કે નહિ ?

૨૬૮ સ્નાત્રાદિની વિધિ કોણે બનાવી છે અને ક્યાં છે ?

૨૬૯ કેવલિ કેવલિસમુદ્ઘાતમાં આત્મપ્રદેશોથી સંપૂર્ણ લોકને ભરે કે ત્રસનાડીને ?

૨૭૦ ચોવીશવટ્ટો અને પંચતિર્થીમાં કયા ક્રમથી ઋષભદેવાદિ તીર્થંકરો ગણાય ? અને ગજ એવું પ્રસિદ્ધ પ્રમાણ કેવી રીતે ઘટે ?

૨૭૧ ઉપધાનની વિધિ વગેરે કયા શાસ્ત્રમાં અને કોણે કહી છે ?

૨૭૨ લીલોતરીના ત્યાગીને કેરીનો પાક વગેરે કલ્પે કે નહિ ?

૨૭૩ પાર્શ્વનાથના જન્મ કલ્યાણકની કઈ રાત્રિ ગણવી ? અને સ્નાત્ર દશમે કરવું કે અગીઆરસે ?

૨૭૪ ગમનાગમનની આલોચનાનો આદેશ ક્યારે અને કયા કારણે મંગાય ?

૨૭૫ પૌષધમાં સામાયિક કેમ ઉચ્ચરાવાય છે ? તથા સામાયિકમાં દેશાવકાશિક કયા પ્રયોજનથી ઉચ્ચરાવાય ? અને પૌષધમાં કેમ નહિ?

૨૭૬ કાચું ગોરસ અને દ્વિદલનો સંયોગ થતાં જ જીવો ઉત્પન્ન થાય કે મુખમાં નાખવામાં આવે ત્યારે ?

૨૭૭ સાધારણ જિનમંદિરને માટે પ્રતિમા ગામની રાશિથી જોવી કે સંઘની?

૨૭૮ દેશાવકાશિક વ્રત કેટલા પ્રકારનું છે ?

૨૭૯ ઉપધાનની વાચના નવકાર ગણ્યા વિના અપાય કે ગણીને ?

૨૮૦ ઉપધાનની વાચના કયા દિવસે અને કયા વખતે આપવી ?

૨૮૧ ચોમાસામાં માલારોપણની નાણ ક્યારથી કરાય ?

૨૮૨ ઉપધાનમાં લીલાશાકનું ભક્ષણ તથા વિલેપન વગેરે કલ્પે કે નહિ ?

૨૮૩ શ્રાવક શ્રાવિકાઓને કયું નન્દિસૂત્ર સંભળાવવું ?

૨૮૪ શ્રાવક શ્રાવિકાઓ ઉપધાનની વાચના બેસીને લે કે ઉભાં રહીને ?

૨૮૫ પોસાતી દેવમંદિરમાં માથું બાંધીને દેવવંદન કરે કે ન કરે ?

૨૮૬ સંવચ્છરી, પખ્ખી, રોહિણી વગેરે તપો જેણે જીંદગી સુધીના ઉચ્ચર્યા હોય તે રોહિણી આગળ પાછળ આવે તો છટ્ઠની અશક્તિમાં શું કરે?

૨૮૭ શ્રાવકોને ૧૧ અંગસૂત્રો સંભળાવતાં નાણ મંડાય કે નહિ ?

૨૮૮ અન્યતીર્થિકને ચોથું વ્રત નાણ વિના ઉચ્ચરાવાય કે નહિ ?

૨૮૯ પોસાતી આહાર વાપરે તો ચૈત્યવંદન કર્યા વિના પાણી પી શકે ? તેમજ ઉપધાની કે ઉપધાન વિનાનો આહાર વાપરનાર પોસાતી સાંજની પડિલેહણ કયા ક્રમથી કરે ?

૨૯૦ રાત્રિ પોસાતી કેટલાં માંડલાં કરે ?

૨૯૧ સાંજે રાત્રિ પોસહ ઉચ્ચર્યા બાદ પાણી પી શકાય કે નહિ ?

૨૯૨ એકાસણા વગેરે પચ્ચખ્ખાણમાં લીલું શાક ખાવું કલ્પે કે નહિ ?

૨૯૩ સાંજની પડિલેહણ કર્યા પછી રાત્રિ પોસહ કરનારને પડિલેહણના આદેશો ફરીથી માગવા પડે કે ચાલે ?

૨૯૪ એકાસણા સહિત નિવિના અને એકાસણાના પચ્ચખ્ખાણમાં શું ભેદ?

૨૯૫ પૌષધ અને સામાયિક પારવાના સમય પહેલાં શરીરે દરદ થાય તો શું કરવું ?

૨૯૬ આરતિ અને મંગલદીવો કયા ક્રમથી ઉતારાય ? તેમ જ તેનો પાઠ બતાવો?

૨૯૭ શ્રાવકોને ૧૧ અંગસૂત્રો કયા પ્રહરે સંભળાવી શકાય ?

૨૯૮ અષ્ટમંગલમાં રહેલ મત્સ્યયુગલના આકારનો ભંગ થાય તો પાપ લાગે ?

૨૯૯ જિનપ્રતિમાઓને પહેરાવાતાં આભૂષણો નિર્માલ્ય થાય કે નહિ ?

૩૦૦ વિષ્ણુકુમારનો સંબંધ ક્યાં છે ? તથા તેમણે કયા અંગુલ નિષ્પન્ન યોજનના પ્રમાણથી લાખ યોજનનું રૂપ વિકુર્વ્યું ? અને પોતાના પગ ક્યાં મૂક્યા ?

૩૦૧ પ્રતિવાસુદેવ ગર્ભમાં આવે ત્યારે તેની માતા કેટલાં સ્વપ્નો જુએ ?

૩૦૨ કડાવિગઈના ત્યાગીને તે દિવસનું તળેલું પકવાન્ન કલ્પે કે નહિ ?

૩૦૩ ચોમાસામાં સાધુ નદી ઉતરીને વંદન અને ખામણાં કરવા જઈ શકે?

૩૦૪ ક્રિયા કરનાર બે શ્રાવકોમાંથી એકે બીજાનો ચરવલો પાડી નાખ્યો હોય તો ઈરિયાવહીયાનું પ્રતિક્રમણ કોને આવે ?

૩૦૫ શુદ્ધ ક્રિયા કરનાર ઈરિયાવહીયાનું પ્રતિક્રમણ કેટલા મુહૂર્તે કરે ?

૩૦૬ અષ્ટાપદ ઉપર હજુસુધી તેનાં તે મંદિરો અને બિંબો છે અને શત્રુંજય ઉપર તો અસંખ્યાતા ઉદ્ધારો થયા તેનું શું કારણ ?

સિદ્ધાંતમહોદધિ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરેભ્યો નમઃ

આગમપ્રજ્ઞ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય જંબૂસૂરીશ્વરેભ્યો નમઃ

ऐं नम:

सुगृहीतनामधेयजगद्गुरु-विनेयरत्न-वाचकचूडामणि-श्रीकीर्तिविजयगणिसमुच्चित:

हीरप्रश्नापरनामा प्रश्नोत्तरसमुच्चयः ।

મહોપાધ્યાય-શ્રીકીર્તિવિજય ગણિવરે સંગ્રહ કરેલ
પ્રશ્નોત્તર સમુચ્ચય-અપરનામ-શ્રીહીરપ્રશ્ન
ગ્રંથનો ગુજરાતી અનુવાદ.

। प्रथमः प्रकाशः ।

स्वस्तिश्रियो निदानं, जन्तूनां धर्मकारिणां सम्यक् ।
श्रीवर्द्धमानतीर्था-धिराजमभिनम्य सद्भक्त्या ॥१॥
गीतार्थसार्थनिर्मित-पृच्छानामुत्तराणि लिख्यन्ते ।
श्रीहीरविजयसूरि-प्रसादितानि प्रबोधाय ॥२॥ युग्मम् ॥

ભાવાર્થઃ- 'સમ્યક્ પ્રકારે ધર્મ કરનાર પ્રાણીઓની કલ્યાણ લક્ષ્મીના કારણભૂત, તીર્થાધિરાજ શ્રીવર્ધમાન સ્વામિને સદ્ભક્તિથી નમસ્કાર કરીને શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજાએ, સૂત્રાર્થના જાણ મુનિ મહારાજાઓએ અને સંઘોએ કરેલ પ્રશ્નોના ઉત્તરો આપવા કૃપા કરી હતી, તે પ્રશ્નોત્તરોને હું બોધના પ્રકર્ષ માટે લખું છું.' ૧-૨

महोपाध्यायश्री विमलहर्षगणिकृतप्रश्ना स्तत्प्रतिवचांसि च यथा–

''गच्छगओ अणुओगी'' इति गाथायां षड्विंशतिभेदास्तत्र पञ्चविंशतिभेदेषु द्वित्रिचतुर्गुणसद्भावत: संयमाराधकत्वेन वन्द्यत्वम्, उतैकद्वित्रिदोषसद्भावेन तद्विराधकत्वादवन्द्यत्वम्? इति प्रश्नोऽत्रोत्तरम्-''गच्छगओ अणुओगी'' इतिगाथोक्तपञ्चविंशतिभेदेषु द्वित्र्यादिगुणसद्भावे इतरदोषाणां च सालम्बनसेवित्वेन संयमाराधकत्वाद्वन्द्यत्वमेव । निरालम्बनसेवित्वे त्ववन्द्यत्वमेव ॥१-१॥

પ્રશ્નઃ- ''[1]गच्छगओ अणुओगी'' આ ગાથામાં સંયમની આરાધના બતાવનારા જે ૨૫ ભેદો કહ્યા છે અને તેની ઉપરની [2]ગાથામાં સંયમની વિરાધના બતાવનારા જે ૨૬ ભેદો કહ્યા છે તેમાં ૨, ૩, કે ૪ ગુણોનો સદ્ભાવ છે માટે સંયમારાધકપણું હોવાથી વંદનીયપણું છે કે ૧, ૨, ૩ દોષોની વિદ્યમાનતાથી સંયમનું વિરાધકપણું હોવાથી અવંદનીયપણું છે?

ઉત્તર:- ``गच्छगओ'' આ ગાથામાં કહેલ ૨૫ ભેદોમાં ૨, ૩ વગેરે ગુણોનો સદ્‌ભાવ છે અને બીજા ૨૬ ભેદોક્ત દોષોનું [3]કારણપૂર્વક સેવવાપણું છે એટલે સંયમનું આરાધકપણું હોવાથી વંદનીયપણું જાણવું; દોષોને [4]નિષ્કારણ સેવવામાં તો અવંદનીયપણું જ કહ્યું છે. ૧-૧

ટિપ્પણ-૧.

१ २ ३ ४ ५
गच्छगओ अणुओगी गुरुसेवी अनिययवासयाउत्तो
संजोएण पयाणं संजमआराहगा भणिया ।।३८८।।

६ ७ ८ ९ १०
निम्मम निरहंकारा उवउत्ता नाणदंसणचरित्ते ।
एकक्खित्तेवि ठिया खवंति पोराणयं कम्मं ।।३८९।।

११ १२ १३ १४ १५
जियकोहमाणमाया जियलोभपरिसहा य जे धीरा ।
वुड्ढावासेवि ठिया खवंति चिरसंचियं कम्मं ।।३९०।।

२० २३ २४ २५
पंचसमिया तिगुत्ता उज्जुत्ता संजमे तवे चरणे ।
वाससयंपि वसंता मुणिणो आराहगा भणिया ।।३९१।।

(મુદ્રિત ઉપદેશમાલા, પૃ. ૩૫૪-૩૫૫)

ભાવાર્થ:-'૧ ગચ્છમાં રહેનાર. ૨ જ્ઞાનાદિની સેવામાં ઉદ્યમશીલ. ૩ ગુરુભક્ત. ૪ માસકલ્પાદિવિધિ પૂર્વક વિહાર કરનારો. ૫ પ્રતિક્રમણાદિ ક્રિયામાં ઉપયોગવાન, આ પાંચ પદોના સંયોગથી ચારિત્રના આરાધક કહ્યા છે. જે સાધુમાં આ ગુણો ઘણા હોય તે વિશેષ રીતિએ આરાધક છે. ૬ મમતા રહિત. ૭ અહંકાર રહિત. ૮-૯-૧૦ જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં સાવધાન. ૧૧-૧૨-૧૩-૧૪-૧૫ ક્રોધ, માન, માયા, લોભ અને પરિષહોનો જય કરનાર. ૧૬-૧૭-૧૮-૧૯-૨૦ પાંચ સમિતિવડે યુક્ત. ૨૧-૨૨-૨૩ ત્રણ ગુપ્તિએ ગુપ્ત. ૨૪ સત્તર પ્રકારના સંયમમાં અથવા છ કાયની રક્ષારૂપ સંયમમાં ઉદ્યુક્ત. ૨૫ બારે પ્રકારના તપમાં ઉદ્યમશીલ. આ પ્રમાણે ૨૫ ભેદો થાય છે. જો કે ૩૯૧ ગાથામાં ચરણપદ (પાંચ મહાવ્રતરૂપે લીધેલું) આવે છે અને ૩૮૯મી ગાથામાં ચારિત્ર પદ (આશ્રવ નિરોધ તરીકે લીધેલું) આવે છે. તથાપિ આ બે પદોનો એક ભેદ ગણીએ તો ૨૫ ભેદો થઈ શકે છે.

ટિપ્પણ-૨.

१ २ ३ ४ ५
एगागी पासत्थो सच्छंदो ठाणवासी ओसन्नो ।
दुगमाइसंजोगा जह बहुआ तह गुरुहंति ।।३८७।।

(ઉપદેશમાલા, પૃ. ૩૫૫)

ભાવાર્થ:-૧ ધર્મબાંધવ શિષ્યરહિત એકાકી. ૨ પાસત્થો-જ્ઞાન, દર્શન અને ચારિત્રને પાસે રાખે પરંતુ તેની સમ્યક્ આરાધના કરે નહિ. ૩ સ્વચ્છંદ-ગુરુઆજ્ઞાને નહિ માનનારો. ૪ એક સ્થાનમાં રહેનારો સ્થાનવાસી. ૫ અવસન્નો-પ્રતિક્રમણાદિ ક્રિયાઓમાં શિથિલ. આ પાંચ દોષોના બે સંયોગીઆ દશ, ત્રણ સંયોગીઆ દશ, ચાર સંયોગીઆ પાંચ અને પાંચ સંયોગીઓ એક આ પ્રમાણે ૨૬ ભેદો થાય છે. જેમ દોષો વધારે હોય તેમ વધારે વિરાધક બને છે.'

ટિપ્પણ-૩. પ્રતિસેવનાના બે પ્રકાર છે-૧ દર્પિત અને ૨ કલ્પિત.
અહીં કારણપૂર્વક દોષોનું સેવન હોવાથી તે કલ્પિત પ્રતિસેવના કહેવાય. તેના ૨૪ ભેદો શ્રીજીતકલ્પચૂર્ણિમાં કહ્યા છે. તે આ પ્રમાણે-

''कप्पिया चउवीसविहा; तंजहा —

१ २ ३ ४ ५ ६ ७
दंसण नाणचरित्ते तवसंजम (पवयण) समिइ गुत्ति हेउं वा ।
८ ९ १०
साहम्मियवच्छल्लत्तणेण कुलओ गणस्सेव ।।
११ १२ १३ १४ १५ १६
संघस्सायरियस्स य असहुस्स गिलाणबालवुड्ढस्स ।
१७ १८ १९ २० २१ २२ २३ २४
उदयग्गिचोरसावयभयकान्तारावई वसणे ।।

(મુદ્રિત જીતકલ્પચૂર્ણિ, પૃ. ૩)

ભાવાર્થ:- 'દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, પ્રવચન, સમિતિ, ગુપ્તિ, સાધર્મિકવાત્સલ્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, અસહિષ્ણુ, ગ્લાન, બાલ, વૃદ્ધ, પાણી, અગ્નિ, ચોર, શ્વાપદ, ભય, કાન્તાર, આપત્તિ અને વ્યસન. આ ૨૪ કારણોથી દોષો સેવાય તે કલ્પિત પ્રતિસેવનાની કોટીમાં આવે છે.

ટિપ્પણ-૪. કારણ વિના દોષોનું સેવન દર્પિત પ્રતિસેવનામાં આવે છે. શ્રી જીતકલ્પચૂર્ણિમાં તેના ૧૦ ભેદો આ પ્રમાણે કહ્યા છે.

१ २ ३ ४ ५ ६
''दप्प अकप्प निरालम्ब चियत्ते अप्पसत्थ वीसत्थे ।
७ ८ ९ १०
अपरिच्छिय-ऽकडजोगी निरणुतावी य णिस्संको ।।''

(મુદ્રિત જીતકલ્પચૂર્ણિ, પૃ. ૩)

ભાવાર્થ:- 'દર્પ, અકલ્પ્ય, નિરાલંબન, ત્યક્તકૃત્ય, અપ્રશસ્ત, વિશ્વસ્ત, અપરીક્ષિત, અકૃતયોગી, નિરનુતાપી અને નિઃશંક. આ ૧૦ ભેદોથી દોષો સેવાય તે દર્પિત પ્રતિસેવનાની કોટિમાં આવે છે.

तथा - ''एआरिसे पञ्चकुसीलसंवुडे रूवंधरे'' इति पापश्रमणीयाध्ययनोक्तलक्षणानां साधुत्वाद्वन्द्यत्वम्, उत पार्श्वस्थादिलक्षणोपेतत्वादवन्द्यत्वम्? इति प्रश्नोऽत्रोत्तरम्—''एआरिसे पञ्चकुसीलसंवुडे'' इति गाथाव्याख्याने पार्श्वस्थादिलक्षणोपेतानामपि निकृष्टसाधुपदवर्त्तित्वं व्याख्यातमस्ति तदपि सालम्बनसेवित्वादेवेति तेषामपि वन्द्यत्वमेव ।।१-२।।

પ્રશ્ન:- ''एआरिसे पंचकुसीलसंवुडे रूवंधरे'' આ પ્રમાણે પાપશ્રમણીય અધ્યયનમાં કહેલ લક્ષણવાળાઓમાં સાધુપણું હોવાથી વંદનીયપણું છે કે પાસત્થા વગેરેના લક્ષણો હોવાથી અવન્દનીયપણું છે?

ઉત્તર:- ''[૫]एआरिसे पंचकुसीलसंवुडे'' આ ગાથાના વ્યાખ્યાનમાં પાસત્થાદિ[૬] લક્ષણ યુક્ત સાધુઓને પણ નિકૃષ્ટ સાધુપદે રહેલા જણાવ્યા છે; કારણકે તે પણ કારણપૂર્વક દોષોને સેવતા હોવાથી તેઓનું પણ વંદનીયપણુંજ જાણવું. (અહીં સર્વપાસત્થો અવંદનીય જાણવો.) ૧-૨

ટિપ્પણ-૫. ''एआरिसे पंचकुसीलसंवुडे, रूवंधरे मुणिपवराण हिट्ठिमे ।
अयंसि लोए विसमेव गरहिओ, न से इहं नेव परत्थलोए ।।२०।।''

(ઉત્તરાધ્યયનસૂત્રના ૧૭માં પાપશ્રમણીય અ. ગા.૨૦ પૃ. ૩૨૯/૧)

ભાવાર્થ:- 'પાપશ્રમણનાં ઉપર્યુક્ત લક્ષણો જેનામાં હોય એવા પાંચ કુશીલીઆ, જેવા કે—૧ પાસત્થો, ૨ અવસન્નો, ૩ કુશીલીઓ, ૪ સંસક્ત અને ૫ યથાછન્દો, આ પાંચ પ્રકારના સાધુની જેમ અસંવરવાળો, રજોહરણાદિ વેષ ધારણ કરનારો, શ્રેષ્ઠ આચાર યુક્ત સાધુઓની અપેક્ષાએ અતિ જઘન્ય સંયમ સ્થાનને સેવનારો છે, માટે અધમ સાધુની કોટિમાં આવે છે; એથી તે આ લોકમાં ઝેરની માફક ભ્રષ્ટ પ્રતિજ્ઞાવાન્ હોવાથી સાધારણ મનુષ્યોથી પણ નિન્દાને પાત્ર બને છે અને આ લોકમાં તથા પરલોકમાં કિંમત વિનાનો બને છે.'

ટિપ્પણ-૬. અહીં આદિ શબ્દથી બીજા ભેદો નીચેની ગાથામાં બતાવેલા લેવા.

**'पासत्थोसन्न कुसील-नायसंसत्तं जणं अहाछंदं ।
नाऊणं तं सुविहिया सव्वपयत्तेणं वज्जंति ।।''**

(ઉપદેશમાલા, મુદ્રિત પૃ. ૩૪૧ ગા. ૩૫૩)

ભાવાર્થ:-'૧ પાસત્થો-જ્ઞાન, દર્શન અને ચારિત્રની પાસે રહેનાર. ૨ અવસન્નો-ચારિત્રમાં શિથિલ આચારવાળો. ૩ કુશીલીઓ-જ્ઞાનાચાર વગેરેની વિરાધના કરનારો. ૪ સંસક્ત—જેવી સોબત મળે તેવો થઈ જાય. ૫ અહાછંદો-પોતાની બુદ્ધિથી ઉત્સૂત્ર પ્રરૂપણાદિ કરનાર. સુવિહિતો પાસત્થા વગેરેનું સ્વરૂપ જાણીને સર્વ પ્રયત્નથી તેનો સંગ કરતા નથી.'

પાસત્થાના બે ભેદ છે-૧ સર્વપાસત્થો અને ૨ દેશપાસત્થો. અવસન્નના બે ભેદ છે-૧ સર્વથી અવસન્નો અને ૨ દેશથી અવસન્નો. કુશિલીયાના ત્રણ ભેદ છે-૧ જ્ઞાનવિરાધક, ૨ દર્શનવિરાધક અને ૩ ચારિત્રવિરાધક. સંસક્તના બે ભેદ છે-૧ અસંક્લિષ્ટ અને ૨ સંક્લિષ્ટ. અને અહાછંદાનો એક ભેદ છે. આ પ્રમાણે ભેદો કહ્યા છે. એ ભેદોનું વિશેષ સ્વરૂપ જાણવું હોય તો જુઓ-શ્રીહારિભદ્રીય આવશ્યકસૂત્રની વંદનક નિર્યુક્તિ પૃ. ૫૧૬.

तथा - पञ्चविंशतिभङ्गाश्रितानाम् ''एआरिसे'' इतिगाथोक्तलक्षणोपेतानां च साधूनां षष्ठसप्तमगुणस्थानवर्त्तित्वम्, उत मतान्तरेण मुहूर्त्ताद् बहुकालस्थायिषष्ठगुणस्थानकवर्त्तित्वम्? इति प्रश्नोऽत्रोत्तरम्- पञ्चविंशतिभङ्गाश्रितानाम् ''एआरिसे पञ्च'' इतिगाथोक्तलक्षणानां च साधूनां षष्ठसप्तमगुणस्थानवर्त्तित्वम्। मतान्तरेण तु मुहूर्त्ताद् बहुकालावस्थायिषष्ठगुणस्थानवर्त्तित्वं चेत्युभयमपि भवतु, अध्यवसायानां वैचित्र्यात् तथाविधव्यक्ताक्षरानुपलम्भाच्च ।।१-३।।

પ્રશ્ન:- ૨૫ ભેદે રહેલા અને ''एआरिसे'' આ ગાથામાં કહેલા લક્ષણોવાળા સાધુઓને છઠ્ઠું સાતમું ગુણસ્થાનક હોય છે કે મતાન્તરે મુહૂર્ત કરતાં બહુકાલ (દેશોન પૂર્વકોટિ) રહેનારું છઠ્ઠું ગુણસ્થાનક હોય છે ?

ઉત્તર:- ૨૫ ભેદે રહેલા સાધુઓ અને ''एआरिसे पंच'' આ ગાથામાં કહેલાં

લક્ષણો જેમાં છે એવા સાધુઓ છટ્ઠે સાતમે ગુણઠાણે હોય છે. મતાન્તરથી મુહૂર્ત કરતાં વધારે કાલ રહેનારું છટ્ઠું ગુણઠાણું પણ હોય. આ રીતે બન્ને પ્રકારો પણ અધ્યવસાયોની વિચિત્રતા હોવાથી તેમજ શાસ્ત્રમાં તેવા પ્રકારના સ્પષ્ટ અક્ષરો પણ નહિ દેખાતા હોવાથી હોવા સંભવે છે. ૧-૩

तथा–''जो चयइ उत्तरगुणे मूलगुणे वि'' इत्यत्राचिरत्वं संवत्सराद्किालनियमेन सामान्येन वा? इति प्रश्नोऽत्रोत्तरम्-''जो चयई उत्तरगुणे'' इतिगाथायामचिरेणेति पदमुत्तरगुणत्यागप्रतिषेधपरम्, कालनियमस्तु कर्तुं न शक्यते; कस्यचित् पतितपरिणामस्योत्तरगुणत्यागादचिरेणापि मूलगुणभ्रंशो भवति, तदितरस्य तु चिरेणापि न भवतीति ।।१-४।।

પ્રશ્નઃ- ''जो चयइ उत्तरगुणे मूलगुणे वि'' આ ગાથામાં अचिरत्व ૫૬ વર્ષ વગેરે કાલને જણાવનારું છે કે સામાન્યથી છે?

ઉત્તરઃ- ''[७]जो चयइ उत्तरगुणे'' આ ગાથામાં अचिरेण ૫૬ પિંડવિશુદ્ધિ વગેરે ઉત્તર ગુણોના ત્યાગનો નિષેધ જણાવવાના તાત્પર્યવાળું છે. કાલનો તો નિયમ કરી શકાય નહિ; કેમકે-કોઈક પતિત પરિણામીને ઉત્તર ગુણોનો ત્યાગ થવાથી જલદીથી પણ મૂલગુણોનો નાશ થાય છે. અને તેનાથી અન્યને લાંબા કાળે પણ મૂલગુણોનો નાશ થતો નથી. ૧-૪

ટિપ્પણ-૭. **''जो चयइ उत्तरगुणे मूलगुणेवि अचिरेण सो चयइ ।**
जह जह कुणइ पमायं पिल्लिज्जइ तह कसाएहिं ।।११७।।
(ઉપદેશમાલા, પૃ. ૧૮૭)

ભાવાર્થઃ-'જે સાધુ ઉત્તરગુણો-આહારવિશુદ્ધિ વગેરેને છોડે છે તે મુનિ થોડા કાલમાં મૂલ ગુણોને પણ છોડે છે. જેમ જેમ જીવ પ્રમાદભાવથી શિથીલ બને છે, તેમ તેમ તે ક્રોધાદિક કષાયોથી પીલાય છે.'

કહેવાનો આશય એ છે કે—ચારિત્રના ખપી આત્માઓએ ઉત્તરગુણોને અવગણવા નહિ, પરંતુ ઉત્તરગુણોને ય ટકાવી રાખવા ખૂબ પ્રયત્નશીલ રહેવું.

तथा–क्षपणकादीनां दशानामन्यतमः कश्चित्तपागणसाधूनां वन्दनाऽर्चन-भक्तपानवसतिदानादिकं विदधाति कश्चिच्च तद्वैपरीत्यं करोति, तयोः फले साम्यं कश्चिद्विशेषो वा? इति प्रश्नोऽत्रोत्तरम्- दशानां मध्ये यः कश्चन साधूनां वन्दनाऽर्चनभक्तपानवसतिदानादिकं करोति तस्य शुभमेव फलम्, यस्तु वैपरीत्यं विदधाति तस्याशुभमेवेति ज्ञातमस्ति ।।१-५।।

પ્રશ્નઃ- 'દિગંબરાદિ ૧૦ માંથી કોઈ એક, તપાગચ્છીય સાધુઓને નમસ્કાર, પૂજન, ભાત, પાણી અને વસતિ દાન વગેરે કરે, અને કોઈ તેનાથી વિપરીત કરે, તો બંનેને ફલ સરખું થાય કે ફેરફાર ?

ઉત્તરઃ- દિગંબરાદિ ૧૦માંથી જે કોઈ સાધુઓને વન્દન, પૂજન, ભાત, પાણી અને વસતિનું દાનાદિ કરે છે, તેને ફલ શુભજ થાય છે, અને જે વિપરીત કરે છે તેને ફલ અશુભ જ થાય એમ જણાય છે. ૧-૫

ટિપ્પણ-૮. સ્વતીર્થિક દિગંબરાદિ દશ કોણ અને તેની ઉત્પત્તિ કોનાથી તથા કઈ સાલથી થઈ તેની ટૂંકમાં માહીતી આ પ્રમાણે છે—

૧ દિગંબર, ૨ પૌર્ણિમીયક, ૩ ખરતર, ૪ આંચલિક, ૫ સાર્ધ પૌર્ણિમીયક, ૬ આગમિક, ૭ લુંપક, ૮ કડવામતિ, ૯ બીજ અને ૧૦ પાયચંદ, આ દશ નામ છે. તેમાં—

૧ દિગંબર - ભગવાન મહાવીરના નિર્વાણથી ૬૦૯ વર્ષે શિવભૂતિ-અપરનામ સહસ્રમલ્લથી આ મત નીકળ્યો છે, જેણે કેવલીનાં કવલાહારનો, સ્ત્રીની મુક્તિનો અને સાધ્વી સંઘ ઈત્યાદિક અનેક વસ્તુઓનો અપલાપ કર્યો છે.

૨ પૌર્ણિમીયક - આ મત ભગવાન મહાવીરથી ૧૬૨૯ વર્ષે અને વિક્રમથી ૧૧૫૯ વર્ષે ચંદ્રપ્રભાચાર્યથી ઉત્પન્ન થયો છે, જેણે સ્વકપોલ કલ્પનાથી સનાતન ચતુર્દશીની પખ્ખીનો નિષેધ કરી પૂનમની પખ્ખી ઈત્યાદિક ઉત્સૂત્રો ખડાં કર્યાં છે.

૩ ખરતર - આ મત વિક્રમથી ૧૨૦૪ વર્ષે જીનદત્ત આચાર્યથી જન્મ્યો છે, જે પર્વ વિનાની સામાન્ય તિથિમાં પૌષધ, તેમજ સ્ત્રીને માટે જિનપૂજાનો નિષેધ, ભગવાન મહાવીરનાં પાંચને બદલે છ કલ્યાણક, ઈત્યાદિ અનેક સૂત્રોત્તીર્ણ માન્યતાઓ માને છે.

હવેના જે ત્રણ મતો કહેવાય છે તે પૌર્ણમીયકમાંથીજ કોઈ કારણસર નીકળેલા છે, તે આ—

૪ અંચલિક - વિક્રમથી ૧૨૧૩ વર્ષે પુનમીયા નરસિંહથી આ મતનો જન્મ થયો છે, જેણે મુહપત્તિનો નિષેધ કરીને સામાયિકાદિ ક્રિયામાં વસ્ત્રના છેડાથી પૂંજવું ઈત્યાદિ પ્રરૂપણા કરી છે.

૫ સાર્ધ પૌર્ણિમીયક - આ મત વિક્રમથી ૧૨૩૬ વર્ષે પુનમીયા સુમતિસિંહથી જન્મ્યો છે. અને તેણે ફલપૂજા વગેરેનો નિષેધ કર્યો છે.

૬ આગમિક - આ મત વિક્રમથી ૧૨૫૦ વર્ષે પુનમીયા ગચ્છમાંથી નીકળેલા શીલગાન અને દેવભદ્રથી જન્મ્યો છે. તેણે શ્રુતદેવતાની સ્તુતિ ઉડાવીને ત્રણ સ્તુતિનું પ્રતિપાદન કર્યું છે.

૭ લુંપક - આ મત વિક્રમથી ૧૫૦૮ વર્ષે લુંપક લહીયાથી જન્મ્યો છે. તેણે જિન પ્રતિમાનો નિષેધ કરીને પોતાની ઓલાદને કલંકિત કરી છે.

નીચે કહેલ ૩ મતો પ્રાયઃ કરીને આચાર્યદેવ શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજની વિદ્યમાનતામાં જન્મ્યા હોય એમ જણાય છે—

૮ કડવામતિ - આ મત વિક્રમથી ૧૫૬૪ વર્ષે કટુક ગૃહસ્થથી જન્મ્યો છે. તેણે 'હાલ ગુરુઓમાં ગુરુપણું રહ્યું નથી, માટે ખરા ગુરુ કોઈ છે જ નહિ.' એટલે દ્વિવિધ સંઘ—શ્રાવક, શ્રાવિકા રૂપ પ્રરૂપીને ઉત્સૂત્ર પ્રરૂપણા કરી છે.

૯ બીજ - આ મત વિક્રમથી ૧૫૭૦ વર્ષે લુંપક વેષધર ભૂનઉના શિષ્ય બીજથી જન્મ્યો છે, જે મત પ્રતિમા સિવાય સઘળી માન્યતામાં લુંપકમતનું અનુકરણ કરનાર છે.

૧૦ પાયચંદ - વિક્રમથી ૧૫૭૨ વર્ષે નાગપુરીય તપાગચ્છના પાર્શ્વચંદ્ર ઉપાધ્યાયથી જન્મ્યો છે. તેમણે 'સાધુ જિનપૂજા સંબંધી ઉપદેશ ન આપી શકે, કારણ કે અણુમાત્ર પણ કર્મબંધ થાય એવો ધર્મ તીર્થંકરે કહ્યો નથી,' ઈત્યાદિ ઉત્સૂત્રો પ્રરૂપ્યાં છે.

(વિશેષ માહીતી માટે જુઓ પ્રવચન પરીક્ષા નામનો ગ્રંથ, કે જેમાં મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજીએ આ ૧૦ની ઉત્પત્તિનું મૂલ તથા આ દશે મતોએ કેટલી કેટલી ઉત્સૂત્ર પ્રરૂપણાઓ કરી ભગવાનના શાસનની મહા આશાતના કરી છે તેનું સવિસ્તર વર્ણન કરીને સર્વ મતોનું યુક્તિપૂર્વક ખંડન કર્યું છે.) ઉપર્યુક્ત ૧૦ મતો સ્થૂલ દૃષ્ટિએ કહેલા છે, તે સિવાય ઉપધાન વગેરે અનુષ્ઠાનોના અપલાપ કરનારા બીજા જે કોઈ મતો હસ્તિ ધરાવતા હોય, તેની વિવક્ષા કરેલી નથી. જેમ હાલ પણ કેટલાક વર્ષોથી તેરાપંથી મત જન્મેલ છે, કે જે મત દાન, દયા વગરે ધર્મોનો અપલાપ કરે છે, તેમજ સાધ્વીનો આણેલો આહાર પણ વાપરે છે. આ રીતે શાસ્ત્રમાં કહ્યું હોય તે નહિ કરનાર અને ન કહ્યું હોય તે પોતાની સ્વચ્છંદ મતિકલ્પનાથી કરનારા કેઇ કુમતો વર્તમાન સમયમાં જોર કરે છે. ધર્મના ખપી જીવોએ તેને સમ્યગ્ પ્રકારે ગુરુગમથી જાણી સમજી લઈ સર્વથા વર્જી દેવા જોઈએ.

तथा–तन्मध्यस्थः कश्चित्प्रासादादिरक्षणाय यतते, तदन्यस्तु वैपरीत्यभाक्, तयोरपि साम्यं विशेषो वा? इति प्रश्नोऽत्रोत्तरम्- तेषां प्रासादादिरक्षणयत्नविधाने शुभमेव फलं तद्विपरीतविधाने त्वशुभमेव ॥१-६॥

પ્રશ્નઃ- આ ૧૦માંથી કોઈ એક મંદિર વગેરેના રક્ષણ માટે યત્ન કરે અને બીજો વિપરીત કરે તો તે બન્નેને ફળ પ્રાપ્ત થવામાં સમાનતા કે વિશેષતા ?

ઉત્તરઃ- મંદિર વગેરેના રક્ષણનો પ્રયત્ન કરતા તેઓને શુભ ફલ જ પ્રાપ્ત થાય છે, અને વિપરીત કરતાં અશુભ ફલ જ પ્રાપ્ત થાય છે. ૧-૬

तथा–ज्ञानदर्शनचारित्रतपःप्रभृति शुभं कुर्वतां सङ्घस्थानां सान्निध्यम्, तदन्यंस्तु वैपरीत्यं करोति तयोः साम्यं न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-एवं ज्ञानादि शुभं समाचरतां सङ्घस्थानां सान्निध्याऽसान्निध्ययोरपि ॥१-७॥

પ્રશ્નઃ- એજ રીતે ૧૦માંથી કોઈ એક જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ વગેરે શુભ કાર્ય કરનાર સંઘમાં રહેલાઓને સહાય કરે, અને બીજો વિપરીત કરે તો તે બેના ફલમાં પણ સમાનતા કે અસમાનતા ?

ઉત્તરઃ- ઉપર પ્રમાણે જ્ઞાનાદિ શુભાચરણ સેવતા સંઘસ્થોને સહાય કરનાર અને નહિ કરનારને શુભ તથા અશુભ ફલ જાણવું. ૧-૭

तथा–वर्णादिभिर्भेदे जात्या शुनामिव दशानां परस्परं मतभेदेऽप्याज्ञा-विराधकत्वेन साम्यम्, किंवा विशेषः? इति प्रश्नोऽत्रोत्तरम्- दशानां वर्णादिवैचित्र्य-साम्यप्रतिपादकं वचस्तु नात्मीयं किन्तु परकीयमेव ॥१-८॥

પ્રશ્નઃ- આ દશમાં, જેમ શ્વાનોમાં વર્ણાદિ ભેદ હોવા છતાં જાતિથી ઐક્ય છે તેમ, પરસ્પર મતભેદ હોવા છતાં આજ્ઞાની વિરાધના કરનારા હોવાથી સમાનતા છે કે વિષમતા છે?

ઉત્તરઃ- દશેયમાં વર્ણ વેષાદિ વિચિત્રપણું છે, છતાં આજ્ઞાની વિરાધકતાથી તેમની સમાનતાને જણાવનાર વચન આપણું નથી, પરંતુ બીજાનું છે. ૧-૮

तथा–चैत्यादिधर्मकार्यं कुर्वतामेषां तपागणसम्बन्धी शक्तिमान् श्राद्धः सान्निध्यं माध्यस्थ्यं विकारं वा भजते तदा लाभो न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-चैत्यादिधर्मकार्यं कुर्वतां तेषां श्रीपरमगुरुपादैरादेयतयादिष्टचैत्यादिधर्मकार्ये सान्निध्यकरणमायति सुन्दरम्, तदितरकार्ये तु माध्यस्थ्यमेव, न तु क्वापि वैपरीत्यकरणेन विरोधोत्पादनं श्रेयसे ॥१-९॥

પ્રશ્નઃ- ચૈત્યાદિ ધર્મકાર્ય કરતા તે દિગંબરાદિ દશેયને તપાગચ્છીય શક્તિમાન શ્રાવક સહાય કરે, મધ્યસ્થ રહે, અગર વિરોધ કરે તો લાભ કે ગેરલાભ થાય?

ઉત્તરઃ- પૂજ્ય શ્રી પરમ ગુરુદેવે જે ચૈત્યાદિ ધર્મકાર્યને ઉપાદેય કહેલ છે. તે ધર્મકાર્ય કરતા દિગંબરાદિ ૧૦ ને સહાય કરવી એ પરિણામે સુંદર છે. અન્ય કાર્ય કરતા હોય તો મધ્યસ્થતાજ રાખવી, પરંતુ ક્યાંય વિપરીત કરવા વડે વિરોધ ઉભો કરવો એ તો કલ્યાણકારક નથી. ૧-૯

तथा–नवानां लुम्पाकव्यतिरिक्तानां प्रतिमापूजास्तुती अशुचिविलेपनगालीप्रदानरूपे अथवा पूजास्तुतिरूपे? इतिप्रश्नोऽत्रोत्तरम्-नवानां पूजास्तुती अशुचिविलेपनगालीप्रदानरूपे इत्यादिवचनं तु सतामुच्चारार्हमेव न भवतीति किं प्रतिवचनेन? ॥१-१०॥

પ્રશ્નઃ- મૂર્તિપૂજાનો લોપ કરનાર લુંપાક સિવાયના ૯ની પ્રતિમાની પૂજા અને સ્તુતિ અશુચિના વિલેપન તથા ગાળો દેવા રૂપ છે કે પૂજા અને સ્તુતિરૂપ છે?

ઉત્તરઃ- સદર ૯ની પૂજા અને સ્તુતિ "અશુચિના વિલેપનરૂપ કે ગાલિ પ્રદાનરૂપ છે" એ પ્રમાણે સજ્જન પુરુષને બોલવુંજ યોગ્ય નથી તો ઉત્તર આપવાથી શું? ૧-૧૦

तथा–केषाञ्चित्सङ्घभक्तिं कुर्वतामभक्तिं च कुर्वतां भूतात्तमद्यपवत्साम्यम्, उत भक्तिजनितशुभप्रकृतिफलोदयो वा जन्मान्तरे? इति प्रश्नोऽत्रोत्तरम्-सङ्घभक्तिमभक्तिं च कुर्वतां भूतात्तमद्यपवत्साम्यमित्यादिवाक्यं पूर्ववदेव प्रत्युत्तरितं बोध्यम् ॥१-११॥

પ્રશ્નઃ- સંઘની ભક્તિ કરતા કે ભક્તિ નહિ કરતા કેટલાક (દિગંબરાદિ ૧૦)નું ભૂતાવિષ્ટ કે દારૂડીયાની સાથે સામ્ય છે કે તેમને તે કાર્ય જન્માંતરમાં ભક્તિથી ઉત્પન્ન થએલ શુભ કર્મ પ્રકૃતિના ફલનો ઉદય કરવાવાળું છે?

ઉત્તરઃ- ઉપર મુજબ સંઘની ભક્તિ કરતા કે નહિ કરતા તેઓ અંગે ભૂતાવિષ્ટ કે દારૂડીયાની સાથે સરખાવતું વાક્ય બોલવું એ જ સજ્જનને ઉચિત નથી, ઇત્યાદિ પૂર્વની માફક ઉત્તર જાણવો. ૧-૧૧

तथा–एतेषां नमस्कारपाठबन्दिमोचनब्रह्मपालनादिकं किञ्चित्केषाञ्चिन्मार्गाऽनुयायि, किं वा सर्वेषां शौनिक-लुब्धक-धीवराध्यवसायवत्पापहेतुः? इति प्रश्नोऽत्रोत्तरम्-''एतेषां०'' इत्यादिवचः सतां वक्तुमेवानुचितमिति किं प्रतिवचसा? ॥१-१२॥

પ્રશ્નઃ- દિગંબરાદિ ૧૦માંથી કોઈ કાંઈક નમસ્કાર પાઠ કરે, કેદીને છોડાવે, બ્રહ્મચર્યનું પાલન વગેરે કરે તે માર્ગાનુસારી સમજવું કે બધાનું કસાઈ, પારધિ, કે મચ્છિમારના અધ્યવસાયની જેમ પાપના હેતુ રૂપ સમજવું?

ઉત્તરઃ- આવું વાક્ય પણ સજ્જનોને બોલવું યોગ્ય નથી, પછી ઉત્તર આપવાથી શું? ૧-૧૨.

तथा–परपाक्षिकसंपादितस्तोत्रादिकं मातङ्गतुरुष्कादि-संपादितरसवतीवदनास्वाद्यमेव, कश्चिद्विशेषो वा? इति प्रश्नोऽत्रोत्तरम्-परपाक्षिकसंपादितस्तोत्रादीनां मातङ्गतुरुष्कादिसंपादितरसवत्युपमानं सतां वक्तुमेवानुचितमिति किं प्रतिवचनेन? ॥१-१३॥

પ્રશ્નઃ- ખરતરાદિ પરપાક્ષિકોએ બનાવેલ સ્તોત્રાદિકો ચંડાલ કે મુસ્લીમ વગેરેએ કરેલી રસોઈની માફક સ્વાદ કરવા લાયક જ નથી કે કાંઈ વિશેષ છે?

ઉત્તરઃ- પરપક્ષીઓએ કરેલ સ્તોત્રાદિને આવી ઉપમા આપવી એ જ સજ્જનને ઉચિત નથી તો પછી તેનો ઉત્તર આપવાથી શું? ૧-૧૩

तथा–तपागणसम्बन्धी श्राद्धः स्वकीय-स्वकीयेतरचैत्येषु चन्दनादिकं मुञ्चति, तत्र स्वकीयचैत्ये लाभहेतुरन्यत्र पापहेतुः, किं वोभयत्र साम्यम्? इति प्रश्नोऽत्रोत्तरम्-तपापक्षीयः श्राद्धः स्वकीयेषु परकीयेषु वा चैत्येषु चन्दनादि मुञ्चति, तत्र स्वकीयेषु यथा लाभस्तथा श्रीपरमगुरुपादैरादेयतयादिष्टेषु परकीयेष्वपि लाभ एव ज्ञातोऽस्ति न तु पापम् ॥१-१४॥

પ્રશ્નઃ- તપાગચ્છીય શ્રાવક પોતાનાં અને પરગચ્છોનાં મંદિરોમાં સુખડ વગેરે આપે, તે પોતાના મંદિરોમાં આપેલું પુણ્ય હેતુ અને અન્ય ગચ્છીય મંદિરોમાં આપેલું પાપ હેતુ થાય કે બન્નેમાં આપેલું સમાન લાભવાળું થાય?

ઉત્તરઃ- તપાગચ્છીય શ્રાવક સ્વગચ્છીય કે પરગચ્છીય મંદિરોમાં સુખડ, કેસર વગેરે આપે તેમાં જેવો પોતાના ગચ્છના મંદિરોમાં આપવાથી લાભ થાય તેવો શ્રી પરમ ગુરુદેવે ઉપાદેયપણે જણાવેલાં પરગચ્છનાં મંદિરોમાં પણ આપવાથી લાભ જ જાણ્યો છે, પરંતુ પાપ જાણ્યું નથી. ૧-૧૪

तथा–द्वितीयादिपञ्चपर्वी श्राद्धविध्यादिस्वीयग्रन्थातिरिक्तग्रन्थे क्वास्ति? इति प्रश्नोऽत्रोत्तरम्-द्वितीयादिपञ्चपर्व्या उपादेयत्वं संविग्नगीतार्थाचीर्णतया संभाव्यते, अक्षराणि तु श्राद्धविधेरन्यत्र दृष्टानि न स्मरन्ति (स्मर्यन्ते) ॥१-१५॥

પ્રશ્નઃ- બીજ આદિ (૨, ૫, ૮, ૧૧, ૧૪) પાંચ પર્વીઓ શ્રાદ્ધવિધિ આદિ આપણા ગ્રંથ સિવાય બીજા ગ્રન્થોમાં ક્યાં કહેલ છે?

ઉત્તરઃ- સંવિગ્ન ગીતાર્થોની આચરણા વડે બીજ વગેરે પાંચ પર્વીનું ઉપાદેયપણું સંભવે છે. તેના અક્ષરો તો [૯]શ્રાદ્ધવિધિ સિવાય અન્યત્ર જોયાનું યાદ નથી. ૧-૧૫

ટિપ્પણ-૯. **''बीआ पंचमी अट्ठमि एगारसि चउद्दसी पण तिहीओ ।**
एआओ सुअ(ह)तिहीओ गोअम गणहारिणा भणिआ'' ।।

(શ્રી શ્રાદ્ધવિધિ, મુદ્રિત પત્ર ૧૫૨)

ભાવાર્થઃ- 'શ્રી ગૌતમ ગણધરે બીજ, પાંચમ, આઠમ, એકાદશી અને ચતુર્દશી એ પાંચ શુભ તિથિઓ કહેલી છે.

तथा–''मासम्मि पव्वछक्कं तिण्णि अ पव्वाइं पक्खम्मि'' इति गाथोक्तैव चतुष्पर्वी सर्वश्राद्धानाम्, किंवा लेपश्राद्धाधिकारवर्णिता? इति प्रश्नोऽत्रोत्तरम्- ''मासम्मि'' इतिगाथोक्तैव चतुष्पर्वी सर्वश्राद्धानां संभाव्यते, न तु लेपश्राद्धाधिकारोक्तेति ।।१-१६।।

પ્રશ્નઃ- સર્વ શ્રાવકોની ચતુષ્પર્વી ''मासम्मि पव्वछक्कं तिण्णि अ पव्वाइं पक्खम्मि'' આ ગાથામાં કહેલી છે, તે ગણવી કે લેપ શ્રાવકના અધિકારમાં જે (આઠમ-ચૌદશ-ચોમાસાની ત્રણ પુનમ અને મહાકલ્યાણક તરીકે આવતી અમાસ) વર્ણવેલી છે તે ગણવી?

ઉત્તરઃ- ''मासम्मि'' આ [૧૦]ગાથામાં કહેલીજ ચતુષ્પર્વી સર્વ શ્રાવકોને હોય એમ લાગે છે, પરંતુ લેપશ્રાવકના[૧૧] અધિકારમાં કહેલી છે તે નહિ. ૧-૧૬

ટિપ્પણ-૧૦. **''अट्ठमि चउद्दसि पुण्णिमा य तहामावसा हवइ पव्वं ।**
मासंमि पव्व छक्कं तिन्नि अ पव्वाइं पक्खंमि'' ।।

(શ્રી શ્રાદ્ધવિધિ, પત્ર ૧૬૨)

ભાવાર્થઃ- 'શ્રી શ્રાદ્ધવિધિ આદિ શાસ્ત્રોમાં દરેક માસની સુદ અને વદની બન્ને આઠમો, બન્ને ચૌદશો, પૂર્ણિમા, તેમજ અમાવાસ્યા એમ છ પર્વો આખા મહિનામાં અને ત્રણ પર્વો એક પખવાડીયામાં જણાવ્યાં છે.'

ઉપર્યુક્ત શ્રાવકોની ચતુષ્પર્વી એ શબ્દાંતરથી આ ગાથામાં ઓળખાવ્યા મુજબ પટ્પર્વી જ છે, છતાં ચતુષ્પર્વીની સંજ્ઞા આઠમ-ચૌદશ-પુનમ-અમાસ એ ચાર નામની અપેક્ષાએ આપવામાં આવેલી છે. અત્રે ધ્યાનમાં રહે કે-જૈન શાસ્ત્રોમાં આ એક જ ચતુષ્પર્વી કહી છે એમ નથી, કિંતુ બે આઠમો અને બે ચૌદશોને પણ ચતુષ્પર્વી કહેલી છે. 'પૂનમ અમાસને ચતુષ્પર્વીમાં કહી છે', તેટલા ઉપરથી તેનું મહત્ત્વ વધારીને ચતુર્દશ્યાદિ પ્રધાન તિથિઓની વિરાધના કરનારાઓ પૂનમીઆઓની માફક પોતાના પગ પોતાના ગળે નાખનારા છે. તે માટે જુઓ શ્રી પ્રવચન પરીક્ષા પૃ. ૧૮૨.

મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજીએ સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે કે–

''यथा चतुर्दशीतपोयुक्तं चतुर्मासकदिने षष्टतप उक्तं, किं ? चतुष्पर्वी तावत् श्रावकधर्ममाश्रित्योक्ता, साधुधर्ममाश्रित्य तु अष्टमी चतुर्दश्यावेव, पाक्षिकपर्व तु श्रावकसाध्वोः साधारणमित्यपि विचार्यमाणे चतुर्दश्येव पाक्षिकत्वेन सिध्यति, चतुष्पर्वीमध्यवर्तिनीपूर्णिमेत्यादिविचारणा स्वगलपादुका कल्पेति ।''

ભાવાર્થ:- 'પ્રવચન પરીક્ષાની ૬૬મી ગાથામાં પૂનમની પખ્ખિ માનનારના પક્ષને અતિ પ્રસંગથી દૂષિત કરતાં શાસ્ત્રકાર કહે છે કે—જો પૂનમની પખ્ખિ માનવામાં આવે તો જેમ ચોમાસીને દિવસે ચૌદશના તપયુક્ત છટ્ઠનો તપ કહ્યો છે તેમ ચૌદશના તપ યુક્ત પખ્ખિનો તપ બે ઉપવાસનો (છટ્ઠ) શાસ્ત્રકારે કેમ ન કહ્યો? બીજું, આઠમ ચૌદશ પૂનમ અમાસની ચતુષ્પર્વી શ્રાવકધર્મને આશ્રયીને કહી છે. સાધુધર્મને આશ્રયીને તો બે આઠમ અને બે ચૌદશની જ ચતુષ્પર્વી કહેલી છે. પાક્ષિક પર્વ તો શ્રાવક અને સાધુ ઉભયને સાધારણ છે, એ વિચારતાં પણ ચતુર્દશીજ પખ્ખિ તરીકે સિદ્ધ થાય છે. 'પૂનમ ચતુષ્પર્વીમાં આવે છે,' ઈત્યાદિ વિચારણા પોતાના ગળે પોતાના પગ નાખવા બરાબર છે.'

વળી આ સાથે શ્રીઆદિત્યયશા તથા જિનદાસ આદિ શ્રાવકો બે આઠમ અને બે ચૌદશોનો જ નિયમિત પૌષધ કરનારા હતા. તેનું વર્ણન શ્રી શત્રુંજય માહાત્મ્ય તથા ભવભાવના આદિ શાસ્ત્રોમાં મૌજુદ છે. તેનો પણ વિચાર કરી જોતાં આજે જેઓ કેવલ પૂનમ અમાસની ચતુષ્પર્વીના આગ્રહથી અંધ બની આઠમ ચૌદશની ચતુષ્પર્વીનો અપલાપ કરે છે, તેમજ જેઓ પૂનમ અમાસની ચતુષ્પર્વીને ઉપર્યુક્ત આધારે ચતુષ્પર્વી તેમજ ષટ્પર્વીમાં સ્વીકારનાર મહાપુરુષો ઉપર ચતુષ્પર્વી લોપ્યાનો મિથ્યા આરોપ કરે છે, તેઓ પોતાના મિથ્યા અભિનિવેશથી જૈનશાસનની મહા આશાતના કરે છે, એમ ચોખ્ખું માલુમ પડે છે.

ટિપ્પણ-૧૧. **''से णं लेवे नाम गाहावई समणोवासए यावि होत्था, अभिगयजीवाजीवे जाव विहरइ, निग्गंथे पावयणे निस्संकिए निक्कंखिए निव्वितिगिच्छे लद्धट्ठे गहियट्ठे पुच्छियट्ठे विणिच्छियट्ठे अभिगहियट्ठे अट्ठिमिंजापेमाणुरागरत्ते, अयमाउसो ! निग्गंथे पावयणे अयं अट्ठे परमट्ठे सेस अणट्ठे, उस्सियफलिहे अप्पावयदुवारे चियत्तंतेउरप्पवेसे चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु पडिपुन्नं पोसहं सम्मं अणुपालेमाणे समणे निग्गंथे तहाविहेणं एसणिज्जेणं असणपाणंखाइमसाइमेणं पडिलाभेमाणे बहूहिं सीलव्वयगुणविरमणपच्चक्खाण-पोसहोववासेहिं अप्पाणं भावेमाणे एवं च णं विहरइ ।''**

(શ્રી સૂયગડાંગસૂત્ર બીજો શ્રુતસ્કંધ. અ૦ ૭)

ભાવાર્થ:-'રાજગૃહી નગરીની બહાર ઉત્તર પૂર્વદિશામાં આવેલ સેંકડો ભવનોથી સંકીર્ણ નાલન્દા નામના પાડામાં લેપ નામનો કૌટુંબિક રહેતો હતો, જે તેજસ્વી, સર્વજન પ્રસિદ્ધ, વિપુલ ભવન-શયન-આસન-યાન-વાહન ઈત્યાદથી ભરેલો, બહુધન-સુવર્ણ-રજત વગેરેનો માલિક, આયોગ-પ્રયોગથી સમન્વિત, છૂટા હાથે પ્રચુર ભોજન અને પાણીને આપનાર, બહુ દાસ દાસીના પરિવાર યુક્ત અને બહુજન માન્ય હતો. આ પ્રમાણેની તેની દ્રવ્યસંપત્તિ હતી. હવે એ જ લેપ ગાથાપતિની ભાવસંપત્તિનું શ્રી સૂત્રકાર મહર્ષિ વર્ણન કરે છે—

તે લેપ નામનો ગૃહપતિ નિરંતર સાધુઓની ઉપાસના કરતો હોવાથી શ્રમણોપાસક, જીવાજીવાદિ તત્ત્વોને જાણકાર, આર્હત પ્રવચનમાં દેશ અને સર્વ શંકા રહિત અર્થાત્-``तदेव सत्यं निःशंकं यज्जिनैः प्रवेदितम्''— જે જિનેશ્વરે કહ્યું છે તેજ સાચું અને શંકા વિનાનું છે-આવા અધ્યવસાયવાળો, અન્યાન્ય દર્શનને ગ્રહણ કરવાની ઈચ્છા વિનાનો, ધર્મના ફલમાં સંશય કિંવા મુનિ પુંગવોનાં મલિન ગાત્ર વસ્ત્ર દેખી જુગુપ્સા નહિ કરનારો, આથી જ લબ્ધાર્થ, ગૃહીતાર્થ, પૃષ્ટાર્થ, વિનિશ્ચિતાર્થ, અભિગતાર્થ, હાડોહાડ અને રગેરગમાં ધર્મના રાગથી રંગાએલો, અર્થાત્ અત્યન્ત રીતીએ જેનું ચિત્ત સમ્યક્ત્વથી વાસિત છે એવો હતો. એજ વસ્તુને પ્રગટ કરતા સૂત્રકાર મહર્ષિ ફરમાવે છે કે—જે કોઈ લેપ ગાથાપતિને ધર્મનું સર્વસ્વ પૂછે તેને લેપ ગાથાપતિ જણાવતા કે-

ભો આયુષ્મન્ ! આ નિર્ગ્રંથ પ્રવચન સદ્ભૂતાર્થને કહેનાર છે અને એજ કષ, છેદ અને તાપાદિ પરીક્ષાથી શુદ્ધ છે માટે પરમાર્થ રૂપ છે, પરંતુ લૌકિક તીર્થિકોએ પરિકલ્પેલો ધર્મ અનર્થરૂપ છે. હવે સૂત્રકાર લેપ શ્રમણોપાસકના સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનથી પ્રગટ થયેલ ગુણોનું ભાન કરાવતાં ફરમાવે છે કે-– તે પ્રખ્યાત નિર્મલ યશવાળો, અભંગ દ્વારવાળો, જે સ્થાનમાં અન્ય જનો પ્રવેશ ન કરી શકે તેવા ભાંડાગાર-અન્તઃપુર વગેરે સ્થાનોમાં અસ્ખલિત પ્રવેશવાળો, તેમજ આઠમ ચૌદશ મહાકલ્યાણ સંબંધિતયા પુણ્યતિથિ તરીકે પ્રસિદ્ધ અમાવાસ્યા અને ચોમાસાની ત્રણ પૂનમો આદિ ધર્મદિવસોમાં અતિશયે કરીને આહાર-શરીર-બ્રહ્મચર્ય તથા વ્યાપાર વર્જનરૂપ સંપૂર્ણ પૌષધ વ્રતને સેવતો સંપૂર્ણ શ્રાવકધર્મનું અનુપાલન કરતો થકો રહે છે.'

આમાં ચોમાસા સંબંધી ફક્ત ત્રણ જ પૂનમો ગ્રહણ કરેલી છે. બધી પૂનમો વગેરેનું ગ્રહણ નથી કર્યું, એ કારણથી ઉપરનો પ્રશ્નોત્તર થયેલો જણાય છે.

तथा—महाविदेहेषु कल्याणकतिथ्यादिकमिदमेव, अन्यद्वा? इति प्रश्नोऽत्रोत्तरम्-महाविदेहेषु कल्याणकतिथ्यादिकमिदमेवेति न संभाव्यते, यदाऽत्रत्यतीर्थकृतां च्यवनादिकल्याणकं तदा तत्र दिवससद्भावात् । तत्प्रतिपादकान्यक्षराण्यपि नोपलभ्यन्ते ॥१-१७॥

પ્રશ્નઃ- મહાવિદેહ ક્ષેત્રમાં કલ્યાણક તિથિ આદિ ભરતક્ષેત્રની જેમજ છે કે બીજી રીતે છે?

ઉત્તરઃ- મહાવિદેહ ક્ષેત્રમાં આ જ કલયાણક તિથ્યાદિ હોય એમ સંભવતું નથી. કારણ કે—જ્યારે અહીંના તીર્થંકરોનું ચ્યવનાદિ કલ્યાણક હોય છે ત્યારે ત્યાં દિવસ હોય છે, વળી આ વસ્તુને જણાવનાર અક્ષરો પણ દેખાતા નથી. ૧-૧૭

तथा—षाण्मासिकयोगोद्वाहकानां षड्दिवसाधिकैर्वा षड्दिवसहीनैर्वा षण्मासैरालोचना दीयते? यदि चाधिकैस्तदानीमस्वाध्यायसम्बन्धिद्वादश-दिनक्षेपवच्चातुर्मासिकाऽस्वाध्यायदिनचतुष्टयमपि कथं न निक्षिप्यते? तथा च दशदिनाधिकाः षण्मासा भवन्तीति कथमालोचनाविधिः? इति प्रसाद्यम् इति प्रश्नोऽत्रोत्तरम्-षाण्मासिकयोगवाहिनां षड्दिवसाधिकैः षण्मासैरस्वाध्यायदिन-गणनानिरपेक्षमेवालोचना दातव्येति वृद्धसंप्रदाय इति ॥१-१८॥

પ્રશ્નઃ- ભગવતીજીના છ મહિનાના યોગોદ્વહન કરનાર સાધુઓને શું ૬ દિવસ અધિક કે ૬ દિવસ ઓછા છ મહિનાની આલોચના આપો છો? જો ૬ દિવસ અધિક છ મહિનાની આલોચના આપતા હો તો જેમ અસજ્ઝાય સંબંધિ ૧૨ દિવસ ઉમેરીને આપો છો તેમ ચોમાસીના અસજ્ઝાય સંબંધિ ૪ દિવસ ઉમેરીને કેમ આપતા નથી? અને જો આ પ્રમાણે સોળ દિવસ ઉમેરીને આપવામાં આવે તો ૧૦ દિવસ અધિક ૬ મહિના થાય છે. અહીં આલોચનાનો વિધિ કેવા પ્રકારનો છે તે જણાવવા કૃપા કરશો?

ઉત્તરઃ- છ મહિનાના યોગોદ્વહન કરનાર સાધુઓને અસજ્ઝાયના દિવસોની ગણનાની અપેક્ષા વિના ૬ દિવસ અધિક ૬ મહિનાની આલોચના આપવી એવો વૃદ્ધ સંપ્રદાય છે. ૧-૧૮

तथा–चतुर्थयामे कदाचिद् घटिकाचतुष्टयावसाने कालद्वये गृहीतेऽथवैकस्मिन् काले गृहीते द्वितीये गृह्यमाणे उल्कापातादिकं व्योमस्थं कालप्रतिबन्धिकारणं भवति तदा कालद्वयमेको वा तिष्ठति? अथवा नेति?। किञ्च, प्रथमादिषु कालेषु गृह्यमाणेष्वन्तराऽन्तरा दिगालोकः किमर्थं विधीयते कालस्य शुद्धत्वात्? इति प्रश्नोऽत्रोत्तरम्-निशाविरामे कालग्रहणादनूल्कादौ जातेऽपि कालोपघातो न भवति। द्वितीये गृह्यमाणे उल्कादौ जाते तु कारणं विनैकोऽपि न शुध्यति, तथा कालग्रहणानन्तरमपि दिगालोको न मुच्यत इति वृद्धपारम्पर्यमिति ।।१-१९।।

પ્રશ્નઃ- ચોથા પ્રહરે કદાચિત્ છેવટની ચાર ઘડીમાં બે કાલગ્રહણ (વેરત્તિ, પાભાઈ) ગ્રહણ કર્યાં હોય, અથવા એક કાલગ્રહણ કર્યું હોય અને બીજું ગ્રહણ કરાતું હોય ત્યારે આકાશમાં કાલગ્રહણનો પ્રતિબંધ કરનાર ઉલ્કાપાતાદિ થાય તો કાલગ્રહણ બે રહે, એક રહે, કે ન રહે ? વળી પહેલું વાઘાઈ આદિ કાલગ્રહણ લેવાતું હોય ત્યારે કાલ શુદ્ધ હોવા છતાં વચમાં દિગાલોક શા માટે કરાય છે?

ઉત્તરઃ- રાત્રિને અંતે કાલગ્રહણ કર્યા પછી ઉલ્કાદિ થવા છતાં પણ કાલગ્રહણનો ઉપઘાત થતો નથી, પણ બીજું કાલગ્રહણ કરાતું હોય ત્યારે જો ઉલ્કાદિ થાય તો કારણ વિના એક પણ રહે નહિ. તથા કાલગ્રહણ પછી પણ [૧૨]દિગાલોક મૂકાતો નથી એવી વૃદ્ધ પરંપરા છે. ૧-૧૯

ટિપ્પણ-૧૨. દિગાલોક એટલે તારાઓનું ખરવું, વિદ્યુત્પાત ઈત્યાદિક કાલભંગના સ્થાનોને જોવા માટે દિશાઓ જોવી તે.

तथा–प्राभातिकस्थाने वेरत्तिय(वैरात्रिक-)स्थापनमाकसन्धिकार्ये स्वभाववृत्त्या वा? इति प्रश्नोऽत्रोत्तरम्-प्राभातिकस्थाने वेरत्तिय(वैरात्रिक-)कालस्य स्थापनमाकसन्धिकारण एव नान्यथेति बोध्यम् ।।१-२०।।

પ્રશ્નઃ- પાભાઈના સ્થાને વેરત્તિકાલનું સ્થાપન આકસન્ધિના કાર્યમાં થાય છે કે સ્વાભાવિક રીતે?

ઉત્તરઃ- પાભાઈના ઠેકાણે વેરત્તિ કાલગ્રહણનું સ્થાપન [13]આકસન્ધિના કારણે જ થાય, અન્યથા નહિ. ૧-૨૦

ટિપ્પણ-૧૩. યોગમાં શ્રુતસ્કંધ કે અંગનો સમુદ્દેશ થયા પછી કાલભંગ આદિના કારણે શ્રુતસ્કંધની કે અંગની અનુજ્ઞા જ્યાં સુધી ન થાય ત્યાં સુધી આયંબિલ જ કરવા પડે તેને આકસંધિ કહેવામાં આવે છે.

अथ महोपाध्यायश्रीकल्याणविजयगणिकृत-प्रश्नास्तत्प्रतिवचांसि च यथा-

प्रथमायां श्राद्धप्रतिमायां दर्शनिद्विजादिभिक्षुकाणामन्नादि दातुं कल्पते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-प्रथमश्राद्धप्रतिमायां दर्शनिद्विजादिभ्योऽनुकम्पादिनाऽन्नादि दातुं कल्पते, न तु गुरुबुद्ध्येति तत्त्वम् ।।१-२१।।

પ્રશ્નકાર મહોપાધ્યાય શ્રીકલ્યાણવિજય ગણિ

પ્રશ્નઃ- શ્રાવકની પહેલી સમ્યક્ત્વ પ્રતિમા (અભિગ્રહ વિશેષ)માં અન્ય દર્શની બ્રાહ્મણાદિ ભિક્ષુકોને અન્ન વગેરે આપવું કલ્પે કે નહિ?

ઉત્તરઃ- શ્રાવકની પહેલી[14] પ્રતિમામાં બ્રાહ્મણાદિ ભિક્ષુકોને ગુરુબુદ્ધિથી નહિ પરંતુ અનુકંપા (દયા) વગેરે હેતુથી આપવું કલ્પી શકે છે. ૧-૨૧

ટિપ્પણ-૧૪. શાસ્ત્રોમાં શ્રાવકોને આરાધવા યોગ્ય અગીયાર પ્રતિમાઓ કહેલી છે, તે આ પ્રમાણે——

(૧) **દર્શન પ્રતિમાઃ-** તે એક મહીના સુધી પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય આ પાંચ લક્ષણયુક્ત કુગ્રહ, શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મિથ્યાદૃષ્ટિ પ્રશંસા, અને મિથ્યાત્વીનો પરિચય આ શલ્યોથી રહિત તેમજ રાજાભિયોગ, ગણાભિયોગ, દેવાભિયોગ, ગુરુનિગ્રહ, અને ભીષણ કાન્તારવૃત્તિરૂપ છ આગારોને પણ સેવ્યા વિના અન્ય દેવતાદિકને નમનાદિક નહિ કરવા રૂપ શ્રીસમ્યક્ત્વનો આચાર યથાવત્ નિરતિચારપણે પાલન કરવાનો અભિગ્રહ.

(૨) **વ્રત પ્રતિમાઃ-** તે બે મહિના સુધી અણુવ્રતો, ગુણવ્રતો, અને શિક્ષાવ્રતોને નિરતિચાર (વધ, બન્ધ વગેરે દરેક વ્રતોના અતિચાર રહિત) અને નિરપવાદપણે પાલન કરવાનો અભિગ્રહ.

(૩) **સામાયિક પ્રતિમાઃ-** તે ત્રણ મહિના સુધી ઉભયંટક સાવદ્ય યોગના ત્યાગ અને નિરવદ્ય યોગના આસેવન રૂપ સામાયિક સ્વીકારવા રૂપ છે.

(૪) **પૌષધ પ્રતિમાઃ-** તે ચાર મહિના સુધી ૮-૧૪-૧૫ અને ૦)) આ પર્વતિથિઓમાં, આહાર, શરીરસત્કાર, મૈથુન અને વ્યાપારનો ત્યાગ કરવા રૂપ ચારે પ્રકારે પરિપૂર્ણ આગમોક્ત વિધિને અનુસરીને નિરતિચાર પૌષધ કરવા રૂપ છે.

અહીં ચૌદશ પૂનમ બન્ને ઉદય તિથિ હોય ત્યારે છઠ્ઠ કરીને પૌષધ કરે, પૂનમ કે અમાસનો ક્ષય ત્યારે તેરશ ચૌદશ અથવા ચૌદશ પડવાનો છઠ્ઠ કરીને પૌષધ કરે. પૂનમ કે અમાસની વૃદ્ધિ હોય ત્યારે ચૌદશનો પૌષધોપવાસ કરીને બીજી પૂનમ-અમાસનો પૌષધોપવાસ કરે. શ્રીસેનપ્રશ્ન (૪-૪૨) તથા હીરપ્રશ્નના (૩-૫) (૪-૨૭) પ્રશ્નોત્તરો જોતાં આ મતલબ નિઃસંદેહ સિદ્ધ થાય છે. તે સમજ્યા વિના જેઓ 'શ્રીસેનપ્રશ્નસાર-સંગ્રહમાં આ પ્રતિમાના અનુષ્ઠાનના બહાનાથી પૂનમ અમાસની ક્ષય વૃદ્ધિએ તેરસની ક્ષય વૃદ્ધિ કરવાની મનઃ-કલ્પિત સામાચારી સાચી ઠરાવવા બહાર પડ્યા છે તેમણે અંધારામાં જ ભુસકો માર્યો છે, એમ કહેવું જોઈએ. જેની છઠ્ઠ કરવાની શક્તિ ન હોય તેઓ પૂનમનો તપ આંબેલથી અગર નીવિથી પણ કરી શકે છે, એમ સેનપ્રશ્નમાં સાફ સાફ ફરમાવેલું છે, તે પણ ઉપરની જ હકીકતને પુષ્ટિ આપે છે.

(૫) **પ્રતિમા પ્રતિમાઃ-** તે અવિચલ સત્ત્વવાન પ્રતિમા કલ્પ વગેરેનો જાણકાર પાંચ મહિના સુધી જે દિવસે પોસહ પડિમામાં હોય તે દિવસે આખી રાત્રિ ચતુષ્પથ વગેરે સ્થળે કાઉસ્સગ્ગમાં રહે, તેમાં ત્રિલોક પૂજ્ય શ્રી જિનેશ્વર મહારાજાનું અથવા પોતાના કામ, ક્રોધ વગેરે દૂષણોના પ્રતિપક્ષભૂત બ્રહ્મચર્ય, ક્ષમા વગેરે ગુણોનું ધ્યાન કરે અને પૌષધ સિવાયના દિવસોમાં સ્નાનનો પરિહાર કરે, વિકટ ભોજી—અર્થાત્ દિવસે પ્રકાશસ્થાનમાં બેસી ભોજન કરનારો બને, કચ્છોટો નહિ વાળનારો દિવસે બ્રહ્મચારી અને રાત્રિએ ભોગોપભોગનું પરિમાણ કરે, આવા અનુષ્ઠાનને સેવવારૂપ કાયોત્સર્ગ પ્રતિમા હોય છે.

(૬) **અબ્રહ્મ વર્જન પ્રતિમાઃ-** તે છ માસ સુધી કામકથા, ઉત્કૃષ્ટ વિભૂષા, અને એકાન્તમાં સ્ત્રી સાથે પ્રેમ વાર્તાનો ત્યાગ કરવા પૂર્વક દિવસે અને રાત્રિએ મૈથુનનો જેમાં ત્યાગ કરવામાં આવે, અર્થાત્-સર્વથા બ્રહ્મચર્ય પાલવામાં આવે તેવા અભિગ્રહ વિશેષરૂપ છે.

(૭) **સચિત્તાહાર વર્જન પ્રતિમાઃ-** તે સાત મહીના સુધી સચિત્ત અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચારેનો આહાર ન કરવારૂપ છે.

(૮) **આરંભ વર્જન પ્રતિમાઃ-** તે આઠ માસ સુધી સ્વયં પૃથ્વી વગેરેનો ઉપમર્દનાદિ સ્વરૂપ આરંભનો ત્યાગ કરવારૂપ છે.

(૯) **પ્રેષ્યારંભ વર્જન પ્રતિમાઃ-** તે નવ માસ સુધી સમસ્ત કુટુંબનો ભાર પોતાના માથે ન રાખે અને નોકરો મારફત પણ મહા પાપ વ્યાપારો ન કરાવે તે સ્વરૂપ છે.

(૧૦) **ઉદ્દિષ્ટ ભક્તવર્જન પ્રતિમાઃ-** તે દશ મહિના સુધી પોતાને ઉદ્દેશીને જે ભોજન કરેલું હોય તે પણ ન ખાય. અને આ પ્રતિમાધારી શ્રાવક કોઈ અસ્ત્રાથી મસ્તક મુંડાવેલું રાખે અગર કોઈને ચોટલી રાખવાની ઈચ્છા હોય તો તે રાખી પણ શકે; તથા 'ભૂમીમાં દાટેલું ધન વગેરે છે' એમ જાણતો હોય અને પુત્ર, ભાઈ વગેરે પૂછે તો તેમની વૃત્તિનો છેદ ન થાય માટે કહે, અને જો ન જાણતો હોય તો કહે કે 'મને ખબર નથી,' આ સિવાય જેમાં કાંઈ પણ ગૃહ કાર્ય કરવું કલ્પે નહિ તે સ્વરૂપ આ દશમી પ્રતિમા છે.

(૧૧) **શ્રમણભૂત પ્રતિમાઃ-** તે અગીઆર મહિના સુધી અસ્ત્રાથી જેનું મસ્તક મુંડાવેલું હોય અથવા લોચ કરેલો હોય એવો શ્રમણોપાસક રજોહરણ, પતદ્ગ્રહ વગેરે સર્વ સાધુનાં ઉપકરણો ગ્રહણ કરીને મહીતલને પાવન કરતો સાધુની જેમ વિચરે, અર્થાત્ સાધુવત્ અનુષ્ઠાનો સેવે અને ભિક્ષા માટે ગૃહસ્થોને ત્યાં જાય ત્યારે કહે કે-'પ્રતિમાધારી શ્રમણોપાસકને ભિક્ષા આપો,' આ પ્રમાણે ધર્મ-શરીર ટકાવવા માટે ભિક્ષા લાવે અને વાપરે, આ પ્રમાણે પ્રાસુક અને એષણીય આહાર જેમાં વાપરે, તથા જેમાં પોતાની મમતા નાશ થઈ ન હોય તો સ્વજનોને જોવા માટે સ્વજનોની વસતિમાં પણ જઈ શકે તથા ત્યાં પણ સાધુવત્ રહે, એવા અનુષ્ઠાનરૂપ આ પ્રતિમા છે.

આ પ્રમાણે અગીઆરે પ્રતિમાઓનો કાલ ઉત્કૃષ્ટથી ૫ા વર્ષનો છે, પરંતુ જ્યારે મરણ નજીક હોય અથવા દીક્ષા લેવી હોય ત્યારે જઘન્યથી અન્તર્મુહૂર્તનું કાલમાન પણ કહેલું છે. આ પ્રતિમાઓમાં ઉત્તરોત્તર પ્રતિમાના અનુષ્ઠાન સાથે પૂર્વ પૂર્વ પ્રતિમાઓનું અનુષ્ઠાન આચરણીય છે. આવશ્યકચૂર્ણિમાં ૫ થી ૧૧ મી પ્રતિમા સુધી કુલ ૭ પ્રતિમાનું પ્રકારાન્તરે નિરૂપણ કરેલું છે. વિશેષ જિજ્ઞાસુઓએ તે સ્થલ, તેમ જ શ્રી પ્રવચન સારોદ્ધાર પૃ. ૨૯૨ આદિથી જોઈ લેવું. હવે વિચારવાનું એ છે કે— 'શ્રમણોપાસકની શાસ્ત્રોક્ત જે અગીયાર પ્રતિમા છે તેની હાલ પ્રવૃત્તિ કેમ નથી? ઉત્તર એ જણાય છે કે— ખરતરો કહે છે તેમ શ્રાવક પ્રતિમાધર્મનો વિચ્છેદ નથી, પરંતુ પ્રતિમાનું પાલન કઠીન હોવાથી અને પ્રતિમા પાલન યોગ્ય અવિચલ સત્ત્વ નહિ હોવાથી હાલ પ્રતિમા પાલનની પ્રવૃત્તિ જણાતી નથી. જે આત્માઓ અવિચલ સત્ત્વશાલી હોય તે આત્માઓ માટે પ્રતિમા પાલન કઠીન નથી.

तथा—कुलगुरुतादिसम्बन्धेन समागतानां दर्शन्यादीनामपि (अन्नादि दातुं कल्पते न वा)? इति प्रश्नोऽत्रोत्तरम्— एवं कुलगुरुतादिसम्बन्धेनागतानां लिङ्गिनां (अनुकम्पादिना) दातुं कल्पते ॥१-२२॥

પ્રશ્નઃ- કુલગુરુના સંબંધથી ઉતરી આવેલા અન્યદર્શની-બ્રાહ્મણાદિકને અન્નાદિ આપવું કલ્પે કે નહિ?

ઉત્તરઃ- ઉપર પ્રમાણે સમજવું, અર્થાત્ તેઓને ગુરુબુદ્ધિથી નહિ પરંતુ અનુકંપા વગેરે હેતુથી આપવું કલ્પી શકે છે. ૧-૨૨

तथा—नवमप्रतिमादिषु देशावकाशिकं कर्तुं युज्यते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-नवमप्रतिमादिषु देसावकाशिकस्याकरणमेव प्रतिभाति ॥१-२३॥

પ્રશ્નઃ- નવમી પ્રતિમાદિમાં દેશાવકાશિક કરી શકાય કે નહિ?

ઉત્તરઃ- નવમી પ્રતિમાદિમાં દેશાવકશિક ન જ કરવું ઠીક લાગે છે. ૧-૨૩

तथा—क्वचिल्लिखितविधौ ''दशमप्रतिमायां कर्पूरवासादिभिर्जिनानां पूजा कर्त्तव्या'' इति लिखितमस्ति, तद्विषये कियतीः प्रतिमा यावच्चन्दनपुष्पादिभिः

पूजा, कियतीषु च कर्पूरवसादिभिः, कस्यां च न? इति प्रश्नोऽत्रोत्तरम्- प्रतिमाधरश्रावकाणां सप्तमप्रतिमां यावच्चन्दनपुष्पादिभिरर्हदर्चनमौचित्यमञ्चति ललितविस्तरापञ्जिकाभिप्रायेण, न त्वष्टम्यादिषु । कर्पूरादिपूजा त्वष्टम्यादिष्वपि नानुचितेति ज्ञायते, तेषां निरवद्यत्वादिति । अक्षराणि तु ग्रन्थस्थानि नोपलभ्यन्त इति । एकादश्यां च साधुवदेवेति बोध्यम् ।।१-२४।।

પ્રશ્નઃ- કોઈક સ્થળે લખેલી (શ્રાવકની પ્રતિમા સંબંધિ) વિધિમાં “દશમી પ્રતિમામાં કપૂર વાસક્ષેપ વગેરેથી જિનપૂજા કરવી જોઈએ” આ પ્રમાણે લખ્યું છે, આ વિષયમાં શ્રાવકની કેટલી પ્રતિમા સુધી ચંદન, પુષ્પ વગેરેથી પુજા કરી શકાય. કેટલી પ્રતિમા સુધી કપૂર, વાસક્ષેપ વગેરેથી પૂજા કરાય, અને કઈ પ્રતિમામાં બીલકુલ ન કરી શકાય?

ઉત્તરઃ- પ્રતિમાધારી શ્રાવકોને શ્રીલલિતવિસ્તરાની પંજિકાના અભિપ્રાયથી સાતમી પ્રતિમા સુધી ચંદન, પુષ્પ વગેરેથી જિનપૂજન કરવું યોગ્ય છે, પણ આઠમી પ્રતિમાથી તે કરવું યોગ્ય નથી. કપૂર આદિથી તો પૂજા આઠમી પ્રતિમા આદિમાં પણ કરવી અનુચિત જણાતી નથી, કારણ કે તે નિરવદ્ય છે. આ વિષે શાસ્ત્રના અક્ષરો તો જણાતા નથી. અને અગીઆરમી પ્રતિમામાં સાધુના જેવું જ આચરણ હોય એમ જાણવું. ૧-૨૪

तथा–''आणाखंडणकारीं'' इतिगाथायां यदुत्सूत्रप्रवर्त्तिनां पूजादिविधेर्नैरर्थक्यमुक्तमस्ति तत्किं फलमात्रापेक्षया तद्विशेषापेक्षया वा? इति प्रश्नोऽत्रोत्तरम्- ''आणाखंडणकारी'' इतिगाथायामुत्सूत्रप्रवर्त्तिनां यत्पूजादिविधेर्नैरर्थक्यमुक्तं तन्मोक्षलक्षणफलविशेषापेक्षया न तु फलमात्रापेक्षया ।।१-२५।।

પ્રશ્નઃ- ''आणाखंडनकारी'' આ ગાથામાં સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ કરનારાઓનાં પૂજા વગેરે શુભ અનુષ્ઠાનો નિષ્ફલ કહ્યાં છે તે શું ફલમાત્રની અપેક્ષાએ કે વિશિષ્ટ ફલની અપેક્ષાએ?

ઉત્તરઃ- આ [૧૫]ગાથામાં ઉત્સૂત્ર પ્રવર્તીઓનાં પૂજા વગેરે શુભ અનુષ્ઠાનોને મોક્ષ સ્વરૂપ વિશેષ ફલની અપેક્ષાએ નિષ્ફલ કહ્યાં છે, પરંતુ દેવલોકાદિ ફલ માત્રની અપેક્ષાએ નકામાં કહ્યાં નથી. ૧-૨૫

ટિપ્પણ-૧૫: ''आणाखंडनकारी, जइवि तिकालं महाविभूईए ।
पूएइ वीयरायं, सव्वं पि निरत्थयं तस्स ।।''

(પ્રવચન પરીક્ષા, ભા. ૧ પૃ. ૮૧)

ભાવાર્થઃ- ‘પ્રભુની આજ્ઞાનું ખંડન કરનારો યદ્યપિ ત્રણે કાલ મહાવિભૂતિથી વીતરાગની પૂજા કરે તો પણ તેનું સઘળું-પૂજાદિ અનુષ્ઠાન નિષ્ફલ જાણવું.’

तथा–जम्बूद्वीपप्रज्ञप्तौ जीवाभिगमे च जगतीवर्णनाधिकारे ''पुरा पुराणाणं सुचिण्णाणं सुपरिक्कंताणं सुभाणं कल्लाणाणं कडाणं कम्माणं फलविसेसं पच्चणुभवमाणा विहरंति'' अत्र 'वाणमंतरा देवा य देवीओत्ति' विशेष्यं संबध्यते तथा चात्र यत्पुरातनं कृत्यं श्लाघितं वर्त्तते तत्किमाराधकसम्यग्दृष्ट्यादिसत्कम्, उतान्यसत्कम्? इति प्रश्नोऽत्रोत्तरम्-जम्बूद्वीपप्रज्ञप्तौ जीवाभिगमे च जगतीवर्णनाधिकारे व्यन्तरदेवदेवीनां यत् 'पुरा पुराणाणं सुचिण्णाणं' इत्यादिना प्राक्तनसुकृतप्रशंसनं तदाराधकसम्यग्दृष्ट्यादिव्यतिरिक्तानामेवावसीयते ॥१-२६॥

પ્રશ્નઃ- શ્રીજંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ અને જીવાભિગમમાં જગતી (કોટ)ના વર્ણનના અધિકારમાં વાણવ્યંતર દેવ દેવીઓને ઉદ્દેશીને જે કહ્યું છે કે "પૂર્વે સારી રીતે કરેલા શુભ કલ્યાણકારી સુકૃતના ફલ વિશેષને અનુભવતા વિચરે છે", આમાં પૂર્વ સુકૃતની જે પ્રશંસા કરી છે તે આરાધક સમ્યગ્દૃષ્ટિ વગેરેની કે અન્યની?

ઉત્તરઃ- જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ અને જીવાભિગમમાં જગતીના વર્ણનના અધિકારમાં જે વ્યંતરદેવ-દેવીઓના પૂર્વાચરિત પુણ્યકર્મની પ્રશંસા કરવામાં આવી છે તે આરાધક સમ્યગ્દૃષ્ટિ વગેરેથી ભિન્ન જીવોના સુકૃતને ઉદ્દેશીને જ કરી હોય તેમ [૧૬]જણાય છે. ૧-૨૬

ટિપ્પણ-૧૬. પૂર્વભવમાં સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિની પાલનામાં જેમણે અતિચારો વગેરે સેવીને વિરાધના કરી હોય તે જીવો ભવનપતિ, વ્યંતરાદિનિકાયમાં ઉત્પન્ન થઈ શકે છે. સમ્યક્ત્વ વગેરે ગુણોના આરાધક આત્માઓ તો જઘન્યથી પણ વૈમાનિકમાં ઉત્પન્ન થાય છે. એથીજ અહીં ઉત્તરમાં આરાધક સમ્યગ્દૃષ્ટ્યાદિ આત્માઓનું ઉપાદાન કર્યું જણાતું નથી.

अथ पण्डितश्रीजगमालगणिकृत-प्रश्नास्तत्प्रतिवचांसि च यथा-

सन्ध्याप्रतिलेखनादेशमार्गणसमये मुनयो मिलन्ति सा सप्तानां मध्ये का मण्डली? इति प्रश्नोऽत्रोत्तरम्-सन्ध्यायां प्रतिलेखनादेशमार्गणनिमित्तं यन्मुनयो मिलन्ति तदावश्यकमण्डलीमध्येऽन्तर्भवतीति संभाव्यते ॥१-२७॥

પ્રશ્નકાર શ્રી જગમાલ ગણિ

પ્રશ્નઃ- સાંજની પડિલેહણના આદેશ માગવાના સમયે સાધુઓ ભેગા થાય છે તે [૧૭]સાત માંડલીમાંથી કઈ માંડલી કહેવાય?

ઉત્તર : જે સાંજની પડિલેહણના આદેશ માગવા માટે સાધુઓ ભેગા થાય છે તે આવશ્યક માંડલીમાં ગણાય એમ સંભાવના થાય છે. ૧-૨૭

ટિપ્પણ-૧૭. સાત માંડલી આ પ્રમાણે છે—(૧) સૂત્ર, (૨) અર્થ, (૩) ભોજન, (૪) કાલ, (૫) આવશ્યક, (૬) સજ્ઝાય અને (૭) સંથારા માંડલી.

तथा–सद्दालपुत्रकुम्भकारकृतं प्रतिक्रमणसूत्रमिति प्रघोषः सत्यो न वा? कस्य कृतिर्वा सा? इति प्रश्नोऽत्रोत्तरम्-श्राद्धप्रतिक्रमणसूत्रमार्षमिति पञ्चाशकवृत्तौ प्रोक्तमस्ति । कुम्भकारकृतमिति प्रघोषस्तु तथ्येतर इति ज्ञायते ॥१-२८॥

પ્રશ્નઃ- પ્રતિક્રમણસૂત્ર (વંદિત્તાસૂત્ર) સદ્દાલપુત્ર કુંભકારે કર્યું છે આ પ્રઘોષ સાચો છે કે નહિ? અથવા એ કૃતિ કોની છે?

ઉત્તરઃ- શ્રી પંચાશકજીની[૧૮] ટીકામાં પ્રતિક્રમણ સૂત્ર આર્ષ-ગણધરકૃત છે, એમ કહ્યું છે. સદ્દાલપુત્ર કુંભકારે બનાવ્યાનો પ્રઘોષ તો અસત્ય છે એમ જણાય છે. ૧-૨૮

ટિપ્પણ-૧૮. ''ननु साधुप्रतिक्रमणाद्भिन्नं श्रावकप्रतिक्रमणसूत्रमयुक्तं निर्युक्तिभाष्यचूर्ण्यादिभिरतन्त्रितत्वेनानार्षत्वात्, नैवम्, आश्यकादिदश-शास्त्रीव्यतिरेकेण निर्युक्तीनामभावेनौपपातिकाद्युपाङ्गानां च चूर्ण्यभावेनानार्षत्वप्रसङ्गात्'' ।

(પંચાશક ટીકા-પૃ-૩૪)

ભાવાર્થઃ- 'વાદિ. શંકા કરે છે કે—શ્રાવક પ્રતિક્રમણસૂત્ર નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિ વગેરેથી યુક્ત નહિ હોવાથી આર્ષ નથી, માટે સાધુપ્રતિક્રમણસૂત્રથી શ્રાવકપ્રતિક્રમણસૂત્ર ભિન્ન માનવું અયુક્ત છે; એનો પ્રતિવાદ કરે છે કે—એમ નહિ, આવશ્યકાદિ ૧૦ શાસ્ત્રો સિવાય અન્ય શાસ્ત્રો ઉપર નિર્યુક્તિ છે નહિ અને ઉવવાઈ વગેરે ઉપાંગ સૂત્રોની ચૂર્ણિ નથી માટે તે તે શાસ્ત્રોને પણ આર્ષ માની શકાશે નહિ.' અર્થાત્ શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર પણ આર્ષજ છે.

तथा-षष्टकर्म्मग्रन्थकर्त्री चन्दमहत्तरा साध्वीति सत्यं न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-षष्टकर्म्मग्रन्थकर्त्री चन्दमहत्तरा साध्वीति प्रघोषो मिथ्येति प्रतिभाति, यतस्तट्टीकायाम् 'आचार्य आह' इत्युक्तमस्ति । तथैव तदवचूर्णौ चन्दमहत्तरकृतं प्रकरणं व्याख्यायत इति ॥१-२९॥

પ્રશ્નઃ- 'છટ્ઠા કર્મગ્રન્થની બનાવનારી ચન્દમહત્તરા સાધ્વી છે,' આ વસ્તુ સાચી છે કે નહિ?

ઉત્તરઃ- 'છટ્ઠા કર્મગ્રંથની રચનારી ચન્દમહત્તરા સાધ્વી છે', એવો પ્રઘોષ જુઠ્ઠો છે. કારણ કે તેની ટીકામાં [૧૯]'आचार्य आह'—'આચાર્ય કહે છે,' આ પ્રમાણે કહ્યું છે. તે જ પ્રમાણે તેની અવચૂર્ણિમાં 'ચન્દમહત્તરે રચેલા પ્રકરણની વ્યાખ્યા કરાય છે' એમ જણાવ્યું છે. એટલે તે સાધ્વીજી નહિ પણ આચાર્ય મહારાજ છે એમ જણાય છે. ૧-૨૯

ટિપ્પણ-૧૯. ''ततः सप्ततिकाख्यं प्रकरणमारभमाण आचार्यः प्रेक्षावतां प्रकरणविषये उपादेयबुद्धिपरिग्रहार्थं प्रकरणस्य सर्वविन्मूलतां, तथा सर्वविन्मूलत्वे (ऽपि)

न प्रेक्षापूर्वकारिणोऽभिधेयादिपरिज्ञानमन्तरेण यथाकथञ्चित्प्रवर्तन्ते प्रेक्षावत्ताक्षतिप्रसंगात्, ततस्तेषां प्रवृत्त्यर्थमभिधेयादिकं च प्रतिपिपादयिषुरिदमाह ।''

(ષષ્ઠ કર્મગ્રન્થ ટીકા, પૃ. ૧૧૫ મુદ્રિત જૈ.ધ.પ્ર. સભા)

ભાવાર્થ:- 'સપ્તતિકા નામના પ્રકરણનો આરંભ કરતા આચાર્ય મહારાજા પ્રેક્ષા પૂર્વક કાર્ય કરનારાઓની પ્રકરણના વિષયમાં ઉપાદેય બુદ્ધિ થાય તે માટે પ્રકરણની સર્વજ્ઞમૂલકતા તેમજ સર્વજ્ઞમૂલક હોવા છતાં પણ પ્રેક્ષાવાનો અભિધેય વગેરેના પરિજ્ઞાન વિના પ્રેક્ષાવત્તાની ક્ષતિના પ્રસંગથી યથા કથંચિત્ પ્રવૃત્તિ કરતા નથી, માટે તેઓની આ પ્રકરણમાં પ્રવૃત્તિ કરાવવા માટે અભિધેય વગેરેનું પ્રતિપાદન કરવાની ઈચ્છાવાળા કહે છે.'

અત્રે સિત્તરી ઉર્ફે છઠા કર્મગ્રંથના કર્ત્તા સ્ત્રી નહિ પરંતુ પુરુષ છે એ બતાવવાનું તાત્પર્ય છે. બાકી સિત્તરીના કર્ત્તા એક ચિરંતનાચાર્ય હોવા સિવાય વધુ નિર્ણય થઈ શક્યો નથી. વધુ માહિતી માટે જુઓ શ્રી મુક્તાબાઈ જ્ઞાનમંદિર (ડભોઈ)ની પ્રકાશિત શ્રી સિત્તરી ચૂર્ણિની પ્રસ્તાવના.

तथा–चतुःशरणप्रभृतीनां कियतां प्रकीर्णकानां पठने श्राद्धोऽधिकारी? इति प्रश्नोऽत्रोत्तरम्-परम्परया भक्तपरिज्ञा १ चतुःशरण २ आतुरप्रत्याख्यान ३ संस्तारक ४ प्रकीर्णकानामध्ययने श्राद्धानामधिकारित्वमवसीयते ।।१-३०।।

પ્રશ્નઃ- ચઉશરણ આદિ કેટલા પયન્ના[૨૦] ભણવામાં શ્રાવક અધિકારી છે?

ઉત્તરઃ- પરંપરાએ કરીને ભક્તપરિજ્ઞા, ચતુઃશરણ, આઉરપચ્ચખ્ખાણ, અને સંથારા એ ચાર પયન્ના ભણવાનો શ્રાવકોને અધિકાર હોય એમ જણાય છે. ૧-30

ટિપ્પણ-૨૦. દશ પયન્નાનાં નામ આ પ્રમાણે છે—(૧) ચઉશરણ, (૨) આઉરપચ્ચખ્ખાણ, (૩) મહાપચ્ચખ્ખાણ, (૪) ભક્તપરિજ્ઞા, (૫) તંદુલવેયાલ, (૬) ગણિવિજ્જા, (૭) ચંદાવિજ્જા, (૮) દેવેન્દ્રસ્તવ, (૯) મરણસમાધિ અને (૧૦) સંથારાપયન્નો.

तथा–श्वेतदशमीदिनाचामाम्लविधायकानां काचिन्मिथ्यामतिर्न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-दशमीदिनाचामाम्लविधायिनां मिथ्यामतिर्ज्ञाता नास्ति ।।१-३१।।

પ્રશ્નઃ- સુદ દશમના દિવસે આયંબિલ કરનારાઓ કંઈક અંશે મિથ્યાદૃષ્ટિ ખરા કે નહિ?

ઉત્તરઃ- સુદ દશમના દિવસે આયંબિલ કરનારાઓ મિથ્યામતિ જાણ્યા નથી. ૧-૩૧

तथा–रोहिणीदिनाराधकानां तथैव? इति प्रश्नोऽत्रोत्तरम्-रोहिणीदिनाराधकानां तथैव ।।१-३२।।

પ્રશ્નઃ- રોહિણીના દિવસની આરાધના કરનારાઓ માટે પણ શું તેમજ[૨૧] સમજવું?

ઉત્તરઃ- રોહિણીના દિવસની આરાધના કરનારા માટે પણ તે પ્રમાણે જ ઉત્તર સમજવો. ૧-૩૨

ટિપ્પણ-૨૧. આવા તપો જૈન શાસ્ત્રકારોએ વિહિત કરેલા હોઈ તે કરવામાં મિથ્યાત્વ નથી, પણ રેંટીયા બારસ આદિ જે અવિહિત અનુષ્ઠાનો સેવવામાં આવે અગર વિહિતમાં અન્યથા આશંસા વગેરે અવિધિ ભાવ સેવવામાં આવે તો તે મિથ્યાત્વનું કારણ બને છે. એમ તાત્પર્ય સમજવું.

तथा–पर्युपणोपवासः पञ्चमीमध्ये गण्यते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-पर्युषणोपवासः षष्ठकरणसामर्थ्याभावे पञ्चमीमध्ये गण्यते, नान्यथेति ॥१-३३॥

પ્રશ્નઃ- સંવત્સરીનો ઉપવાસ પંચમીની અંદર ગણાય કે નહિ ?

ઉત્તરઃ- સંવત્સરીનો ઉપવાસ છઠ્ઠ કરવાની શક્તિ ન હોય તો [૨૨]પંચમીની અંદર ગણાય, તે સિવાય નહિ. ૧-૩૩

ટિપ્પણ-૨૨. અહિં શાસ્ત્રકારે ઉદયાત્ પંચમીનો તપ પણ ચોથના તપમાં સમાવ્યો છે. તે, પાંચમ કરતાં ચોથની પ્રબલતા પૂરવાર કરવા માટે તેમજ 'પંચમીની ક્ષય વૃદ્ધિએ ચોથની પરાવૃત્તિ કરવી બરખિલાફ છે' એ સાબીત કરવા માટે, એક અકાટ્ય પ્રમાણ છે. વધુ માટે જુઓ-શ્રી પર્વતિથિપ્રકાશ, પૃ. ૭૫

तथा–[१]काकुत्स्थ इति रामनाम तद्वंशनाम वा? कथं च व्युत्पत्तिः? इति प्रश्नोऽत्रोत्तरम्-'कु' इत्यत्र ''अव्ययस्य को द् च'' (सिद्धहेम० ७।३।३१) इति अकि [२]ककुद्, कुत्सितं तिष्ठन्ति विपक्षा अस्मिन्निति ''स्थादिभ्यः कः'' (सिद्धहेम० ५।३।८२) इति 'के' [३]ककुत्स्थस्तस्यापत्यं [४]काकुत्स्थो राम इति व्युत्पत्त्यनुसारेण रामवंशस्यादिपुरुषस्याभिधानं [५]ककुत्स्थ इति ॥१-३४॥

१ काकुस्थ इत्यन्यत्र । २ ककुं इति पाठः । ३ ककुस्थ इति पाठान्तरम् । ४ काकुस्थ इत्यपि पाठः ।,५ ककुस्थ इति प्रत्यन्तरे ।

પ્રશ્નઃ- કાકુત્સ્થ એ રામનું નામ છે કે તેના વંશનું નામ છે? અને એ શબ્દની વ્યુત્પત્તિ શી રીતે થાય છે?

ઉત્તરઃ- 'कु' અવ્યયને ''अव्ययस्य को द् च'' (૭-૩-૩૧) એ સિદ્ધહેમના સૂત્રને અનુસરી અન્ત્યસ્વર પહેલાં अक् પ્રત્યય થવાથી અને द् નો આગમ થવાથી ककुद् શબ્દ થાય છે. कुत्सितं तिष्ठन्ति विपक्षा अस्मिन् -જેના સામે આવવાથી વિપક્ષો=શત્રુઓ કુત્સિત=હીન શક્તિવાળા થાય તે ककुद्, ककुद् + 'स्था' ધાતુને ''स्थादिभ्यः कः'' (૫-૩-૮૨) એ સૂત્રને અનુસરી क પ્રત્યય થવાથી કકુત્સ્થ શબ્દ થાય છે અને અપત્ય અર્થમાં अण् પ્રત્યય થવાથી કાકુત્સ્થ શબ્દ તૈયાર થાય છે, તેનો અર્થ રામ થાય છે. આ વ્યુત્પત્તિને અનુસરી રામના વંશના આદિ પુરુષનું નામ કકુત્સ્થ અને તેની સંતતિ કાકુત્સ્થ કહેવાય છે. ૧-૩૪

तथा–अर्थमण्डलीति कोऽर्थः? इति प्रश्नोऽत्रोत्तरम्-प्रभाते व्याख्यानं रात्रावर्थपौरुषी चेति अर्थमण्डलीति ॥१-३५॥

પ્રશ્ન:- અર્થ મંડલી શબ્દનો શો અર્થ છે?

ઉત્તર:- પ્રાતઃકાલે જે વ્યાખ્યાન થાય અને રાત્રિના સમયે એક પ્રહર પર્યંતની જે અર્થ પોરસી થાય તેનું નામ અર્થમંડલી કહેવાય છે. ૧-૩૫

तथा–''आवस्सिआए जस्स जोगो सिज्झातर'' इत्यत्र योगशब्देन किमुच्यते? इति प्रश्नोऽत्रोत्तरम्-यस्य योगो भिक्षार्थं गच्छन्निदं वक्ति-'यस्य योगो येन वस्तुना सह सम्बन्धो भविष्यति तद् ग्रहीष्यामि' इत्यर्थः, इत्योघनिर्युक्तिवृत्तौ ।।१-३६।।

પ્રશ્ન:- ''आवस्सिआए जस्स जोगो सिज्झातर'' અહિં યોગ શબ્દથી શું કહેવાય છે?

ઉત્તર:- ભિક્ષા માટે જતો સાધુ આ પ્રમાણે કહે છે—જે વસ્તુનો યોગ = સંબંધ થશે, અર્થાત્ જે વસ્તુ મને મલશે તેનું હું ગ્રહણ કરીશ, આ પ્રમાણે શ્રી ઓઘનિર્યુક્તિની ટીકામાં છે. ૧-૩૬

तथा–अष्टापदगिरौ स्वकीयलब्ध्या ये जिनप्रतिमां वन्दन्ते ते तद्भवसिद्धिगामिन इत्यक्षराणि सन्ति, तथा च सति ये विद्याधरयमिनस्तथा राक्षसवानरचारणभेदभिन्ना अनेके ये तपस्विनस्तत्र गन्तुं शक्तास्तेषां सर्वेषामपि तद्भवसिद्धिगामित्वमापद्यते, ततः सा का लब्धिर्यया तत्र गमने गौतमादिवत्तद्भवसिद्धिगामिनो भवन्ति? इति प्रश्नोऽत्रोत्तरम्— अष्टापदगिरौ ये तपःसंयमोत्थलब्ध्या यात्रां कुर्वन्ति ते तद्भवसिद्धिगामिन इति संभाव्यते व्यक्ताक्षरानुपलम्भात् ।।१-३७।।

પ્રશ્ન:- અષ્ટાપદ ગિરિરાજ ઉપર રહેલી જિન પ્રતિમાઓને જેઓ પોતાની લબ્ધિથી વાંદે છે, તેઓ તે જ ભવમાં મોક્ષમાં જનારા હોય છે, એવા શાસ્ત્રમાં અક્ષરો છે, અને આ પ્રમાણે હોવાથી વિદ્યાધર સાધુઓ તેમજ રાક્ષસ (દ્વીપના), વાનર (દ્વીપના) અને ચારણ (જંઘાચારણ-વિદ્યાચારણ) ભેદવાળા જે અનેક તપસ્વીઓ ત્યાં જવા માટે સમર્થ છે તે સર્વેનું તે જ ભવમાં મોક્ષગામિપણું પ્રાપ્ત થાય છે, (અને તેમ તો હોઈ શકે નહિ,) તેથી તેવી કઈ લબ્ધિ છે કે જે વડે ત્યાં જવામાં લબ્ધિનિધાન ગૌતમ સ્વામી વગેરેની જેમ તે જ ભવે મોક્ષે જનારા બની શકે?

ઉત્તર:- જેઓ પોતે જ કરેલા તપ અને સંયમથી ઉત્પન્ન થયેલી સ્વલબ્ધિ (શક્તિ વિશેષ)થી અષ્ટાપદ ગિરિરાજ ઉપર રહેલી જિન પ્રતિમાઓની યાત્રા કરે છે તેઓ તે જ ભવે મોક્ષે જનારા હોય એમ સંભાવના થાય છે. તથાપ્રકારના શાસ્ત્રના સ્પષ્ટ અક્ષરો દેખાતા નથી. ૧-૩૭

तथा–दिगाचार्या इति कोऽर्थः? इति प्रश्नोऽत्रोत्तरम् ते दिगाचार्या ये गुर्वादिष्टदिग्वर्त्तिसाधूनां सारणादिकर्तार इति, सचित्ताचित्तमिश्रवस्त्वनुज्ञापी दिगाचार्य इति योगशास्त्रे चतुर्थप्रकाशे ''प्रायश्चित्तं वैयावृत्त्यम्'' इत्यादिश्लोकवृत्तौ ॥१-३८॥

પ્રશ્નઃ- દિગાચાર્ય શબ્દનો શો અર્થ છે?

ઉત્તરઃ- જેઓ ગુરુએ આદેશ કરેલ ક્ષેત્રમાં રહેલા સાધુઓની સારણાદિ (શાસ્ત્રાનુકુલ અનુષ્ઠાનમાં ભૂલ થતી હોય તે યાદ કરાવવી તેનું નામ સારણા છે, આદિથી વારણા, ચોયણા અને પડિચોયણા લેવી.) કરનારા હોય છે, તે દિગાચાર્ય કહેવાય છે. યોગશાસ્ત્રના ચોથા પ્રકાશમાં ''[23]प्रायश्चित्तं वैयावृत्त्यम्'' આ શ્લોકની ટીકામાં દિગાચાર્ય શબ્દનો અર્થ 'સચિત્ત, અચિત્ત, અને મિશ્રવસ્તુની અનુજ્ઞા કરનાર' જણાવ્યો છે. ૧-૩૮

ટિપ્પણ-૨૩. **''प्रायश्चित्तं वैयावृत्त्यं, स्वाध्यायो विनयोऽपि च। व्युत्सर्गोऽथ शुभं ध्यानं षोढेत्याभ्यन्तरं तपः ॥६०॥**

(યોગશાસ્ત્ર ટીકા, પૃ. ૩૧૨/૧)

ભાવાર્થઃ-'૧ પ્રાયશ્ચિત્ત, ૨ વૈયાવચ્ચ, ૩ સ્વાધ્યાય, ૪ વિનય, ૫ ત્યાજ્ય વસ્તુનો પરિત્યાગ, ૬ શુભ ધ્યાન રૂપ છ પ્રકારનો આભ્યન્તર તપ છે. પ્રાયશ્ચિત્તનો વિશેષ અધિકાર વર્ણવીને વૈયાવૃત્ત્ય શબ્દની વ્યાખ્યા કરતાં આચાર્ય આદિ ૧૦ ની વૈયાવચ્ચનો પ્રસંગ વર્ણવે છે, તેમાં આચાર્યના પાંચ ભેદ (૧) પ્રવ્રાજકાચાર્ય, (૨) દિગાચાર્ય, (૩) ઉદ્દેશકાચાર્ય (૪) સમુદ્દેશાનુજ્ઞાચાર્ય અને (૫) આમ્નાયાર્થ-વાચકાચાર્ય જણાવેલા છે. અને દિગાચાર્ય શબ્દની વ્યાખ્યા કરવાં ટીકાકારે सचित्ताचित्तमिश्रवस्त्वनुज्ञायी दिगाचार्यः એમ જણાવ્યું છે.'

तथा–आर्यसुहस्ति-आर्यमहागिरिनामानौ श्रीधर्मसागरोपाध्यायकृतपट्टावल्यादौ सहोदरावुक्तौ कल्पसूत्रस्थविरावल्यां च भिन्नगोत्रौ, तत्र को हेतुः? इति प्रश्नोऽत्रोत्तरम्-आर्यसुहस्ति-आर्यमहागिर्योः सहोदरत्वेऽपि भिन्नगोत्रत्वं न विरुध्यते, मण्डिकपुत्र-मौर्यपुत्राभिधगणधरयोरपि तथैव श्रवणात् ॥१-३९॥

પ્રશ્નઃ- આર્યસુહસ્તિ અને આર્ય મહાગિરિને શ્રી ધર્મસાગર ઉપાધ્યાયે બનાવેલી પટ્ટાવલિ આદિમાં સહોદર તરીકે કહ્યા છે, અને કલ્પસૂત્ર સ્થવિરાવલીમાં તેઓનું ગોત્ર ભિન્ન જણાવ્યુ છે, તેનું શું કારણ?

ઉત્તરઃ- મંડિકપુત્ર, અને મૌર્યપુત્ર નામના ગણધરની માફક આર્યસુહસ્તિ, અને આર્યમહાગિરિ સહોદર હોવા છતાં પણ ભિન્ન ગોત્રી હોવામાં કોઈ વિરોધ નથી. ૧-૩૯

अथ पण्डितश्रीकल्याणकुशलगणिकृत-प्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

''इमं च णं केवलकप्पं जम्बूदीवं दीवं विउलेणं ओहिणा आभोएमाणे आभोएमाणे पासति'' इत्यत्र चतुष्पल्यायुषः सूर्याभस्य कथं जम्बूद्वीपावधिकमवधिज्ञानं संभवति? ''ऊणद्धसागरे संखजोअणा तप्परमसंखा'' इति वचनादिति प्रश्नोऽत्रोत्तरम्-''ऊणद्धसागरे'' इतिगाथावृत्तौ भवनपतिव्यन्तरज्योतिष्कदेवानामेवावधिक्षेत्रं व्याख्यातमस्ति, वैमानिकदेवानां तु क्षेत्रस्य ''दोपढमकप्प पढमं'' इत्यादिनाभिहितत्वादिति न काचिद्विप्रतिपत्तिः ।।१-४०।।

પ્રશ્નકાર પંડિત શ્રી કલ્યાણકુશલ ગણિ

પ્રશ્નઃ- "આ સંપૂર્ણ જંબૂદ્વીપને વિપુલ એવા અવધિજ્ઞાનથી જુએ છે", અહિં ચાર પલ્યોપમના આયુષ્યવાળા સૂર્યાભદેવને જંબૂદ્વીપ સુધીનું અવધિજ્ઞાન કેવી રીતે સંભવી શકે? કારણ કે '૦ાા સાગરોપમથી ન્યૂન આયુષ્યવાળા દેવો સંખ્યાતા યોજન સુધી દેખી શકે છે અને ત્યારબાદ (અધિક આયુષ્યવાળા) અસંખ્યાતા યોજન સુધી જોઈ શકે છે,' આ પ્રમાણે સંગ્રહણીસૂત્રમાં કહ્યું છે?

ઉત્તરઃ- ''[૨૪]ऊणद्धसागरे'' એ ગાથાની ટીકામાં ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્ક દેવોનું અવધિક્ષેત્ર જણાવ્યું છે, વૈમાનિકનું નહિ. વૈમાનિક દેવોનું અવધિક્ષેત્ર તો ''[૨૫]दो पढमकप्प पढमं'' આ ગાથાએ કરીને જણાવ્યું છે. માટે કોઈ પણ જાતનો વિરોધ નથી. ૧-૪૦

ટિપ્પણ-૨૪. **''ऊणद्धसागरे सङ्ख-जोअणा तप्परमसङ्खा ।।१५४।।**
पणवीस जोअण लहू ।''

(સંગ્રહણી દેવભદ્રીય ટીકા પૃ. ૭૨)

ભાવાર્થ- 'ઉપરની ગાથાઓમાં વૈમાનિકોનું અધોવિષયક, તીર્ચ્છું, અને ઊર્ધ્વ અવધિક્ષેત્ર કહ્યું. હવે સામાન્યથી શેષ દેવોનું કહે છે— અર્ધા સાગરોપમથી ન્યૂન આયુષ્યવાળા ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષ્ક દેવો અવધિજ્ઞાનથી સંખ્યાતા યોજન સુધી દેખી શકે છે અને તેથી અધિક આયુષ્યવાળા અસંખ્યાતા યોજન સુધી દેખી શકે છે. તેમજ દસહજાર વર્ષના આયુષ્યવાળાઓનું જઘન્ય અવધિક્ષેત્ર પચ્ચીસ યોજનનું હોય છે.'

ટિપ્પણ-૨૫. **''दो पढमकप्प पढमं, दो दो दो बीअ तइअगं चउत्थिं ।**
चउउवरियओहीए, पासंति अ पञ्चमिं पुढविं ।।१५२।।''

(સંગ્રહણી ટીકા પૃ. ૭૧)

ભાવાર્થ:-'સૌધર્મ ઈશાનના ઉત્કૃષ્ટ આયુષ્યવાળા ઈન્દ્ર, સામાનિક વગેરે, અવધિજ્ઞાનથી પહેલી રત્નપ્રભા પૃથ્વીના સર્વથી નીચેના ભાગ સુધી જુએ છે. સનત્કુમાર-માહેન્દ્ર દેવલોક બીજી શર્કરાપ્રભા સુધી, એ પ્રમાણે બ્રહ્મલોક-લાન્તક દેવલોક વાલુકાપ્રભા સુધી, ત્યારબાદ ચાર દેવલોક આનત, પ્રાણત, આરણ અને અચ્યુત પાંચમી ધૂમપ્રભા પૃથ્વી સુધી જુએ છે.

तथा–पूर्णिमास्तिस्त्र एव पर्वत्वेन संगीर्यन्ते सर्व्वा अपि वा पर्व्वतयाऽङ्गी-

कार्या: ? इति श्राद्धा भूयो भूयः पृच्छन्ति इति प्रश्नोऽत्रोत्तरम्-''छण्हं तिहीण मज्झम्मि का तिंही अज्जवासरे'' इत्याद्यागमानुसारेणाविच्छिन्नवृद्धपरंपरया च सर्वा अपि पूर्णिमाः पर्वत्वेन मान्या एवेति ।।१-४१।।

प्रश्नः- 'કાર્તિક સુદ ૧૫, ફાગણ સુદ ૧૫, અને અષાઢ સુદ ૧૫ આ ત્રણ જ પૂર્ણિમા પર્વ તરીકે કહેવાય છે કે સર્વ પૂર્ણિમા, એમ શ્રાવકો વારંવાર પૂછે છે તેનો શું ઉત્તર આપવો?

ઉત્તરઃ- "[૨૬]છ તિથિઓની (સુદ ૮-૧૪-૧૫, વદ ૮-૧૪-૦))) અંદર આજે કઈ તિથિ છે," આ પ્રમાણેના આગમથી અને અવિચ્છિન્ન વૃદ્ધ પરંપરાથી સઘળીએ પૂનમો પર્વ તરીકે માનવી જોઈએ. ૧-૪૧

ટિપ્પણ-૨૬. **छण्हं तिहीण मज्झंमि, का तिही अज्ज वासरे ।**
किंवा·कल्लाणगं अज्ज, लोगनाहाण संतियं ।।२१।।

(શ્રાદ્ધદિનકૃત્ય, પૃ. ૩૯)

ભાવાર્થઃ-'છ મહિનાના તપના કાઉસ્સગ્ગમાં તપની વિચારણા માટે આ સૂત્ર ઉપયોગી છે. મહિનામાં છ તિથિ (સુદ અને વદની ૮-૧૪-૧૫-૦))) આવે છે તેમાં આજે કઈ તિથિ છે, અથવા આજે જગત્પ્રભુનું ચ્યવનાદિ શું કલ્યાણક છે? તે વિચારવું.'

અહીં ઉપર્યુક્ત પ્રશ્નોત્તરમાં સર્વ પૂનમોને પર્વ તરીકે સ્વીકારવાનું ફરમાન છતાં એ ધ્યાન રાખવું કે પખ્ખી તો ચૌદશનીજ છે, તેમજ ચોમાસી પણ શ્રી કાલિકાચાર્યજીની આચરણાથી ચૌદશની જ છે. એટલે પૂનમ અમાસાદિની ક્ષય વૃદ્ધિ હોય ત્યારે જોડીયા પર્વોને બહાને ચોથ ચૌદશ જેવી પ્રધાન તિથિઓને તોડવાની કલ્પના અને પ્રવૃત્તિ બીલ્કુલ ટકી શકે તેવી નથી. તથાપિ આજના પક્ષાંધ બનેલાંઓ તેને જે નભાવી રહ્યા છે, તે જ ખરેખર આશ્ચર્ય જનક છે. જો કોઈ નવિનો કે પર્વલુંપકો કે સંમૂર્ચ્છિમ મતવાળાઓ હોય તો તત્ત્વથી તેઓ જ છે, એમ કોઈ પણ હિંમતથી કહી શકે તેમ છે. કારણકે પર્વોનો કલ્પિત ફેરફાર કરીને આરાધના કરવાનો અધિકાર કે આદેશ શાસ્ત્રો કે સામાચારીમાં ક્યાંય નથી. તિથિની ભોગ સમાપ્તિ જ્યાં થતી હોય ત્યાંજ તેની આરાધના કરવાનો શાસ્ત્રીય નિયમ હોવાથી પૂનમ વગેરેનો ક્ષય હોય ત્યારે ચૌદશ પૂનમ વગેરેની એક દિવસમાં આરાધના થાય, પૂનમ વગેરેની વૃદ્ધિ હોય ત્યારે પહેલી પૂનમ વગેરેને અપર્વ રૂપ રાખી બીજી પૂનમે આરાધના કરવી, ચૌદશ વગેરેને ખસેડવી નહિ, આ સનાતન વસ્તુ પૂનમના પર્વપણાથી તલમાત્ર બાધ્ય થતી નથી.

तथा-(अ) आणाखंडणकारी, जइ वि तिकालं महाविभूईए । पूएइ वीयरायं, सव्वं पि निरत्थयं तस्स ।।१।। आणाइ तवो आणाइ संजमो तह य दाणमाणाए । आणारहिओ धम्मो, पलालपूलु व्व पडिहाइ ।।२।। कलं नग्घइ सोलसिं० इत्यादि-वचनालम्बनेन साङ्ख्यादिदर्शनान्तरेषु यद्बालतपः-कष्टानुष्ठानं समाचरन्ति तत्सर्वं सर्व्वथा निष्फलमेव न काऽपि कर्म्मनिर्जरेति केषाञ्चित्संमतम्,

(आ) केषाञ्चित्तु तेषामपि तारतम्येन स्वल्पमपि फलं स्वीकार्यं न तु निष्फलता । अत्रागमः- ''जं अन्नाणी कम्मं, खवेइ बहुयाहि वासकोडीहिं । तं नाणी तिहिं गुत्तो, खवेइ ऊसासमित्तेण ।।१।। कलं नग्घइ सोलसिं० पलालपूलु व्व'' इत्यादावपीदमेव तात्पर्यम् । ''अविरयमाइ सुराउं बालतवोऽकामनिज्जरो जयइ''त्ति । ''सरागसंजमेणं बालतवेणं'' ति ''चरगपरिव्वाय बंभलोगो जा'' इत्यपि । अत एव बालतपस्विनामपि कोडिन्नदिन्नसेवालिनाम्नां स्वीयस्वीयतपोऽनुसारेणैव सोपानप्राप्तिः । सर्वथा विफलतायां तु सर्वेषामप्राप्तिः प्रसज्यते । कथं च कर्म्मलाघवमन्तरेण मिथ्यात्विन एव ग्रन्थिदेशं यावदागच्छन्ति? । न चाकामनिर्जरामात्रमेव तत्र हेतुः, कारणान्तराणामपि विवाहप्रज्ञप्तिवृत्तावुक्तत्वात्, तथाहि- ''अणुकंपकामनिज्जर, बालतवे दाणविणयविब्भंगे । संजोगविप्पओगे, वसणूसवइड्डिसक्कारे ।।१।।'' दृश्यते चैतदर्थसंवादः साक्षादेव महानिशीथे नागिलाधिकारे, तद्यथा-''अकामनिज्जराए वि किंचि कम्मक्खयं भवइ, किं पुण जं बालतवेणं?'' एवं सति ''निरत्थयं तस्स'' इत्यादीनां का गतिरिति चेत्? सत्यम्-सर्व्वाणि चैतान्युत्सर्गसूत्राणि, ततोऽत्र 'उत्सर्गादपवादो बलीयान्' अयमेव न्यायोऽनुसर्त्तव्यस्ततः सिद्धं तेषामपि तारतम्येन किञ्चित्किञ्चित् फलमिति समादधत इति ।।

(इ) तथा केचिन्महानिशीथगत (जे यावि निण्हगाणं अणुकूलं भासिज्जा इत्यादि) प्रसिद्धालापकमुपष्टभ्य वक्तारो भवन्ति, तथाहि-ये पक्षान्तरीयविहितं-पतज्जिनप्रासादादिपरित्राणमाचार्योपाध्यायादीनामापन्निवारणं साधुमुद्दिश्य दानसत्कारादिकं चानुमन्यन्ते तेषां महत्पातकं जायते, सम्यक्त्वमपि प्रतिहन्यते, तेन मतान्तरीयकृतं युगप्रधानाचार्यभक्त्यादिकमपि सर्वथा नानुमोदनीयमेवेति।

(उ) केचित्तु तानपि प्रतिवदन्ति- यथा नयसार-(धन) श्रेष्ठि-सङ्गमादीनां मिथ्यात्वभाजामपि दानं बहुषु ग्रन्थेषु परम्परायां चानुमोद्यमानं दृश्यते, तथा सर्वतीर्थकृत्सातिशयसाधुपारणासु पञ्चदिव्यावसरे 'अहो ! दानमहो ! दानम्' इत्युद्घोषोऽपि यदनुमोदनीयं न तत्कार्यते कथं? दृश्यन्ते च भवदादयः सर्वेऽपि मार्गप्रतिपन्नाः कारयन्तः, यथा-''देहि भो ! किञ्चिदस्मभ्यं तव भूयान् लाभो भावी'' इति । यदि च प्रदत्ते तदा सन्तुष्टिरपि जायत इति स्वयमनुभूयमानस्यार्थस्य विलोपः कर्तुं सतां नोचित इत्याशयवतैव सूत्रकारेणाभ्यधायि ''अहवा सव्वं चिय वीअराय'' इत्यादि । अत्र सम्यग्दृष्टिपर्यन्तानां पूर्वमुक्तत्वान्मिथ्यात्विनामपि किञ्चित्करणीयमनुमोदनीयमित्यापतितम्, तच्च विचार्यमाणं जिनजिनबिम्ब-जिनालयाचार्योपाध्यायसाधुश्राद्धादीनां वास्तवाराध्यानामशनपानप्रदानादि-भक्तिवर्णनसंज्वलनापत्परित्राणादिकं, दृश्यते चानुमोदितं साक्षादप्याचाराङ्गादौ साधुना साग्निशकटी पुरस्करणे ''मम न कल्पते, भवता पुनः पुण्यप्राग्भारार्जन-

मकारि'' इत्यादि । कथं च जिनशासनप्रभावनाकारिणो म्लेच्छा अप्यनुमोद्यन्त ? इत्याद्यनाग्रहबुद्ध्या पर्यालोचनीयम् । इति प्रश्नावत्रोत्तरे-तृतीयचतुर्थ-प्रश्नप्रतिवचनं तु द्वादशजल्पपट्टकादवसेयम् । किञ्च ''सव्वं पि निरत्थयं तस्स'' इत्यादिवचनस्याऽऽपेक्षिकत्वान्नैकान्तवादः । अपेक्षा च मोक्षफलाभावलक्षणेतिभावः। अन्यच्च महानिशीथप्रसिद्धालापकमुपष्टभ्यैकान्तेन परपाक्षिकप्रशंसानिषेधः सोऽपि न सङ्गच्छते, यतस्तस्मिन्नेवालापके 'अहिमुहमुद्धपरिसामज्झगय(म)सलाहेज्जा' इतिवचनेनाभिमुखमुग्धपर्षद्विशेषमध्य एव तच्छ्लाघाया निषेधः प्रतिपादितोऽस्ति न तु सामान्यपर्षदीति । किञ्चात्रार्थे ऊहप्रत्यूहादिबहुवक्तव्यमस्ति तत्तु साक्षान्मिलन एव समीचीनतामञ्चतीति ॥१-४२-४३॥

પ્રશ્ન :- (અ) કેટલાકો, 'પ્રભુની આજ્ઞાનું ખંડન કરનાર કોઈ આત્મા મોટી વિભૂતિથી ત્રણે કાલ વીતરાગની પૂજા કરે છતાંય તેનું તે સર્વ નિરર્થક છે,' વળી 'આજ્ઞાપૂર્વક તપ કરવામાં આવે, સંયમ પણ આજ્ઞાપૂર્વક થાય, તેમજ દાનાદિ પણ આજ્ઞાદિ પૂર્વક કરવામાં આવે તો તે સફળ છે, આજ્ઞા રહિત ધર્મ ઘાસના પૂળા જેવો શોભે છે,' 'અજ્ઞાન મિથ્યાદષ્ટિઓની કરણી સમ્યગ્દષ્ટિઓની કરણીના મુકાબલે એક આની કીંમતની પણ નથી,' ઈત્યાદિ વચનોના આલંબનથી સાંખ્યાદિ અન્ય દર્શનોમાં જેઓ અજ્ઞાન તપ વગેરે કષ્ટ ક્રિયાઓ કરે છે, તે સઘળું નિષ્ફળ જ થાય છે, તેનાથી જરા પણ નિર્જરા થતી નથી, એમ માને છે.

(આ) કેટલાકોનું વળી એમ માનવું થાય છે કે—તેઓની (અન્ય દર્શનીઓની) પણ કરેલી કષ્ટ ક્રિયાનું તરતમ ભાવે અલ્પ પણ ફળ હોય છે, સાવ નિષ્ફળતા નથી. આગમમાં કહ્યું છે કે—"અજ્ઞાની જે કર્મને ઘણાં ક્રોડ વર્ષોએ કરીને ખપાવે છે, તે કર્મને ત્રણ ગુપ્તિ-મન, વચન અને કાયગુપ્તિએ ગુપ્ત જ્ઞાની મુનિ શ્વાસોશ્વાસ માત્રમાં ખપાવે છે." 'એક આની કીંમત નથી,' ઈત્યાદિ ઉક્ત શ્લોકોનું પણ એ જ ભલે અત્યલ્પ, છતાં પણ ફલપ્રદર્શક-તાત્પર્ય છે. વળી "અવિરતિ સમ્યગ્દષ્ટિ આદિ આત્માઓ, તેમજ બાલતપસ્વી, અકામનિર્જરા કરનાર દેવનું આયુષ્ય ઉપાર્જન કરે છે," તથા 'સરાગ સંયમથી અને બાલતપથી દેવલોકમાં જવાય છે,' [२७]ચરક પરિવ્રાજક બ્રહ્મ દેવલોક સુધી જાય છે,' ઈત્યાદિ વચનોથી પણ અન્યમતિઓને થતા ક્રિયાફલની પ્રતીતિ થાય છે. આથી જ કોડિન્ન દિન્ન સેવાલિ નામના બાલતપસ્વીઓને પણ પોતપોતાના તપના અનુસારે જ ફલ મળેલું છે. સર્વથા નિષ્ફળ માનીએ તો ઉપર કહેલા સઘળાઓને ફલના અભાવની પ્રાપ્તિનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. વળી કર્મની લઘુતા કર્યા વિના મિથ્યાત્વીઓ [२८]ગ્રન્થિદેશ પર્યંત આવે પણ કેવી રીતે? માત્ર અકામ નિર્જરા જ તેમાં કારણ છે એમ નથી, અન્ય કારણો પણ ભગવતીસૂત્રની

ટીકામાં કહેલાં છે, જે આ પ્રમાણે—'અનુકંપા, અકામનિર્જરા, બાલતપ, દાન, વિનય, વિભંગજ્ઞાન, સંયોગનો વિયોગ, કષ્ટ, ઉત્સવ, ઋદ્ધિ, સત્કાર.' મહાનિશીથસૂત્રમાં નાગિલના અધિકારમાં પણ આ જ વસ્તુ મલી આવે છે, તે આ પ્રમાણે—"અકામ નિર્જરાથી પણ કંઈક-અલ્પ કર્મનો ક્ષય થાય છે, તો પછી અજ્ઞાન તપશ્ચર્યાથી થાય એમાં શું કહેવું?" આમાં કોઈ શંકા કરે કે—જ્યારે શાસ્ત્રના આવા અક્ષરો છે ત્યારે ``निरत्थयं तस्स'' ઈત્યાદિ વાક્યોની સિદ્ધિ કેવી રીતે કરવી? એનું સમાધાન એ છે કે-'તમારું કહેવું ઠીક છે, પણ ઉપર કહેલાં સઘળાં ઉત્સર્ગ સૂત્રો છે, એટલે અહીં 'ઉત્સર્ગથી અપવાદ બલવાન છે,' એ જ ન્યાય અનુસરવો જોઈએ. આથી મિથ્યાદર્શનીઓને પણ બાલતપ વગેરે અનુષ્ઠાનોનું તરતમ ભાવે-કાંઈને કાંઈ ફળ મલે છે, એમ સિદ્ધ થયું.

પ્રશ્નઃ- **(ઈ)** તથા કેટલાએક મહાનિશીથ સૂત્રના ``जे यावि'' ઈત્યાદિ પ્રસિદ્ધ આલાવાને અવલંબીને કહે છે કે— 'જેઓ અન્ય પક્ષવાળાઓએ કરેલું પડતા જિનમંદિર વગેરેનું રક્ષણ, આચાર્ય, ઉપાધ્યાય વગેરે ઉપર આવેલી આપત્તિનું નિવારણ અને સાધુને ઉદ્દેશીને આપેલું દાન, સત્કાર આદિ કાર્યોને અનુમોદે છે તેઓને મોટું પાપ થાય છે, સમ્યક્ત્વ પણ ચાલ્યું જાય છે, તેથી અન્ય મતવાળાઓનાં કરેલાં યુગપ્રધાન આચાર્યની ભક્ત્યાદિ શુભ કાર્યો પણ સર્વથા અનુમોદવા લાયક નથી જ.'

(ઉ) કેટલાક વળી તેઓની સામે આ પ્રમાણે કહે છે— જેમ નયસાર, ધનશેઠ અને સંગમ વગેરે મિથ્યાત્વીઓનું પણ દાન ઘણા ગ્રન્થોમાં અને પરંપરાએ કરીને અનુમોદના કરાતું માલૂમ પડે છે, તથા સર્વ તીર્થંકરો અને અતિશયવાળા સાધુઓના પારણામાં પંચદિવ્ય પ્રગટ થવાના અવસરે `अहो दानमहो दानम्' આ પ્રમાણેનો પ્રશંસાત્મક ઉદ્‌ઘોષ પણ થાય છે. જે અનુમોદનીય ન હોય તે કરાય કેમ? અને માર્ગસ્થ તમારા જેવા સઘળા અન્ય પાસે દાન વગેરે કરાવતા દેખાઓ છો. જેમકે– "હે મહાનુભાવ ! તું અમોને કાંઈક આપ, તને મહાન્ લાભ થશે" ઈત્યાદિ. અને જો આપે છે તો સંતોષ પણ થાય છે, આ પ્રમાણે સ્વયં અનુભવાતા અર્થનો લોપ કરવો સજ્જનોને યોગ્ય નથી. આ પ્રમાણેના અભિપ્રાયથી જ સૂત્રકારે કહ્યું છે કે—``अहवा सव्वं चिय वीअराय'. અહિં સમ્યગ્દૃષ્ટિ સુધીના આત્માઓ સંબંધે પૂર્વે કહી ગયા છે, એટલે મિથ્યાત્વીઓનું પણ કેટલુંક કાર્ય અનુમોદવા યોગ્ય છે, એમ સિદ્ધ થયું. વિચાર કરતાં તે કાર્યો વાસ્તવિક આરાધ્ય એવાં શ્રીજિન, જિનબિંબ, જિનાલય, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, શ્રાવક આદિની ભાતપાણી દાન કરવા દ્વારા ભક્તિ કરવી, યશોગાન કરવાં, આપત્તિઓથી રક્ષણ કરવું ઈત્યાદિ છે.

અને શ્રી આચારાંગાદિમાં પણ આવાં કાર્યો-"શીતથી પીડાતા સાધુને જોઈને તેની આગળ અગ્નિ જેમાં છે એવી સગડી લાવીને મૂકતાં તે કહે છે કે 'મને આ કલ્પે નહિ, પરંતુ તમે તો પુણ્યના સમૂહનું ઉપાર્જન કર્યું," ઈત્યાદિ શબ્દોથી સાક્ષાત્ અનુમોદન કરાયેલાં છે. અને જો એમ અનુમોદના ન કરાતી હોય તો શ્રી જિનશાસનની પ્રભાવના કરનારા મ્લેચ્છોની પણ અનુમોદના કેવી રીતે કરાય? ઈત્યાદિ આગ્રહ રહિત બુદ્ધિથી વિચારવું.

(આ બે પ્રશ્નમાં મુકેલી ચાર બાબતોનું તાત્પર્ય શું સમજવું ?)

ઉત્તરઃ- ત્રીજા, અને ચોથા પ્રશ્ન (૬-૭) ના ઉત્તર તો द्वादश जल्पपट्टकમાંથી જાણી લેવા. વળી ``सव्वंपि निरत्थयं तस्स'' ઈત્યાદિ વચન આપેક્ષિક હોવાથી એકાન્તવાદ નથી. અપેક્ષા મોક્ષ સ્વરૂપ ફલાભાવની છે, તે જાણવું. વળી મહાનિશીથ સૂત્રના પ્રસિદ્ધ આલાવાના આધારે એકાન્તે પરપાક્ષિકોએ કરેલ શુભ અનુષ્ઠાનની પ્રશંસાનો પ્રતિષેધ કરવો તે પણ સંગત નથી. કારણકે તે જ આલાવાના `अहिमुहमुद्धपरिसा-मज्झगंय(म)सलाहेज्जा' -આ વચનથી ધર્મસન્મુખ થએલ અત્યંત ભોળી ભદ્રિક પર્ષદા વિશેષમાં જ પરપાક્ષિકોએ કરેલ શુભ અનુષ્ઠાનની પ્રશંસાનો નિષેધ કર્યો છે, પરંતુ સામાન્ય પર્ષદાને આશ્રીને નિષેધ કર્યો નથી. વળી આ વિષયમાં તર્ક પ્રતિતર્ક વગેરે ઘણું કહેવા યોગ્ય છે. તે તો પ્રસંગે ભેગા થઈએ ત્યારે જ ઠીક લાગે છે. ૧-૪૨-૪૩

ટિપ્પણ-૨૭. **``तावस जा जोइसिआ, चरगपरिव्वाय बंभलोगो जा ।**
जा सहसारो पंचिंदितिरिअ जा अच्चुओ सड्ढा ।।१११।।

(સંગ્રહણી ટીકા, પૃ. ૫૭/૧)

ભાવાર્થ:- 'મૂલ, કન્દ અને ફલનો આહાર કરનારા વનવાસી તાપસો ઉત્કૃષ્ટથી જ્યોતિષ દેવલોક સુધી જઈ શકે છે, ધાટિ ભિક્ષાચરો, અને કપિલમતાનુયાયિ પરિવ્રાજકો પાંચમા બ્રહ્મદેવલોક સુધી જઈ શકે છે, સમ્યક્ત્વ-દેશવિરતિ ધારણ કરનારા પંચેન્દ્રિય તિર્યંચો હસ્તિ આદિ આઠમા સહસ્રાર દેવલોક સુધી જઈ શકે છે અને દેશવિરતિમન્ત મનુષ્યો બારમા અચ્યુત ઊર્ધ્વલોક સુધી જઈ શકે છે.'

ટિપ્પણ-૨૮. ગ્રંથિદેશ, જીવના ગાઢ રાગ દ્વેષના પરિણામ રૂપ છે. અભવ્ય જીવો પણ યથાપ્રવૃત્તિકરણે કરીને ગ્રંથિદેશ સુધી આવી શકે છે, પરંતુ ગ્રંથિનો ભેદ કરી શકતા નથી; જ્યારે ભવ્ય જીવો ઉત્તરોત્તર શુભ અધ્યવસાયમાં ચઢતા અપૂર્વકરણથી ગ્રંથિનો ભેદ કરી સમ્યક્ત્વાદિ ગુણોના ભાજન થાય છે.

तथा-दाघज्वरी कश्चिदनशनं कृत्वा रजन्यामपि जलपानं विधत्ते? यद्वा तद्भियाऽनशनमेव न करोति? किं वाऽनशनी श्राद्धो दिवापि सचित्तमचित्तं वा जलं पिबति? इति प्रश्नोऽत्रोत्तरम्-रात्रौ सर्वथा जलत्यागाशक्तेन तेनाहारत्याग-रूपमनशनं तु विधेयमेवेति ज्ञातमस्ति । तथानशनिना श्राद्धेनाचित्तमेव जलं पेयं तदप्युष्णमेवेति ।।१-४४।।

પ્રશ્નઃ- દાહજ્વરવાળો કોઈ અનશન કરીને રાત્રિને વિષે પણ શું પાણી પી શકે કે રાતે પાણી પીવાથી અનશન ભાંગે એવા ભયથી અનશન જ ન કરે? કિંવા અનશની શ્રાવક દિવસે પણ સચિત્ત અથવા અચિત્ત જલપાન કરી શકે?

ઉત્તરઃ- જે અનશની રાત્રિએ પાણીનો સર્વથા ત્યાગ કરવા અસમર્થ હોય તે અનશનીએ આહારત્યાગ રૂપ અનશન તો જરૂર કરવું એમ જાણ્યું છે, તથા અનશન કરનાર શ્રાવકે અચિત્ત તે પણ ઉકાળેલું જ પાણી પીવું જોઈએ. ૧-૪૪

तथा—कस्यचिन्म्रियमाणस्य पक्षान्तरीयस्य कश्चित्साधुः श्राद्धो वा नमस्कारादिकं श्रावयति तस्य कियान् लाभो भवति? पातकं वा भवति? सम्यक्त्वं वा प्रतिहन्यते? इति प्रश्नोऽत्रोत्तरम्-उपकारबुद्ध्या श्रावयतो लाभ एव ज्ञातोऽस्ति ।।१-४५।।

પ્રશ્નઃ- કોઈ મરતા પક્ષાન્તરીયને કોઈ સાધુ અથવા શ્રાવક નમસ્કાર મહામંત્ર આદિ સંભળાવે તો તેને કેટલો લાભ થાય અથવા તેને પાપ લાગે કે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય?

ઉત્તરઃ- ઉપકાર બુદ્ધિથી સંભળાવતા સાધુ અથવા શ્રાવકને લાભ જ થાય એમ જાણ્યું છે. ૧-૪૫

तथा—श्रीहरिभद्रसूरिणा सौगता हुता एव? होतुमारभ्य मुक्ता वा? कुत्र चायं संबन्धो वर्तते? इति प्रश्नोऽत्रोत्तरम्-श्रीहरिभद्रसूरिणा सौगता होतुं खे आकृष्टाः, तदनु गुरुभिर्ज्ञातम्, साधू प्रहितौ । ताभ्याम्—``गुणसेणि(ण)अग्गिसम्मा सीहाणंदा य''-इत्यादि समरादित्यचरित्रकथनमूलगाथात्रयं दत्तम् । ततः प्रबुद्धेन सूरिणा ते मुक्ता इति तत्प्रबन्धे । प्रभावकचरित्रे तु पणपूर्वकं वादे जितः सौगतगुरुः स्वयमेव तप्तकटाहतैले प्राविशदिति । तथा तत्रैव-``इह किल कथयन्ति केचिदित्थं गुरुतरमन्त्रजपप्रभावतोऽत्र । सुगतमतबुद्धान् विकृष्य तप्ते ननु हरिभद्रगुरुर्जुहाव तैले ।।१।। इत्यपि लिखितमस्तीति ।।१-४६।।

પ્રશ્નઃ- શ્રીહરિભદ્રસૂરિજીએ બૌદ્ધોને અગ્નિમાં હોમી જ નાખ્યા, કે હોમવાનો આરંભ કરી છોડી દીધા? અને આ અધિકાર કયા ગ્રંથમાં છે?

ઉત્તરઃ- શ્રી હરિભદ્રસૂરિજીએ પોતાની વિદ્યાશક્તિથી સૌગતોને હોમવા માટે આકાશમાર્ગે ખેંચ્યા હતા. ગુરુએ તે જાણ્યું એટલે બે સાધુઓને મોકલ્યા. બે સાધુઓએ-[૨૯] ``गुणसेण अगिसम्मा सीहाणंदा य'' ઈત્યાદિ સમરાદિત્ય ચરિત્રના કથનવાળી મૂલ ત્રણ ગાથા આપી. તેથી સૂરિજી બોધ પામ્યા અને બૌદ્ધોને છોડી દીધા, આ પ્રમાણે હરિભદ્રસૂરિ પ્રબંધમાં છે. પરંતુ પ્રભાવક ચરિત્રમાં તો 'પ્રતિજ્ઞાપૂર્વક [30]વાદમાં જીતાયેલ બૌદ્ધ ગુરુએ પોતાની મેળે જ ઉકળેલા તેલની કડાહીમાં પ્રવેશ કર્યો',

એ પ્રમાણે છે. વળી તે જ ગ્રંથમાં "અહીં કેટલાક આ પ્રમાણે કહે છે કે, ખરેખર હરિભદ્રસૂરિએ મહાન્ મંત્ર જાપના પ્રભાવથી બૌદ્ધમતના પંડિતોને ખેંચીને તપાવેલા તેલમાં હોમ્યા" એવું પણ લખેલ છે. ૧-૪૬

ટિપ્પણ-૨૯. "गुणसेण-अग्गिसम्मा सीहा-ऽऽणन्दा य तहापिया-उत्ता ।
सिहि-जालिणि माइ-सुया धण-धणसिरिमो य पइ-भज्जा ।।
जय-विजया य सहोयर धरणोलच्छी य तह पई-भज्जा ।
सेण-विसेणा पित्तिय-उत्ता जम्मम्मि सत्तमए ।।
गुणचंद-वाणमंतर समराइच्च-गिरिसेण पाणो उ ।
एक्कस्स तओ मोक्खो बीयस्स अणन्तसंसारो ।।"

ભાવાર્થઃ- 'સમરાદિત્ય કેવલિ અને અનન્તસંસારી ગિરિસેનના જોકે ઘણા ભવો થયેલા છે તથાપિ પરસ્પરના યોગથી ઉપયોગી નવ ભવો હોવાથી નવ ભવો સમરાઈચ્ચકહામાં વર્ણવેલા છે. તે આ પ્રમાણે—ગુણસેન-અગ્નિશર્માનો પહેલો ભવ, સિંહપિતા-આનન્દપુત્રનો બીજો ભવ, શિખિપુત્ર-જાલિની માતાનો ત્રીજો ભવ, ધનપતિ-ધનશ્રીભાર્યા તરીકેનો ચોથો ભવ, જય-વિજય સહોદર તરીકેનો પાંચમો ભવ, ધરણપતિ-ધનશ્રીભાર્યા તરીકેનો છઠ્ઠો ભવ, સેન-વિસેનનો કાકા ભત્રીજા તરીકેનો સાતમો ભવ, ગુણચંદ્ર-વાનવ્યંતરનો આઠમો ભવ, નવમો ભવ સમરાદિત્ય અને ગિરિસેન ચંડાળ તરીકેનો થયો હતો. છેવટે સમરાદિત્યનો મોક્ષ અને બીજાનો અનન્તો સંસાર થયો છે.'

ટિપ્પણ-૩૦. इतिवचननिरुत्तरीकृतोऽसौ सुगतमतप्रभुराचचार मौनम् ।
जित इति विदिते जनैर्निपेते द्रुततरमेष सुतप्ततैलकुण्डे ।।१६६।।
(પ્રભાવક ચરિત, પૃ. ૭૨)

।। इति सकलसूरिपुरन्दरपरमगुरुश्रीतपागच्छाधिराजभट्टारक श्री हीरविजयसूरिप्रसादीकृतप्रश्नोत्तरसमुच्चये तच्छिष्य-पण्डितकीर्तिविजयगणिसमुच्चिते प्रथमः प्रकाशः ।।

इति श्रीसकलसूरिपुरन्दरपरमगुरुतपोगच्छगगनदिनमणि-परमपूज्य-आचार्यप्रवर-सिद्धान्तमहोदधि-शासनप्रभावक-**श्रीमद् विजयप्रेमसूरि साम्राज्ये** तच्छिष्यरत्न-प्रवचनप्रभावक-प्रौढगीतार्थ-आगमप्रज्ञ-सूरिप्रवर-पूज्य-गुरुदेव- **श्रीमद्विजयजम्बूसूरिवरा**णामन्तेवासि मुनि**श्रीचिदानन्द विजयेन** सटिप्पणकानुवादिते **प्रश्नोत्तर-समुच्चये**

प्रथमः प्रकाशः समाप्तः ।

। द्वितीयः प्रकाशः ।

अथ पण्डितनगर्षिगणिकृत-प्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

जिनालये गृहस्थानां केसरादिच्छण्टनमुचितं न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-जिनालये श्राद्धानां केसरादिच्छण्टनमुचितमेव ज्ञायते तिलकादिवत् ।।२-१-४७।।

પ્રશ્નકાર પંડિત શ્રી નગર્ષિગણિ

પ્રશ્નઃ- ગૃહસ્થોએ દેવમંદિરમાં કેસર વગેરેનું છાંટણું કરવું યોગ્ય છે કે નહિ?

ઉત્તરઃ- જેમ ગૃહસ્થોને તિલક કરવું ઉચિત છે, તેમ જિનાલયમાં કેસરાદિનું છાંટણું કરવું ઉચિત જ જણાય છે. ૨-૧-૪૭

तथा–पर्युषितौदनो द्वितीयदिनसन्ध्यायां तद्दिनतक्रादिना संस्कृतस्तृतीयदिने कल्पते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-पर्युषितौदनस्तक्रादिसंस्कारे सति तृतीयदिनेऽपि कल्पते ।।२-२-४८।।

પ્રશ્નઃ- બીજા દિવસની સાંજે તે દિવસની છાસ વગેરેથી સંસ્કાર કરેલા વાસી ઓદન ત્રીજે દિવસે કલ્પે કે નહિ?

ઉત્તરઃ- છાસ વગેરેથી સંસ્કાર કરેલા હોય તો વાસી ઓદન ત્રીજે દિવસે પણ કલ્પે છે. (આ પ્રશ્નોત્તર ગૃહસ્થની અપેક્ષાએ નહિ, કિંતુ સાધુની અપેક્ષાએ હોય એમ સંભવે છે.) ૨-૨-૪૮

तथा–जिनप्रासादान्निर्गच्छतां साधूनां श्राद्धानां च ''आवस्सही'' करणमुचितमनुचितं वा? इति प्रश्नोऽत्रोत्तरम्-जिनालयान्निर्गमने साधूनां सदैव श्राद्धानां तु सामायिकपौषधसद्भावे ''आवस्सही'' करणमुचितमिति बोध्यम् ।।२-३-४९।।

પ્રશ્નઃ- જિનમંદિરમાંથી બહાર નીકળતા સાધુ અને શ્રાવકોને ''આવસ્સહિ'' કરવી યોગ્ય છે કે નહિ?

ઉત્તરઃ- દેવમંદિરમાંથી નીકળતા સાધુઓને હમેશાં, અને શ્રાવકોને સામાયિક, પૌષધ હોય ત્યારે ''આવસ્સહિ'' કહેવી યોગ્ય છે, એમ જાણવું. ૨-૩-૪૯

तथा–चतुर्मासकान्तः प्रासादे देववन्दनं काजकोद्धरणं विना यौक्तिकमयौक्तिकं वा? इति प्रश्नोऽत्रोत्तरम्-चतुर्मासकमध्ये जिनालये देववन्दनं साधूनां श्राद्धानां च काजकोद्धरणपूर्वकमेव युक्तिमत् ।।२-४-५०।।

પ્રશ્નઃ- ચોમાસાની અંદર જિનમંદિરમાં કાજો લીધા વિના દેવવંદન કરવું યુક્તિયુક્ત છે કે નહિ?

ઉત્તર:- ચોમાસામાં જિનમંદિરમાં સાધુ અને શ્રાવકોને કાજો લીધા પછી જ દેવવંદન કરવું યુક્તિયુક્ત છે. ૨-૪-૫૦

तथा–जिनगृहे निशायां नाट्यादिकं विधेयं न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-जिनगृहे रात्रौ नाट्यादिविधेर्निषेधो ज्ञायते, यत उक्तम्-''रात्रौ न नन्दिर्न बलि- प्रतिष्ठे न मज्जनं न भ्रमणं रथस्य । न स्त्रीप्रवेशो न च लास्यलीला, साधुप्रवेशो न तदत्र चैत्यम् ॥१॥'' किञ्च, क्वापि तीर्थादौ तत् (यत्) क्रियमाणं दृश्यते तत्तु कारणिकमिति बोध्यम् ॥२-५-५१॥

પ્રશ્ન:- રાત્રિના સમયે જિનમંદિરમાં નાટારંભ વગેરે કરવા યોગ્ય છે કે નહિ?

ઉત્તર:- જિનમંદિરમાં રાત્રિના સમયે નાટારંભ વગેરે કરવાનો નિષેધ જણાય છે. કારણ કે કહ્યું છે કે—

"રાત્રિના સમયે નન્દિ, બલિ, પ્રતિષ્ઠા, સ્નાન, રથભ્રમણ; સ્ત્રીપ્રવેશ, નૃત્યલીલા અને સાધુનો પ્રવેશ જ્યાં થઈ શકતો નથી, તે શ્રી જિનમંદિર અત્રે છે." વળી ક્યાંક તીર્થ વગેરેમાં જે કરાતું દેખાય છે તે કારણિક જાણવું. ૨-૫-૫૧

तथा– क्षणावसरे 'बइसणइं ठाउं' इति कुर्वतां गमनं कल्पते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-क्षणावसरे 'बइसणइं ठाउं' इति मुख्यवृत्त्या तैरेव वक्तव्यं ये व्याख्यानं यावत् स्थातुकामा नान्यैरिति ॥२-६-५२॥

પ્રશ્ન:- વ્યાખ્યાન સમયે 'બેસણે ઠાઉં' આ પ્રમાણે આદેશ માગીને બેસનારાઓને જવું કલ્પે કે નહિ?

ઉત્તર:- વ્યાખ્યાન સમયે મુખ્યવૃત્તિએ કરીને 'બેસણે ઠાઉં' એ આદેશ તેઓએ જ માગવો જોઈએ કે-જેઓ વ્યાખ્યાન સમાપ્ત થાય ત્યાં સુધી સ્થિરતાથી બેસનારા હોય, પરંતુ તેવી સ્થિરતા વિનાના બીજાઓએ એ આદેશ માગવો જોઈએ નહિ. ૨-૬-૫૨

तथा–सामान्यदिगम्बरगृहस्थानां गृहे रत्नत्रयादिमहोत्सवावसरे आत्मीयश्रेष्ठिप्रभृतिश्राद्धानामदनाद्यर्थं गमनमुचितमनुचितं वा? इति प्रश्नोऽत्रोत्तरम्-यथा विरोधवृद्धिर्न भवति तथा विधेयमिति तत्त्वं न त्वेकान्तवादः ॥२-७-५३॥

પ્રશ્ન:- સામાન્ય દિગંબર ગૃહસ્થોને ઘેર રત્નત્રયાદિ મહોત્સવ સમયે આપણા શ્વેતાંબરીય શેઠ વગેરે શ્રાવકોને ભોજન વગેરે માટે જવું ઉચિત છે, કે અનુચિત?

ઉત્તર:- આવા અવસરે વિરોધની વૃદ્ધિ જેમ ન થાય તેમ કરવું એ જ તત્ત્વ છે, એકાન્તવાદ નથી. ૨-૭-૫૩

तथा–पक्वाम्लिका शुष्के आर्द्रे वा समायाति? इति प्रश्नोऽत्रोत्तरम्-पक्वाम्लिका शुष्का ज्ञेया नत्वार्द्रा ॥२-८-५४॥

પ્રશ્નઃ- પાકી આંબલી સુકવણીમાં ગણાય કે લીલવણીમાં ?

ઉત્તરઃ- પાકી આંબલી સુકવણી તરીકે જાણવી, પરંતુ લીલવણી તરીકે નહિ. ૨-૮-૫૪

अथ पण्डितरविसागरगणिकृत-प्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

प्रथमान्तिमयोस्तीर्थकरयोः शरीरमाने भिन्नत्वं बले भिन्नत्वं नास्ति तत्कथम्? इति प्रश्नोऽत्रोत्तरम्-प्रथमान्तिमजिनयोः शरीरमानभेदेऽपि न बले भेदः, ''अपरिमियबला जिणवरिंदा'' इत्यागमप्रामाण्यादविशेषेणामन्तबलवत्त्वमवसीयते ॥२-९-५५॥

પ્રશ્નકાર પંડિત રવિસાગરગણિ

પ્રશ્નઃ- પહેલાં અને છેલ્લાં તીર્થંકરોનું શરીર પ્રમાણ સરખું નથી અને બલ સરખું છે તે કેમ?

ઉત્તરઃ- પહેલાં અને છેલ્લાં તીર્થંકરોના શરીર પ્રમાણમાં તફાવત હોવા છતાં પણ બલમાં તફાવત નથી. કેમકે– ''[૩૧]अपरिमिय बला जिणवरिंदा''-તીર્થંકરો અપરિમિત બલના ધણી છે,' આ પ્રમાણેના આગમના વચનથી તીર્થંકર મહારાજોનું અનન્ત બલવત્પણું સરખું હોવું સમજી શકાય છે. ૨-૯-૫૫

ટિપ્પણ-૩૧. **''जं केसवस्स उ बलं तं दुगुणं होइ चक्कवट्टिस्स ।**
तत्तो बला बलवगा अपरिमियबला जिणवरिंदा ॥७५॥''

(આવશ્યક નિર્યુક્તિ, પૃ. ૪૮)

ભાવાર્થ:-'વાસુદેવને જે બલ હોય છે તેના કરતાં દ્વિગુણું બલ ચક્રવર્તિને હોય છે સામાન્ય મનુષ્યો કરતાં બલદેવો બળવાન હોય છે. અને શ્રી જિનવરેન્દ્રો તો અપરિમિત બલવાળા હોય છે.'

तथा–साधुना विधिना क्रियमाणेऽपि कृत्ये प्रायश्चित्तोत्पत्तिः प्रतिपादिताऽस्ति तत् सत्यमसत्यं वा? इति प्रश्नोऽत्रोत्तरम्-साधुना विधिना विधीयमानेऽपि कृत्ये प्रायश्चित्तप्रदानं सत्यमेव, आगमे तथाभिधानाद्, विधिना हस्तशतात्परतो गमने ईर्यापथिकीप्रतिक्रमणवत् ॥२-१०-५६॥

પ્રશ્નઃ- સાધુ મહારાજને વિધિપૂર્વક અનુષ્ઠાન કરતાં પણ પ્રાયશ્ચિત્ત લાગવાનું જે કહેલું છે તે સાચું છે કે જુઠું?

ઉત્તરઃ- વિધિપૂર્વક ૧૦૦ હાથથી ઉપર ગમન કરતાં જેમ સાધુને ઈરિયાવહી પ્રતિક્રમણનું પ્રાયશ્ચિત્ત આવે છે, તેમ આગમમાં કહેલું હોવાથી, વિધિથી કરાતા કૃત્યમાં પણ પ્રાયશ્ચિત્તનું પ્રદાન સત્ય જ છે. ૨-૧૦-૫૬

तथा–अस्वाध्यायदिनत्रयान्तः कृत उपवास आलोचनातपस्येति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-अस्वाध्यायदिनत्रयसत्कं तप आलोचनातपसि नायाति ॥२-११-५७॥ (ऋतुमंतीं स्त्रियमधिकृत्यैतत् प्रश्नोत्तरम्)

प्रश्नः- સ્ત્રીને જ્યારે અડચણ આવે છે ત્યારે તે માસિક ધર્મના ત્રણ દિવસમાં કરેલો તપ આલોયણના તપમાં વાળી શકાય કે નહિ?

ઉત્તરઃ- ઋતુ સંબંધિ અસજ્ઝાયના ત્રણ દિવસમાં કરેલો તપ આલોયણના તપમાં ગણી શકાય નહિ. ૨-૧૧-૫૭

तथा– दिनादिपौरुष्यनन्तरं दशवैकालिकादिसूत्रगणनं शुध्यति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-अहोरात्रमध्ये सन्ध्याचतुष्टयं विहाय सर्वत्र दशवैकालिकादिगणनं शुध्यतीति बोध्यम् ॥२-१२-५८॥

प्रश्नः- દિવસ વગેરેની પોરસી પ્રમાણ કાલ ૬ ઘડી થયા બાદ દશવૈકાલિકાદિ સૂત્ર ગણવાં સુઝે કે નહિ?

ઉત્તરઃ- દિવસ અને રાત્રિની ચાર સંધ્યા[32] વર્જીને બધા વખતે દશવૈકાલિકાદિ સૂત્રનું ગણવું સુઝે છે. ૨-૧૨-૫૮

ટિપ્પણ-૩૨. કેટલાક આચાર્યોના મતે સૂર્યોદય પહેલાંની ૧ ઘડી અને પછીની ૧ ઘડી, બીજા આચાર્યોના મતે સૂર્યોદય પહેલાંની ૨ ઘડી અને કેટલાક આચાર્યોના મતે સૂર્યોદય પછીની ૨ ઘડી, આ પ્રમાણેની (૧) દિન સંધ્યા, (૨) મધ્યાન્હ સંધ્યા, (૩) દિન સંધ્યા પ્રમાણે ત્રણ પ્રકારની સાયંકાલની સંધ્યા અને (૪) મધ્ય રાત્રિની સંધ્યા, એમ ચાર સંધ્યા છે.

तथा–भगवतीपञ्चमशतके चत्वारि प्रमाणान्युक्तानि, रत्नाकरावतारिकायां तु द्वे कथम्? इति प्रश्नोऽत्रोत्तरम्-भगवतीपञ्चमशतके चत्वारि प्रमाणान्युक्तानि, रत्नाकरावतारिकायां च परोक्षप्रमाणेऽनुमानोपमानाऽऽगमलक्षणप्रमाणत्रयस्यान्तर्भावविवक्षया प्रमाणद्वयमुक्तमस्तीति बोध्यम् ॥२-१३-५९॥

प्रश्नः- ભગવતીજી મહાસૂત્રના પાંચમા [33]શતકમાં ચાર પ્રમાણ કહ્યાં છે અને [34]રત્નાકરાવતારિકામાં બે કહ્યાં છે, તેનું કેમ?

ઉત્તરઃ- ભગવતીજીના પાંચમા શતકમાં ચાર પ્રમાણ કહ્યાં છે. અને રત્નાકરાવતારિકામાં અનુમાન, આગમ અને ઉપમાન, આ ત્રણ પ્રમાણોનો પરોક્ષ પ્રમાણમાં સમાવેશ કરેલો હોવાથી બે પ્રમાણ કહ્યાં છે એમ જાણવું. ૨-૧૩-૫૯

ટિપ્પણ-૩૩. ''से किं तं पमाणे ? पमाणे चउव्विहे पण्णत्ते, तं जहा-पच्चक्खे अणुमाणे ओवम्मे आगमे ।''

(ભગવતી સૂત્ર, પૃ. ૩૯૯)

ભાવાર્થઃ-'હે ભગવન્ ! પ્રમાણ કેટલાં છે ? પ્રમાણ ચાર પ્રકારનાં છે. ૧ પ્રત્યક્ષ, ૨ અનુમાન, ૩ ઉપમાન અને ૪ આગમ પ્રમાણ.'

ટિપ્પણ-૩૪. "तद् द्विभेदं प्रत्यक्षं च परोक्षं च ।" (રત્નાકરાવતારિકા પૃ. ૪૭)
ભાવાર્થ-'પ્રમાણના બે ભેદ છે-૧ પ્રત્યક્ષ અને ૨ પરોક્ષ.'

तथा–भगवतीनवमशतकोक्तोऽश्रुत्वाकेवली धर्मोपदेशं दत्ते न वा? इति प्रश्नोऽत्रोतरम्-अत्रैकं ज्ञातमेकं प्रश्नं च मुक्त्वा धर्मोपदेशं न दत्ते इति तत्रैवोक्तमस्तीति ।।२-१४-६०।।

પ્રશ્નઃ- ભગવતીજીના નવમા શતકમાં જણાવેલા [૩૫]અસોચ્ચા કેવલી ધર્મનો ઉપદેશ આપે કે નહિ?

ઉત્તરઃ- 'એકાદ દૃષ્ટાંત અથવા એકાદ પ્રશ્નોત્તર સિવાય ધર્મોપદેશ તેઓ ન આપે' એમ શ્રી ભગવતીના તે સ્થલમાં જ કહેલું છે. ૨-૧૪-૬૦

ટિપ્પણ-૩૫. "से णं भंते? केवलि पन्नत्तं धम्मं आघवेज्ज वा पन्नवेज्ज वा परूवेज्ज वा? नो तिणट्ठे समट्ठे णण्णत्थ एगण्णाएण वा एगवागरणेण वा ।" (ભગવતી સૂત્ર, પૃ. ૪૩૪)

अथ पण्डितविवेकहर्षगणिकृत-प्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

स्थानाङ्गे चतुर्थस्थानेऽन्तक्रियाधिकारे "दीहेणं परिआएणं" इत्येवोभयत्र पाठः सूत्रे, वृत्तौ च सनत्कुमारान्तक्रियायां दीर्घतरेणेति व्याख्यातं, तथैव च सङ्गतिः, अन्यथा सनत्कुमारचक्रिणस्तद्भवमुक्तताऽऽपद्येत, तेन सूत्रे तरशब्दः किमिति नोक्तः? इति प्रश्नोऽत्रोत्तरम्-स्थानाङ्गे चतुर्थस्थाने-ऽन्तक्रियाधिकारे दीर्घतरेणेति व्याख्यातम्, भरतान्तक्रियाधिकारे तु न तथेत्येतद् "व्याख्यातो विशेषार्थप्रतिपत्तिः" इतिन्यायादेवेति बोध्यम् । सूत्रे तरशब्दाग्रहणं तु "सोपस्काराणि सूत्राणि" इतिन्यायज्ञापनार्थमिति दिक् ।।२-१५-६१।।

પ્રશ્નકાર પંડિત શ્રી વિવેકહર્ષ ગણિ

પ્રશ્નઃ- ઠાણાંગસૂત્રના ચોથા સ્થાનમાં અન્તક્રિયાના અધિકારમાં "दीहेणं परिआएणं" આ પ્રમાણે જ સૂત્રમાં બન્ને ઠેકાણે પાઠ છે, અને ઉપર્યુક્ત સૂત્રની ટીકામાં સનત્કુમારની અન્તક્રિયામાં दीर्घतरेण આ પ્રમાણે કહીને વ્યાખ્યા કરી છે અને સૂત્રપાઠની સંગતિ પણ તે રીતે જ થાય છે, એમ ન કહે તો સનત્કુમાર ચક્રવર્તિને તે ભવમાં જ મોક્ષ પ્રાપ્ત થવાની આપત્તિ આવે, તો પછી સૂત્રમાં તર શબ્દનો પ્રયોગ કેમ નથી કર્યો?

ઉત્તરઃ- ઠાણાંગ સૂત્રના ચોથા સ્થાનમાં અન્તક્રિયાના અધિકારમાં "[૩૬]दीहेणं परिआएणं" આ પ્રમાણે જ (પહેલી અને ત્રીજી અન્તક્રિયારૂપ) બન્ને ઠેકાણે પાઠ છે, તો પણ જે સનત્કુમારની અન્તક્રિયાના અધિકારમાં दीर्घतरेण એવી વ્યાખ્યા કરી, અને ભરત ચક્રવર્તીની અન્તક્રિયાના અધિકારમાં दीर्घतरेण[૩૭] એવી વ્યાખ્યા ન કરી, તે, "व्याख्यातो विशेषार्थप्रतिपत्तिः" -'વ્યાખ્યા દ્વારા વિશેષ અર્થનો

બોધ થાય છે.' આ ન્યાય હોવાથી જ જાણવું. સૂત્રમાં જે 'તર' શબ્દનું ગ્રહણ નથી કર્યું તે તો ''सोपस्काराणि सूत्राणि''-'સૂત્રો કાંઈને કાંઈ સંસ્કારને યોગ્ય હોય છે,' આ ન્યાય જણાવવા માટે છે. ૨-૧૫-૬૧

ટિપ્પણ-૩૬. ''तत्थ खलु पढमा इमा अंतकिरिया XXX तहप्पगारे पुरिसज्जाते दीहेणं परितातेणं सिज्झति बुज्झति मुच्चति परिणिव्वाति सव्वदुक्खाणमंतं करेइ जहा से भरहे राया चाउरंत चक्कवट्टी, पढमा अंतकिरिया XXX अहावरा तच्चा अंतकिरिया, महाकम्मे पच्चायाते यावि भवति, सेणं मुंडे भवित्ता अगारातो अणगारियं पव्वतिते, जहा दोच्चा, नवरं दीहेणं परितातेणं सिज्झति जाव सव्वदुक्खाणमंतं करेति, जहा से सणंकुमारे राया चाउरंत चक्कवट्टी ।'' (ઠાણાંગ સૂત્ર, પૃ. ૧૬૯)

ભાવાર્થ:-'કર્મ અથવા ભવના અન્ત કરવારૂપ અન્તક્રિયાના ૪ પ્રકાર છે. (૧) તથાપ્રકારનો તપ તેમ જ તથાપ્રકારની પરિષહાદિજનિત વેદના ન હોય અને દીર્ઘ પ્રવ્રજ્યા પર્યાયથી સિદ્ધ થાય, (૨) વિશિષ્ટ તપ અને તથાપ્રકારની પરિષહાદિ જનિત વેદના હોય અને અલ્પ જ પ્રવ્રજ્યા પર્યાયથી મુક્તિ થાય, (૩) પ્રકૃષ્ટ તપ તેમજ પ્રકૃષ્ટ પરિષહાદિ જનિત વેદના હોય અને દીર્ઘ સંયમ પર્યાયથી મોક્ષ થાય, (૪) તથા પ્રકારનો તપ અને તથા પ્રકારની પરિષહાદિ જનિત વેદના ન હોય અને અલ્પ દીક્ષા પર્યાયથી નિર્વાણ પદ પામે તે છે. શું કોઈ તથાપ્રકારનો તપ તથાપ્રકારની વેદના વિના દીર્ઘ પર્યાયથી પણ સિદ્ધ થયા છે? આ શંકાના નિરાકરણ માટે સૂત્રકાર મહર્ષિ જણાવે છે કે—જેમ કે ચાતુરન્ત ચક્રવર્તી, પ્રથમ જિનના પ્રથમ પુત્ર, પૂર્વભવમાં અલ્પ બનાવેલાં કર્મોવાળા એવા ભરત મહારાજા સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવીને ચક્રવર્તી તરીકે ઉત્પન્ન થઈને રાજ્યાવસ્થામાં જ કેવલજ્ઞાન ઉપાર્જીને લાખ પૂર્વનો પ્રવ્રજ્યા પર્યાય પાલીને તથાવિધ તપ અને વેદના વિના જ સિદ્ધ થયા છે.'

ટિપ્પણ-૩૭. ''अहावरे'त्यादि कण्ठ्यं, यथाऽसौ सनत्कुमार इति चतुर्थचक्रवर्ती, स हि महातपा महावेदनश्च सरोगत्वात् दीर्घतरपर्यायेण सिद्धः, तद्भवे सिद्ध्यभावेन भवान्तरे सेत्स्यमानत्वादिति'' (ઠાણાંગ સૂત્રવૃત્તિ, પૃ. ૧૭૧/૧)

ભાવાર્થ:-'ચારિત્રમાં રોગો સહન કર્યા હોવાથી અને તે ભવમાં સિદ્ધ થયા નથી પણ ભવાન્તરમાં સિદ્ધ થશે, તે માટે સનત્કુમાર ચક્રવર્તી મહાતપવાળા અને મહાવેદનાવાળા વધારે દીર્ઘપર્યાયથી સિદ્ધ થયા જાણવા.'

तथा–कल्पकिरणावल्यां प्रथमं प्रथमचतुर्मास्यामेव तापसाश्रमतो निर्गमाधिकारे ''नाऽप्रीतिमद्गृहे वासः'' इत्यादिना पञ्चाभिग्रहग्राहित्वेन मौनग्राही भगवानुक्तः, पश्चादुत्पलस्य स्वमुखेन मालास्वप्नार्थमुक्तवान्, तथा तिलकणनिष्पत्त्यादिस्थलेष्वनेकशो गोशालकेनापि समं जल्पितवान् तत् [१]कथम्? इति प्रश्नोऽत्रोत्तरम्-कल्पकिरणावल्यां प्रथमचतुर्मासके पञ्चाभिग्रहधारित्वेन मौनग्राही भगवानुक्तस्तथापि दशस्वप्नाधिकारे उत्पलस्य पुरतो मालास्वप्नार्थमुक्तवान्, तथा तिलकणनिष्पत्त्यादिस्थलेषु बहुशो गोशालकेन समं जल्पितवान् तत्कथम्? इत्यारेका तु न युक्तिमती, यतस्तेन भगवता तथैव द्रव्यक्षेत्राद्यभिप्रायेण मौनाभिग्रहः कृतो भावी यथा लेशतोऽपि भङ्गप्रसङ्गो न स्यादिति ।।२-१६-६२।।

१ प्रत्यन्तरे किम् ।

પ્રશ્નઃ- કલ્પકિરણાવલીમાં પ્રથમ પહેલા ચાતુર્માસમાં જ તાપસના આશ્રમમાંથી વિહાર કરતાં ``[38]नाऽप्रीतिमद्गृहेवासः''-જેના ઘરમાં રહેતાં અપ્રીતિ ઉપજે તેના ઘરમાં રહેવું નહિ" ઈત્યાદિ પાઠથી પાંચ અભિગ્રહોને ધારણ કરનારા ભગવાનને મૌન ગ્રહણ કરનાર તરીકે કહ્યા છે અને પછી 'તેઓએ સ્વમુખે ઉત્પલ નૈમિત્તિકને માલા સ્વપ્નનો અર્થ કહ્યો છે, તેમ જ તલની ઉત્પત્તિ વગેરે સ્થળોમાં ઘણી વાર ગોશાલાની સાથે બોલ્યા છે,' એમ પણ જણાવ્યું છે, તો તે કેવી રીતે ઘટે?

ઉત્તરઃ- કલ્પકિરણાવલીમાં પહેલા ચોમાસામાં પાંચ અભિગ્રહો ધારણ કર્યા હોવાથી પ્રભુને મૌની કહ્યા છે, તો પણ 'દશ સ્વપ્નના અધિકારમાં ઉત્પલની સન્મુખ માલા સ્વપ્નનો અર્થ કહ્યો છે, તેમ જ તલની ઉત્પત્તિ વગેરે સ્થળોમાં ઘણી વાર ગોશાલાની સાથે બોલ્યા છે, તે કેમ?" આવી શંકા કરવી યુક્તિયુક્ત નથી. કારણ કે—ભગવાને તથાપ્રકારના દ્રવ્ય, ક્ષેત્રાદિના અભિપ્રાયથી મૌન સ્વાકાર્યું હશે કે જેથી અભિગ્રહનો લેશ માત્ર પણ ભંગ થાય નહિ. ૨-૧૬-૬૨

ટિપ્પણ-૩૮. **''नाप्रीतिमद्गृहे वासः १, स्थेयं प्रतिमया सदा २ ।**
न गेहिविनयः कार्यः३, मौनं ४ पाणौ च भोजनम्५ ॥१०॥''

(કલ્પકિરણાવલી, પૃ. ૧૦૧)

ભાવાર્થઃ—'ભગવાન મહાવીરે જે પાંચ અભિગ્રહો સ્વીકાર્યા હતા તે આ પ્રમાણે છે—(૧) જેને અપ્રીતિ ઉપજે તેની વસતિમાં નહિ રહેવું, (૨) હમેશાં પ્રતિમા-કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેવું. (૩) ગૃહસ્થોનો વિનય કરવો નહિ, (૪) મૌન રહેવું અને (૫) હાથમાં ભોજન રાખીને વાપરવું.'

तथा—आषाढसितचतुर्दशी ग्रीष्मचतुर्मासकवासर इति हि सिद्धान्तः, तथैवाग्रे पर्युषणाया दिनानां पञ्चाशत्त्वव्यवस्थितेः, तथापि कल्पकिरणावल्यामाषाढसितचतुर्दश्या आरभ्य भाद्रपदसितचतुर्थी यावदित्युक्तमस्ति तत्कथं घटते दिनानामेकपञ्चशत्त्वप्राप्तेः? इति प्रश्नोऽत्रोत्तरम्-कल्पकिरणावल्यामाषाढसितचतुर्दश्या आरभ्य भाद्रपदसितचतुर्थी यावदित्यत्राषाढसितचतुर्दश्या अवधित्वेनोपादानात्सा मध्ये न गण्यते, अतः पूर्णिमातो दिनगणने तेषां पञ्चाशदेवेति बोध्यम् ॥२-१७-६३॥

પ્રશ્નઃ- આષાઢ સુદ ૧૪ એ ઉનાળાની ચોમાસીનો દિવસ છે, એ સિદ્ધાંત છે. અને તે જ પ્રમાણે આગળ ૫૦ દિવસે સંવત્સરીની વ્યવસ્થા છે, તો પણ કલ્પકિરણાવલીમાં અષાઢ[39] સુદ ૧૪ થી આરંભીને ભાદરવા સુદ ૪ સુધી એમ કહ્યું છે, તે કેમ ઘટે? કારણ કે ૫૧ દિવસ થાય છે.

ઉત્તરઃ- કલ્પકિરણાવલીમાં[40] આષાઢ સુદ ૧૪થી આરંભીને ભાદરવા સુદ ૪

...વુ છે, તેમાં ૧૪ ને અવધિ તરીકે રાખી હોવાથી તે દિવસ ગણનામાં ગણાય નહિ, એટલે પૂનમથી ગણતાં ૫૦ દિવસ જ થાય છે, તે જાણવું. ૨-૧૭-૬૩

ટિપ્પણ-૩૯. "तत्र दिनानां पञ्चाशदाषाढसितचतुर्दश्या आरभ्य भाद्रसितचतुर्थ्यन्तम् ।"
(કલ્પ કિરણાવલી, પૃ. ૪)

ટિપ્પણ-૪૦. ઉ. શ્રીધર્મસાગરજીને અને તેમના સઘળા ગ્રંથોને સર્વથા અપ્રામાણિક માનનારાઓએ આ પ્રશ્નોત્તર વિચારવો. જો સર્વથા તેઓ અપ્રમાણિક જ હોત તો કલ્પકિરણાવલી કે જે ઉ. શ્રીધર્મસાગરની જ બનાવેલી છે તેના શંકિત સ્થલ માટે ઉત્તરદાતા આચાર્ય મહારાજ શ્રીવિજયહીરસૂરિજી સત્યતાની સિદ્ધિ કરત નહિ, એ એક વાત. બીજું, આજે તિથિવાદમાં અસત્ય પક્ષમાં પડેલાઓ પંચાંગમાં તિથિની ક્ષય વૃદ્ધિ આવી હોય ત્યારે ઉદય તિથિઓની પણ કલ્પિત ફેરફારી કરી નાખે છે, તેમણે સમજવું જોઈએ કે-તેમ કરવાથી ચોમાસીથી સંવત્સરી વગેરેના દિવસો મળી શકશે નહિ. તથા તેઓ આરાધક આત્માઓ ઉપર જે અગીઆર અને તેર પર્વી માનવાનો આક્ષેપ કરે છે તે પણ જુઠો છે. કારણ કે આ પ્રશ્નોત્તર સાબીત કરે છે કે ઉપર્યુક્ત દિનગણનામાં વારથી દિવસો ગણાતા નથી કિન્તુ તિથિભોગથી દિવસો ગણાય છે. એટલે ક્ષીણ તિથિને ઉડાવી દેવાતી નથી તેમ જ વૃદ્ધિ તિથિને વધારે ગણવામાં આવતી નથી. વારથી દિન ગણના કરી તિથિવાદનો ઝંડો ઉપાડનારા તો શાસ્ત્રના સાચે જ અજ્ઞાન જીવો છે.

तथा–श्रीमहावीरमातापित्रोर्द्वादशस्वर्गोक्तिः श्रीआचाराङ्गे प्रकटा, चतुर्थस्वर्गोक्तिस्तु सूत्रे क्वापि न लभ्यते, तथापि प्रकरणादिष्वनेकेषु ग्रन्थेषु प्राधान्येन तुर्यस्वर्गोक्तिः, गौणत्वेन चांचाराङ्गसम्मतिस्तत्र को हेतुः? इति प्रश्नोऽत्रोत्तरम्– वीरस्य मातापित्रोर्द्वादशस्वर्गोक्तिराचाराङ्गे एव, चतुर्थस्वर्गोक्तिस्तु प्रवचनसारोद्धारादिषु ग्रन्थेषु, अत्रार्थे तत्त्वं सर्वविद्वेद्यमिति पुरातनग्रन्थकारैरुक्तमस्ति । चतुर्थस्वर्गस्य प्राधान्योक्तिस्तु बहुषु ग्रन्थेषु तच्छ्रवणादिति तत्त्वम् ।।२-१८-६४।।

પ્રશ્નઃ- શ્રી આચારાંગ સૂત્રમાં મહાવીર પ્રભુના માતા પિતા કાલ કરીને બારમા સ્વર્ગે ગયા છે એમ સ્પષ્ટ જણાવ્યું છે. પરંતુ કોઈ પણ સૂત્ર ગ્રંથમાં ચોથા સ્વર્ગે ગયાનો પાઠ મલતો નથી. તો પણ પ્રકરણાદિ અનેક ગ્રંથોમાં મુખ્યપણે ચોથા દેવલોકમાં ગયાનું વચન છે, અને શ્રી આચારાંગની સંમતિ ગૌણરૂપે છે, તેનું કારણ શું?

ઉત્તરઃ- ભગવાન મહાવીરના માતા પિતા કાલકરીને બારમા દેવલોકે ગયા છે એવું વચન શ્રી આચારાંગમાં જ છે, ચોથા દેવલોકમાં ગયાનું વચન તો શ્રી [૪૧]પ્રવચન સારોદ્ધારાદિ ઘણા ગ્રંથોમાં છે. આ વિષયમાં 'તત્ત્વ કેવલી જાણે' એમ પ્રાચીન ગ્રન્થકારોએ કહ્યું છે. પ્રધાનપણે 'ચોથા દેવલોકમાં ગયા' એવું વચન તો ઘણા ગ્રન્થોમાં તેનું શ્રવણ હોવાથી જાણવું. ૨-૧૮-૬૪

ટિપ્પણ-૪૧. ``अट्ठण्हं जणणीओ तित्थयराणं तु हुंति सिद्धाओ ।
अट्ठय सणंकुमारे माहिंदे अट्ठ बोद्धव्वा ।।३२५।।
नागेसुं उसहपिया सेसाणं सत्त हुंति ईसाणे ।
अट्ठ य सणंकुमारे माहिंदे अट्ठ बोद्धव्वा ।।३२६।।

(પ્રવચનસારોદ્ધાર, પૃ. ૮૫૧)

ભાવાર્થ:-'આઠ તીર્થંકરની માતાઓ સિદ્ધિપદ પામેલી છે, આઠ તીર્થંકરની માતાઓ ત્રીજા સનત્કુમાર દેવલોકમાં ગએલી જાણવી અને આઠ તીર્થંકરોની માતાઓ ચોથા મહેન્દ્ર સ્વર્ગમાં ગએલી છે એમ જાણવું. ઋષભદેવના પિતા નાગકુમારમાં અને સાત તીર્થંકરોના પિતા બીજા ઈશાન દેવલોકમાં અને આઠ તીર્થંકરોના પિતા ત્રીજા સનત્કુમાર સ્વર્ગમાં અને બીજા આઠ તીર્થંકરોના પિતાઓ ચોથા મહેન્દ્ર દેવલોકમાં ગએલા છે એમ જાણવું.'

तथा–औपपातिकोपाङ्गे अम्बडालापके ``अन्नउत्थिअपरिग्गहिआणि चेइआणि वा'' इत्येव सूत्रपाठोऽस्ति, चैत्यानि अर्हत्प्रतिमा:'' इति वृत्तिनीत्यापि सूत्रे 'अरिहंत' इति पदं न दृश्यते तेन यथात्र पाठः स्यात्तथा प्रसाद्यः? इति प्रश्नोऽत्रोत्तरम्-औपपातिकोपाङ्गे अम्बडश्रावकाधिकारे ``अन्नउत्थिअपरिग्गहिआणि चेइआणि वा'' इत्यालापके 'अरिहंत' इति पदं क्वचिदेवादर्शे दृश्यते न सर्वत्रेति वृत्तिकृता चैत्यानि-अर्हत्प्रतिमा इत्येव व्याख्यातमिति संभाव्यते ।।२-१९-६५।।

પ્રશ્ન:- ઔપપાતિક ઉપાંગમાં અંબડ પરિવ્રાજકના આલાવામાં ``[૪૨]अन्नउत्थिअ परिग्गहिआणि चेइआणि वा''–"અન્ય તીર્થિકોએ સ્વાધીન કરેલાં ચૈત્યો", આ પ્રમાણે સૂત્રપાઠ છે, ``चैत्यानि अर्हत्प्रतिमा:'' 'ચૈત્ય એટલે અર્હત્પ્રતિમા', આ પ્રમાણે ટીકાના અભિપ્રાયથી પણ સૂત્રમાં ``अरिहंत'' પદ દેખાતું નથી, તેથી અહીં જેવો પાઠ હોય તેવો જણાવવા કૃપા કરશો?

ઉત્તર:- ઔપપાતિક ઉપાંગમાં અંબડ શ્રાવકના અધિકારમાં ``अन्नउत्थिअ परिग्गहिआणि चेइआणि वा'' આ પ્રમાણેના આલાવામાં ``अरिहंत'' પદ કોઈક જ પ્રતમાં દેખાય છે, બધી પ્રતિઓમાં દેખાતું નથી, એ હેતુથી ટીકાકારે 'ચૈત્ય એટલે અરિહંતની પ્રતિમા' એવો જ અર્થ કર્યો હોય એમ સંભાવના થાય છે. ૨-૧૯-૬૫

ટિપ્પણ-૪૨. अम्मडस्स णो कप्पइ अन्नउत्थिया वा अण्णउत्थियदेवयाणि वा अण्णउत्थियपरिग्गहियाणि वा चेइयाइं वंदित्तए वा णमंसित्तए वा जाव पज्जुवासित्तए वा णण्णत्थ अरिहंते वा अरिहंतचेइयाइं वा ।

(ઔપપાતિક સૂત્ર, પૃ. ૭૯/૨)

ભાવાર્થ:-'અંબડ પરિવ્રાજકને અરિહંત અને અરિહંતના ચૈત્યોને વંદન, નમન, યાવત્ પર્યુપાસન કરવું કલ્પે પણ તે સિવાય અન્યતીર્થિકો, અન્યતીર્થિક દેવો અને અન્યતીર્થિક પરિગૃહીત ચૈત્યોને વંદન, નમન, યાવત્ પર્યુપાસન વગેરે કરવું કલ્પતું નથી, એવો નિયમ હતો.'

अथ पण्डितश्रीदेवविजयगणिकृत-प्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

``इक्कारस अंगाइं बार उवंगाइं दस पइन्नाइं'' इत्येतद्गाथोक्तानि प्रकीर्णकानि कानि? इति प्रश्नोऽत्रोत्तरम्-``इक्कारस अंगाइं'' इत्यादिगाथा ग्रन्थस्था ज्ञाता नास्ति तेन दशानां प्रकीर्णकानां पृथग् नामानि ग्रन्थे न सन्ति ॥२-२०-६६॥

પ્રશ્નકાર પંડિત શ્રીદેવવિજયગણિ

પ્રશ્ન:- ``इक्कारस अंगाइं बार उवंगाइं दस पइन्नाइं''– '૧૧ અંગ, ૧૨ ઉપાંગ અને ૧૦ પયન્ના', આ ગાથામાં કહેલા પયન્નાઓ કયા?

ઉત્તર:- ``इक्कारस अंगाइं'' આ ગાથા કોઈ ગ્રંથમાં હોય એમ જાણ્યું નથી, તેથી દશ પયન્નાઓનાં જુદાં નામો ગ્રંથમાં નથી. ૨-૨૦-૬૬

तथा–चत्वारि मूलसूत्राणि कानि? इति प्रश्नोऽत्रोत्तरम्-आवश्यकम् १. दशवैकालिकम् २. उत्तराध्ययनानि ३. ओघनिर्युक्तिः ४. चेति मूलसूत्राणि ॥२-२१-६७॥

પ્રશ્ન:- ચાર મૂલસૂત્રો કયા?

ઉત્તર:- આવશ્યક, દશવૈકાલિક, ઉતરાધ્યયન, અને ઓઘનિર્યુક્તિ આ ચાર મૂલસૂત્રો છે. ૨-૨૧-૬૭

तथा-षट् छेदग्रन्थाः के? इति प्रश्नोऽत्रोत्तरम्-निशीथम् १. महानिशीथम् २. दशाश्रुतस्कन्धः ३. बृहत्कल्पः ४. व्यवहारः ५. पञ्चकल्पः ६. चेति षट् छेदग्रन्थाः ॥२-२२-६८॥

પ્રશ્ન:- છ છેદ ગ્રંથો કયા?

ઉત્તર:- નિશીથ, મહાનિશીથ, દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ, વ્યવહાર, અને પંચકલ્પ આ છ છેદ ગ્રંથો છે. ૨-૨૨-૬૮

अथ पण्डितजिनानन्दगणिकृतप्रश्नौ-तत्प्रतिवचसी च यथा–

श्राद्धानामष्टमान्तप्रत्याख्यानेऽवश्रावणं कल्पते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-श्राद्धानामष्टमान्ततपस्यवश्रावणं न कल्पते, आचरणाया अभावादिति ॥२-२३-६९॥

પ્રશ્નકાર પંડિત જિનાનંદગણિ

પ્રશ્ન:- શ્રાવકોને અઠ્ઠમ સુધીના પચ્ચખ્ખાણમાં ભાતનું ઓસામણ કલ્પે કે નહિ?

ઉત્તર:- શ્રાવકોને અઠ્ઠમ સુધીના પચ્ચખ્ખાણમાં આચરણાનો અભાવ હોવાથી ભાતનું ઓસામણ કલ્પે નહિ. ૨-૨૩-૬૯

तथा–तद्दिनकृतगुडपर्पटिका कस्यां विकृतौ समायाति ? इति प्रश्नोऽत्रोत्तरम्-तद्दिनकृतगुडपर्पटिका घृतगुडरूपविकृतितया व्यवह्रियते इति वृद्धवादः ।।२-२४-७०।।

प्रश्नः- તે દિવસની કરેલી ગોલપાપડી કઈ વિગઈમાં ગણાય?

ઉત્તરઃ- તે દિવસની બનાવેલી ગોલપાપડી ઘી અને ગોળ વિગઈમાં ગણાય, એવો વૃદ્ધ વ્યવહાર છે. ૨-૨૪-૭૦

अथ पण्डितयशोविजयगणिकृत-प्रश्नौ तत्प्रतिवचसी च यथा–

गृहस्थाचारधरो यतिवेषवान् प्रतिक्रमणं कर्तुकामः किं सामायिकग्रहणपूर्वकं करोत्यथवा चैत्यवन्दनतः? इति प्रश्नोऽत्रोत्तरम्-गृहस्थाचारधरो यतिवेषवान् मुख्यवृत्त्या सामायिकग्रहणं कृत्वा प्रतिक्रमणं करोति ।।२-२५-७१।।

प्रश्नકાર પંડિતઃ શ્રીયશોવિજયજી ગણિ

प्रश्नः- પ્રતિક્રમણ કરવા ઈચ્છતો ગૃહસ્થના આચારને સેવનાર કોઈ સાધુવેષધારી શું સામાયિક ગ્રહણ કરવા પૂર્વક પ્રતિક્રમણ કરે કે ચૈત્યવંદનથી શરૂ કરે?

ઉત્તરઃ- ગૃહસ્થના આચારને સેવનાર સાધુવેષધારી મુખ્યવૃત્તિથી સામાયિક ગ્રહણ કરીને અર્થાત્ કરેમિ ભંતે ઉચ્ચરીને પ્રતિક્રમણ કરે. ૨-૨૫-૭૧

तथा–शीतोष्णकालयोर्गृहस्थानां जिनालये देववन्दनं काजोद्धरणपूर्वकं किं वा प्रमार्जनेन? इति प्रश्नोऽत्रोत्तरम्-शीतोष्णकालयोर्गृहस्थानां जिनालये देववन्दननिमित्तं काजोद्धरणस्य नियमो नास्ति तेन यदि कश्चित्करोति तदा करोतु ।।२-२६-७२।।

प्रश्नः- શીત અને ઉષ્ણકાલમાં અર્થાત્ ઋતુબદ્ધ આઠ મહિનામાં ગૃહસ્થોને જિનમંદિરમાં દેવવંદન કાજો કાઢીને કરવું કલ્પે કે પ્રમાર્જિને કરવું કલ્પે?

ઉત્તરઃ- શિયાળા અને ઉનાળામાં ગૃહસ્થોને જિનાલયમાં દેવવંદન નિમિત્તે કાજો કાઢવો પડે એવો નિયમ નથી, તેથી જો કોઈ દેવવંદન કરતા હોય તો ભલે કરે. (? તેથી જો કોઈ દેવવંદન નિમિત્તે કાજો કાઢતા હોય તો ભલે કાઢે.) ૨-૨૬-૭૨

अथ पुनः पण्डितनगर्षिगणिकृत-प्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

''सत्तट्ठगुरुपरंपरकुसीले एगबितिगुरुपरंपरकुसीले य'' इतिश्रीमहानिशीथ-तृतीयाध्ययनप्रारम्भप्रस्तावेऽस्य कोऽर्थः? इति प्रश्नोऽत्रोत्तरम्-''सत्तट्ठगुरुपरंपर-कुसीले एगबितिगुरुपरम्परकुसीले य'' इत्यत्र विकल्पद्वयप्रतिपादनादेवमवसीयते यदेकद्वित्रिगुरुपरम्परां यावत्कुशीलत्वेऽपि तत्र साधुसामाचारी सर्वथोच्छिन्ना न भवति तेन यदि कश्चित्क्रियोद्धारं करोति तदान्यसाम्भोगिकादिभ्यश्चारित्रो-पसम्पद्ग्रहणं विनाऽपि सरति । चतुरादिगुरुपरम्पराकुशीलत्वे तु साम्भोगिकादिभ्य-श्चारित्रोपसम्पदं गृहीत्वैव क्रियोद्धारं करोति नान्यथेति ।।२-२७-७३।।

પ્રશ્ન:- ``सत्तट्ठगुरुपरंपरकुसीले एगबितिगुरुपरंपर कुसीले य'' આ પ્રમાણે શ્રી મહાનિશીથ સૂત્રના ત્રીજા અધ્યયનની શરૂઆતના પ્રસ્તાવમાં જે પાઠ છે, તેનો શો અર્થ છે?

ઉત્તર:- ''સાત, આઠ ગુરુપરંપરાથી કુશીલપણું ચાલ્યું આવતું હોય અને એક બે કે ત્રણ ગુરુપરંપરાથી કુશીલપણું ચાલ્યું આવતું હોય," અહિ બે વિકલ્પોનું પ્રતિપાદન કરવાથી એમ જણાય છે કે—એક બે કે ત્રણ પાટથી કુશીલપણું ચાલ્યું આવતું હોય છતાં ય તેમાં સાધુસામાચારી સર્વથા નાશ પામી નથી, તેથી જો કોઈ ક્રિયા ઉદ્ધાર કરે તો અન્ય સાંભોગિક સાધુઓ (માંડલી વ્યવહારવાળા) પાસેથી ચારિત્રની [43]ઉપસંપદા ગ્રહણ કર્યા વિના પણ ચાલી શકે છે; પરંતુ ચાર આદિ ગુરુપરંપરાથી કુશીલપણું ચાલ્યું આવતું હોય તો સાંભોગિક સાધુઓ પાસેથી ચારિત્રની ઉપસંપદા ગ્રહણ કરીને જ ક્રિયા ઉદ્ધાર કરી શકે, અન્યથા નહિ. ૨-૨૭-૭૩

ટિપ્પણ-૪૩. ઉપસંપદા=જ્ઞાનાદિ નિમિત્તે સુવિહિત આચાર્ય પાસે જઈ તેમની નિશ્રા સ્વીકારવી, તે પાંચ પ્રકારની છે-(૧) શ્રુતોપસંપદા, (૨) સુખદુઃખોપસંપદા, (૩) ક્ષેત્રોપસંપદા, (૪) માર્ગોપસંપદા અને (૫) વિનયોપસંપદા.

तथा–महाविदेहविजयेषु विचरत्सु केवलिजिनेष्वन्यजिनानां जन्मादि स्यात्? किं वा तन्मोक्षगमनानन्तरम्? इति प्रश्नोऽत्रोत्तरम्-महाविदेहविजयेषु विचरत्सु केवलिषु जिनेषु छद्मस्थेषु वाऽन्येषां जिनानां जन्मादि न स्यादिति ।।२-२८-७४।।

પ્રશ્ન:- મહાવિદેહની વિજયોમાં કેવલિ તીર્થંકરો જ્યારે વિચરતા હોય ત્યારે અન્ય તીર્થંકરોનો જન્મ થાય કે એ તીર્થંકરોના મોક્ષ ગયા બાદ થાય?

ઉત્તર:- મહાવિદેહની વિજયોમાં વિચરતા એવા કેવલી અથવા છદ્મસ્થ તીર્થંકરો હોય ત્યારે અન્ય તીર્થંકરોનો જન્મ વગેરે ન થાય. ૨-૨૮-૭૪

तथा–चतुर्मासकमध्ये नगरग्रामादिमध्यावस्थाने क्षणावसरे योजनमितक्षेत्रे पुष्पप्रकरो देवैः क्रियते न वा? अष्टप्रातिहार्याणां नैयत्येनोक्तत्वात्, चेत् क्रियते तदा लोकगृहादौ कथम्? इति प्रश्नोऽत्रोत्तरम्-चतुर्मासकमध्ये तीर्थङ्कराणां नगरादाववस्थानं प्रायो न भवति, यदि कदाचिद्भवेत्तदा यथौचित्येनैव पुष्पप्रकरादि क्रियमाणमेव संभाव्यतेऽन्यथा प्रातिहार्यनैयत्यं न स्यादिति ।।२-२९-७५।।

પ્રશ્ન:- ચાતુર્માસની અંદર જ્યારે તીર્થંકરો નગર, ગામ વગેરેની મધ્યમાં અવસ્થાન કરે ત્યારે વ્યાખ્યાન અવસરે યોજન પ્રમાણ ક્ષેત્રમાં 'આઠ પ્રાતિહાર્યો (અતિશય વિશેષો) હમેશાં પ્રભુની સાથે જ હોય' એવું કહેલું હોવાથી દેવો પુષ્પનો પ્રકર કરે કે નહિ? જો પુષ્પનો પ્રકર કરે એમ કહેવામાં આવે તો લોકોના ઘર વગેરેમાં તે શી રીતે સંભવે?

ઉત્તરઃ- ચાતુર્માસમાં તીર્થંકરોનું નગર વગેરેમાં અવસ્થાન પ્રાયે કરીને થતું નથી. અને જો કદાચિત્ થાય તો દેવો ઉચિતતાનું ઉલ્લંઘન કર્યા વિના જ પુષ્પનો પ્રકર કરે એમ સંભાવના થાય છે. જો એમ ન માનીએ તો પ્રાતિહાર્યોનો નિયમ બની શકે નહિ. ૨-૨૯-૭૫

तथा–चतुर्मासकमध्ये समवसरणं स्यान्न वा? तथा द्वादशपर्षदो नगरमध्ये कथं मान्ति? इतिप्रश्नोऽत्रोत्तरम्-चतुर्मासकमध्ये समवसरणमपि न नियतम्, कदाचिद् भवति कदाचिन्न भवत्यपि । पर्षदस्तु द्वादशापि नियता एव तेन नगरमध्येऽपि सुखेन मान्तीति प्रतिभाति ।।२-३०-७६।।

પ્રશ્નઃ- ચાતુર્માસમાં દેવો સમવસરણની રચના કરે કે નહિ? તથા નગરની અંદર બારપર્ષદાનો સમાવેશ શી રીતે થાય?

ઉત્તરઃ- ચોમાસામાં સમવસરણની રચના દેવતાઓ કરે જ એવો નિયમ નથી. કોઈ વખતે કરે અને કોઈ વખતે ન પણ કરે, પરંતુ બારે પર્ષદા તો નિયત છે જ, તેથી નગરમાં પણ તે સુખપૂર્વક માઈ શકે છે, એમ લાગે છે. ૨-૩૦-૭૬

तथा-गर्गाचार्यत्यक्तपञ्चशतसाधूनां साधुत्वं सम्भाव्यते न वा, स्वेच्छाचारित्वात्? इति प्रश्नोऽत्रोत्तरम्-गर्गाचार्यत्यक्तशिष्याणां व्यवहारतः साधुत्वेऽपि परमार्थतः साधुत्वाभाव एव सम्भाव्यते ।।२-३१-७७।।

પ્રશ્નઃ- ગર્ગાચાર્યે તજેલા ૫૦૦ સાધુઓમાં સ્વેચ્છાચારીપણું હોવાથી સાધુપણું માની શકાય કે કેમ?

ઉત્તરઃ- ગર્ગાચાર્યે ત્યાગ કરેલા ૫૦૦ શિષ્યોમાં વ્યવહાર દૃષ્ટિએ સાધુપણું હોવા છતાં પણ પરમાર્થ દૃષ્ટિએ સાધુપણાનો અભાવ જ માની શકાય છે. ૨-૩૧-૭૭

तथा–ग्रामनगरदेशादिस्थापना भरतेन कृता, ``बहलीअडम्बइल्ला'' इत्यादिषु च्छद्मस्थो भगवान् विहृतवानिति तदा कथं देशाभिधानं कथितम्? इति प्रश्नोऽत्रोत्तरम्-``बहलीअडम्बइल्ला'' इत्यादिषु च्छद्मस्थो भगवान् विहृतवान् इत्यत्र भगवता स्वसुतानां राजप्रदानावसरे देशादिनामस्थापनायाः कृतत्वान्न काऽप्याशङ्केति ।।२-३२-७८।।

પ્રશ્નઃ- જ્યારે ગામ, નગર, અને દેશ વગેરેની સ્થાપના ભરતે કરેલી છે ત્યારે તે વખતે ``बहलीअडम्बइल्ला'' ઈત્યાદિ દેશ, નગર અને ગામ વગેરેમાં છદ્મસ્થ ભગવાન વિચર્યા એવું દેશાભિધાન શી રીતે કહ્યું? કેમકે તે વખતે તો નામ પડ્યું ન હતું.

ઉત્તરઃ- ભગવંતે જ્યારે પોતાના પુત્રોને રાજ્ય આપ્યું તે અવસરે દેશ વગેરેના નામની સ્થાપના કરી હતી માટે ``बहलीअडम्बइल्ला'' ઈત્યાદિ દેશોમાં છદ્મસ્થ ભગવાન વિચર્યા તેમાં કોઈ શંકાનું કારણ નથી. ૨-૩૨-૭૮

अथ पण्डितडाहर्षिगणिकृत-प्रश्नस्तत्प्रतिवचश्च यथा–

दत्तेऽसौ सर्वसौख्यानि त्रिशुद्ध्याऽऽराधितो यतिः । विराधितश्च [1]तैरश्चनरकाऽनल्पयातनाः ॥९०॥ चारित्रिणो महासत्त्वा व्रतिनः सन्तु दूरतः । निष्क्रियोऽप्यगुणज्ञोऽपि न विराध्यो मुनिः क्वचित् ॥९१॥ यादृशं तादृशं वापि दृष्ट्वा वेषधरं मुनिम् । गृही गौतमवद्भक्त्या पूजयेत् पुण्यकाम्यया ॥९२॥ वन्दनीयो मुनेर्वेषो न शरीरं हि कस्यचित् । व्रतिवेषं ततो दृष्ट्वा पूजयेत् सुकृती जनः ॥९३॥ पूजितो निष्क्रियोऽपि स्याल्लज्जया व्रतधारकः । अवज्ञातः सत्क्रियोऽपि व्रते स्याच्छिथिलादरः ॥९४॥ दानं दया क्षमा शक्तिः सर्वमेवाल्पसिद्धिकृत् । तेषां ये व्रतिनं दृष्ट्वा न नमस्यन्ति मानवाः ॥९५॥ आराधनीयास्तदमी विशुद्ध्या जैनलिङ्गिनः । न कार्या सर्वथा तेषां निन्दा स्वार्थविघातिका ॥९६॥ कारणं तव कुष्ठानां, महीपाल ! स्फुटं ह्यदः । मा कदापि मुनीन् क्रुद्धानपि त्वं तु विराधयेः ॥९७॥ इति श्रीवृद्धशत्रुञ्जयमाहात्म्यद्वितीयसर्गमध्यगतश्लोकास्तेषां मध्ये केवललिङ्गमात्रधरोऽपि मुमुक्षुर्वन्दनीयो गौतमवत् पूजनीयश्च तत्कथं केन हेतुना ? इति प्रश्नोऽत्रोत्तरम्-'दत्तेऽसौ सर्वसौख्यानि' इत्यादिशत्रुञ्जयमाहात्म्य द्वितीयसर्गमध्यगतश्लोकास्तु कारणिकविधिमाश्रित्य तीर्थोद्भावनबुद्ध्या वा कृताः सम्भाव्यन्ते इति न कश्चिद्दोष इति ॥२-३३-७९॥

१. तैरच्चय रति पांठः प्रत्यन्तरे

પ્રશ્નકાર પંડિત ડાહર્ષિગણિ

પ્રશ્નઃ- 'શુદ્ધ મન વચન અંને કાયાથી આરાધના કરાયેલ સાધુ સર્વ સુખ આપે છે, અને વિરાધના કરાયેલ સાધુ તિર્યંચ અને નારકીઓના અનલ્પ-ઘણાં દુઃખો આપે છે.' (૯૦) 'મહાસત્ત્વશાલી ચારિત્ર સંપન્ન સાધુઓ તો દૂર રહો, પરંતુ ક્રિયા વિહીન, અને ગુણને નહિ જાણનારા એવા પણ મુનિ કોઈ પણ વખતે વિરાધવા યોગ્ય નથી.' (૯૧) 'જેવા તેવા પણ વેષધારી મુનિને જોઈને ગૃહસ્થે પુન્યની ઈચ્છાથી ગૌતમ પ્રભુની જેમ પૂજવા જોઈએ.' (૯૨). 'મુનિનો વેષ વંદનીય છે, શરીર વંદનીય નથી, માટે પુણ્યશાલી મનુષ્યે સાધુવેષનને જોઈને તેઓની પૂજા ભક્તિ કરવી જોઈએ.' (૯૩) 'ક્રિયાવિહીનની પણ જો પૂજા કરવામાં આવે તો શરમથી પણ વ્રતને ધારણ કરી રાખનાર પણ બને છે, પરંતુ સુંદર ક્રિયા કરનારો હોય તથાપિ જો અવજ્ઞા કરવામાં આવે તો વ્રતમાં મન્દ આદરવાળો થઈ જાય છે.' (૯૪) 'જે મનુષ્ય સાધુને જોઈને નમસ્કાર કરતા નથી તેઓનું દાન, દયા, ક્ષમા અને સામાર્થ્ય (વગેરે) સર્વ ગુણો સિદ્ધિ કરનારા થતા નથી.' (૯૫) 'માટે જૈન લિંગને ધારણ કરનાર સાધુઓની શુદ્ધ મન, વચન અને કાયાથી આરાધના કરવી પરંતુ તેઓની પોતાના સ્વાર્થનો વિઘાત કરનારી નિન્દા તો સર્વથા નહિ જ કરવી.' (૯૬) 'હે રાજન્ ! તને કોઢ રોગ થયો તેનું સ્પષ્ટ કારણ જો કોઈ પણ હોય તો

મુનિની વિરાધના છે. માટે ક્રોધે ભરાયેલા મુનિની પણ તું વિરાધના કદાપિ કરીશ નહિ.' (૯૭) આ પ્રમાણે 'શ્રી વૃદ્ધ શત્રુંજય માહાત્મ્યના બીજા સર્ગમાં શ્લોકો છે. એ શ્લોકોમાં કેવલ વેષ માત્રને ધારણ કરનારો પણ મુમુક્ષુ વંદન કરવા યોગ્ય છે અને ગૌતમ સ્વામિની માફક પૂજા કરવા યોગ્ય છે, તે કઈ રીતે અને કયા કારણથી કહ્યું છે?

ઉત્તરઃ- ``दत्तेऽसौ सर्वसौख्यानि' ઈત્યાદિ શત્રુંજય માહાત્મ્યના બીજા સર્ગની અંદરના શ્લોકો કારણિક વિધિને આશ્રયીને અથવા તીર્થ પ્રભાવનાની બુદ્ધિથી કર્યા હોય એમ સંભવે છે, માટે કાંઈ દોષ નથી. ૨-૩૩-૭૯

अथ वटपल्लीयपण्डितपद्मविजयगणिकृत-प्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

पाक्षिकादिप्रतिक्रमणमध्ये चैत्यवन्दनादारभ्य किं सूत्रं यावत्पञ्चेन्द्रियच्छिन्दनं निवार्यते? इति प्रश्नोऽत्रोत्तरम्-पाक्षिकादिप्रतिक्रमणमध्ये चैत्यवन्दनादारभ्य ``[1]इच्छामो अणुसट्ठिं'' यावत् पञ्चेन्द्रियच्छिन्दनं निवार्यमाणं परम्परया दृश्यते परं व्यक्ताक्षराणि नोपलभ्यन्ते ।।२-३४-८०।।

१ अन्तिमस्वाध्यायं यावदित्यपि पाठः प्रत्यन्तरे ।

પ્રશ્નકાર પંડિત પદ્મવિજય ગણિ

પ્રશ્નઃ- પખ્ખી વગેરે પ્રતિક્રમણમાં ચૈત્યવંદનથી આરંભીને કયા સૂત્ર સુધી પંચેન્દ્રિય જીવની છીંક નિવારાય છે?

ઉત્તરઃ- પખ્ખી વગેરે પ્રતિક્રમણમાં ચૈત્યવંદનથી આરંભીને ``इच्छामो अणुसट्ठिं'' સુધી અર્થાત્ છ આવશ્યક સુધી પંચેન્દ્રિયની છીંક નિવારણ કરાતી પરંપરાથી જોવાય છે, પરંતુ તેવા પ્રકારના સ્પષ્ટ અક્ષરો દેખાતા નથી. ૨-૩૪-૮૦

(વર્તમાનમાં છેલ્લા દુઃખક્ષય-કર્મક્ષયના કાયોત્સર્ગ સુધી છીંક નિવારાય છે. એથી જ એ કાયોત્સર્ગ સુધીમાં કોઈને છીંક આવે તો ક્ષુદ્રોપદ્રવનિવારણનો કાયોત્સર્ગ કરાય છે. પણ આ પાઠના આધારે इच्छामो अणुसट्ठिं પછી છીંક આવે તો ક્ષુદ્રોપદ્રવનિવારણનો કાયોત્સર્ગ કરવાની જરૂર નથી.)

तथा–पाक्षिकादिप्रतिक्रमणे क्रियमाणे छिक्कासद्भावे कुतः स्थानात्किं स्थानं यावत् पुनः प्रतिक्रमणं क्रियते? इति प्रश्नोऽत्रोत्तरम्-पाक्षिकप्रतिक्रमणे पाक्षिकातिचारालोचनादर्वाग् यदि छिक्का जायते तदा सत्यवसरे चैत्यवन्दनादि पुनः कर्तव्यमिति वृद्धसम्प्रदायः ।।२-३५-८१।।

પ્રશ્નઃ- પખ્ખી વગેરે પ્રતિક્રમણ કરતાં છીંક આવી હોય ત્યારે ક્યાંથી ક્યાં સુધી ફરીથી પ્રતિક્રમણ કરાય છે?

ઉત્તરઃ- પખ્ખી પ્રતિક્રમણ કરતાં પખ્ખી અતિચારની આલોચના પહેલાં જો છીંક આવે અને અવસર હોય તો ચૈત્યવંદનથી આરંભીને ફરીથી કરવું જોઈએ, આ પ્રમાણે વૃદ્ધ સંપ્રદાય છે. ૨-૩૫-૮૧

तथा–वन्दनकावसरे गुरोः [१]पादचिन्तनं क्व विधेयम्? इति प्रश्नोऽत्रोत्तरम्-वन्दनकावसरे मुखवस्त्रिकायां रजोहरणे वा यत्र वन्दनकं ददाति तत्र गुरुपादौ चिन्तयति ॥२-३६-८२॥

१. गुरुपादेति पाठः प्रत्यन्तरे ।

પ્રશ્નઃ- વાંદણાં દેતાં ગુરુના પાદનું ચિંત્વન ક્યાં કરવું?

ઉત્તરઃ- વન્દનના અવસરે મુહપત્તિ અથવા રજોહરણને વિષે જ્યાં વંદનક અપાય છે ત્યાં ગુરુચરણોનું ચિંત્વન કરાય છે. ૨-૩૬-૮૨

तथा–''सत्तविराहणपावं असंखगुणियं तु इक्कभूयस्स । भूयस्स य संखगुणं पावं इक्कस्स पाणस्स ॥१॥ बेइंदिय तेइंदिय चउरिंदिय चेव तह य पंचिंदी । लक्खसहस्सं तह सयगुणं च पावं मुणेयव्वं ॥२॥'' इति गाथाद्वयं कस्मिन् ग्रन्थे विद्यते? इति प्रश्नोत्रोऽत्तरम्-''सत्तविराहणपावं'' इत्यादि गाथाद्वयं छूटकपत्रेषु लिखितं दृश्यते परं न क्वापि ग्रन्थे ॥२-३७-८३॥

પ્રશ્નઃ- 'સત્ત્વની વિરાધનાના પાપ કરતાં એક ભૂતની વિરાધનાનું પાપ અસંખ્યગુણું છે, અને ભૂતની વિરાધનાના પાપ કરતાં એક પ્રાણની વિરાધનાનું પાપ સંખ્યાતગુણું છે, પ્રાણ શબ્દથી બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિન્દ્રિય આવી શકે છે, જેમ જેમ ઇંદ્રિયો વધારે તેમ તેમ તેની વિરાધનાનું પાપ વધારે લાગે છે; એટલે બેઇંદ્રિયની વિરાધનાનું પાપ સંખ્યાતગુણું છે, તેના કરતાં તેઇંદ્રિયની વિરાધનાનું પાપ લાખગણું છે, તેની અપેક્ષાએ ચતુરિન્દ્રિયની વિરાધનાનું પાપ હજારગુણું છે, અને તેની અપેક્ષાએ પંચેન્દ્રિયની વિરાધનાનું પાપ સોગુણું જાણવું.' (૧-૨) આ બે ગાથા કયા ગ્રંથમાં છે?

ઉત્તરઃ- ''[૪૪]सत्तविराहणपावं'' આ બે ગાથા છુટા પાનામાં લખેલી જોવાય છે, પરંતુ કોઈ ગ્રંથમાં દેખાતી નથી. ૨-૩૭-૮૩

ટિપ્પણ-૪૪. ઉત્તરદાતા આચાર્યમહારાજ આ ગાથાઓની પ્રમાણિકતા માટે કશો અભિપ્રાય આપતા નથી, ઉલટું મૂલગ્રંથમાં નહિ હોવાનું જણાવી તેની પ્રમાણિકતામાં સંદેહ જ જણાવે છે. એ ઉપરથી સાબીત થાય છે કે કદાચ મૂલ ગ્રંથમાં ન હોય તેવી ગાથાઓ વગેરે જો સિદ્ધાંત વિરૂદ્ધ ન હોય તો જુદી વાત છે, પણ તે સિવાય તો તે અવશ્ય અપ્રમાણિક જ છે. આ વસ્તુ ધ્યાનમાં લેતાં એ સ્પષ્ટ દેખાઈ આવે છે કે—વર્તમાન તિથિચર્ચામાં નવિન મતિઓ (સાગર પક્ષ) પોતાના અસત્ય મતની પુષ્ટિમાં ગ્રંથમાં ન હોય તેવી ગાથાઓ અને પાનાંઓ જે કેવલ સિદ્ધાંતના વિરોધવાળાં છે, તે શાસ્ત્રીય પૂરાવા આદિના નામે ખડાં કરે છે તે, અને તેને જ મલતાં સિદ્ધચક્ર તથા શાસન સુ(ઊં)ધાકર વગેરેનાં લખાણો જુઠ્ઠાં અને અપ્રામાણિકજ છે.

तथा–वन्दनकावसरे मुखवस्त्रिका कुत्र मुच्यते? इति प्रश्नोऽत्रोत्तरम्-वन्दनकावसरे मुखवस्त्रिका साधुभिर्वामजानुनि मुच्यते । श्रावकैस्तु गुरुपादयोर्वन्दनदानावसरे जानुनि, अन्यथा तु भूमौ रजोहरणे वेति ॥२-३८-८४॥

પ્રશ્ન:- ગુરુમહારાજને વંદન કરતી વેળાએ મુહપત્તિ ક્યાં મૂકવી?

ઉત્તર:- વંદન કરતી વેલાએ સાધુઓએ ડાબા ઢીંચણ ઉપર મુહપત્તિ મૂકવી, અને શ્રાવકોએ ગુરુમહારાજના પાદારવિંદને વંદન કરતી વેળાએ ઢીંચણ ઉપર, અથવા ભૂમિ ઉપર, કે ચરવલા ઉપર મૂકવી. ૨-૩૮-૮૪

तथा–गुरुसन्निधौ पाश्चात्त्यप्रतिलेखनाक्रियां कुर्वाणाः श्राद्ध्यः स्वाध्याय-मुपविश्य कुर्वन्ति ऊर्ध्वस्था वा? इति प्रश्नोऽत्रोत्तरम्-गुरुसन्निधौ पाश्चात्त्यप्रति-लेखनाक्रियां कुर्वाणाः श्राद्ध्यः ऊर्ध्वस्थाः स्वाध्यायं विदधति ।।२-३९-८५।।

પ્રશ્ન:- ગુરુની પાસે સાંજની પડિલેહણ ક્રિયા કરતી શ્રાવિકાઓ સજ્ઝાય બેસીને કરે કે ઉભી રહીને કરે?

ઉત્તર:- ગુરુની પાસે સાંજની પડિલેહણ ક્રિયા કરતી શ્રાવિકાઓ ઉભી રહીને સજ્ઝાય કરે. ૨-૩૯-૮૫

अथ पण्डितकान्हर्षिगणिकृतप्रश्ना-स्तत्प्रतिवचांसि च यथा–

श्राद्धानां रात्रौ जिनालये आरात्रिकोत्तारणं युक्तं न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-श्राद्धानां जिनालये रात्रावारात्रिकोत्तारणं कारणे सति युक्तिमत् नान्यथा ।।२-४०-८६।।

પ્રશ્નકાર પંડિત કાન્હર્ષિ ગણિ

પ્રશ્ન:- શ્રાવકોએ રાત્રિના સમયે જિનમંદિરમાં આરતિ ઉતારવી યોગ્ય છે કે અયોગ્ય?

ઉત્તર:- શ્રાવકોએ રાત્રિના સમયે જિનમંદિરમાં કારણ હોય તો આરતી ઉતારવી યોગ્ય છે, કારણ વિના યોગ્ય નથી. ૨-૪૦-૮૬

तथा–कायोत्सर्गस्थितजिनप्रतिमानां चरणादिपरिधापनं युक्तं न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-जिनप्रतिमानां चरणादिपरिधापनं तु साम्प्रतीनव्यवहारेण न युक्तियुक्तं प्रतिभाति ।।२-४१-८७।।

પ્રશ્ન:- કાઉસગ્ગ મુદ્રાએ રહેલી જિનપ્રતિમાઓનાં વસ્ત્રાદિવડે ચરણ આદિ ઢાંકવાં યોગ્ય છે કે નહિ?

ઉત્તર:- વર્તમાનકાલીન વ્યવહારથી કાયોત્સર્ગસ્થિત જિનપ્રતિમાઓનાં ચરણાદિ અવયવો વસ્ત્રાદિ વડે ઢાંકવાં યુક્તિયુક્ત જણાતું નથી. ૨-૪૧-૮૭

तथा-पाक्षिकप्रतिक्रमणे सम्बुद्धक्षामणादौ कृते ''इच्छकारी सुह पाखी सुख तप सरीर निराबाध सुख संयमयात्रा निरवहइ छि'' इत्यादि वचनं कथनीयं न वा? इतिप्रश्नोऽत्रोत्तरम्-पाक्षिकप्रतिक्रमणे सम्बुद्धक्षामणादौ कृते ''इच्छकारि सुह पाखी'' इत्यादि पठनमधिकं संभाव्यते सामाचार्यादावदर्शनात् ।।२-४२-८८।।

પ્રશ્નઃ- પખ્ખિ પ્રતિક્રમણમાં સમ્બુદ્ધ ખામણાં આદિ કરતા ``इच्छकारि सुह पाखी सुख तप सरीर निराबाध सुख संयमयात्रा निरवहइ छि.'' ઈત્યાદિ પાઠ કહેવો કે નહિ?

ઉત્તરઃ- પખ્ખિ પ્રતિક્રમણમાં સમ્બુદ્ધ ખામણાં આદિ કરતાં ``इच्छकारि सुह पाखी'' ઈત્યાદિ કહેવું અધિક લાગે છે, કેમકે સામાચારી વગેરેમાં એવા પાઠો દેખાતા નથી. ૨-૪૨-૮૮

अथ पण्डितवानरगणिशिष्य-पण्डितआणन्दविजयगणिकृतप्रश्नौ तत्प्रतिवचसी च यथा–

करम्बके तक्रे वा प्रक्षिप्तं सचित्तं जीरकमचित्तीभवति न वा? यदि वाऽचित्तीभवती तर्हि घटिकाद्वयाद्वा प्रहरत्रयाद्वा रात्र्यतिक्रमाद्वा भवति? इति प्रश्नोऽत्रोत्तरम्-करम्बकादौ क्षिप्तं सचित्तजीरकं प्रासुकं न भवतीति ज्ञातमस्ति ।।२-४३-८९।।

પ્રશ્નકાર પંડિત વાનરગણિના શિષ્ય પંડિત આનંદવિજય ગણિ

પ્રશ્નઃ- કરંબામાં અથવા છાશમાં નાખેલું સચિત્ત જીરૂં અચિત્ત થાય કે નહિ? અને જો અચિત્ત થાય છે તો તે બે ઘડી પછી, ત્રણ પ્રહર વીત્યા પછી કે રાત્રિ પસાર થયા પછી થાય?

ઉત્તરઃ- કરંબા વગેરેમાં નાંખેલું સચિત્ત જીરૂં અચિત્ત થતું નથી, એમ જાણ્યું છે. ૨-૪૩-૮૯

तथा–इक्षुखण्डानि छिन्नपर्वाणि सचित्तान्यचित्तानि वा? घटिकाद्वयात्सचित्त-परिहारिगृहस्थस्याऽत्तुं कल्पन्ते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-इक्षुखण्डानि छिन्नप-र्वाण्यपि सचित्तानीति ज्ञायन्ते ।।२-४४-९०।।

પ્રશ્નઃ- જેનાં પર્વો-ગાંઠો છેદી નાંખી હોય એવા શેરડીના ટુકડા સચિત્ત છે કે અચિત્ત અને સચિત્તના ત્યાગવાળા ગૃહસ્થને બે ઘડી વીત્યા બાદ તે ટુકડા ખાવા કલ્પે કે નહિ?

ઉત્તરઃ- જેની ગાંઠો છેદી હોય એવા પણ શેરડીના ટુકડા સચિત્ત હોય એમ જણાય છે. ૨-૪૪-૯૦

अथ पण्डितकाह्नजीगणिकृतप्रश्नौ तत्प्रतिवचसी च यथा–

कश्चित्प्रातः सामायिकं गृहीत्वा घटिकामध्ये पौषधं गृह्णाति तस्य कल्पते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-सामायिकं कृत्वाऽपूरितेऽपि सामायिके यदि कश्चित्पौषधं गृह्णाति तदा कल्पते ।।२-४५-९१।।

પ્રશ્નકાર પંડિત કાહ્નજી ગણિ

પ્રશ્નઃ- કોઈ એક પ્રાતઃકાલે સામાયિક ગ્રહણ કરીને ઘડીની અંદર પૌષધ ગ્રહણ કરે તો તે ગ્રહણ કરી શકે કે નહિ?

ઉત્તર:- સામાયિક કરીને સામાયિકનો ટાઈમ પૂરો થયા વિના પણ જો કોઈ પૌષધ ગ્રહણ કરે તો તે કલ્પી શકે છે. ૨-૪૫-૯૧

तथा–मालवीऋष्यादीनां स्वाध्यायो मण्डल्यां कल्पते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-आगमोक्तयतीनां साम्प्रतीनाचार्याणां भट्टारकाणां च स्वाध्यायो मण्डल्यां कल्पते न त्वन्येषां वार्त्तमानिकोपाध्यायादीनामिति वृद्धवादः ॥२-४६-९२॥

પ્રશ્ન:- માલવી ઋષિ વગેરેની બનાવેલી સજ્ઝાય માંડલીમાં કહેવી કલ્પે કે નહિ?

ઉત્તર:- આગમમાં કહેલા સાધુઓની, અને વર્તમાનકાલીન આચાર્ય ભટ્ટારકોની સજ્ઝાય માંડલીમાં ખપી શકે છે, પરંતુ બીજા વર્તમાન કાલીન ઉપાધ્યાય વગેરેની બનાવેલી સજ્ઝાય કહેવી કલ્પે નહિ. આ પ્રમાણે વૃદ્ધવાદ છે. ૨-૪૬-૯૨

अथोपाध्यायश्रीसुमतिविजयगणिशिष्य-
पण्डितगुणविजयगणिकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

यदि केनाप्यनुपयोगादिना साधुना सचित्तं लवणं गृहीतं पश्चात् ज्ञातं तत्र को विधिः? इति प्रश्नोऽत्रोत्तरम्-अत्र साधुस्तल्लवणधनिकस्य निवेदयति आयुष्मन्! त्वया ज्ञात्वाऽज्ञात्वा वा दत्तम्? तदनु अजानता मया दत्तं परमथ यूयं यथेच्छं भुङ्ग्ध्वमित्युक्ते तत् स्वयं भुङ्क्ते साधर्मिकेभ्यो वा ददाति कारणे सति। कारणाभावे तु परिष्ठापयतीत्युक्तमाचाराङ्गद्वितीयश्रुतस्कन्धे पिण्डैषणाऽध्ययन-दशमोद्देशके ॥२-४७-९३॥

પ્રશ્નકાર ઉપાધ્યાય શ્રી સુમતિવિજય ગણિના શિષ્ય પંડિત ગુણવિજય ગણિ

પ્રશ્ન:- જો કોઈ પણ સાધુએ અનુપયોગાદિ કારણથી સચિત્ત મીઠું ગ્રહણ કર્યું હોય અને પછીથી જાણવામાં આવે તો શું કરવું?

ઉત્તર:- આવા અવસરે સાધુ તે લવણના માલિકને જણાવે કે—હે આયુષ્મન્! તમે સચિત્ત મીઠું જાણી જોઈને આપ્યું છે કે અજાણપણે આપ્યું છે? ત્યાર બાદ જો માલિક એમ કહે કે મેં અજાણપણે આપ્યું છે, પરંતુ તમે તેને ઈચ્છા પૂર્વક વાપરી શકો છો. ગૃહસ્થ આ પ્રમાણે કહે ત્યારે કારણ હોય તો તે વાપરી શકે છે, અથવા સાધર્મિક સાધુઓને આપી શકે છે. કારણ ન હોય તો પરઠવી દે. આ પ્રમાણે [૪૫]આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના પિણ્ડૈષણા અધ્યયનના દશમા ઉદ્દેશામાં કહ્યું છે. ૨-૪૭-૯૩

ટિપ્પણ-૪૫. ''से भिक्खू० सिया से परो अभिहट्टु अंतो पडिग्गहे बिलं वा लोणं उब्भियं वा लोणं परिभाइत्ता नीहट्टु दलइज्जा, तहप्पगारं पडिग्गहं परहत्थंसि वा २ अफासुयं नो पडि० से आहच्च पडिग्गाहिए सिया तं च नाइदूरगए जाणिज्जा, से तमायाए तत्थ गच्छिज्जा २ पुव्वामेव आलोइज्जा-आउ सोत्ति वा र इमं किं ते जाणया दिन्नं उयाहु अजायणा ? से य भणिज्जा – नो खलु मे जाणया दिन्नं, अजाणया दिन्नं, कामं खलु आउसो ! इयाणिं निसिरामि, तं भुंजह वा णं तं परेहिं समणुन्नायं समणुसट्ठं तओ संजयामेव भुंजिज्ज वा पीइज्ज वा, जं च नो संचाएइ भोत्तए वा पायए वा साहम्मिया तत्थ बसंति संभोइआ समणुन्ना अपरिहारिया अइदूरगया, तेसिं अणुप्पयाव्वं सिया, नो जत्थ साहम्मिया बहुपरियावन्नं कीरइ तहेव कायव्वं सिया, एवं खलु० ॥''

(આચારાંગ, સૂ૦ ૫૯-૨-૧-૧-૧૦-પૃ. ૩૫૪/૨)

ભાવાર્થ:- 'ગૃહસ્થે વાપરવા માટે કહ્યું હોય તો પ્રાસુક અથવા કારણવશાત્ અપ્રાસુક એવું પણ લવણ વગેરે વાપરે અને જો પોતે વાપરી શકવા સમર્થ ન હોય તો તે વસ્તુ સાધર્મિક વગેરેને આપી શકે છે, ઈત્યાદિ આચારાંગ વૃત્તિમાં કહ્યું છે.'

तथा-ये मनःप्रवीचाराः सुरास्तैर्मनःपरिणामे कृते तदर्थं तास्तादृश्यो देव्यो मनसैव कथं प्रगुणीभवन्ति? तासां तदवबोधे किं ज्ञानमस्ति? इति, ऊर्ध्वमवधेः श्रुते स्तोकविषयत्वप्ररूपणादिति प्रश्नोऽत्रोत्तरम्-आनतकल्पादिस्थैर्मनः-प्रवीचारकैर्देवैर्मनःपरिणामे कृते सौधर्मेशानदेव्योऽपि तदर्थमुच्चावचानि मनांसि संप्रधारयन्त्यस्तिष्ठन्ति परं ता देवानां मनःपरिणामं कथं जानन्ति? उपरिष्टादवधेरल्पत्वादिति, अत्र यथा दिव्यानुभावतः शुक्रपुद्गलास्तासां शरीरे रूपादितया परिणमन्ति तथा त्वरितमेव तासामङ्गस्फुरणादिना तदभिलाषज्ञानमपि भवतीति ज्ञायते ॥२-४८-९४॥

પ્રશ્ન:- જે દેવો મનથી મૈથુન સેવનારા છે, તે દેવો મનથી ભોગની ઈચ્છા કરે ત્યારે દેવીઓ તેમની ઈચ્છાને સંતોષવા માટે મનથી જ કેવી રીતે તૈયાર થઈ જાય છે? દેવીઓને તે દેવતાઓની ભોગેચ્છા જાણવાનું જ્ઞાન છે? શાસ્ત્રમાં તો અવધિજ્ઞાનનો વિષય ઉપર અલ્પ કહેલો છે.

ઉત્તર:- આનત, પ્રાણત, આરણ અને અચ્યુત દેવલોકના દેવો જેઓ મન માત્રથી [46]ભોગ સેવનારા છે, તેઓને જ્યારે ભોગનો માનસિક પરિણામ થાય ત્યારે તેને સંતોષવા માટે સૌધર્મ, ઈશાન દેવલોકની દેવીઓ પણ અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પ કરતી થકી તત્પર રહે છે. અહીં એમ શંકા થાય કે તે દેવીઓ દેવના મનપરિણામને કેવી રીતે જાણી શકે છે? કારણ કે અવધિજ્ઞાનનો [47]વિષય ઉપર થોડો છે.' ઉત્તરમાં—જેવી રીતે દિવ્ય પ્રભાવથી વીર્યના પુદ્ગલો દેવીઓના શરીરમાં રૂપ વગેરે રૂપે પરિણામ પામે છે, તેવીજ રીતે એકદમ દેવીઓને અંગ સ્ફૂરણાદિ હેતુથી તે દેવોની ઈચ્છાનું જ્ઞાન પણ થાય છે, એમ જણાય છે. ૨-૪૮-૯૪

ટિપ્પણ-૪૬. દેવીઓનો ઉપપાત બીજા દેવલોક સુધી હોય છે અને આઠમા સુધી જઈ શકે છે. તેમાં બીજા દેવલોક સુધીના દેવો કાયાથી વિષય સેવનારા હોય છે, ત્રીજા અને ચોથા દેવલોકના દેવો દેવીઓના શરીર અવયવોના સ્પર્શમાત્રથી વિષય જન્ય સુખને પ્રાપ્ત કરનારા હોય છે, પાંચમા અને છઠ્ઠા સ્વર્ગના દેવો દેવીઓના રૂપ જોઈને કામજન્ય સુખને અનુભવે છે. સાતમા અને આઠમા દેવલોકના દેવો દેવીઓના ગીત અને હાસ્ય વગેરેના તથા ભૂષણઆદિના શબ્દો સાંભળીને કામજન્ય સુખને અનુભવે છે, નવમા દશમા અગીઆરમા અને બારમા દેવલોકના દેવો ભોગની ઈચ્છાથી જ્યારે દેવીઓને મનમાં ચિંતવે છે ત્યારે પોતાના સ્થાનમાં રહેલી દેવીઓ દેવોની ઈચ્છાને અનુકૂલ અનેક પ્રકારના સંકલ્પ કરતી સંભોગ માટે તૈયાર થાય છે. અને તેવા સ્વરૂપમાં રહેલી તે દેવીઓને મનથી જ સંકલ્પ કરીને તે દેવો વિષય સુખનો આસ્વાદ કરે છે. ઉપરના નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર દેવો મૈથુન સેવાથી રહિત હોય છે. કારણ કે તેઓ પુરુષવેદનો ઉદય મન્દ હોવાથી મનથી પણ દેવીઓની ઈચ્છા કરતા નથી.

ટિપ્પણ-૪૭. સૌધર્માદિ કલ્પના દેવ દેવીઓને ઉપરના વિષયનું અવધિજ્ઞાન પોતાના વિમાનની ધજા સુધીનું હોય છે.

तथा—उपधानमालारोपणयोः किं फलमुद्दिश्य कर्त्तव्यता? यत्र च साऽभिहिता तदपि शास्त्रं व्यक्त्या प्रसाद्यमिति प्रश्नोऽत्रोत्तरम्-अत्रोपधानवहनं श्रुताराधन-निमित्तं, मालारोपणं तु तपस उद्यापनार्थं श्रीमहानिशीथादिशास्त्र उक्तमस्ति ॥२-४९-९५॥

પ્રશ્નઃ- ઉપધાન અને માલારોપણ કયા ફલને ઉદ્દેશીને કરવા યોગ્ય છે? જે શાસ્ત્રમાં ઉપધાન અને માલારોપણ કરવાનું કહ્યું હોય, તે શાસ્ત્રનું નામ પણ જણાવવા કૃપા કરશો.

ઉત્તરઃ- અહીં ઉપધાનનું વહન જ્ઞાનની આરાધના માટે છે, અને માલારોપણ તપના ઉજમણા માટે છે, આ પ્રમાણે શ્રી મહાનિશીથાદિ શાસ્ત્રમાં કહ્યું છે. ૨-૪૯-૯૫

तथा—स्थापनाः कियति प्रदेशे ऊर्ध्वमधस्तिर्यक् च दूरे स्थापिताः क्रियाशुद्धिहेतवो भवन्ति? इति प्रश्नोऽत्रोत्तरम्— अत्रोर्ध्वं मस्तकात् पादयोरधस्तात् तिर्यग् द्रष्टुमशक्ये स्थाने स्थापिताः स्थापनाः क्रियाशुद्धिनिमित्तं न भवन्तीति वृद्धवादः। यत्तूपरितनभूम्यादौ स्थापितासु तास्वधस्तनभूम्यादौ क्वापि क्रियायाः क्रियमाणत्वं तत्कारणिकमिति ज्ञेयम् ॥२-५०-९६॥

પ્રશ્નઃ- ઉપર, નીચે અને તીર્છી કેટલી દૂર સ્થાપના સ્થાપી હોય તો ક્રિયા શુદ્ધિના કારણભૂત થઈ શકે?

ઉત્તરઃ- આ વિષયમાં જાણવું કે—માથાથી ઉપર, પગથી નીચે અને તીર્છે દૃષ્ટિપથમાં ન આવે એવા સ્થાનમાં સ્થાપેલી સ્થાપના ક્રિયાશુદ્ધિના કારણભૂત થતી નથી, આ પ્રમાણે વૃદ્ધ પુરુષોનું કહેવું છે. જે કોઈ વખતે ઉપરના માળમાં સ્થાપના સ્થાપી હોય અને નીચલા માળમાં કોઈ ક્રિયા કરતા જણાય છે તે કારણિક સમજવું. ૨-૫૦-૯૬

अथ पण्डितहापर्षिगणिकृत-प्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

चतुर्दशपूर्वविदो यदाऽऽहारकं शरीरं कृत्वा महाविदेहादौ प्रेषयन्ति तदाऽन्तरालस्था जीवप्रदेशाः किमाहारिणोऽनाहारिणो वा? यद्याहारिणः किमौदारिकशरीरगृहीताहाराहारिणोऽथवाऽऽहारकशरीरगृहीताहाराहारिणो वा? इति प्रश्नोऽत्रोत्तरम्-कृताहारकशरीराणां चतुर्दशपूर्वविदामन्तरालस्थजीवप्रदेशाना-माहारित्वाद्याश्रित्य ते आहारिण एव न त्वनाहारिणः; तत्रापि ये आत्मप्रदेशा यदौदारिकशरीरसम्बद्धास्ते तदौदारिकशरीरगृहीतान् पुद्गलानाहारयन्ति, ये त्वाहारकसंबद्धास्ते तद्गृहीतानिति ज्ञायते । यतः-''अविचलानष्टौ प्रदेशान् विहाय सर्वे आत्मप्रदेशा उत्तप्तभाजनोदकवदुद्वर्तमानास्सन्ति'' इति सिद्धान्तवच-नादन्तरालवर्त्तित्वमपि नियतं नास्ति तेषाम्, परावृत्तेः संभवात्; तेन कदाचिदौ-दारिकशरीरसंबद्धत्वं कदाचिदाहारकशरीरसंबद्धत्वं च भवति, न त्वेकान्तेन येऽन्तरालवर्त्तिनस्तेऽन्तरालवर्त्तिन एव भवन्ति । किञ्च, ये यदाऽन्तरालवर्त्तिनस्ते-ऽप्यौदारिकादिकाययोगितया स्वावगाढपुद्गलानाहारयन्तीति संभाव्यते, विग्रहगत्यादि विना जीवस्यानाहारित्वनिषेधादिति ॥२-५१-९७॥

પ્રશ્નકાર પંડિત હાપર્ષિ ગણિ

પ્રશ્ન:- જ્યારે ચૌદ પૂર્વધર મુનિઓ આહારક શરીર કરી તે આહારક શરીરને મહાવિદેહ વગેરેમાં મોકલે છે ત્યારે ઔદારિક અને આહારક શરીરની વચમાં રહેલા જીવપ્રદેશો આહારી છે કે અણાહારી? જો વચમાં રહેલા તે જીવપ્રદેશો આહારી છે તો શું ઔદારિક શરીરથી ગ્રહણ કરાયેલ આહાર વડે આહારી છે કે આહારક શરીરથી ગ્રહણ કરાયેલ આહાર વડે આહારી છે?

ઉત્તર:- કર્યું છે આહારક શરીર જેમણે એવા ચૌદ પૂર્વધારીઓના ઔદારિક અને આહારક શરીરની વચમાં રહેલા જીવપ્રદેશો આહારી જ છે, પરંતુ અણાહારી નથી. વિશેષ એ કે જ્યારે જે આત્મપ્રદેશો ઔદારિક શરીરના સંબંધવાળા હોય ત્યારે તે આત્મપ્રદેશો ઔદારિક શરીરથી ગ્રહણ કરાએલ આહાર પુદ્ગલોનો આહાર કરે છે, અને જે આહારક શરીરના સંબંધવાળા છે તે આહારક શરીર વડે ગ્રહણ કરાએલ આહાર પુદ્ગલોનો આહાર કરે છે. કારણ કે—નાભિસ્થાન પાસે ગોસ્તનાકારે રહેલા આઠ અવિચલ જીવપ્રદેશો છોડીને સઘળા આત્મપ્રદેશો તપ્ત ભાજનમાં રહેલ પાણીની જેમ ઉદ્વર્તમાન-ઉકાળો લેતા એટલે કે ઉપરથી નીચે જતા નીચેથી ઉપર જતા હોય છે, અતઃ એવ ચલ છે, એવું શાસ્ત્ર વચન હોવાથી તેઓનું અંતરાલવર્તિત્વ પણ નિયત નથી, કેમકે પરાવર્તન=ફેરફાર થયા કરે છે. તેથી કરીને કોઈ વખતે વચમાં રહેલા જીવપ્રદેશો ઔદારિક શરીરના સંબંધવાળા હોય અને કોઈ વખતે આહારક શરીરના સંબંધવાળા પણ હોય છે, પરંતુ જે પ્રદેશો

અંતરાલવર્તી છે તે આત્મપ્રદેશો એકાંતે અંતરાલવર્તી જ હોય એમ નથી. વળી જે આત્મપ્રદેશો જ્યારે અંતરાલવર્તિ છે ત્યારે તે પ્રદેશો પણ ઔદારિક આદિ કાયયોગી હોવાથી સ્વાવગાઢ (ઔદારિકાદિ શરીરસ્થ આત્મપ્રદેશની અવગાહનાને અવગાહીને રહેલા) પુદ્ગલોનો આહાર કરે છે, એમ સંભાવના થાય છે. કેમકે વિગ્રહ ગતિ આદિ વિના અણાહારીપણું નિષેધ્યું છે, અર્થાત્ અનાહારીપણું વિગ્રહગતિ વગેરેમાં લાભી શકે છે. ૨-૫૧-૯૭

तथा–सिद्धजीवानां करचरणपादाङ्गुलीनासाद्यवयवाकारः संभाव्यते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-सिद्धजीवानां करचरणाद्याकारः संभाव्यते, यतः ''अरुविणो जीवघणा'' इत्यत्र घनाश्च शुषिरपूरणतो निचितप्रदेशतयेति श्रीशान्तिसूरिवचनेन शरीरान्तर्वर्त्तिशुषिरपूरणमेव दृश्यते, न त्ववयवानां बाह्यान्तरपूरणमिति। तथा श्रीहरिभद्रसूरि-श्रीमलयगिरिप्रमुखैरपि शुषिरपूरणमेवोक्तमस्तीति ॥२-५२-९८॥

પ્રશ્નઃ- સિદ્ધના જીવોને હાથ, પગ, આંગલી, નાસિકા વગેરે અવયવોના આકારની સંભાવના થઈ શકે કે નહિ?

ઉત્તરઃ- સિદ્ધ જીવોને હાથ, પગ વગેરે અવયવોના આકારની સંભાવના થઈ શકે છે. કેમકે अरूविणो जीवघणा, અહીં ઘન શબ્દ જે પડ્યો છે તેનો અર્થ શરીરની અંદરના પોલાણનો ભાગ પૂરાવાથી પ્રદેશોની જે સઘનતા તે થાય છે, આવું શ્રી શાંતિસૂરિ મહારાજનું વચન હોવાથી શરીરની અંદરના પોલાણવાળા ભાગોનું જ પૂરણ દેખાય છે, પરન્તુ અવયવોના બાહ્ય અને આંતર ભાગોનું પૂરણ જણાતું નથી. આ જ પ્રમાણે શ્રી હરિભદ્રસૂરિજી અને શ્રી મલયગિરિજી પ્રમુખ મુનિસિંહોએ પણ પોલાણ ભાગોનું જ પૂરણ કહ્યું છે. ૨-૫૨-૯૮

तथा–महानिशीथे नागिलेन यानि साधुदूषणानि कर्षितानि, तथा दूषणदर्शनाच्च ते मुक्तास्तत् मार्गानुयायि न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-श्रीमहानिशीथोक्तनागिलेन ते साध्वाभासा अज्ञानवर्त्तिनो दूषणदर्शनात्त्यक्तास्तत् मार्गानुयायि एव, असाधुकुगुरुपरिहारो हि मार्ग एवेति ॥२-५३-९९॥

પ્રશ્નઃ- શ્રી મહાનિશીથસૂત્રમાં નાગિલે સાધુનાં જે દૂષણો કાઢ્યાં, અને તે દૂષણોના દર્શનથી તે સાધુઓને છોડી દીધા તે કાર્ય માર્ગને અનુસરનારું ખરું કે નહિ?

ઉત્તરઃ- શ્રી મહાનિશીથ સૂત્રમાં કહેલ નાગિલે પ્રભુની આજ્ઞા વિરુદ્ધ ચાલનારા તે કુસાધુઓનો તેઓનાં દૂષણો જોવાથી ત્યાગ કર્યો, તે માર્ગને અનુસરનારું જ છે. કારણ કે અસાધુ એવા કુગુરુઓનો ત્યાગ કરવો એ માર્ગ જ છે. ૨-૫૩-૯૯

तथा—ब्रह्मदत्तचक्रिणा स्वल्पादेवायुषः कथं दिग्विजयः कृतः? इति प्रश्नोऽत्रोत्तरम्-ब्रह्मदत्तस्य स्वल्पेन कालेन दिग्विजयो दिव्यानुभावाद्, अन्यदपि तस्य भूयो दिव्यानुभावसाध्यमभूदिति संभाव्यत इति ।।२-५४-१००।।

प्रश्नः- બ્રહ્મદત્ત ચક્રીએ પોતાના અલ્પ આયુષ્યથી દિગ્વિજય કેવી રીતે કર્યો?

ઉત્તરઃ- બ્રહ્મદત્ત ચક્રવર્તીએ દિવ્ય પ્રભાવથી આયુ અલ્પ હોવા છતાં દિગ્વિજય કર્યો છે. દિવ્ય પ્રભાવ સાધ્ય બીજું પણ તેનું ઘણું કાર્ય થયું હતું એમ સંભાવના થાય છે. ૨-૫૪-૧૦૦

तथा—स्त्रीरत्नं लोहपुरुषं स्पृशति तदा स गलति तत्कथम्? इति प्रश्नोऽत्रोत्तरम्-स्त्रीरत्नस्पर्शाल्लोहपुरुषगलनमुत्कृष्टातिशयितकामविकार-जनितप्रबलोष्णताविशेषादिति ।।२-५५-१०१।।

प्रश्नः- સ્ત્રી રત્ન (ચક્રવર્તીના ૧૪ રત્નોમાંનું એક રત્ન) લોઢાના બનાવેલા પુરુષને જ્યારે સ્પર્શ કરે છે ત્યારે લોહપુરુષ ગળી જાય છે તે કેવી રીતે?

ઉત્તરઃ- સ્ત્રી રત્નના સ્પર્શથી જે લોહપુરુષનું પીગળી જવું થાય છે, તે તેના અત્યન્ત ઉત્કૃષ્ટ કામવિકારથી ઉત્પન્ન થએલ પ્રબલ ઉષ્ણતા વિશેષથી થાય છે. ૨-૫૫-૧૦૧

तथा—एकाकाशप्रदेशस्योत्कर्षतो धर्म्माधर्म्मास्तिकायसम्बन्धिसप्तप्रदेश-स्पर्शनोक्ता तत्र विदिक्स्थितप्रदेशस्पर्शना कथं नोक्ता? इति प्रश्नोऽत्रोत्तरम्-एकस्याकाशप्रदेशस्य धर्म्माधर्म्मास्तिकायसत्कैर्दिक्स्थैः प्रदेशैरेव स्पर्शना न तु विदिक्स्थितैः; अयं चाऽर्थः समप्रमाणैश्चतुरस्त्रादिभिर्दिग्विदिक्स्थापितैः सुबोध एवेति ।।२-५६-१०२।।

प्रश्नः- એક આકાશ પ્રદેશને ઉત્કર્ષથી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય સંબંધિ ૭ પ્રદેશની સ્પર્શના કહી છે, ત્યાં વિદિશામાં રહેલ પ્રદેશની સ્પર્શના કેમ કહી નથી?

ઉત્તરઃ- એક આકાશ પ્રદેશને દિશામાં રહેલા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય સંબંધિ ૭ પ્રદેશની જ સ્પર્શના થઈ શકે છે, પરંતુ વિદિશામાં રહેલા પ્રદેશોની સ્પર્શના થઈ શકતી નથી. આ અર્થ સમપ્રમાણવાળા દિશા અને વિદિશામાં સ્થાપેલા ચતુરસ્રાદિ પ્રદેશોથી સારી રીતે સમજી શકાય જ છે. ૨-૫૬-૧૦૨

तथा-तीर्थङ्कराणां चतुर्दशसहस्त्रादिका साधुसङ्ख्योक्ता, चतुर्दशपूर्व्यादयः किं तत्सङ्ख्यामध्ये गण्यन्ते यदि वा ते भिन्नाः? इति प्रश्नोऽत्रोत्तरम्-''गणहरकेवलिमणओहिपुव्विवेउव्विवाइणं संखं । मुणिसंखाए सोहिअ नेया

सामन्नमुणिसंखा ॥१॥ एगूणवीसलक्खा तह बासीई हवंति सहस्साइं । इगवन्ना अहियाइं सामन्नमुणीण सव्वग्गं'' ॥२॥ तथा-''अट्ठावीसं लक्खा अडयालीसं च तह सहस्साइं । सव्वेसिं पि जिणाणं जईण माणं विणिद्दिट्ठं'' ॥१॥ इति वचनयोरनुसारेण यथोक्तसङ्ख्यामध्ये गण्यन्ते चतुर्दशपूर्व्यादय इति संभाव्यते। तथा-'पञ्चाशीतिसहस्राणि लक्षं सार्धशतानि षट् । परिवारेऽभवन् सर्वे मुनयस्त्रिजगद्गुरोः'' ॥१॥ एतदनुसारेण च श्रीऋषभदेवस्य चतुरशीतिसहस्र-सङ्ख्यातो भिन्ना एव ते इति । यतः सामान्यसाधुविशेषसाधुसङ्ख्यामिलनेन यथोक्तसङ्ख्या संभावनया पूर्यमाणास्तीति, तत्त्वं तु सर्वविद्वेद्यमिति ॥२-५७-१०३॥

પ્રશ્નઃ- તીર્થંકરોની જે ચૌદ હજાર આદિ સાધુઓની સંખ્યા કહેલી છે, તે સંખ્યામાં જ ચૌદ પૂર્વધારી વગેરેની સંખ્યા ગણાય, કે ભિન્ન ગણાય?

ઉત્તરઃ- "ગણધર, કેવલી, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વી, વૈક્રિય લબ્ધિવાળા અને વાદીઓની સંખ્યાને મુનિ સંખ્યામાંથી બાદ કરીને સામાન્ય મુનિની સંખ્યા જાણવી (૧). ૧૯૮૨૦૫૧ આટલી સામાન્ય મુનિઓની સરવાળે સંખ્યા છે.' (૨) તથા "સર્વ જિનેશ્વરોના સાધુઓનું પ્રમાણ ૨૮૪૮૦૦૦ કહ્યું છે." (૧). આ બે વચનોને અનુસરીને ચૌદપૂર્વી આદિની સંખ્યા ગાથામાં કહેલ સંખ્યાની અંદર ગણાય છે, એમ સંભાવના થાય છે. વળી "ત્રણ જગતના ગુરુ શ્રી ઋષભદેવ સ્વામીના પરિવારમાં ૧૮૫૬૫૦ સર્વ મુનિઓ હતા" (૧) આ વચનના અનુસારે ઋષભદેવ સ્વામીના ચૌદ પૂર્વધારી વગેરેની સંખ્યા ૮૪૦૦૦ની સંખ્યાથી જુદી જ છે. કારણ કે સામાન્ય સાધુ અને વિશેષ સાધુઓની સંખ્યા મેળવવાથી ઉપર કહેલી સંખ્યા ૧૮૫૬૫૦ પૂરી થઈ શકે છે. આ વિષયમાં તત્ત્વ કેવલી જાણે. ૨-૫૭-૧૦૩

तथा–चक्री वैक्रियं रूपं कृत्वा स्त्रियं भुनक्ति तत्र संतानं स्यान्न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-चक्रिणो वैक्रियशरीरेण संतानोत्पत्तिर्न संभाव्यते किन्त्वौदारिकेणैव, ''केवलं ते वैक्रियशरीरान्तर्गता इति न गर्भाधानहेतवः'' इति प्रज्ञापनावृत्तिवचनात्। या च शिलादित्यादीनां सूर्यादेरुत्पत्तिः श्रूयते तत्रापि समाधानं कृतमस्ति । तच्चेदम्-''वैक्रियेभ्यः सुराङ्गेभ्यो गर्भो यद्यपि नोद्भवेत् । तदानीतौदारिकाङ्गधातुयोगात्तु संभवी'' ॥१॥ इत्यादि मल्लवादिप्रबन्धे ॥२-५८-१०४॥

પ્રશ્નઃ- ચક્રવર્તી વૈક્રિય રૂપ કરીને અર્થાત્ વૈક્રિય શરીરથી સ્ત્રીને ભોગવે છે ત્યાં સંતાન થાય કે નહિ?

ઉત્તર:- ચક્રવર્તિના વૈક્રિય શરીરથી સંતાનની ઉત્પત્તિ થઈ શકે નહિ, પરંતુ ઔદારિક શરીરથી જ થઈ શકે છે, કેમકે—"માત્ર તે પુદ્‌ગલો વૈક્રિય શરીરને આશ્રયીને રહેલા છે, માટે તે વીર્યપુદ્‌ગલો ગર્ભાધાનમાં કારણભૂત થતા નથી", આવું પ્રજ્ઞાપના-સૂત્રની ટીકામાં કહ્યું છે. અને જે શિલાદિત્ય વગેરેની ઉત્પત્તિ સૂર્યાદિ દેવથી સંભળાય છે, ત્યાં પણ આ જ સમાધાન કરેલું છે. તે આ પ્રમાણે—-"યદ્યપિ દેવના વૈક્રિય અવયવોથી ગર્ભની ઉત્પત્તિ થતી નથી, પરંતુ તેના વડે લાવવામાં આવેલ ઔદારિક અંગની ધાતુના યોગથી ગર્ભની ઉત્પત્તિ સંભવી શકે છે." (૧). આ પ્રમાણે મલ્લવાદિ પ્રબન્ધમાં કહ્યું છે. ૨-૫૮-૧૦૪

।। इति सकलसूरिपुरन्दरपरमगुरुतपागच्छाधिराजभट्टारकश्री ५ श्रीहीरविजयसूरिप्रसादीकृतप्रश्नोत्तरसमुच्चये तच्छिष्य-पण्डितकीर्तिविजयगणिसमुच्चिते द्वितीयः प्रकाशः ।।

इति श्रीसकलसूरिपुरन्दरपरमगुरुतपोगच्छगगनदिनमणि-परमपूज्य-आचार्यप्रवर-सिद्धान्तमहोदधि-शासनप्रभावक-**श्रीमद् विजयप्रेमसूरि साम्राज्ये** तत्पट्टप्रभाकर-प्रवचनप्रभावक-प्रौढगीतार्थ-आगमप्रज्ञ-सूरिप्रवर-पूज्य-गुरुदेव-**श्रीमद्विजयजम्बूसूरिकरा**णामन्तेवासि मुनि**श्रीचिदानन्द विजयेन** सटिप्पणकानुवादिते **प्रश्नोत्तर-समुच्चये**

द्वितीयः प्रकाशः समाप्तः ।

।। तृतीयः प्रकाशः ।।

अथ पुनर्महोपाध्याय श्रीकल्याणविजयगणिकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

श्राद्धविधौ चतुर्दशनियमाधिकारे सचित्तविकृतिवर्जं यन्मुखे क्षिप्यते तत्सर्वं द्रव्यमिति भणनादनाहारत्रिफलादि मुखे क्षिप्तं द्रव्यमध्ये गण्यते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-त्रिफलाद्यनाहारवस्तु द्रव्यमध्ये गण्यते न वा ? तत्रैवं प्रतिभाति यदनाहारवस्तु प्रायो द्रव्यमध्ये गण्यते, यदि च प्रत्याख्यानावसरे तदगणनमेव विवक्षितं तदा न गण्यतेऽपि । यथा सचित्तविकृत्योर्द्रव्यमध्ये ग्रन्थेऽगणनेऽभिहितेऽपि संप्रति बहवो जनाः प्रायस्तयोर्द्रव्यमध्ये गणनां कुर्वाणा उपलभ्यन्त इति ।।३-१-१०५।।

પ્રશ્નકાર મહોપાધ્યાય શ્રી કલ્યાણવિજય ગણિ

પ્રશ્નઃ- શ્રાદ્ધવિધિમાં ૧૪ નિયમના અધિકારમાં સચિત્ત અને વિગઈ સિવાય જે મુખમાં નંખાય છે, તે સઘળું દ્રવ્ય તરીકે કહેલું છે, તો અણાહારી ત્રિફલા વગેરે મુખમાં નાખવામાં આવે તો તે દ્રવ્યની અંદર ગણાય કે નહિં?

ઉત્તરઃ- ત્રિફલા વગેરે વસ્તુ દ્રવ્યમાં ગણાય કે નહિ? તે વિષયમાં એમ લાગે છે કે—અણાહારી વસ્તુ પ્રાયઃ દ્રવ્યની અંદર ગણાય છે, અને જો પચ્ચક્ખાણના સમયે અણાહારી વસ્તુને ગણતરીમાં નહિ ગણવાની વિવક્ષા રાખી હોય તો ન પણ ગણાય, જેમ ગ્રંથની અંદર સચિત્ત અને વિગઈની દ્રવ્યમાં ગણના ન કરવાનું કહ્યું હોવા છતાં પણ હાલ ઘણા મનુષ્યો પ્રાયઃ સચિત્ત અને વિગઈની દ્રવ્યમાં ગણના કરતા દેખાય છે. ૩-૧-૧૦૫

तथा–ग्रन्थिसहितप्रत्याख्याने तन्मोचनेऽनाहारो मुखे क्षिप्तः शुध्यति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-ग्रन्थिसहितप्रत्याख्याने मुक्तेऽपि कारणेऽनाहारवस्तुग्रहणं कल्पत इति ज्ञायते ।।३-२-१०६।।

પ્રશ્નઃ- ગંઠસી પચ્ચખ્ખાણ હોય ત્યારે, અને તે પાર્યું હોય ત્યારે અણાહારી વસ્તુ મુખમાં નાખવી સુઝે કે નહિ?

ઉત્તરઃ- ગંઠસી પચ્ચખ્ખાણ પાર્યું હોય ત્યારે પણ કારણ હોય તો અણાહારી વસ્તુ ગ્રહણ કરવી કલ્પે છે, એમ જણાય છે. ૩-૨-૧૦૬

तथा–ऊर्ध्वरथिकशब्दोऽस्त्युत्तराध्ययनबृहद्वृत्तिप्रथमपत्रे स कस्य वाचकः? इति प्रश्नोऽत्रोत्तरम्-ऊर्ध्वरथिकशब्दमाश्रित्य सिद्धान्तविषमपदपर्यायान्तर्गतोत्तराध्ययनविषमपदपर्याये द्रमकवाचकत्वमुक्तमस्ति ।।३-३-१०७।।

પ્રશ્નઃ- ઉત્તરાધ્યયન સૂત્રની બૃહત્ ટીકામાં પહેલા પાને ``ऊर्ध्वरथिक'' શબ્દ છે તે કયા અર્થનો વાચક છે?

ઉત્તરઃ- સિદ્ધાન્તના વિષમ પદના પર્યાયોની અંતર્ગત ઉત્તરાધ્યયનના વિષમ પદના પર્યાયમાં ``ऊर्ध्वरथिक'' શબ્દનો 'ભિક્ષુક' અર્થ કહ્યો છે. ૩-૩-૧૦૭

तथा–षण्मासातिक्रमसंभवे पर्युषणायाया अर्वागुपस्थापना भवति न वा? इति, तदनन्तरमपि विजयदशम्या अर्वाक् परतो वा? इति प्रश्नोऽत्रोत्तरम्-षण्मासातिक्रम-संभवे पर्युषणाया विजयदशम्याश्चार्वागप्युपस्थापना क्रियते, अन्यथा तु विजयदशम्याः पश्चादेव ।।३-४-१०८।।

પ્રશ્નઃ- દીક્ષા લીધા પછી છ મહિનાનું ઉલ્લંઘન થઈ જતું હોય તો પર્યુષણા-સંવત્સરી પહેલાં વડી દીક્ષા થાય કે નહિ? સંવત્સરી બાદ પણ આસો સુદિ દશમની પહેલાં થાય કે પછી થાય ?

ઉત્તરઃ- જો છ મહીના પસાર થઈ જવાનો સંભવ હોય તો સંવત્સરી અને વિજયાદશમીની પહેલાં પણ વડી દીક્ષા કરાય છે. તે સિવાય તો વિજયા દશમી પછી જ વડી દીક્ષા કરાય. ૩-૪-૧૦૮

तथा–पूर्णिमाऽमावस्ययोर्वृद्धौ पूर्वमौदयिकी तिथिराराध्यत्वेन व्यवह्रियमाणाऽऽसीत्, केनचिदुक्तं श्रीतातपादाः पूर्वतनीमाराध्यत्वेन प्रसादयन्ति तत्किम्? इति प्रश्नोऽत्रोत्तरम्-पूर्णिमाऽमावास्ययोर्वृद्धौ औदयिक्येव तिथिराराध्यत्वेन विज्ञेया ।।३-५-१०९।।

પ્રશ્નઃ- પૂર્ણિમા અને અમાસની વૃદ્ધિ હોય ત્યારે પહેલાં ઔદયિકી-એટલે બીજી પૂનમ અને બીજી અમાસ આરાધવા યોગ્ય ચાલતી હતી. હવે કોઈ એમ કહે છે કે આપ પૂજ્ય પહેલી પૂનમ અને પહેલી અમાસને આરાધવા યોગ્ય જણાવો છો તો આ સંબંધમાં શું છે?

ઉત્તરઃ- પૂનમ, અમાસની વૃદ્ધિ થાય ત્યારે બીજી પૂનમ અમાસ જ આરાધવા યોગ્ય [૪૮]જાણવી. ૩-૫-૧૦૯

ટિપ્પણ-૪૮. શ્રી હીરપ્રશ્નનો આ પ્રશ્નોત્તર સાફ સાફ સાબીત કરે છે કે લૌકિક પંચાંગોમાં આવતી તિથિની ક્ષય વૃદ્ધિ આરાધનામાં પણ તે જ પ્રમાણે માન્ય રખાતી હતી અને તેની આરાધના અન્ય કોઈ પણ તિથિની ક્ષય વૃદ્ધિ કર્યા વિના ક્ષયે પૂર્વા૦ નિયમ અનુસાર પૂર્વ અથવા ઉત્તર દિવસે વ્યવસ્થિત કરાતી હતી. અહીં જો પૂનમ અમાસની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ માની લેવાની સામાચારી હોત તો પ્રશ્નકારને કઈ પૂનમ અમાસ આરાધવી એવો પ્રશ્ન જ ઉઠત નહિ, તેમજ ઉત્તરમાં આચાર્ય બીજી જ પૂનમ અમાસને આરાધવાનું જણાવત નહિ. અહિ 'ઔદયિકી' શબ્દથી જેઓ એવી કલ્પના કરે છે કે આચાર્ય પહેલી પૂનમ વગેરેને પૂનમ માની જ નથી, અને તેથી તેમનું તાત્પર્ય તેરસ વગેરેની વૃદ્ધિ કરવાનું છે, તેઓની આ કલ્પના તદ્દન જુઠ્ઠી છે. શાસ્ત્રકારે જે ઔદિયિકી શબ્દ વાપર્યો છે તે તો તિથિનો સમાપ્તિ સૂચક ઉદય જે દિવસે હોય તે જ દિવસ આરાધનામાં લેવાનો છે, સિવાય નહિ, એ તપાગચ્છ

સામાચારીનું પ્રધાન તત્ત્વ સૂચવવા માટેજ વાપરેલો છે. નહિ કે વૃદ્ધ તિથિના પ્રથમ અવયવાદિને ઉલટાવી દેવા માટે. આ વસ્તુ ઉપર બારીક વિચાર કરી જોતાં નિષ્પક્ષ વિચારકો સ્પષ્ટ સમજી શકશે કે 'પૂનમ અમાસ આદિની ક્ષયવૃદ્ધિએ તેરસ વગેરેની ક્ષયવૃદ્ધિ કરવાની પરંપરા છે' એમ જેઓ કહે છે. તે તદ્દન અસત્ય છે. અને તેના આધારે ભાદરવા સુદ પાંચમની ક્ષયવૃદ્ધિએ ખુદ સંવત્સરી તિથિનું પણ જેઓ હમણાં હમણાં નવું પરાવર્તન કરે-કરાવે છે, તેઓ કેવલ શાસ્ત્ર તથા સામાચારી અને સુવિશુદ્ધ પરંપરાનું ભયંકર ખૂનજ કરે છે. ભવભીરૂ આત્માઓ એવા ખોટા માર્ગથી હજુ બચે, એમજ આપણે ઈચ્છીએ.

तथा—अन्यदर्शनिनां धर्म्मानुष्ठानमनुमोदनीयं न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-अन्यदर्शनिनामपि यन्मार्गानुसारि धर्म्मकृत्यं तच्छास्त्रानुसारेणानुमोदनार्हं ज्ञायत इति ॥३-६-११०॥

પ્રશ્નઃ- અન્ય દર્શનીઓના ધર્માનુષ્ઠાન અનુમોદવા યોગ્ય છે કે નહિ?

ઉત્તરઃ- અન્ય દર્શનીઓનાં પણ ધર્મકૃત્યો જે માર્ગને અનુસરનારાં હોય તે શાસ્ત્રને અનુસરીને અનુમોદવા યોગ્ય જણાય છે. ૩-૬-૧૧૦

तथा—उपस्थापनाकरणानन्तरं कियत्सु योगदिनेष्ववशिष्टेषु सत्सु मान्द्यादिहेतुना यदि षण्मास्यतिक्रामति, तदा पुनः प्रव्रज्यायोगोद्वहनपूर्वकमुपस्थापना क्रियते तत्र प्रव्रज्या गच्छनायकेनान्येन वा प्रदेया? इति प्रश्नोऽत्रोत्तरम्-प्रव्रज्या गच्छनायकेन विधेया ॥३-७-१११॥

પ્રશ્નઃ- ઉપસ્થાપના=વડી દીક્ષા કર્યા પછી તે સાધુને યોગના કેટલાક દિવસો બાકી રહ્યા હોય અને બીમારી આદિના કારણે ૬ મહીના પસાર થઈ જાય ત્યારે ફરીથી દીક્ષાના યોગોદ્વહન કરાવવા પૂર્વક વડી દીક્ષા કરાય છે તે સંબંધમાં દીક્ષા ગચ્છનાયકે કે બીજાએ આપવી જોઈએ?

ઉત્તરઃ- ગચ્છનાયકે દીક્ષા આપવી જોઈએ. ૩-૭-૧૧૧

तथा—श्रीआचार्यादीनां वाचनादानमङ्गोपाङ्गवाचनानन्तरं छेदग्रन्थप्रकीर्णकादिसंबन्धि अङ्गविद्याप्रकीर्णकं यावत्केनानुक्रमेण भवति? इति प्रश्नोऽत्रोत्तरम्-श्रीआचार्यादीनां वाचनाक्रममाश्रित्य किञ्चिद्वाचनासत्कच्छूटकपंत्र [1]स्थविधिना अथवा सामाचार्यन्तर्गतयोगविध्यनुसारेण च क्रियमाणमस्तीति बोध्यम् ॥३-८-११२॥

१ ''त्रादुद्धरितं तु सामाचार्यन्तर्गतयोगविध्यनुसाराच्च क्रियमाणमस्तीति बोध्यम्'' इति पाठः प्रत्यन्तरे।

પ્રશ્નઃ- શ્રી આચાર્યાદિ સાધુઓને વાચના દાન, અંગ, ઉપાંગની વાચના બાદ છેદ ગ્રંથ અને પયન્ના વગેરે સંબંધિ યાવત્ અંગવિદ્યાપયન્ના સુધીનું કયા અનુક્રમથી થાય છે?

ઉત્તરઃ- શ્રી આચાર્યાદિના વાચનાક્રમને આશ્રયીને કેટલુંક વાચના સંબંધિ છૂટા પાનામાં રહેલી વિધિ વડે, અથવા સામાચારીની અંદર રહેલી યોગવિધિને અનુસરીને કરાય છે, એમ જાણવું. ૩-૮-૧૧૨

तथा–श्रीभगवत्यनुसारेण कर्णिकावृत्ति-वीरचरित्राद्यनुसारेण च जमालेः कियन्तो भवाः? इति प्रश्नोऽत्रोत्तरम्-भगवतीसूत्र-कर्णिकावृत्ति-वीरचरित्राद्यनुसारेण जमालेः पञ्चदश भवा ज्ञायन्ते ॥३-९-११३॥

પ્રશ્નઃ- શ્રી ભગવતીસૂત્ર, કર્ણિકાવૃત્તિ, વીરચરિત્ર આદિના અનુસારે જમાલિના કેટલા ભવો છે?

ઉત્તરઃ- શ્રી ભગવતીસૂત્ર, કર્ણિકાવૃત્તિ, વીરચરિત્ર આદિને અનુસારે જમાલિના ૧૫ ભવો જણાય છે. ૩-૯-૧૧૩

तथा–``वण्णगंधोवमेहिं च'' इति श्लोकव्याख्याने श्राद्धदिनकृत्ये प्रोतपुष्पैः पूजनाक्षराणि वर्तन्ते, तत्र शालिकाः पाठं परावृत्त्य भिन्नार्थं कुर्वते, खाद्यास्तु मन्यन्त एव न, तद्विषये यद्यन्यान्यप्यक्षराणि भवन्ति तदा तानि प्रसाद्यानि इति प्रश्नोऽत्रोत्तरम्-प्रोतपुष्पैः पूजनाक्षराणि सांप्रतं श्राद्धदिनकृत्यसत्कानि ज्ञातानि सन्ति ॥३-१०-११४॥

પ્રશ્નઃ- ``[૪૯]वण्णगंधोवमेहिं च'' આ શ્લોકની ટીકામાં શ્રાદ્ધદિન કૃત્યની અંદર પરોવેલાં ફુલોથી પૂજા કરાય એવા અક્ષરો છે, તેમાં શાલિકો પાઠનું પરાવર્તન કરીને ભિન્ન અર્થ કરે છે, ખરતર વગેરે તો માનતા જ નથી. આ વિષયમાં જો બીજા પણ અક્ષરો હોય તો તે જણાવવા કૃપા કરશો?

ઉત્તરઃ- પરોવેલાં પુષ્પોથી પૂજા કરવાના અક્ષરો શ્રાદ્ધદિન કૃત્ય સંબંધી છે, એમ હાલ જાણ્યું છે. ૩-૧૦-૧૧૪

ટિપ્પણ-૪૯. ``वन्नगंधोवमेहिं च, पुप्फेहिं पवरेहि य ।
नाणापयारबंधेहिं, कुज्जा पूयं वियक्खणो'' ॥६३॥

ભાવાર્થઃ- વિવિધ પૂજા રચનામાં ચતુર માણસ સદ્વર્ણ અને સદ્ગન્ધવાળા તથા પ્રોત, ગ્રથિત આદિ ભેદવાળા અનેક પ્રકારના બંધવાળા પુષ્પોથી પુજા કરે.

तथा–महाहिंसावत्त्वेनाश्विनचैत्रदिनानि सिद्धान्तवाचनादिष्वस्वाध्यायदिनानीति कृत्वा त्यज्यन्ते, तद्वदीददिनमपि तेन हेतुना कथं न त्यज्यते? केचिच्च मतिनस्तद्दिनं त्यजन्ति, आत्मनां का मर्यादा? इति प्रश्नोऽत्रोत्तरम्-ईददिनाऽस्वाध्यायविषये [१]वृद्धानाचरणमेव निमित्तमवसीयते ॥३-११-११५॥

१ ``वृद्धाचरणमेव'' इति पाठः प्रत्यन्तरे. ।

પ્રશ્નઃ- જેમ મહા હિંસાવાળા હોવાથી સિદ્ધાન્તોની વાચના વગેરેમાં આસો અને ચૈત્ર માસના દિવસો અસજ્ઝાયના દિવસો માનીને તજાય છે તેમ ઈદનો દિવસ પણ મહા હિંસાવાળો હોવાથી સિદ્ધાન્તોની વાચના વગેરેમાં અસજ્ઝાયનો માનીને કયા કારણથી વર્જાતો નથી? કેટલાક મતવાળાઓ તે દિવસને=ઈદના દિવસને વર્જે છે. આપણી કઈ મર્યાદા છે?

ઉત્તર:- ઈદના દિવસની અસજ્ઝાયના વિષયમાં વૃદ્ધ પુરુષોનું આચરણ જ નિમિત્તરૂપ [૫૦]જણાય છે. ૩-૧૧-૧૧૫

ટિપ્પણ-૫૦. અર્થાત્ વૃદ્ધ પુરુષોએ ઈદના દિવસને અસજ્ઝાય તરીકે ગણ્યો નથી, માટે આપણે તપાગચ્છીઓ અસજ્ઝાય તરીકે ગણતા નથી. આ નોંધ કર્યા પછી એની પ્રામાણિકતાને પૂરવાર કરનારો પાઠ અમોને કેવી રીતે મલ્યો તેની વિગત નીચે પ્રમાણે છે—

ઉપરના ઉત્તરમાં મુદ્રિત પ્રતમાં ``वृद्धाचरणमेव'' પાઠ છે, પણ એના સંશોધન માટે બીજી હસ્તલિખીત પ્રતો અમોએ જે સાથે તપાસી હતી તે પૈકી અત્રેના દેવશાના પાડાના પ્રાચીન જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતમાં ``वृद्धानाचरणमेव'' પાઠ છે, તે મુદ્રિતના ઉપર્યુક્ત પાઠ કરતાં વધારે સારો શુદ્ધ લાગે છે. મુદ્રિત પ્રતનાં એવાં કોઈક સ્થળ સુધારવા યોગ્ય જણાયાં છે. આ પુસ્તકમાં મૂળગ્રંથ તેવા શુદ્ધપાઠોવાળો જ આપવામાં આવ્યો છે. તેનાં તરફ વાંચકોનું ધ્યાન ખેંચીએ છીએ.

अथ पुन: पण्डितजगमालगणिकृत-प्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

रात्रौ ये सुखभक्षिकां भक्षयन्ति तेषां सान्ध्यप्राभातिकप्रतिक्रान्ति: शुद्धिमती अन्यथा वा? इति प्रश्नोऽत्रोत्तरम्-``अविहिकया वरमकयं उस्सुयवयणं कहंति गीयत्था । पायच्छित्तं जम्हा अकए गुरुअं कए लहुअं'' ।।१।। इति प्रतिक्रमणहेतुगर्भगाथानुसारेण प्रतिक्रमणकरणमेव सुन्दरं प्रतिभाति ।।३-१२-११६।।

પ્રશ્નકાર પંડિત શ્રી જગમાલગણિ

પ્રશ્ન:- જેઓ રાતનાં સમયે સુખડીનું ભક્ષણ કરે છે તેમનું સાંજનું અને સવારનું પ્રતિક્રમણ શુદ્ધ કહેવાય કે અશુદ્ધ?

ઉત્તર:- "અવિધિથી કરવા કરતાં નહિ કરવું સારું છે, આ વચનને ગીતાર્થો ઉત્સૂત્ર વચન કહે છે. કારણ કે નહિ કરવામાં મોટું પ્રાયશ્ચિત્ત આવે છે, અને કરવામાં નાનું પ્રાયશ્ચિત્ત આવે છે." (૧) આ પ્રતિક્રમણ ગર્ભહેતુની ગાથાના અનુસારે પ્રતિક્રમણ કરવું એ જ સુંદર લાગે છે. ૩-૧૨-૧૧૬

तथा–रात्रौ भुक्तिमतां प्रातर्नमस्कारसहिताद्युपोषणप्रमुखप्रत्याख्यानं शुध्यति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-प्रत्याख्यानं शुध्यति, परं भ्राजते नेति ।।३-१३-११७।।

પ્રશ્ન:- રાત્રિભોજન કરનારાઓને પ્રાતઃકાલે નવકારસીથી માંડીને ઉપવાસ સુધીનું પચ્ચખ્ખાણ કરવું સુઝે કે નહિ?

ઉત્તર:- પચ્ચખ્ખાણ શોભે-સુઝે છે ખરું, પરંતુ પ્રાતઃકાલે પચ્ચખ્ખાણ કરનાર રાત્રિભોજન કરે એ તેઓને શોભતું નથી. ૩-૧૩-૧૧૭

तथा–चतुर्मासकमध्ये साधूनां नगरप्रवेशनिर्गमे पादप्रमार्जनं भवति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-रजोऽवगुण्डनसद्भावे सति विधीयते नान्यथा ।।३-१४-११८।।

પ્રશ્નઃ- ચાતુર્માસમાં સાધુઓને નગરપ્રવેશવેળાએ અને નિર્ગમવેળાએ પાદ પ્રમાર્જન થાય કે નહિ?

ઉત્તરઃ- રજથી પગ લેપાયા હોય તો પ્રમાર્જન થાય, તે સિવાય નહિ. ૩-૧૪-૧૧૮

तथा—तपागणवर्त्तिवाचंयमवृन्दं विनाऽन्यत्र चारित्रश्रद्धानं क्रियते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-तपागणादन्यत्र चारित्रं न श्रद्धीयत इत्येकान्तो नास्ति ॥३-१५-११९॥

પ્રશ્નઃ- તપાગણમાં રહેલ સાધુસમૂહ વિના બીજા ગચ્છના સાધુઓના ચારિત્રનું શ્રદ્ધાન કરાય કે નહિ?

ઉત્તરઃ- તપાગણ સિવાય અન્ય ગચ્છોમાં રહેલ ચારિત્રીઓના ચારિત્રનું શ્રદ્ધાન ન કરાય એવો એકાન્ત નથી. ૩-૧૫-૧૧૯

तथा—यथा वनस्पत्यादिषु जीवा एकावतारिणः शास्त्रे उक्तास्तथा मतान्तरीयवृन्दमध्येऽपि कश्चिद्भवति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-अत्र एकान्तेन निषेधो ज्ञातो नास्ति ॥३-१६-१२०॥

પ્રશ્નઃ- જેમ શાસ્ત્રમાં વનસ્પતિ વગેરેના જીવો એકાવતારી કહ્યા છે, તેમ અન્યદર્શનીઓની અંદર પણ કોઈ એકાવતારી હોય કે નહિ?

ઉત્તરઃ- આ વિષયમાં એકાન્તે નિષેધ જાણ્યો નથી. ૩-૧૬-૧૨૦

तथा—कथञ्चित्कारणे योगोद्वहनं विना कल्पसूत्रवाचनस्यानुज्ञा न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-अत्र कारणे तद्वाचनं कैश्चित् क्रियमाणमस्ति, अक्षराणि तु नोपलभ्यन्ते ॥३-१७-१२१॥

પ્રશ્નઃ- કારણવશાત્ કલ્પસૂત્રના યોગોદ્વહન કર્યા વિના કલ્પસૂત્ર વાંચવાની અનુજ્ઞા છે કે નહિ?

ઉત્તરઃ- આ વિષયમાં કારણ હોય તો કેટલાકો કલ્પસૂત્રનું વાંચન કરે છે, પણ શાસ્ત્રના અક્ષરો મળતા નથી. ૩-૧૭-૧૨૧

तथा—कार्मिकभुक्तिमतां मध्ये वसन् शुद्धग्राही साधुर्भवति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-कारणे सति कार्मिकभोज्यपि यदि साधुर्भवति तर्हि तद्भुक्तिमन्मध्ये वसतः शुद्धग्राहिणः साधुत्वे का शङ्का? कारणाऽभावे तु द्वयोरपि साधुत्वे विचार एवास्ति ॥३-१८-१२२॥

પ્રશ્નઃ- આધાકર્મી=સાધુને માટે કરેલું ભોજન કરનારાઓની મધ્યમાં રહેતા હોય છતાં પોતે શુદ્ધ આહાર-પાણી ગ્રહણ કરતો હોય તો તે સાધુ હોઈ શકે કે નહિ?

ઉત્તરઃ- કારણ હોય તો આધાકર્મી ભોજન કરનાર પણ જો સાધુ હોઈ શકે છે

તો આધાકર્મી ભોજન કરનારની મધ્યમાં વસવા છતાં શુદ્ધ ભિક્ષા ગ્રહણ કરનારની સાધુતા માટે શંકાને સ્થાન જ ક્યાં છે? કારણ ન હોય તો આધાકર્મી ભોજન કરનાર અને તેની મધ્યમાં વસતા શુદ્ધગ્રાહી સાધુ એ બંનેના સાધુપણામાં વિચાર જ ઉભો રહેલો છે. ૩-૧૮-૧૨૨

तथा–देशविरतिमन्तरेण ये प्रतिक्रान्तिं कुर्वन्ति श्राद्धास्तेषां प्रतिक्रान्तिः फलवती न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-सा फलवतीति विज्ञायते, श्राद्धकुलोत्पन्नत्वेनोच्चाराभावेऽपि देशविरतिपरिणामसद्भावात् सामायिकोच्चारस्य विरतिरूपत्वाद् भावविशुद्धेश्चेति ॥३-१९-१२३॥

પ્રશ્નઃ- દેશવિરતિશ્રાવકનાં વ્રતો ગ્રહણ કર્યા સિવાય જે શ્રાવકો પ્રતિક્રમણ કરે છે, તેઓનું પ્રતિક્રમણ સફળ છે કે નિષ્ફળ?

ઉત્તરઃ- વ્રતો ઉચ્ચર્યા ન હોય તો પણ શ્રાવક કુલમાં ઉત્પન્ન થયેલ હોવાથી દેશવિરતિના પરિણામ હોય છે, સામાયિકનો ઉચ્ચાર વિરતિરૂપ હોય છે અને ભાવની વિશુદ્ધિ છે, માટે તેમનું પ્રતિક્રમણ સફળ છે, એમ જણાય છે. ૩-૧૯-૧૨૩

तथा–निम्बुकरसभावितोऽजमकस्तद्भावितं विश्वभेषजं च द्विविधाहारे कल्पते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-निम्बुकरसभावितोऽजमकस्तद्भावितं विश्वभेषजं च द्विविधाहारे आचाम्ले च न कल्पत इति ॥३-२०-१२४॥

પ્રશ્નઃ- લીંબુના રસની ભાવના દીધેલ અજમો અને સુંઠ દુવિહારમાં કલ્પે કે નહિ?

ઉત્તરઃ- લીંબુના રસની ભાવના દીધેલ અજમો અને સુંઠ દુવિહારના પચ્ચખ્ખાણમાં અને આયંબિલમાં કલ્પે નહિ. ૩-૨૦-૧૨૪

तथा–श्वेतसैन्धवाऽचित्ततायां अक्षराणि कुत्र सन्ति ? इति प्रश्नोऽत्रोत्तरम्-श्वेतसैन्धवाचित्तताया अक्षराणि श्राद्धविधौ वर्तन्ते ॥३-२१-१२५॥

પ્રશ્નઃ- ધોળું સૈન્ધવ અચિત્ત છે, એવા અક્ષરો ક્યાં છે ?

ઉત્તરઃ- ધોળું સૈન્ધવ અચિત્ત છે એવા અક્ષરો શ્રાદ્ધવિધિમાં છે. ૩-૨૧-૧૨૫

तथा–तैलादिमानननेनाऽऽदेशप्रदानं शुध्यति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-तैलादिमाननेन प्रतिक्रमणाद्यादेशप्रदानं न सुविहिताचरितं, परम् क्वापि क्वापि तदभावे जिनभवनादिनिर्वाहाऽसंभवेन निवारयितुमशक्यमिति ॥३-२२-१२६॥

પ્રશ્નઃ- તેલ વગેરેની બોલી બોલીને આદેશ આપવો સૂઝે કે નહિ?

ઉત્તરઃ- તેલ વગેરેની બોલી બોલીને પ્રતિક્રમણાદિસૂત્રોનો આદેશ આપવો એ સુવિહિતોએ આચરેલ નથી, પરંતુ કોઈ કોઈ સ્થળે તેના અભાવે જિનમંદિર વગેરેનો નિર્વાહ થતો નહિ હોવાથી બોલીનું નિવારણ કરવું અશક્ય છે. ૩-૨૨-૧૨૬

तथा–मण्डलीबहिःस्थगीतार्थमिलने व्याख्यानकरणे गृहस्थवर्गक्षामणकविधौ च को विधिः?, अथ वृद्धो मण्डलीबहिःस्थ समेति तदा लघुना पट्टिकमोचनाऽभ्युत्थानादि विधेयं न वा? इति, मण्डलीबहिःस्थपार्श्वे श्राद्धश्राद्धीभिरुपधानाद्यनुष्ठानं विधेयं न वा? इति स्पष्टतया प्रसाद्यमिति प्रश्नोऽत्रोत्तरम्-मण्डलीबहिःस्थेन व्याख्यानं न विधेयमन्यव्याख्यातृसद्भावे, वन्दनोत्थानादिव्यावहारस्तु तस्यापि विधेय एव। किञ्च, अन्येषामभावे स श्राद्धश्राद्धीनामुपधानादिक्रियां कारयति ॥३-२३-१२७॥

પ્રશ્નઃ- માંડલી બહારના ગીતાર્થ મળે ત્યારે વ્યાખ્યાન કરવામાં અને ગૃહસ્થવર્ગે ખામણાં કરવાની વિધિમાં શો વિધિ છે? માંડલી બહારનો કોઈ વૃદ્ધ યતિ આવે ત્યારે લઘુ-નાના સાધુએ પાટ મૂકવી, સામે જવું વગેરે કરવું કે નહિ? તથા માંડલી બહાર રહેલા યતિની પાસે શ્રાવક શ્રાવિકાઓએ ઉપધાન વગેરે અનુષ્ઠાન કરવું કે નહિ? આ વસ્તુને સ્પષ્ટતાએ જણાવવા મહેરબાની કરશો?

ઉત્તરઃ- અન્ય વ્યાખ્યાતાના સદ્ભાવે માંડલી બહારનાએ વ્યાખ્યાન કરવું ન જોઈએ. વંદન, અભ્યુત્થાન વગેરે વ્યવહાર તો તેનો પણ કરવો જોઈએ. વળી અન્ય સાધુઓના અભાવે માંડલી બહાર રહેલ યતિ શ્રાવક શ્રાવિકાઓને ઉપધાન આદિ ક્રિયા કરાવી શકે. ૩-૨૩-૧૨૭

तथा–वर्णान्तरप्राप्तं कसेल्लकनीरं प्रासुकं भवति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-वर्णान्तरप्राप्तं कसेल्लकनीरं प्रासुकम्, परम् आत्मवृद्धैरनाचीर्णमिति ज्ञेयम् ॥३-२४-१२८॥

પ્રશ્નઃ- અન્ય વર્ણને પામેલું કસેલીયાનું પાણી પ્રાસુક થાય કે નહિ?

ઉત્તરઃ- અન્ય વર્ણને પામેલું કસેલીયાનું પાણી પ્રાસુક છે, પરંતુ આપણા વૃદ્ધોથી તે ગ્રહણ કરવું અનાચીર્ણ છે એમ જાણવું. ૩-૨૪-૧૨૮

अथ पण्डितआनन्दसागरगणिकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा-

चैत्यालये चैत्यवन्दनकरणमीर्यापथिकीप्रतिक्रमणपुरस्सरमेवाऽन्यथापि वा? इति प्रश्नोऽत्रोत्तरम्-चैत्यालये ईर्यापथिकीपुरस्सरं चैत्यवन्दनकरणविषये एकान्तो नास्तीति ज्ञायते ॥३-२५-१२९॥

પંડિત શ્રી આનંદસાગર ગણિ

પ્રશ્નઃ- જિનમંદિરમાં ચૈત્યવંદન ઈરિયાવહી પડિક્કમવા પૂર્વક જ કરવું કે ઈરિયાવહી પડિક્કમ્યા વિના કરાય?

ઉત્તરઃ- જિનમંદિરમાં ઈરિયાવહી પડિક્કમવા પૂર્વક ચૈત્યવંદન કરવાના વિષયમાં એકાન્ત નથી, એમ જણાય છે. ૩-૨૫-૧૨૯

तथा–नमस्कारसहितप्रत्याख्यानं रात्रिप्रत्याख्यानमध्ये पृथग् वा? तेन प्रत्याख्यानेन श्राद्धः पौरुषीं यावत्स्थितस्तस्य पौरुष्या लाभो, द्विघटिकसत्को वा? इति प्रश्नोऽत्रोत्तरम्-नमस्कारसहितप्रत्याख्यानं दिनमध्ये आयाति, न तु रात्रिमध्ये । तथा तत्प्रत्याख्यानं विधाय पौरुषीं यावदनुपयोगेन स्थीयते तदा न लाभाय, उपयोगपूर्वं तु लाभायेति ॥३-२६-१३०॥

પ્રશ્નઃ- નવકારસીનું પચ્ચખ્ખાણ રાત્રિ પચ્ચખ્ખાણની અંદર ગણાય કે ભિન્ન? નવકારસીનું પચ્ચખ્ખાણ કરીને કોઈ શ્રાવક પોરસીના પચ્ચખ્ખાણ સુધી રહ્યો હોય તો તેને પોરસીના પચ્ચખ્ખાણનો લાભ થાય કે નવકારસીના પચ્ચખ્ખાણનો?

ઉત્તરઃ- નવકારસીનું પચ્ચખ્ખાણ દિવસના પચ્ચખ્ખાણની અંદર ગણાય છે પરંતુ રાત્રિના પચ્ચખ્ખાણની અંદર નહિ. વળી જો નવકારસીનું પચ્ચખ્ખાણ કરીને પોરસી સુધી ઉપયોગ વિના રહે તો લાભ માટે ન થાય, પરંતુ ઉપયોગ પૂર્વક રહે તો લાભ માટે થાય છે. ૩-૨૬-૧૩૦

तथा–त्रिषष्टिशलाकापुरुषा गार्हस्थ्येऽष्टमादितपःकारित्वेन विरतिमन्तो-ऽन्यथा वा? इति प्रश्नोऽत्रोत्तरम्-त्रिषष्टिशलाकापुरुषा गार्हस्थ्ये विरतिमन्तो न श्रूयन्ते, अष्टमादितपोविधानं तु सांसारिककार्यार्थं, न तु निर्जरार्थम् ॥३-२७-१३१॥

પ્રશ્નઃ- ત્રેસઠ શલાકા પુરુષો ગૃહસ્થપણામાં અઠ્ઠમ વગેરેનો તપ કરનાર હોવાથી વિરતિમંત કહેવાય કે અવિરતિમંત?

ઉત્તરઃ- ત્રેસઠ શલાકા પુરુષો ગૃહસ્થપણામાં વિરતિમંત હોય, એમ સાંભળવામાં નથી. તેઓ જે અઠ્ઠમાદિ તપ કરે છે તે સાંસારિક કાર્ય માટે કરે છે, નિર્જરા માટે નહિ. ૩-૨૭-૧૩૧

तथा–युगपत्कृतसामायिकयोरुभयोर्मध्ये एकेन संपूर्णं सत्पारितम्, द्वितीयेन पौरुषीं यावत्स्थितम्, द्वयोर्लाभे साम्यं विशेषो वा? इति प्रश्नोऽत्रोत्तरम्-कृतसामायिकस्य श्राद्धस्य घटिकाद्वयस्योपरिष्टात्सामायिकपालनमुपयोगे सति लाभाय, अनुपयोगे त्वतिचारायेति ज्ञातमस्ति ॥३-२८-१३२॥

પ્રશ્નઃ- બે મહાનુભાવોએ સાથે સામાયિક લીધું હોય, તેમાંથી એક મહાનુભાવે સમય પૂરો થતાં પાર્યુ, અને બીજો પોરસી સુધી રહ્યો તો તે બંનેને લાભ થવામાં સમાનતા કે વિશેષતા?

ઉત્તરઃ- કર્યું છે સામાયિક જેણે એવા શ્રાવકને બે ઘડી ઉપર ઉપયોગ પૂર્વક સામાયિકનું પાલન કરવામાં આવે તો લાભ માટે છે, પરંતુ જો ઉપયોગ ન હોય અને ટાઈમ અધિક થઈ જાય તો અતિચારને માટે છે એમ જાણ્યું છે. ૩-૨૮-૧૩૨

तथा–श्राद्धानां पौरुष्यादिप्रत्याख्यानं चतुर्विधाहारमेव भवत्यन्यथापि वा ? इति प्रश्नोऽत्रोत्तरम्-''निसिपोरिसिपुरिमेगासणाइं सड्ढाण दुतिचउहा'' इति भाष्यवचनात् द्विविधाहारं त्रिविधाहारं चतुर्विधाहारं वा कर्तुं कल्पत इति ॥३-२९-१३३॥

પ્રશ્નઃ- શ્રાવકોને પોરસી વગેરે પચ્ચખ્ખાણ ચોવિહારે જ હોય? કે તિવિહાર દુવિહારે પણ હોય?

ઉત્તરઃ- ``निसिपोरिसिपुरिमेगासणाइं सड्ढाण दुतिचउहा''[૫૧] "શ્રાવકોને રાત્રિનું પચ્ચખ્ખાણ, પોરસી, પુરિમઙ્ઢ, અને એકાસણું વગેરે દુવિહારે, તિવિહારે, અને ચોવિહારે કરવું કલ્પે છે." ૩-૨૯-૧૩૩.

ટિપ્પણ-૫૧. ''चउहाहारं तु नमो, रत्तिंपि मुणीण सेस तिह चउहा
निसि पोरिसि पुरिमेगा-सणाइं सड्ढाण दु-ति-चउहा ।''

(પચ્ચખ્ખાણ ભાષ્ય, ગા૦ ૧૨)

ભાવાર્થ:- 'મુનિઓને નવકારશી અને સાંજનું પચ્ચખ્ખાણ ચોવિહાર હોય છે, બાકીનાં પચ્ચખ્ખાણો તિવિહાર તથા ચોવિહાર હોય છે. શ્રાવકોને રાત્રી તથા પોરસી, પુરિમઙ્ઢ, એકાસણાદિ પચ્ચખ્ખાણો દુવિહાર, તિવિહાર, તથા ચોવિહારે કરવા કલ્પે છે.'

આ શાસ્ત્રપાઠથી સમજી શકાશે કે જે સાધુ શ્રાવકો સમયોચિત નવકારસી ચોવિહાર પોરસી તિવિહાર આદિ પચ્ચક્ખાણો કરે કરાવે છે તે શાસ્ત્ર વિરુદ્ધ નથી, પરંતુ જેઓ આ શાસ્ત્રવિધિને જાણ્યા વિના 'નવું' કહીને નિંદે છે, તે ખરેખર શાસ્ત્રથી વિરુદ્ધ જ છે.

अथ पुनः पण्डितकान्हर्षिगणिकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा-

श्रीमहावीरस्य वन्दनार्थं स्वविमानेन चन्द्रसूर्यौ समागतौ स्तस्तत्र तारकविमानानामन्तरालस्याल्पत्वेन महतोस्तयोर्विमानयोरागमनं कथं संगच्छते ? इति प्रश्नोऽत्रोत्तरम्-यथा तयोः स्वविमानेनागमनमाश्चर्येऽन्तर्भवति तथा तारकविमानान्तरालप्रवेशोऽपीति संभाव्यते ॥३-३०-१३४॥

પ્રશ્નકાર પંડિત કાન્હર્ષિગણિ

પ્રશ્નઃ- ચંદ્ર અને સૂર્ય પોતાના મૂલ વિમાનથી શ્રીમહાવીર પરમાત્માને વંદન કરવા માટે આવેલા છે, તેમાં તારાઓના વિમાનનું પરસ્પર અંતર અલ્પ હોવાથી મોટા પ્રમાણવાળા તે ચન્દ્ર-સૂર્યના વિમાનોનું આગમન કેમ સંગત થાય?

ઉત્તરઃ- જેમ ચંદ્ર-સૂર્યનું મૂલ વિમાને આગમન આશ્ચર્યમાં અન્તર્ભૂત થાય છે, તેમ તારાઓના વિમાનોની વચમાં પ્રવેશ પણ આશ્ચર્યમાં અન્તર્ભૂત હોય એમ સંભાવના થાય છે. ૩-૩૦-૧૩૪

तथा—तीर्थकृतां कल्याणकेषु सौधर्मेन्द्रादयो नन्दीश्वरद्वीपवर्तिरतिकरपर्वतेषु विमानसंकोचं विधायाऽत्राऽऽयान्ति तदा स्थिरतारकाणां मध्ये तानि कथं निर्गच्छन्त्यन्तरस्याल्पत्वात् ? इति प्रश्नोऽत्रोत्तरम्-"तारस्स य तारस्स य जंबुद्दीवम्मि अंतरं गुरुअं" इत्यादि जम्बूद्वीपे यथा तारकाणामुक्तमस्ति तथान्यत्रान्तरालमानस्याश्रवणान्न काप्याशङ्केति ॥३-३१-१३५॥

પ્રશ્નઃ- તીર્થંકરોના કલ્યાણકોમાં સૌધર્મઈન્દ્રાદિ દેવો જ્યારે નંદીશ્વર દ્વીપમાં રહેલા રતિકર પર્વતોમાં વિમાનનો સંકોચ કરીને અહીં આવે છે, ત્યારે અંતર અલ્પ હોવાથી સ્થિર તારાઓની વચમાંથી તે વિમાનો કેવી રીતે નીકળી શકે છે?

ઉત્તરઃ- [૫૨]"तारस्स य तारस्स य जंबुद्दीवंमि अंतरं गुरुअं" ઈત્યાદિ જેમ જંબૂદ્વીપને આશ્રયીને તારાઓનું અંતર કહ્યું છે, તેમ અન્યત્ર અંતરનું પ્રમાણ કહ્યું સાંભળ્યું નથી, માટે કોઈ પણ જાતની આશંકા નહિ કરવી. ૩-૩૧-૧૩૫.

ટિપ્પણ-૫૨. "तारस्स य तारस्स य जंबुद्दीवंमि अंतरं गुरुअं ।
बारस जोअणसहसा, दोन्नि सया चेव बायाला ॥४९॥
छावट्ठा दो अ सया, जहन्नमेअं तु होइ वाघाए ।
निव्वाघाए गुरुलहु, दो गाउअ धणुसया पंच ॥५०॥"

(સંગ્રહણી વૃત્તિ, પૃ૦ ૨૫/૨)

ભાવાર્થ-'જંબૂદ્વીપમાં રહેલા તારા વિમાનોનું વ્યાઘાતને આશ્રયીને પરસ્પર ઉત્કૃષ્ટ આંતરું ૧૨૨૪૨ યોજન અને જઘન્ય આંતરું ૨૫૬ યોજન છે, પરંતુ વ્યાઘાત વિનાનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આંતરું ૨ ગાઉ અને ૫૦૦ ધનુષ્ય છે.'

तथा—कृतचतुर्थप्रत्याख्यानस्य श्राद्धस्य पारणके उत्तरपारणके च द्विविधाहार-प्रत्याख्यानं कल्पते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-परम्परया त्रिविधाहारप्रत्याख्यानं क्रियमाणं दृश्यते ॥३-३२-१३६॥

પ્રશ્નઃ- ચોથભક્ત-ઉપવાસનું પચ્ચક્ખાણ કરનાર શ્રાવકને પારણે અને ઉત્તરપારણે દુવિહારનું પચ્ચક્ખાણ કરવું કલ્પે કે નહિ?

ઉત્તરઃ- પરંપરાથી તિવિહારનું પચ્ચક્ખાણ કરાતું જોવાય છે. ૩-૩૨-૧૩૬

तथा—श्रीभगवतीसूत्रस्य दशमशतकस्यैकादशोद्देशके देवानामायुषां स्थितिस्थानानि वर्षसहस्रदशकादारभ्य समयवृद्ध्या त्रयस्त्रिंशत्सागरोपम-पर्यन्तान्युक्तानि सन्ति, तत्र सर्वेषु स्थानेषु देवा लभ्यन्ते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-सर्वेषु स्थानेषु वर्तन्त इति नियमो ज्ञातो नास्ति ॥३-३३-१३७॥

પ્રશ્નઃ- શ્રીભગવતીજી સૂત્રના ૧૦મા શતકના ૧૧મા ઉદ્દેશામાં દેવતાઓનાં આયુષ્યનાં સ્થિતિસ્થાનકો દશહજાર વર્ષથી આરંભીને એક એક સમય અધિક એમ તેત્રીસ સાગરોપમ સુધીનાં સ્થિતિસ્થાનકો કહ્યાં છે. તે સઘળાં સ્થિતિસ્થાનકોમાં દેવો લાભે કે નહિ?

ઉત્તરઃ- સર્વ સ્થિતિસ્થાનોમાં દેવો હોય એવો નિયમ જાણ્યો નથી. ૩-૩૩-૧૩૭

तथा–दिगम्बरमतोत्पत्तिमूलं सहस्त्रमल्लस्तस्य गुरुः किंनामा? इति प्रश्नोऽत्रोत्तरम्-''कृष्णाचार्यः इत्यावश्यकवृत्तौ तदधिकारे उक्तमस्ति ॥३-३४-१३८॥

પ્રશ્નઃ- દિગંબરમતની ઉત્પત્તિનું મૂલ કારણ સહસ્ત્રમલ છે, તેના ગુરુનું નામ શું?

ઉત્તરઃ- આવશ્યકની ટીકામાં તેના અધિકારમાં "કૃષ્ણાચાર્ય" એવું નામ આપ્યું છે. ૩-૩૪-૧૩૮

तथा–श्रीआदिनाथस्य समवसरणे यदि तत्कालवर्तिमनुष्यशरीरप्रमाणैः शरीरैर्देवा आयान्ति स्म तर्हि तारामण्डलमध्ये शरीरानुसारतो महतां तद्विमानानां प्रवेशः कथं सङ्गच्छते? तारकान्तराणामल्पत्वादिति प्रश्नोऽत्रोत्तरम्-नन्दीश्वरे विमानसंकोचं विधाय तिर्यग् जम्बूद्वीपे समागच्छतां देवानामन्तराले तारकाणामभावान्ना काप्याशङ्का ॥३-३५-१३९॥

પ્રશ્નઃ- શ્રીઆદિનાથ પ્રભુના સમવસરણમાં જો તે કાલના મનુષ્યોના શરીર પ્રમાણ શરીરથી દેવો આવ્યા, ત્યારે શરીરને અનુસરીને મોટાં એવાં તે દેવોનાં વિમાનોનો તારા મંડલની વચ્ચે પ્રવેશ કેવી રીતે સંગત થઈ શકે? કારણ કે તારાઓનું પરસ્પર અંતર અલ્પ છે.

ઉત્તરઃ- નન્દીશ્વર દ્વીપમાં વિમાનનો સંકોચ કરીને તિર્છા જંબૂદ્વીપમાં આવતા દેવોને વચમાં તારાઓનો અભાવ હોવાથી શંકાને સ્થાન નથી. ૩-૩૫-૧૩૯

तथा–श्राद्धानां द्वादशव्रतोच्चारे कन्यालीकादिविरमणव्रते कृते सति स्वकन्याविषये कापि यतनाऽस्ति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-यतना विद्यते, यतः-''दक्खिण्णाइअविसए'' इति तदुच्चारे सामाचार्यादावुक्तमस्तीति ॥३-३६-१४०॥

પ્રશ્નઃ- શ્રાવકોને ૧૨ વ્રત ઉચ્ચરતાં કન્યાલીકાદિ જુઠ્ઠું નહિ બોલવું વગેરે વિરમણ વ્રત ગ્રહણ કર્યું હોય ત્યારે પોતાની કન્યાના વિષયમાં કોઈ પણ જાતની જયણા હોય કે નહિ?

ઉત્તરઃ- જયણા હોઈ શકે છે, કારણકે ``दक्खिणाइअविसए'' એ પ્રમાણે વ્રત ઉચ્ચરતી વખતે સામાચારી વગેરેમાં દાક્ષિણ્યાદિકનો વિષય હોય ત્યાં જયણા રાખવાનું કહેલ છે. ૩-૩૬-૧૪૦

तथा–दिवा चतुर्दशनियमग्रहणे सति मैथुनस्य दूरगमनस्य च प्रयोजनाभावान्निषेधे कृते रात्रौ तयोर्मुत्कलीकरणं कल्पते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-कल्पत इति ज्ञातमस्ति ॥३-३७-१४१॥

પ્રશ્નઃ- દિવસના ચૌદ નિયમ ગ્રહણ કરતી વખતે કારણ નહિ હોવાથી મૈથુન અને દૂર જવાનો નિષેધ કર્યો હોય તો રાત્રિના સમયે તે મૈથુન અને દૂરગમનને મોકળાં કરવાં કલ્પે કે નહિ ?

ઉત્તરઃ- કલ્પી શકે છે એમ જાણ્યું છે. ૩-૩૭-૧૪૧

तथा–''देसियराइयपक्खियचाउम्मासे तहेव वरिसे य। इक्किक्के तिन्नि गमा नायव्वा पंचसेएसु'' ॥१॥ इति कायोत्सर्गनिर्युक्तिसत्कचतुर्नवतितमगाथायाः कोऽर्थः? इति प्रश्नोऽत्रोत्तरम्-कायोत्सर्गनिर्युक्तिचतुर्नवतितमगाथार्थो हारिभद्र्यां वृत्तौ यथा-'देसिय'त्ति दैवसिके प्रतिक्रमणे दिवसेन निर्वृत्तं दैवसिकम्, 'राइय'त्ति रात्रिके, 'पक्खिय'त्ति पाक्षिके, 'चाउम्मासिय' त्ति चातुर्मासिके, तहेव वरिसेयत्ति तथैव वार्षिके च, वर्षेण निर्वृत्तं वार्षिकं, सांवत्सरिकमिति भावना। एकैकस्मिन् प्रतिक्रमणे दैवसिकादौ त्रयो गमा ज्ञातव्याः। पञ्चस्वेतेषु दैवसिकादिषु कथं त्रयो गमाः? सामायिकं कृत्वा कायोत्सर्गकरणम्, सामायिकं कृत्वा प्रतिक्रमणम्, सामायिकमेव कृत्वा पुनः कायोत्सर्गकरणम्; इह यस्माद्दिवसादितीर्थं दिवसप्रधानं च तस्माद्दैवसिकमादाविति गाथार्थः ॥३-३८-१४२॥

પ્રશ્નઃ- ''देसियराइयपक्खियचाउम्मासे तहेव वरिसे य।
इक्किक्के तिन्नि गमा नायव्वा पंचसेएसु'' ॥१॥

આ પ્રમાણેની કાયોત્સર્ગ નિર્યુક્તિની ૯૪ની ગાથાનો શો અર્થ છે?

ઉત્તરઃ- કાયોત્સર્ગ નિર્યુક્તિની ૯૪મી ગાથાનો અર્થ હારિભદ્રી આવશ્યક ટીકામાં આ પ્રમાણે છે. 'देसिय'त्ति દિવસના પાપની આલોચના માટે કરાતું દૈવસિક, રાત્રિના પાપની આલોચના માટે કરાતું રાઈ, પક્ષ સંબંધિ-૧૫ દિવસના પાપની આલોચના માટે કરાતું પખ્ખી, ચાર મહિનાના પાપની આલોચના માટે કરાતું ચોમાસી, અને એક વર્ષના પાપની આલોચના માટે કરાતું સંવત્સરી એમ પાંચ પ્રતિક્રમણ છે. તે દરેક પ્રતિક્રમણમાં ત્રણ ગમો જાણવા. આ પાંચ દૈવસિક વગેરે પ્રતિક્રમણમાં ત્રણ ગમો કેવી રીતે હોય છે? તો જણાવે છે કે—૧-સામાયિક-કરેમિ ભંતે સૂત્ર કરીને કાઉસગ્ગ (શયનાસનાદિનો) કરવો, ૨-કરેમિ ભંતે કરીને પ્રતિક્રમણ-સાધુને ઉદ્દેશીને પગામસજ્ઝાય અને શ્રાવકને માટે વંદિત્તા સૂત્ર કહેવું, ૩ ફરીથી કરેમિ ભંતે કરીને કાઉસગ્ગ (બે લોગસ્સ વગેરેનો) કરવો, એમ ત્રણ ગમ સમજવા. અહીં એટલું વિશેષ સમજવું કે તીર્થની સ્થાપના દિવસે થયેલી છે, તેમ જ દિવસ પ્રધાન છે, માટે શરૂઆતમાં દૈવસિક પ્રતિક્રમણ કહ્યું છે. ૩-૩૮-૧૪૨

अथ पुनः पण्डितनगर्षिगणिकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

यत्रैको बादरपर्याप्तस्तत्र तन्निश्रयाऽसङ्ख्याता अपर्याप्ता भवन्तीत्यत्राज्ञैव प्रमाणं युक्तिर्वा ? इति प्रश्नोऽत्रोत्तरम्-अत्राज्ञैव प्रमाणम्, युक्तिस्तु दृष्टा नास्तीति ॥३-३९-१४३॥

પ્રશ્નઃ- જ્યાં એક બાદર પર્યાપ્ત જીવ હોય ત્યાં તેની નિશ્રાએ અસંખ્યાતા અપાર્યાપ્તા હોય છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે, તેમાં આજ્ઞા જ પ્રમાણ છે કે યુક્તિ?

ઉત્તરઃ- આ વિષયમાં આજ્ઞા જ પ્રમાણ છે, પરંતુ કોઈ યુક્તિ જોઈ નથી. ૩-૩૯-૧૪૩

तथा—संपूर्णो धर्म्मास्तिकायो द्रव्यमुच्यते स्कन्धो वा? इति प्रश्नोऽत्रोत्तरम्-संपूर्णो धर्म्मास्तिकायो द्रव्यमुच्यते कुत्रचित्स्कन्धोऽप्युपचारात्, नात्र किमपि बाधकं ज्ञायते ।।३-४०-१४४।।

પ્રશ્નઃ- સંપૂર્ણ ધર્માસ્તિકાય દ્રવ્ય કહેવાય કે સ્કંધ કહેવાય?

ઉત્તરઃ- સંપૂર્ણ ધર્માસ્તિકાય દ્રવ્ય કહેવાય છે. કોઈક સ્થળે ઉપચારથી સ્કંધ પણ કહેવાય છે, એમાં કાંઈ પણ બાધક જણાતું નથી. ૩-૪૦-૧૪૪

तथा—परमाणोर्वर्णादिपरावर्तो जायते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-जायत इति ज्ञेयम् ।।३-४१-१४५।।

પ્રશ્નઃ- પરમાણુના રૂપ વગેરેનું પરાવર્તન થાય કે નહિ?

ઉત્તરઃ- પરમાણુના રૂપ વગેરેનું પરાવર્તન થાય છે, એમ જાણવું. ૩-૪૧-૧૪૫

तथा—गौतमस्वामी गोचरचर्यामेकाक्येव गतवान्? अथवा ससङ्घाटकः? इति प्रश्नोऽत्रोत्तरम्-प्राय एकाक्येव भगवत्याद्यागमे श्रूयते, परमागमविहारित्वेनो-चितानुचितविचारो न युक्तिमान् ।।३-४२-१४६।।

પ્રશ્નઃ- શ્રી ગૌતમ સ્વામી ભગવાન ગોચરી લેવા એકલા ગયા હતા કે સંઘાટક સહિત?

ઉત્તરઃ- પ્રાયઃ એકાકી જ ગયા હતા એમ ભગવતી આદિ આગમમાં સંભળાય છે, પરંતુ તેઓશ્રી [53]આગમવિહારી હોવાથી, ઉચિત અનુચિતનો વિચાર કરવો યોગ્ય નથી, અર્થાત્ એકલા જવું એ ઉચિત હતું કે અનુચિત હતું એ વિચાર કરવો યુક્તિયુક્ત નથી. ૩-૪૨-૧૪૬

ટિપ્પણ-૫૩. **''आगम-ववहारिणो छज्जणा, तंजहा—केवल-मण-ओहिनाणी-चोद्दस-दस नव-पुव्वी एए ।।''**

(જીતકલ્પ ચૂર્ણિ, પૃ૦ ૨)

ભાવાર્થઃ-'શાસ્ત્રમાં પાંચ પ્રકારના વ્યવહાર કહેલા છે. આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત. તેમાં આગમ વ્યવહારીના છ ભેદ છે. ૧-કેવલજ્ઞાની. ૨-મનઃપર્યવજ્ઞાની, ૩-અવધિજ્ઞાની, ૪-ચૌદપૂર્વી, ૫-દશપૂર્વી અને ૬-નવપૂર્વી. આગમ વ્યવહારીઓ અતીન્દ્રિય જ્ઞાની હોવાથી તેઓને શાસ્ત્ર બંધનકારક નથી.

तथा–ग्रैवेयकादिषु जलं नास्तीति तत्रत्या देवाः कथं जिनपूजां कुर्वन्ति? इति प्रश्नोऽत्रोत्तरम्-अत्र जलवद्वनस्पतिरपि नास्तीति तेषां देवानां प्रायो गमनागमनादिप्रयोगाभावात् पूजोपस्काराऽभावाच्च द्रव्यतो जिनपूजाकरणं न संभवतीति बोध्यम् ॥३-४३-१४७॥

પ્રશ્નઃ- ગ્રૈવેયકાદિ દેવલોકમાં પાણી નથી, તો ત્યાં રહેલા દેવો જિનપૂજા કેવી રીતે કરે છે?

ઉત્તરઃ- ગ્રૈવેયક વગેરેમાં પાણીની જેમ વનસ્પતિ પણ નથી. એટલે પૂજાની સામગ્રી નહિ હોવાથી, તેમ જ તે દેવોને ગમનાગમનાદિ પ્રયોજનનો અભાવ હોવાથી દ્રવ્યથી જિનપૂજા સંભવતી નથી, એમ જાણવું. ૩-૪૩-૧૪૭

तथा–सूक्ष्मबादरा निगोदाः पर्याप्ता अपर्याप्ताश्च, एकस्मिन्निगोदेऽनन्ता जीवाः, अत्र निगोदः कः? जीवाश्च के? इति व्यक्त्या प्रसाद्यमिति प्रश्नोऽत्रोत्तरम्-निगोदशब्देनैकं शरीरं वनस्पतिरूपं साधारणमनन्तजीवजनितमुच्यते, तत्र चानन्ता जीवास्तिष्ठन्ति, अत एवानन्तकायिका जीवाः साधारणा उच्यन्ते ॥३-४४-१४८॥

પ્રશ્નઃ- સૂક્ષ્મ અને બાદર નિગોદ પર્યાપ્તા અને અપર્યાપ્ત એમ બે ભેદે છે. એક નિગોદમાં અનંતા જીવો છે. અહીં નિગોદ એટલે શું? અને તેમાં જીવો કેટલા છે? એ સ્પષ્ટ રીતે જણાવવા કૃપા કરશો?

ઉત્તરઃ- નિગોદ શબ્દથી અનંત જીવોથી ઉત્પન્ન થએલું વનસ્પતિ રૂપ એક સાધારણ-સામાન્ય-અનંતજીવો વચ્ચે એક શરીર છે. તે એક શરીરમાં અનંતા જીવો રહેલા છે. આ કારણથી જ અનંતકાયિક જીવો સાધારણ કહેવાય છે. ૩-૪૪-૧૪૮

तथा–यदा चतुर्दश्यां कल्पो वाच्यते, अमावास्यादिवृद्धौ वाऽमावास्यायां प्रतिपदि वा कल्पो वाच्यते तदा षष्ठतपः क्व विधेयम्? इति प्रश्नोऽत्रोत्तरम्-षष्ठतपोविधाने दिननैयत्यं नास्तीति यथारुचि तद्विधीयतामिति कोऽत्राग्रहः? ॥३-४५-१४९॥

પ્રશ્નઃ- જ્યારે [૫૪]ચતુર્દશીને દિવસે, અથવા અમાવાસ્યા આદિ તિથિની વૃદ્ધિ હોય ત્યારે અમાસ કે પડવાના દિવસે કલ્પનું વાંચન થાય, ત્યારે છટ્ઠ તપ ક્યારે કરવો?

ઉત્તરઃ- છટ્ઠ તપ કરવામાં દિવસનું નૈયત્ય નથી=કોઈ દિવસનો નિશ્ચય નથી. યથારુચિ કરી લેવો, એમાં આગ્રહ શો? ૩-૪૫-૧૪૯

ટિપ્પણ-૫૪. પંચાંગમાં પર્યુષણાના આઠ દિવસોમાં જ્યારે અમાસ આદિ એક તિથિનો ક્ષય આવે ત્યારે પર્યુષણા અઠ્ઠાઈધર અગીયારશે આવે છે, એમ થતાં કલ્પવાંચન પ્રશ્નમાં જણાવ્યા મુજબ ચૌદશે આવે છે. જ્યારે અમાસ આદિ એક તિથિની વૃદ્ધિ આવે ત્યારે અઠ્ઠાઈધર તેરસે બેસે છે, અને કલ્પવાંચન બીજી અમાસ આદિને રોજ થાય છે. આ પ્રશ્ન શું સાબીત કરે છે ? એ જ કે પંચાંગમાં અમાસ આદિ કોઈ પણ

તિથિની ક્ષય વૃદ્ધિ આવે છે, અને તે જે પ્રમાણે આવેલી હોય તેને તે જ પ્રમાણે શ્રી તપાગચ્છની સામાચારી માન્ય રાખે છે, પણ તેને બદલે અન્યાન્ય તિથિની ક્ષય કે વૃદ્ધિ કલ્પીને ઉદય તિથિઓની પરાવૃત્તિ કરવામાં આવતી નથી.

ત્યારે 'આજે કેટલાકે પૂનમ અમાસ આદિ તિથિની ક્ષય વૃદ્ધિએ તેરસ આદિની ક્ષય વૃદ્ધિ કરે છે, અને કહે છે કે—જૈનોમાં તિથિની ક્ષય વૃદ્ધિ મનાય જ નહિ, એવી પરંપરા છે, આમ કહીને તેઓ ભાદરવા સુદ પાંચમની ક્ષયવૃદ્ધિએ ત્રીજ અગર ચોથની ક્ષય વૃદ્ધિ કલ્પીને વાર્ષિક પર્વની પણ પરાવૃત્તિ કરવાની પહેલ કરે છે, અને જોડીયાં પર્વો સાથે જ રાખવાં જોઈએ એવી દલીલ કરે છે, તે શું બધુંયે ખોટું છે ?'

બેશક, એ બધુંયે ખોટું જ છે, તેનો પુરાવો આપણને ઉપલા પ્રશ્નોત્તરમાંથી પણ સ્પષ્ટ મલી જ રહે છે.

જૈનાચાર્યોએ જ્યારે એ ફરમાન કર્યું છે કે—'જૈન પંચાંગો વિચ્છેદ પામ્યાં છે,— તિથિ વગેરે લૌકિક પંચાંગો માનીને જ કરવાનાં છે,' ત્યારે પંચાંગોમાં આવેલી તિથિની ક્ષય વૃદ્ધિને નહિ માનવી અને તેને બદલે કલ્પિત તિથિઓની ક્ષય વૃદ્ધિ માનવાનો હઠાગ્રહ સેવવો, એમાં તો અમોને સાદી સમજનો પણ અભાવ જ દેખાય છે. બીજું શ્રી તપગચ્છ સામાચારીનો નિયમ ઉદયતિથિ આરાધવાનો છે. કોઈ તિથિનો ક્ષય આવે તો પૂર્વતિથિને દિવસે જ તેની આરાધના કરવી, અને વૃદ્ધિ આવે તો બીજે દિવસે જ આરાધના કરવી, આ સુવિશુદ્ધ પરંપરા છે. તેને કલ્યાણક તિથિઓમાં તો એ પ્રમાણે જ માનવી અને બાર પર્વીઓમાં તેમ નહિ માનવી, એ પણ અમોને તો સાચી પરંપરા વિષયક તેમનું કેવલ અજ્ઞાનપણું બતાવનારું દીસે છે. ત્રીજું, જોડીયાં પર્વોના નામે યદિ (સંવત્સરીની) ચોથે, ચતુર્દશી આદિ પર્વો ફેરવી શકાતાં હોય તો ઉત્તરદાતા આચાર્ય ઉપલા પ્રશ્નના ઉત્તરમાં 'આગ્રહ ન રાખવાનો' અનુરોધ કરત જ નહિ. કેમકે એમાં ચૌદશ અમાસ સાથે રહી શકતાં નથી જ એ દેખીતી વાત છે. આ વિષે વધુ સાબીતિ માટે જુઓ આ જ ગ્રંથના ચોથાપ્રકાશમાં પ્રશ્નોત્તર ૨૭ (સળંગ પ્રશ્નોત્તર ૨૫૭) અને તેના ઉપરનું ટિપ્પણ.

આ એક પ્રશ્નોત્તરમાં પણ જો તટસ્થ દૃષ્ટિથી વિચારશો તો અમોને ખાત્રી છે કે આજે તિથિ આરાધનાના વિષયમાં ખોટો આગ્રહ રાખવાનું કોઈને કારણ રહેશે નહિ. જે એમ કહેવામાં આવે છે કે—'પૂનમ આદિની ક્ષય વૃદ્ધિ માનશો તો ઓળી ક્યારે બેસાડશો? યાત્રા ક્યારે કરશો ? વિહાર ક્યારે કરશો ઈત્યાદિ', એમાં પણ કશું જ તત્ત્વ નથી. કારણ કે આઠ દિવસોમાં જો કોઈ તિથિની ક્ષયવૃદ્ધિ હોય તો જેમ પર્યુષણાની અઠ્ઠાઈ એક દિવસ આગળ પાછળ બેસાડી શકાય છે, તથા છઠ્ઠને માટે જેમ આચાર્યે યથારુચિ જણાવ્યું, તેમ આમાં પણ. એટલે પૂનમ આદિની ક્ષયવૃદ્ધિ હોય ત્યારે ઓળી એક દિવસ આગળ અગર પાછળ બેસાડવા વગેરે ગુરુગમથી સહેજે સમજી શકાય તેવું છે.

तथा–तीर्थङ्करा: समवसरणस्था: किं गृहिवेषेण यतिवेषेण वा दृश्यन्ते? इति प्रश्नोऽत्रोत्तरम्- न गृहिवेषेण नापि यतिवेषेण तीर्थङ्करा दृश्यन्ते, किन्तु लोकोत्तररूपेण, अत एवामुकसदृशा इति वक्तुं न शक्यते, ''न य नाम अन्नलिंगे नो गिहिलिंगे कुलिंगे वा'' इत्यादिवचनात् ॥३-४६-१५०॥

પ્રશ્નઃ- સમવસરણમાં બિરાજમાન તીર્થંકરો શું ગૃહસ્થના વેષે દેખાય કે સાધુના વેષે દેખાય?

ઉત્તરઃ- સમવસરણમાં બિરાજમાન તીર્થંકરો ન તો ગૃહસ્થના વેષે દેખાય, કે ન તો સાધુના વેષે દેખાય, પરંતુ લોકોત્તર સ્વરૂપે દેખાય છે. માટેજ તીર્થંકરો અમુક જેવા દેખાય છે એમ ઉપમા દ્વારા કહી શકાતું નથી. કેમકે—'તીર્થંકરો અન્યલિંગે, ગૃહસ્થલિંગે કે કુલિંગે ન દેખાય' એવું શાસ્ત્રવચન છે. ૩-૪૬-૧૫૦

તથા–ગણધરાઃ પ્રતિક્રમણં કુર્વાણાઃ સ્થાપનાં કુર્વન્તિ ન વા? કુર્વાણા અપિ તીર્થઙ્કરસ્યાન્યસ્ય વા? ઇતિ પ્રશ્નોઽત્રોત્તરમ્-તીર્થઙ્કરસ્ય દેવગુરુરૂપત્વેન તત્સમીપે પ્રતિક્રમણાદિ કુર્વતાં સ્થાપનાપ્રયોજનં ન સ્યાત્ । જિનપરોક્ષે તત્કૃર્વતાં તુ સ્થાપનાકરણમાત્મનામિવેતિ સંભાવ્યતે ॥૩-૪૭-૧૫૧॥

પ્રશ્નઃ- પ્રતિક્રમણ કરતાં ગણધરો સ્થાપના સ્થાપે કે નહિ? જો સ્થાપના સ્થાપે તો તીર્થંકરની કે અન્યની સ્થાપના સ્થાપે?

ઉત્તરઃ- તીર્થંકરો દેવ અને ગુરુ સ્વરૂપ હોવાથી તેમની પાસે પ્રતિક્રમણ વગેરે ક્રિયા કરતાં સ્થાપનાનું પ્રયોજન નથી. પરંતુ તીર્થંકરની અવિદ્યમાનતામાં પ્રતિક્રમણ વગેરે ક્રિયા કરતાં તેઓ આપણી જેમ સ્થાપના સ્થાપતા હોય એમ સંભાવના થાય છે. ૩-૪૭-૧૫૧

તથા–ગુરુપૂજાસત્કં સુવર્ણાદિદ્રવ્યં ગુરુદ્રવ્યમુચ્યતે ન વા?

તથા–પ્રાગેવં પૂજાવિધાનમસ્તિ ન વા?

તથા–કુત્ર ચૈતદુપયોગિ? ઇતિ પ્રસાદ્યમિતિ પ્રશ્ના અત્રોત્તરાણિ-ગુરુપૂજાસત્કં સુવર્ણાદિ ગુરુદ્રવ્યં ન ભવતિ, સ્વનિશ્રાયામકૃતત્વાત્, સ્વનિશ્રાકૃતં ચ રજોહરણાદ્યં ગુરુદ્રવ્યમુચ્યત ઇતિ જ્ઞાયતે ॥૩-૪૮-૧૫૨॥ તથા હેમાચાર્યાણાં કુમારપાલરાજેન સુવર્ણકમલૈઃ પૂજા કૃતાઽસ્ત્યેતદક્ષરાણિ કુમારપાલપ્રબન્ધે સન્તિ ॥૩-૪૯-૧૫૩॥ તથા-''ધર્મ્મલાભ ઇતિ પ્રોક્તે દુરાદુચ્છ્રિતપાણયે । સૂરયે સિદ્ધસેનાય દદૌ કોટિં નરાધિપઃ'' ॥૧॥ ઇદં ચાગ્રપૂજારૂપં દ્રવ્યં તદાનીં સઙ્ઘેન જીર્ણોદ્ધારે વ્યાપારિતમિતિ તત્પ્રબન્ધાદૌ શ્રૂયતે । અત્રાર્થે બહુ વક્તવ્યમસ્તિ, કિયલ્લિખ્યતે ઇતિ પ્રશ્નત્રયપ્રતિવચનાનિ[1] ॥૩-૫૦-૧૫૪॥

૧ 'વચઃ' ઇતિ પાઠાન્તરમ્ ।

પ્રશ્નઃ- ગુરુપૂજા સંબંધિ સુવર્ણ વગેરે દ્રવ્ય ગુરુદ્રવ્ય કહેવાય કે નહિ?

પ્રશ્નઃ- તથા પૂર્વે આ પ્રમાણે ગુરુપૂજાનું વિધાન હતું કે નહિ?

પ્રશ્નઃ- તેમજ એ દ્રવ્યનો ઉપયોગ ક્યાં કરાય? આ જણાવવા કૃપા કરશો.

ઉત્તરઃ- ગુરુપૂજા સંબંધી સુવર્ણ વગેરે સ્વનિશ્રાનું નહિ હોવાથી=પોતાને સ્વાધીન

કરેલું નહિ હોવાથી ગુરુદ્રવ્ય ન કહેવાય, પરંતુ જે રજોહરણાદિ વસ્તુઓ ગુરુઓએ પોતાને સ્વાધીન કરી હોય તે વસ્તુઓ ગુરુદ્રવ્ય કહેવાય, એમ જણાય છે. તથા શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીની કુમારપાલ ભૂપાલે સુવર્ણકમળોથી પૂજા કરી છે, એવા અક્ષરો કુમારપાલ પ્રબંધમાં છે. તેમજ 'ધર્મલાભ=તને ધર્મનો લાભ થાઓ, એ પ્રમાણે જ્યારે કહ્યું ત્યારે દૂરથી જેઓએ હાથ ઊંચા કર્યા છે એવા સિદ્ધસેનસૂરિને વિક્રમ રાજાએ કોટિ દ્રવ્ય આપ્યું.' આ અગ્રપૂજા રૂપ દ્રવ્યનો તે વખતે જીર્ણોદ્ધારમાં ઉપયોગ કર્યો હતો, એમ તેમના પ્રબંધ વગેરેમાં સંભળાય છે. આ વિષયમાં ઘણું કહેવા યોગ્ય છે, કેટલું લખીએ? તમે પૂછેલા ત્રણ પ્રશ્નોના આ પ્રમાણે ઉત્તરો [૫૫]છે. ૩-૪૮-૪૯-૫૦-૧૫૨-૧૫૩-૧૫૪

ટિપ્પણ-૫૫. આ પ્રશ્નોત્તરથી સિદ્ધ થાય છે કે—શ્રાવકો ગુરુપૂજા કરે, તે શાસ્ત્રોક્ત જ છે, અને એ માટે ઉછામણીનો પ્રસંગ હોય તો તે દેવદ્રવ્યની વૃદ્ધિકારક હોઈ શાસ્ત્રવિધિને ઉપકારક જ છે. પણ આ પ્રકારની ગુરુપૂજાનું દ્રવ્ય દેવદ્રવ્ય તરીકે ગણાય છે એટલે તેનું ઉત્પન્ન દ્રવ્ય સાધુઓના ઉપયોગમાં આવી શકે નહિ.

तथा–कृत्रिमं वस्तु कियत्कालं तिष्ठति सङ्ख्यातमसङ्ख्यातं वा? इति प्रश्नोऽत्रोत्तरम्-कृत्रिममनेकप्रकारं, तेनात्रार्थे भगवत्या अष्टमशतकनवमोद्देशकसूत्र-वृत्तिर्विलोक्या । किञ्चाऽत्रार्थेऽष्टापदाद्रिचैत्यमाश्रित्य यदि कश्चिद्विप्रतिपद्यते तदा तमाश्रित्य वसुदेवहिण्डौ-"तओ ते जण्हुपभिइया कुमारा पुरिसे आणवेइ-गवेसह अट्ठावयतुल्लं पव्वयं ति । ततो तेहिं तुल्लो पव्वओ न दिट्ठो त्ति निवेइयं । ततो अमच्चं ते लवंति केवइयं पुण कालं आययणं अवसिज्जस्सइ? ततो तेण अमच्चेण भणियं-जाव इमा ओसप्पिणि त्ति मे केवलिजिणाण अंतिए सुयं" इति प्रतिवचः । तथा सिद्धान्ताक्षराणि कानीति ब्रुवाणस्य जम्बूद्वीपप्रज्ञप्त्यादौ सुषमासुषमारकादिवर्णके वापी-दीर्घिकाकांस्यादिधातुप्रमुखकृत्रिमपदार्थसद्भावो दर्शनीय इति ।।३-५१-१५५।।

પ્રશ્નઃ- કૃત્રિમ=બનાવેલી વસ્તુ કેટલો કાલ રહે? સંખ્યાત કાલ સુધી કે અસંખ્યાત કાલ સુધી?

ઉત્તરઃ- કૃત્રિમ વસ્તુ અનેક પ્રકારની હોય છે. માટે આ વિષયમાં ભગવતીના આઠમા શતકના નવમા ઉદ્દેશાના સૂત્રની ટીકા જોવી. વળી આ વિષયમાં અષ્ટાપદ ગિરિ ઉપર રહેલ ચૈત્યને આશ્રયી જો કોઈ વિવાદ કરે, તો તે વસ્તુને અનુલક્ષીને વસુદેવહિણ્ડિમાં આ પ્રમાણે કહ્યું છે—"ત્યારબાદ તે જહ્નુ વગેરે કુમારોએ (પોતાના) પુરુષોને આજ્ઞા કરી કે—અષ્ટાપદ જેવા પર્વતની ગવેષણા કરો. ત્યાર બાદ તપાસ કરતાં તે પુરુષોએ અષ્ટાપદ સમાન પર્વત દૃષ્ટિપથમાં નથી આવ્યો એમ જણાવ્યું. ત્યાર બાદ જહ્નુ વગેરે કુમારોએ અમાત્યને કહ્યું કે—આ જિનમંદિર કેટલા કાલ

સુધી રહેશે? ત્યારે અમાત્યે કહ્યું કે—'આ અવસર્પિણી સુધી રહેશે એમ કેવલી જિનો પાસેથી મારા સાંભળવામાં આવ્યું છે.' તથા આ સંબંધે સિદ્ધાન્તના અક્ષરો બતાવો એમ જો કોઈ કહે તો જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ વગેરેમાં સુષમાસુષમા વગેરે આરાના વર્ણનમાં વાવ, દીર્ઘિકા, કાંસુ વગેરે ધાતુ ઈત્યાદિ કૃત્રિમ પદાર્થનો સદ્ભાવ બતાવ્યો છે, તે અધિકાર દેખાડવો. ૩-૫૧-૧૫૫

तथा–कुहणाशब्देन भूमिस्फोटा व्याख्याताः सन्ति जीवाभिगमसूत्रे प्रत्येकवनस्पत्यधिकारे, जीवविचारे तु साधारणमध्ये भूमिस्फोटाः कथमुक्ताः? इति प्रश्नोऽत्रोत्तरम्-कुहणाशब्देन भूमिस्फोटा व्याख्यातास्सन्ति प्रत्येकवनस्पत्यधिकारे जीवाभिगमसूत्रे, जीवविचारे तु साधारणमध्ये भूमिस्फोटा उक्तास्सन्ति, अत्रार्थे तत्त्वं तत्त्वविद्वेद्यमिति बोध्यम् ॥३-५२-१५६॥

પ્રશ્નઃ- જીવાભિગમ સૂત્રમાં પ્રત્યેક વનસ્પતિના અધિકારમાં કુહણા શબ્દનો અર્થ ભૂમિસ્ફોટ કહ્યો છે, તો પછી જીવવિચારમાં ભૂમિસ્ફોટોને સાધારણ વનસ્પતિની અંદર કેમ કહ્યા છે?

ઉત્તરઃ- જીવાભિગમ સૂત્રમાં પ્રત્યેક વનસ્પતિના અધિકારમાં કુહણા શબ્દથી ભૂમિસ્ફોટ કહ્યા છે, જીવવિચારમાં ભૂમિસ્ફોટ વનસ્પતિને સાધારણની અંદર ગણાવેલ છે. આ વિષયમાં તત્ત્વ શું છે તે તત્ત્વવિદ્ જાણે એમ જાણવું. ૩-૫૨-૧૫૬

तथा–विमानानामन्तराले भूमिरस्ति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-सा नास्तीति विज्ञायते, यतो भगवत्यादौ नरकसत्काः सप्त ईषत्प्राग्भारा चैकेत्यष्टैव पृथिव्य उक्तास्सन्तिः, यदि स्वर्गेऽपि साऽभविष्यत्तदाऽधिकाऽप्युक्ताऽभविष्यदिति ॥३-५३-१५७॥

પ્રશ્નઃ- વિમાનોના આંતરામાં ભૂમિ છે કે નહિ?

ઉત્તરઃ- ભૂમિ નથી, એમ જણાય છે. કારણકે ભગવતીજી વગેરે સૂત્રોમાં નરક સંબંધી સાત અને એક ઈષત્ પ્રાગ્ભારા એમ આઠ જ પૃથ્વી કહેલી છે. જો સ્વર્ગમાં પણ પૃથ્વી હોત તો શાસ્ત્રમાં અધિક પણ કહી હોત. ૩-૫૩-૧૫૭

तथा-''दिव्वं तेयलेसं असहमाणे'' त्ति भगवतीषोडशशतकपञ्चमोद्देशकप्रान्ते तद्वृत्तौ-इह किल शक्रः पूर्वभवे कार्तिकाभिधानोऽभिनवश्रेष्ठी बभूव, गङ्गदत्तस्तु जीर्णश्रेष्ठीति । एतौ मुनिसुव्रतजिनपार्श्वे प्रव्रजितौ । वन्दारुवृत्तौ तु विशालायां श्रीमहावीरकायोत्सर्गाधिकारे जीर्णश्रेष्ठ्यभिनवश्रेष्ठिनाविति तौ कौ? इति प्रश्नोऽत्रोत्तरम्-''दिव्वं तेयलेसं असहमाणे'' एतत्सूत्रवृत्तौ यौ जीर्णश्रेष्ठ्यभिनवश्रेष्ठिनौ श्रीमुनिसुव्रतस्वामिपार्श्वे प्रव्रजितौ तावन्यौ । वृन्दारुवृत्तौ तु विशालायां यौ जीर्णश्रेष्ठ्यभिनवश्रेष्ठिनौ प्रोक्तौ तौ भिन्नावेव ज्ञायेते, तेनात्र कः संशयः? ॥३-५४-१५८॥

પ્રશ્નઃ- અત્યારે જે શક્ર ઈંદ્ર છે તે પૂર્વભવમાં કાર્તિક નામનો અભિનવ શેઠ હતો, અને ગંગદત્ત જીર્ણ શેઠ હતો. આ બે શેઠે મુનિસુવ્રતસ્વામી પાસે દીક્ષા લીધી. એમ શ્રી ભગવતીજીના ૧૬મા શતકના ૫ મા ઉદ્દેશાના અન્ત ભાગમાં ``दिव्वं तेयलेसं असहमांणे'' त्ति એ સૂત્રની ટીકામાં કહ્યું છે. પરંતુ વન્દારુવૃત્તિમાં વિશાલા નગરીમાં શ્રીમહાવીરના કાયોત્સર્ગના અધિકારમાં જીર્ણશેઠ અને અભિનવ શેઠ કહ્યા છે, તો તે કયા?

ઉત્તરઃ- ``दिव्वं तेयलेसं असहमाणे'' આ સૂત્રની ટીકામાં જે જીર્ણશેઠ અને અભિનવ કહ્યા છે, કે જેઓએ મુનિસુવ્રતસ્વામિ પાસે દીક્ષા લીધી છે, તે બીજા છે, અને વન્દારુવૃત્તિમાં વિશાલામાં જે જીર્ણશેઠ અને અભિનવ શેઠ કહ્યા છે તે જુદા જ છે, એમ જણાય છે. એટલે આ વિષયમાં સંશય શો હોઈ શકે? ૩-૫૪-૧૫૮

तथा–``तस्स अयसिआ ओलंबंति तं च वेज्जे अदक्खु''त्ति भगवतीषोडशशतकपश्चमोद्देशके क्रियाधिकारे अत्र वैद्यस्य का क्रिया? किं जीवसत्कप्राणातिपातादिका किंवा कार्यकरणरूपा? इति प्रश्नोऽत्रोत्तरम्-``तस्स अयसिआ ओलंबंति तं च वेज्जे अदक्खु'' एतत्सूत्रे वैद्यस्य या क्रिया सा व्यापारजन्या, न तु जीवघातजन्या, अर्शसां जीवत्वप्रतिपादकाक्षराणामनुपलम्भादिति ॥३-५५-१५९॥

પ્રશ્નઃ- ``तस्स अयसिआ ओलंबंति तं च वेज्जे अदक्खु त्ति'' તેના હરસ લટકે છે, વૈદ્યે લટકતા તે હરસ જોયાં.' આ પ્રમાણે ભગવતીજીના ૧૬મા શતકના ૫ મા ઉદ્દેશાના ક્રિયા અધિકારમાં કહ્યું છે. અહીં વૈદ્યને ક્રિયા કઈ લાગે? શું જીવ સંબંધી હિંસાદિની ક્રિયા લાગે કે કાર્ય કરવા રૂપની ક્રિયા લાગે?

ઉત્તરઃ- ``तस्स अयसिआ ओलंबंति तं च वेज्जे अदक्खु'' આ સૂત્રને અનુસરીને હરસ પાડવામાં વૈદ્યને જે ક્રિયા લાગે છે તે વ્યાપાર જન્ય છે, પરંતુ જીવહિંસાથી થતી ક્રિયા લાગતી નથી. કારણ કે હરસ સજીવ છે એવા શાસ્ત્રાક્ષરો દેખાતા[૫૬] નથી. ૩-૫૫-૧૫૯

ટિપ્પણ-૫૬. આનો ભાવાર્થ એ છે કે હરસ પોતે સ્વતંત્ર જીવ નથી.

तथा–``भवियदव्वनेरइयस्स णं भंते ! केवइयं कालं ठिई पन्नत्ता? गोयमा! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं पुव्वकोडी''त्ति । तथा-``भवियदव्वअसुरकुमारस्स णं भंते ! केवतियं कालं ठिई पन्नत्ता? गोयमा ! जहन्नेणं अंतोमुहुत्तं उक्कोसेणं तिन्नि पलिओवमाइं''ति । तत्कथं स जीवो जन्मभवनानन्तरमेवायुर्बध्नाति किंवाऽन्यभवान्तरितः? आयुर्बन्धे तु त्रिभागादि शास्त्रे प्रतिपादितं दृश्यत इति निर्णयः प्रसाद्य इति प्रश्नोऽत्रोत्तरम्-``भवियदव्वनेरइअस्स०'' इत्यत्र-``एगभविए अबद्धाउए अ अभिमुहिअनामगोए अ । एए तिन्नि वि देसा दव्वम्मि अ पुंडरीअस्स''

॥१॥ इति श्रीसूत्रकृताङ्गद्वितीयश्रुतस्कन्धनिर्युक्तिवचनाद् योऽनन्तरे आगामिभवे नारको भावी स अबद्धायुरपि पूर्वभवे द्रव्यनारकोऽभिधीयते । तथा च पूर्वकोटिरुत्कर्षतः सुतरां संभवतीति न कश्चिच्छङ्कावकाशः । एवं ''भवियदव्वअसुर-कुमारस्स०'' इत्यत्रापि भावनीयम् ॥३-५६-१६०॥

પ્રશ્નઃ- "હે ભગવન્ ! ભવ્ય દ્રવ્ય નારકીની (ભાવિમાં જે જીવ નારકી થવાનો હોય તેની) કેટલા કાલ પ્રમાણ સ્થિતિ—આયુષ્ય કહી છે? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ વર્ષની સ્થિતિ કહી છે. તથા હે ભગવન્ ! ભવ્ય દ્રવ્ય અસુર કુમારની (ભાવિમાં જે જીવ અસુરકુમાર થવાનો હોય તેની) કેટલા કાલની સ્થિતિ કહી છે? હે ગૌતમ ! જઘન્યથી અન્તર્મુહુર્ત અને ઉત્કર્ષથી ત્રણ પલ્યોપમ કહી છે." તો શું તે જીવ થયા બાદ તુરત જ આયુષ્ય બાંધે છે કે અન્ય ભવથી અંતરિત બાંધે છે? આયુષ્ય બંધ તો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે બંધાય એમ શાસ્ત્રમાં કહ્યું છે. આ સંબંધિ નિર્ણય જણાવવા કૃપા કરશો?

ઉત્તરઃ- દ્રવ્ય વિષયક જીવના ત્રણ આદેશો છે. ૧-એક ભવિક; આયુષ્યના બંધ પૂર્વે. ૨-બદ્ધાયુષ્ક=પરભવના આયુષ્યના બંધવાળો અને ૩-અભિમુખ નામગોત્ર, પરભવના નામ ગોત્ર ભોગવવા માટે સન્મુખ થએલો. જેમકે—કમલનો જીવ જે આગામિ ભવમાં પ્રત્યેક વનસ્પતિકાયરૂપ કમલ થનારો છે અને પૂર્વભવમાં કમલ તરીકેનું આયુષ્ય બાંધ્યું ન હોય તો પણ તે જીવને એક ભવિક દ્રવ્યકમલ તરીકે કહી શકાય છે. અને જો કમલનું આયુષ્ય બાંધ્યું હોય તો બદ્ધાયુષ્ક દ્રવ્યકમલ તરીકે કહી શકાય છે અને કમલ તરીકેનું આયુષ્ય બાંધ્યા પછી એ નામ ગોત્ર વગેરેને ભોગવવા સન્મુખ થયો હોય તો અભિમુખ નામગોત્ર દ્રવ્ય કમલ તરીકે કહી શકાય છે. જીવના દ્રવ્યમાં આ ત્રણ આદેશો છે. આ પ્રમાણે શ્રીસૂયગડાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધની નિર્યુક્તિમાં કહ્યું હોવાથી જે જીવ અનંતર આગામિ ભવમાં નારકી થનારો હોય તે જીવ નારકીના આયુષ્યનો બંધ ન કર્યો હોય તો પણ પૂર્વભવમાં દ્રવ્ય નારકી તરીકે કહી શકાય છે. તેથી તેની ઉત્કર્ષથી સ્થિતિ પૂર્વક્રોડ વર્ષ સુતરાં સંભવી શકે છે, એટલે કોઈ પણ જાતની શંકાને અવકાશ રહેતો નથી. એવી રીતે ભાવિ અસુરકુમારના સંબંધમાં પણ વિચારી લેવું. ૩-૫૬-૧૬૦

तथा—कुत्रचिद्देशे तैलादिनाङ्गुलीभिः कणिक्कापिण्डं म्रक्षयित्वा त्राद्याः क्रियन्ते ता आचामाम्लप्रत्याख्याने यतीनां कल्पन्ते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-कुत्रचिद्देशे तैलादिम्रक्षितकरेण त्राद्याः क्रियन्ते ता आचामाम्ले यतीनां कल्पन्त इति ज्ञायते ॥३-५७-१६१॥

પ્રશ્નઃ- કોઈ દેશમાં તેલ વગેરેનો હાથ દઈને કણકને મસળવામાં આવે છે અને એવી રીતે કરીને મોણવાળી રોટલી વગેરે કરાય છે તો તે રોટલી આયંબિલના પચ્ચખ્ખાણમાં સાધુઓને કલ્પે કે નહિ?

ઉત્તરઃ- કોઈ દેશમાં તેલ વગેરેના હાથ કરીને કણકને મસળીને જે રોટલી કરાય છે તે રોટલી સાધુઓને આયંબિલના પચ્ચખ્ખાણમાં કલ્પે છે એમ ખબર છે. ૩-૫૭-૧૬૧

अथ पण्डितकल्याणकुशलगणिकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

''दुसु तिसु तिसु कप्पेसुं, घणुदहिघणवायतदुभयं च कमा'' इत्यत्र घनोदधिघनवाततदुभयानां तद्वलयानां च विष्कम्भादि प्रमाणं कियदस्ति? कुत्र च? इति संदिहानोऽस्मि, तन्निर्णये च तत्रत्यभूमेरपि विष्कम्भायामादिनिर्णयो भवतीति प्रश्नोऽत्रोत्तरम्-''दुसु तिसु तिसु कप्पेसुं घणुदहिघणवायतदुभयं च कमा'' अत्र घनोदध्यादीनामष्टसु स्वर्गेषु विमानानामाधारतयाऽऽगमे प्रतिपादनं दृष्टमस्ति, न तु तेषां परिमाणं वलयानि चाद्य यावद् दृष्टानि स्मृतिमायान्ति ॥३-५८-१६२॥

પ્રશ્નકાર-પંડિત શ્રીકલ્યાણકુશળગણિ

પ્રશ્નઃ- ''दुसु तिसु[57] तिसु कप्पेसुं, घणुदहिघणवाय तदुभयं च कमा'' આ ગાથામાં કહેલ-ઘનોદધિ, ઘનવાત, ને તદુભય-ઘનોદધિઘનવાતની અને તેના વલયોની પહોળાઈ વગેરેનું પ્રમાણ કેટલું છે અને તે ક્યાં છે? આ વિષયમાં હું સંદિગ્ધ છું. જો તે વસ્તુનો નિર્ણય થાય તો ત્યાંની ભૂમિની પણ પહોળાઈ લંબાઈ વગેરેનો નિર્ણય થાય.

ઉત્તરઃ- આ ગાથામાં ઘનોદધિ આદિ આઠ દેવલોકના વિમાનોના આધાર રૂપે આગમમાં પ્રતિપાદન કરેલ છે, એમ જોયું છે. પરંતુ તેઓનું પરિમાણ, કે વલયો હજુ સુધી જોયાં હોય એવું સ્મરણમાં આવતું નથી. ૩-૫૮-૧૬૨

ટિપ્પણ-૫૭. **''दुसु तिसु तिसु कप्पेसुं, घणुदहि घणवाय तदुभयं च कमा ।**
सुरभवणपइट्ठाणं, आगासपइट्ठिआ उवरिं ॥७९॥''

(સંગ્રહણી વૃત્તિ, પૃ. ૪૫)

ભાવાર્થઃ-'પ્રથમ બે દેવલોક-સૌધર્મ અને ઈશાનના વિમાનોના આધારરૂપે ઘનોદધિ છે. સનત્કુમાર, મહેન્દ્ર, અને બ્રહ્મદેવલોક આ ત્રણના વિમાનોના આધારરૂપે ઘનવાત છે. અને ત્યાર પછીના લાન્તક, શુક્ર, અને સહસ્રાર આ ત્રણ દેવલોકના વિમાનોના આધાર તરીકે ઘનોદધિ અને ઘનવાત કહેલ છે. આ પ્રમાણે આઠ દેવલોક સુધી છે. પછી ઉપરના દેવલોકો યાવત્ સર્વાર્થ સુધી આકાશના આધારે રહેલા છે.

तथा–ऊकेशवालानां केचिद्देशनिह्नवत्वमास्थिषते, तत्र चोपधानापलापित्वं हेतुतयोपदर्शयन्ति । तदुपधानापलापित्वं किं तत्कृतग्रन्थेषु निषिद्धत्वेन ज्ञातम्? सांप्रतीनानामवहनदर्शनेन? स्वधिया वा? अत्रान्त्यस्तूपेक्ष्य एव । द्वितीयोऽपि न चमत्कारकारकः तेषां समुदाये प्रमादोत्पत्तेश्चिरकालीनत्वात्प्रमादेनाऽवहनं च न निह्नवतायां प्रयोजकम् । आद्ये तु तान् ग्रन्थान् दिदृक्षुरस्मि । यदि चैतेऽपि निह्नवास्तदा मूलशासनस्य श्राद्धाः के कुत्र वसन्ति? इत्यादितर्कविषयत्वेन प्रवचनपरीक्षागतमप्येतन्मच्चित्तेऽतीव चिन्त्यतया प्रतिभासते । केचित्तु प्रतिपदं पूत्कुर्वाणास्सन्ति यदेते निह्नवा इति । किञ्च ''होइ मंगलम्'' इति पाठोऽपि न तेषां निह्नवतामावहति, वज्रस्वामिनः प्रागेव तेषां शाखायाः पृथक् पतितत्वात्; नागपुरीयादितपापक्षीयानां पञ्चदशलोगस्सकायोत्सर्गाऽभाववत् । ''काले विणए बहुमाणे उवहाणे'' इत्यादिपाठोऽपि श्राद्धानामखण्ड एव तैः पाठितो दृश्यते, ततो यदि ताता एककोटितां नीत्वा प्रसादयन्ति तदा शिशुरनुगृहीतो भवतीति प्रश्नोऽत्रोत्तरम्-ऊकेशगच्छीयानां देशनिह्नवत्वं के पूत्कुर्वन्ति तन्न ज्ञायते । अस्माभिस्तु द्वादशजल्पपट्टे लिखितानामेव निह्नवत्वं श्रद्धीयते नान्येषाम् । द्वादशजल्पपट्टस्तु श्रीमतां प्राक् प्रहितोऽस्ति । किञ्च, प्रवचनपरीक्षासत्कमेतदाश्रितमन्यच्च किञ्चिच्चर्च्यपदमन्यग्रन्थाऽननुयायि तद्विचार्यमेवास्ति । तथा नामग्राहनिर्णयज्ञापनं विना यत्र तत्र निह्नवत्ववादिनां प्रतिकारोऽपि कथं क्रियते? इति ॥३-५९-१६३॥

પ્રશ્નઃ- ઉકેશગચ્છીઓ દેશનિહ્નવ છે એમ કેટલાક સ્થાપે છે અને તેનું કારણ તેઓ ઉપધાનનો અપલાપ કરે છે, એમ જણાવે છે. તો તેઓએ કરેલ ઉપધાનનો અપલાપ શું તેઓના બનાવેલા ગ્રંથોમાં નિષેધેલ જાણ્યો છે? અથવા વર્તમાન કાલીન તે લોકો ઉપધાન વહન કરતા દેખાતા નથી. તેથી કહે છે? કે પોતાની બુદ્ધિથી જણાવે છે? આ ત્રણ વિકલ્પોમાં છેલ્લો વિકલ્પ ઉપેક્ષા પાત્ર જ છે. બીજો વિકલ્પ પણ આશ્ચર્ય ઉપજાવે તેવો નથી, કારણ કે ઉકેશગચ્છીઓના સમુદાયમાં લાંબો કાલ થયો હોવાથી પ્રમાદે ઘર કર્યું છે, માટે પ્રમાદથી ઉપધાનનું અવહન તેઓના નિહ્નવપણામાં કારણભૂત નથી. પ્રથમ વિકલ્પ તેના નિહ્નવપણામાં હેતુ હોય તો હું તેમના તેવા ગ્રંથોને જોવાની ઈચ્છાવાળો છું. અને જો એ પણ નિહ્નવો હોય તો મૂલશાસનના શ્રાવકો કોણ છે? અને ક્યાં વસે છે? ઈત્યાદિ વિચારણીય હોવાથી પ્રવચનપરીક્ષાનું વચન પણ મારા ચિત્તમાં ઘણું જ વિચારણીય તરીકે લાગે છે. વળી કેટલાકો તો "આ લોકો નિહ્નવો છે એમ પગલે પગલે પોકાર કરે છે!" વળી ''होइ मंगलं'' આ પાઠ પણ ઉકેશગચ્છીઓની નિહ્નવતામાં પ્રયોજક નથી. કારણ કે જેમ નાગપુરીયાદિ તપાપક્ષીયોમાં પંદર લોગસ્સના કાઉસગ્ગનો અભાવ

છે તેમ ઉકેશગચ્છીઓની શાખા વજ્રસ્વામિની પહેલાં જ ભિન્ન થએલી છે. વળી ''काले विणए बहुमाणे उवहाणे'' આ પાઠ પણ તેઓ પોતાના શ્રાવકોને અખંડ રીતે ભણાવે છે એમ દેખાય છે. માટે જો આપ નિશ્ચય કરીને જણાવો તો બાલક ઉપર અનુગ્રહ થાય?

ઉત્તરઃ- ઉકેશગચ્છીઓ દેશનિન્હવ છે એવો પોકાર કોણ કરે છે તે અમે જાણતા નથી. અમે તો દ્વાદશજલ્પપટ્ટકમાં જણાવેલાઓને જ નિન્હવ માનીએ છીએ, બીજાઓને નહિ. દ્વાદશજલ્પપટ્ટક તો પહેલાં અમે તમોને મોકલ્યો છે. વળી આને આશ્રયીને પ્રવચનપરીક્ષામાં જે કહ્યું હોય તે, તથા અન્ય ગ્રંથ સાથે નહિ મલતું બીજું પણ કેટલુંક ચર્ચા કરવા યોગ્ય લખાણ જે હોય તે વિચારવા યોગ્ય જ છે. વળી સ્પષ્ટ નામનો ઉલ્લેખ કર્યા વિના જ્યાં ત્યાં નિન્હવપણું જણાવનારાઓનો પ્રતિકાર પણ શી રીતે કરવો? ૩-૫૯-૧૬૩

तथा-''तेसु णं वतिरामंतेसु अंकुसेसु चत्तारि कुंभिक्का मुत्तादामा पन्नत्ता''। इत्यत्र कुम्भप्रमाणत्वं मौक्तिकानामुक्तम् । कुम्भप्रमाणं चानेन क्रमेण-'दो असईओ पसई, दो पसईओ अ सेईआ होइ, चत्तारि सेईआओ कुलओ, चत्तारि कुलया पत्थो, चत्तारि पत्था आढयं, सट्ठि आढगाणं जहन्नए कुंभे, असिई आढगाणं मज्झिमए कुंभे, आढयाणं सयं उक्कोसए कुंभे, अट्ठेव आढयसयाणि बाहे'' इति तन्दुलवैतालिकप्रकीर्णके । यद्येकस्यां प्रसृत्यां १ सेरः संभाव्यते तदा सेतिकायां २ सेरौ, कुटपे च १० से०, प्रस्थे च १ मणम्, आढके च ४ म०, आढकानां षष्ट्या च २४० मणप्रमाणो जघन्यः कुम्भो भवति । ३२० मणप्रमाणो मध्यमः । ४०० मणप्रमाण उत्कृष्टो भवति । अनया रीत्या विचार्यमाणं ६४ मणप्रमाणत्वं मौक्तिकानां कथमसङ्गतीभवति? । अथैवमप्याधिक्यमेव समजनि न त्वभिप्रेतप्रमाणत्वमिति चेत् सत्यम्, सूत्ररचनाया विचित्राभिप्रायत्वेन न जानीमः पृथक्त्ववत् किमपि कुम्भप्रमाणमत्र विवक्षितम्, कुटपप्रमाणस्य नैकधा श्रवणात्। तथाहि-''हस्तोन्मितैर्विसृतिदैर्घ्यपिण्डैर्यद्द्वादशास्त्रं घनहस्तसंज्ञम् । धान्यादिके यद् घनहस्तमानं, शास्त्रोदिता मागधखारिका सा ।।१।। द्रोणस्तु खार्याः खलु षोडशांशः, स्यादाढको द्रोणचतुर्थभागः । प्रस्थश्चतुर्थश्च तथाऽऽढकस्य प्रस्थाद्धिराद्यैः कुटपः प्रदिष्टः'' ।।२।। इति लीलावत्याम् । एतच्चात्यल्पमेव, साम्प्रतं तु नेपालदेशे ३६ पइसातुलितं कुटपं व्यवहरन्ति, तद्गणनायां च चतुष्षष्टिमणानि किञ्चिन्न्यूनानि भवन्ति । ततोऽत्रैतिह्यमेव स्वीकार्यं सिद्धान्ते व्यक्तमानाऽनुपलम्भात्, अनुत्तरविमानगतस्य जीवस्य सङ्ख्येयभवोक्तौ २४ भवरूपैतिह्यवत् । किञ्च व्यक्तमानाक्षराण्यपि जीर्णपत्रेषु दृश्यन्ते, तद्यथा-''सर्वार्थ-सिद्धविमाने एकं मुक्ताफलं ६४ मणप्रमाणम्, वलयाकारेण ४ मुक्ताफलानि

३२ मणप्रमाणानि, एवं तदर्धमानानि ८ वलयानि यदा वातलहर्या पृथग् भूत्वा मुख्यमुक्ताफले आस्फालयन्ति तदा तद्विमानं मधुरस्वरनादाऽद्वैतमयं जायते'' इत्यादि। सिद्धप्राभृतप्रकीर्णके एवमेव पण्डितपद्मविजयगणिपार्श्वेऽपि। न चैतन्मानं न श्रद्धीयते, तादृशग्रन्थविच्छित्तावपि सिद्धान्तानुगतस्याऽर्थस्याश्रद्धाने मिथ्यात्वापातात्। न चैतन्मानं सर्वार्थसिद्धे भविष्यति न नन्दीश्वरादाविति वाच्यम्, पाठस्य समानत्वात्। पाठसाम्ये च न्यूनाधिकत्वं न दोषावहम्, ''अद्धद्धमाण राइंदिआणं'' इति पाठवत्। एवं सत्यपि कथं केचित्तद्वादिनां निह्नवतां पूत्कुर्वन्ति? कथं च ताताः प्रसादयन्ति? इति जिज्ञासायां ताता एव प्रमाणमिति प्रश्नोऽत्रोत्तरम्-सर्वार्थसिद्धादिविमानेषु मुक्ताफलमानमाश्रित्य वृद्धवादानुसारेण -छूटकपत्राक्षरानुसारेण भुवनभानुकेवलिचरित्रानुसारेण च चतुःषष्टिमणप्रमाणत्वमवसीयते। किञ्च, कुम्भानां माने वैचित्र्यमुपलभ्यते तेनात्रार्थे नाग्रहमतिर्विधेयेति ॥३-६०-१६४॥

પ્રશ્નઃ- 'તે વજ્રમય એવા અંકુશોમાં ચાર કુંભ પ્રમાણ મુક્તામાળાઓ છે,' અહીં મોતીઓનુ કુંભ પ્રમાણ કહેલું છે. કુંભપ્રમાણનો ક્રમ આ છે—બે અસલીની એક પસલી થાય, ૨ પસલીએ ૧ સેતિકા થાય, ૪ સેતિકાએ ૧ કુડવ થાય, ૪ કુડવનો ૧ પ્રસ્થ થાય, ૪ પ્રસ્થનો ૧ આઢક થાય, ૬૦ આઢક પ્રમાણનો ૧ જઘન્ય કુંભ થાય, ૮૦ આઢક પ્રમાણનો ૧ મધ્યમકુંભ થાય, અને ૧૦૦ આઢકે ૧ ઉત્કૃષ્ટ કુંભ થાય છે, ૮૦૦ આઢકે ૧ બાહા થાય, આ પ્રમાણે તન્દુલવેયાલિય પયન્નામાં કહ્યું છે. હવે જો ૧ પસલીમાં ૧ શેર સંભવી શકે તો ૧ સેતિકામાં ૨ શેર માય, કુડવમાં ૧૦ શેર (૮ શેર), પ્રસ્થમાં ૧ મણ, આઢકમાં ૪ મણ, ૬૦ આઢકના ૨૪૦ મણ પ્રમાણનો જઘન્ય કુંભ થાય, ૩૨૦ મણ પ્રમાણનો મધ્યમ કુંભ થાય, અને ૪૦૦ મણ પ્રમાણનો ઉત્કૃષ્ટ કુંભ થાય છે. આ રીતે વિચારતાં મોતીઓનું ૬૪ મણ પ્રમાણ કેવી રીતે અસંગત થાય? હવે જો એમ કહો કે—'આમ છતાં પણ પ્રમાણમાં અધિકતા જ થઈ, પરંતુ ઈષ્ટ પ્રમાણ તો ન જ આવ્યું,' તો તે સાચું છે, કારણ કે સૂત્રરચના વિચિત્ર હોવાથી 'पृथक्त्व' શબ્દની માફક (જેમ એ શબ્દ બેથી નવ, સાત અને બહુ ઈત્યાદિ અનેક અર્થમાં આવે છે તેમ) અહીં કુંભનું પ્રમાણ કયું વિવક્ષિત હશે તે અમે જાણતા નથી. કુડવનું પ્રમાણ શાસ્ત્રમાં અનેક પ્રકારે સંભળાય છે. જેમ લીલાવતીમાં 'હસ્ત પ્રમાણ લંબાઈ પહોળાઈ યુક્ત પિંડથી જે બાર આંસીયાવાળું બને છે તે ઘન હસ્ત કહેવાય છે. ધાન્યાદિકમાં જે ઘનહસ્તનું પ્રમાણ આવે છે તેને શાસ્ત્રમાં માગધખારિકા કહેવાય છે, અને ૧ ખારીનો ૧૬મો ભાગ દ્રોણ છે, ૧ દ્રોણનો ચોથો ભાગ આઢક છે, અને આઢકનો ચોથો ભાગ ૧ પ્રસ્થ થાય છે, અને પ્રસ્થનો ચોથો ભાગ ૧ કુડવ થાય છે,' એમ કહ્યું છે. આ પ્રમાણ ઘણું જ થોડું છે. વર્તમાનકાલે પણ નેપાલદેશમાં ૩૬ પૈસાના પ્રમાણ સમાન કુડવનો વ્યવહાર ચાલે છે. આ ગણત્રીથી ૬૪ મણ કાંઈક ઓછા થાય છે. તેથી જેમ અનુત્તર વિમાનમાં રહેલા

જીવોના સંખ્યાતા ભવો કહ્યા હોવા છતાં ઐતિહાસિક દૃષ્ટિએ ૨૪ ભવો લેવાય છે તેમ આ વિષયમાં ઐતિહાસિક પ્રમાણ જ સ્વીકારવું, કારણ કે શાસ્ત્રોમાં સ્પષ્ટ અક્ષર દેખાતા નથી. વળી જુનાં પાનામાં સ્પષ્ટ પ્રમાણના અક્ષરો પણ દેખાય છે, તે આ રીતે છે—'સર્વાર્થસિદ્ધ વિમાનમાં વચમાં ૧ મોતી ૬૪ મણ પ્રમાણનું છે, તેની ફરતાં વલયાકારે ૩૨ મણ પ્રમાણનાં ૪ મોતી છે, એવી રીતે અડધા અડધા વજનનાં આઠ વલયો જ્યારે વાયુની લહરીથી પૃથગ્ થઈને મુખ્યમોતીમાં અફલાય છે ત્યારે તે વિમાન મધુરશબ્દોના નાદથી અદ્વૈતમય થાય છે,' ઈત્યાદિ. તેમજ પંડિત પદ્મવિજય ગણિની પાસે પણ સિદ્ધપ્રાભૃત પયન્નામાં આ જ પ્રમાણે છે. એમ નહિ કહેવું કે—'આ પ્રમાણ શ્રદ્ધા કરાય તેવું નથી,' કારણ કે તેવા પ્રકારના ગ્રન્થનો વિચ્છેદ હોય છતાં પણ સિદ્ધાન્તને અનુસરતા અર્થની જો શ્રદ્ધા કરવામાં ન આવે તો મિથ્યાત્વ લાગે છે. એમ પણ ન કહેવું કે 'આ માન સર્વાર્થસિદ્ધિમાં હશે, નન્દીશ્વર વગેરેમાં નહિ હોય,' કારણકે (ત્યાંને માટે પણ) પાઠ સરખો છે. પાઠ સરખો હોય ત્યારે ઓછાવત્તાપણું હોય તેથી દોષ લાગતો નથી, જેમ ``अद्धट्ठमाण राइंदिआणं'' આ પાઠ બધા તીર્થંકરોના જન્મમાં સરખો છે, ત્યાં સૌના ગર્ભદિવસોમાં ઓછાવત્તાપણું પણ છે. આમ હોવા છતાં પણ કેટલાકો આવું બોલનારાઓને નિહ્નવ કેમ કહે છે? અને આપ શું જણાવો છો? આ પ્રમાણેની જિજ્ઞાસામાં આપ જ પ્રમાણભૂત છો.

ઉત્તર:- સર્વાર્થસિદ્ધ વગેરે વિમાનોમાં મોતીઓનાં પ્રમાણને આશ્રયીને વૃદ્ધવાદના અનુસારે, છુટા પાનાના અનુસારે, અને ભુવનભાનુકેવલિ ચરિત્રના અનુસારે ૬૪ મણ પ્રમાણ જણાય છે. વળી કુંભના પ્રમાણમાં વિચિત્રતા ઉપલબ્ધ થાય છે તેથી આ અર્થમાં આગ્રહ બુદ્ધિ નહિ કરવી. ૩-૬૦-૧૬૪

अथ पण्डितजिनदासगणिकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

नव नारदाः कुत्र कस्य वा पार्श्वे सम्यक्त्वं प्राप्ताः ? कियन्तश्च स्वर्गेऽपवर्गे च कियन्तो गताः ? इति प्रश्नोऽत्रोत्तरम्-नारदगत्यादिकमाश्रित्य कश्चित्स्वर्गे कश्चिन्मोक्षे, परं सर्वेषां व्यक्तिः क्वचिदपि न दृश्यत इत्यवसेयम् ॥३-६१-१६५॥

પ્રશ્નકાર પંડિત શ્રી જિનદાસ ગણિ

પ્રશ્ન:- નવ નારદોએ ક્યાં અને કોની પાસે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું? અને તેમાંથી સ્વર્ગે કેટલા ગયા અને મોક્ષમાં કેટલા ગયા?

ઉત્તર:- નારદોની ગતિ આદિ આશ્રયીને કોઈ દેવલોકમાં અને કોઈ મોક્ષમાં ગયા છે, પરંતુ અમુક સ્વર્ગમાં કે અમુક મોક્ષમાં એમ તે સર્વની સ્પષ્ટ હકીકત કયાંય પણ દેખાતી નથી, એમ જાણવું. ૩-૬૧-૧૬૫

तथा—जिनप्रतिमानामुष्णलाक्षादिरसेन चक्षुरादिसंयोजने आशातना भवति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-जिनप्रतिमानां चक्षुरादिसंयोजनमाश्रित्य ये निपुणाः श्राद्धास्सन्ति ते रालतैले मेलयित्वा भूयो वर्तयित्वा तद्रसेन चक्षुरादि संयोजयन्ति न तूष्णलाक्षारसेन, तथा करणे आशातनादोषप्रसङ्गादिति ॥३-६२-१६६॥

પ્રશ્નઃ- જિન પ્રતિમાઓને ગરમ લાખ વગેરેના રસથી ચક્ષુ વગેરે ચોંટાડવામાં આશાતના થાય છે કે નહિ?

ઉત્તરઃ- જે નિપુણ શ્રાવકો છે તે રાલ અને તેલ એ બે વસ્તુઓને ભેગી કરી, તેને વારંવાર મસળીને તેના રસથી જિન પ્રતિમાઓને ચક્ષુ વગેરે ચોંટાડે છે, પરંતુ ગરમ લાખના રસથી ચોંટાડતા નથી. કારણ કે તેમ કરવામાં આશાતનાના દોષનો પ્રસંગ રહેલો છે. ૩-૬૨-૧૬૬

तथा—आश्विनचैत्रमासाऽस्वाध्यायिके सप्तम्यष्टमीनवमीदिनत्रयमुपधानमध्ये आयाति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-आश्विनचैत्रमासाऽस्वाध्यायिकदिनत्रयमुपधान-तपोविशेषेषु लेख्यके नाऽऽयातीति बोध्यम् ॥३-६३-१६७॥

પ્રશ્નઃ- આસો અને ચૈત્ર માસની અસજ્ઝાય સંબંધી સાતમ, આઠમ અને નોમ આ ત્રણ દિવસો ઉપધાનમાં ગણાય કે નહિ?

ઉત્તરઃ- આસો અને ચૈત્ર માસની અસજ્ઝાય સંબંધી પહેલા ત્રણ દિવસો ઉપધાન તપ વિશેષની ગણત્રીમાં ગણાતા નથી, એમ જાણવું. ૩-૬૩-૧૬૭

तथा—मालापरिधापननन्दिः कदा मण्ड्यते? इति प्रश्नोऽत्रोत्तरम्-मालापरिधापननन्दिमाश्रित्य तन्नन्दिविधानं विजयदशमीदिनानन्तरं शुध्यतीति वृद्धवादः ॥३-६४-१६८॥

પ્રશ્નઃ- માળ પહેરવાની નાણ ક્યારે મંડાય?

ઉત્તરઃ- માળ પહેરવાની નાણને આશ્રયીને નાણનું વિધાન કરવું આસો સુદી દસમ પછી સુઝે છે, એ પ્રમાણે વૃદ્ધવાદ છે. ૩-૬૪-૧૬૮

तथा—भरतक्षेत्रचक्री प्रथमं कं खण्डं साधयति? इति क्रमः प्रसाद्य इति प्रश्नोऽत्रोत्तरम्-चक्री मध्यमखण्डं साधयित्वा सेनानीरत्नेन सिन्धुखण्डं साधयति। तदनु गुफाप्रवेशेन वैताढ्यमतिक्रम्य मध्यमखण्डं साधयति । तेनैव तत्रत्यं सिन्धुखण्डं साधयित्वाऽत्राऽप्यागतो गङ्गाखण्डं तेनैव साधयित्वा राजधानीमन्वा-गच्छतीति क्रमः ॥३-६५-१६९॥

પ્રશ્નઃ- ભરત ક્ષેત્રના ચક્રવર્તી પહેલા કયો ખંડ સાધે છે? ત્યાર પછી કયો? તે ક્રમ જણાવવા કૃપા કરશો.

ઉત્તરઃ- ચક્રવર્તી મધ્યખંડને સાધીને સેનાનીરત્ન દ્વારા સિન્ધુખંડને સાધે છે, ત્યાર બાદ ગુફામાં પ્રવેશ કરી વૈતાઢ્ય ઓળંગી મધ્યમ ખંડ સાધે છે, સેનાનીરત્નથી જ ત્યાં રહેલા સિન્ધુખંડને સાધીને આ બાજુ આવતાં સેનાનીથી જ ગંગાથી થયેલા બંને ખંડને સાધીને રાજધાની તરફ આવે છે, આવો ક્રમ છે. ૩-૬૫-૧૬૯

अथ पण्डितवेलर्षिगणिकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

पार्श्वस्थदीक्षितात्साधोर्गणश्चलतीति कुत्रोक्तमस्ति? इति प्रश्नोऽत्रोत्तरम्-संविग्न आचार्यादिः संविग्नगीतार्थाद्यभावे संविग्नभक्तपार्श्वस्थादिपार्श्वे यदा प्रायश्चित्तमङ्गीकरोति तदा पुनर्व्रतारोपरूपं प्रायश्चित्तं कश्चित्प्रतिपद्यते, एवं छेदग्रन्थोक्तानुसारेण समाधानमवसेयम् ।।३-६६-१७०।।

પ્રશ્નકાર પંડિત શ્રીવેલર્ષિગણિ

પ્રશ્નઃ- પાસત્થા પાસે દીક્ષિત થયેલા સાધુથી ગણ ચાલી શકે છે, એવું ક્યાં કહ્યું છે?

ઉત્તરઃ- સંવિગ્ન આચાર્યાદિ સંવિગ્નગીતાર્થાદિના અભાવે સંવિગ્નભક્ત-પાસત્થાદિની પાસે જ્યારે પ્રાયશ્ચિત્ત અંગીકાર કરે છે ત્યારે કોઈ ફરીથી વ્રતોના આરોપણ કરવા રૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારે છે. આ પ્રમાણે છેદગ્રન્થમાં કહેલ વચનને અનુસરીને સમાધાન જાણવું. ૩-૬૬-૧૭૦

तथा–देशपार्श्वस्थो वन्द्यः क्वाऽस्ति? इति प्रश्नोऽत्रोत्तरम्-पूर्वोक्ताक्षरानुसारेणाऽऽचार्यादिः प्रायश्चित्तं प्रतिपद्यमानो द्वादशावर्तवन्दनं पार्श्वस्थादेः करोति। कारणान्तरे तु सर्वपार्श्वस्थादेरपि वृद्धवन्दनादि करोतीत्यावश्यकनिर्युक्त्यादौ कथितमस्ति ।।३-६७-१७१।।

પ્રશ્નઃ- કયા શાસ્ત્રમાં દેશ પાસત્થો વંદનીય કહ્યો છે?

ઉત્તરઃ- પૂર્વે કહેલ અક્ષરોના અનુસારે આચાર્ય વગેરે પાસત્થા પાસે પ્રાયશ્ચિત્ત સ્વીકારતા હોય ત્યારે પાસત્થાને દ્વાદશાવર્ત વંદન કરે છે. કારણાન્તર હોય તો આચાર્ય વગેરે સર્વપાસત્થાને પણ મોટા વંદનાદિ કરે છે, એમ આવશ્યક નિર્યુક્તિ વગેરેમાં કહ્યું છે. ૩-૬૭-૧૭૧

तथा–नाणकपूजा गुरोः क्वाऽस्ति? इति प्रश्नोऽत्रोत्तरम्-''कुमारपालेन राज्ञा श्रीहेमाचार्याणां पूजा सुवर्णकमलैः प्रत्यहं क्रियते स्म'' इति कुमारपालप्रबन्धादौ प्रोक्तमस्ति तदनुसारेण नाणकपूजाऽपि साम्प्रतं क्रियमाणा दृश्यते, तेषामपि धातुमयत्वात् । तथाऽत्र वृद्धवादोऽपि-''श्रीसुमतिसाधुसूरीणां वारके मण्डपाचलदुर्गे मलिकश्रीमाफराभिधानेन सुवर्णटङ्कैः गीतार्थानां पूजा कृता'' इति ।।३-६८-१७२।।

પ્રશ્નઃ- નાણાંથી ગુરુની પૂજા ક્યાં કહી છે?

ઉત્તરઃ- ''કુમારપાલરાજા શ્રીહેમચંદ્રાચાર્યની સુવર્ણ કમલોથી હમેશાં પૂજા

કરતા હતા" આ પ્રમાણે કુમારપાલ પ્રબંધ વગેરેમાં કહ્યું છે. તેને અનુસરીને વર્તમાન સમયે પણ ગુરુની નાણાથી પૂજા કરાતી જોવાય છે, કેમકે નાણું પણ ધાતુમય છે. તથા આ વિષયમાં આવા પ્રકારનો વૃદ્ધવાદ પણ છે કે-"શ્રી સુમતિસાધુસૂરિના વારામાં માંડવગઢમાં મલિક શ્રી માફરે ગીતાર્થોની સુવર્ણ ટાંકોથી પૂજા કરી [૫૮]હતી." ૩-૬૮-૧૭૨

ટિપ્પણ-૫૮. ગુરુપૂજા શાસ્ત્રોક્ત વસ્તુ છે, એ આ ઉપરથી સ્પષ્ટ સાબીત થાય છે. છતાં તેના ઉપર કટાક્ષ કરનારા જાણ્યે અજાણ્યે પોતાની અજ્ઞાનતા બતાવે છે. વધુ માટે જુઓ ટિપ્પણ ૫૫.

अथ पुनः पण्डितविवेकहर्षगणिकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

''उसभेणं अरहा कोसलिए चउरासीइपुव्वसयसहस्साइं सव्वाउयं पालइत्ता सिद्धे बुद्धे जाव सव्वदुक्खप्पहीणे, एवं भरहो बाहुबली बंभी सुन्दरी'' इति समवायाङ्गसूत्रावयवेन ''उसहो उसहस्स सुआ'' इत्यादिगाथाया विरोधापत्तिः संजायते, यतो वृषभदेवस्य षड्लक्षपूर्वातिक्रमे संजातस्य चतुरशीतिलक्षपूर्वायुषोऽपि बाहुबलेर्भगवता सार्धं निर्वाणमुक्तमिति न चैतस्य विरोधस्याश्चर्ये एव पात इति वाच्यम्, आश्चर्यत्वं ह्युत्कृष्टावगाहनापन्नानामष्टोत्तरशतसङ्ख्याकानामेकसमयावच्छेदेन सिद्धेरेवेति प्रश्नोऽत्रोत्तरम्-बाहुबलेः समवायाङ्गानुसारेण चतुरशीतिलक्षपूर्वायुष्कतासद्भावेऽपि ग्रन्थान्तरे यद् वृषभस्वामिना समं निर्वाणमुक्तमस्ति तन्न विरुद्धम्, यत एतस्यायुषोऽपवर्तनस्यापि ''अट्ठसयसिद्धा'' इत्यस्मिन्नेवाश्चर्येऽन्तर्भावात् । न चायमन्तर्भावोऽनुपपन्न इति वाच्यम्, ''हरिवंसकुलुप्पत्ति'' इत्यस्मिन्नप्याश्चर्ये युगलिन आयुषोऽपवर्तनं नरकगमनं चान्तर्भवतीति ॥३-६९-१७३॥

પ્રશ્નકાર પંડિત શ્રીવિવેકહર્ષગણિ

પ્રશ્ન:- "ઋષભદેવ અરિહંત કૌશલિક ચોરાશી લાખ પૂર્વનું સર્વ આયુષ્ય ભોગવીને સિદ્ધ, બુદ્ધ, યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા, એમ ભરત, બાહુબલી, બ્રાહ્મી અને સુંદરી માટે પણ સમજવું" આ પ્રમાણેના સમવાયાંગ સૂત્રના પાઠની સાથે ''उसहो उसहस्स सुआ'' ઈત્યાદિ ગાથાનો વિરોધ આવે છે, કારણ કે ઋષભદેવ સ્વામિનાં છ લાખ પૂર્વ પસાર થયા પછી ઉત્પન્ન થયેલા ૮૪ લાખ પૂર્વના આયુષ્યવાળા એવા પણ બાહુબલીનું ભગવાનની સાથે નિર્વાણ કહ્યું છે. એમ ન કહેવું કે આ વિરોધનો આશ્ચર્યમાં જ સમાવેશ થાય છે, કારણ કે આશ્ચર્ય તો ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ૧૦૮ એક સમયે મોક્ષમાં ગયા તે છે.

ઉત્તર:- સમવાયાંગ સૂત્રના અનુસારે બાહુબલીનું ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય હોવા છતાં પણ તેમનું અન્ય ગ્રન્થોમાં જે ઋષભસ્વામીની સાથે નિર્વાણ કહ્યું છે, તે

વિરુદ્ધ નથી. કારણ કે એમના આયુષ્યની અપવર્તનાનો-આટલી સ્થિતિ ઘટવા રૂપ-પણ ``अट्ठसय-सिद्धा''–'એકસો આઠ સિદ્ધ થયા' એ જ આશ્ચર્યમાં અન્તર્ભાવ થઈ શકે છે. એમ ન કહેવું કે આ અન્તર્ભાવ યુક્તિયુક્ત નથી, કારણ કે ``हरिवंसकुलुप्पत्ति'' આ પાઠમાં કહેલ આશ્ચર્યમાં યુગલિકના આયુષ્યનું અપવર્તન, અને નરકગમન એ બંનેનો અન્તર્ભાવ કરવામાં આવે છે. ૩-૬૯-૧૭૩

तथा–``अंतोमुहुत्तमित्तं पि'' इतिगाथया सम्यग्दृष्टेन्र्यूनार्धपुद्गलपरावर्तः संसार उत्कर्षतः प्रतिपादितोऽस्ति, ``जो अ किरिआवाई सो भविओ अभविओ वा'' इत्यादिदशाचूर्ण्यक्षरानुसारेण तु सम्यग्दृष्टेः क्रियावादिनो मिथ्यादृष्टेश्चोत्कर्षतो न्यूनपुद्गलपरावर्त्तः संसारः, परं सोऽप्यागमान्तरानुसारेण न्यूनार्धपुद्गलरूपोऽवसीयते, अत्र सम्यग्दृष्टेः क्रियावादिमिथ्यादृष्टेश्च कथं संसारसाम्यम्? इति प्रश्नोऽत्रोत्तरम्-यद्यप्यापातमात्रेण साम्यमुक्तमस्ति, तथापि सम्यग्दृष्टेः कस्यचिदाशातनाबहुलस्य विराधकस्यैवैतावान् संसारो भवति, नान्यस्य। क्रियावादिमिथ्यादृष्टिसमुदाये तु कस्यचिल्लघुकर्मण एवैकावतारित्वसम्भव इति कथं साम्यशङ्का? इति प्रतिभाति । तत्त्वं तु तत्त्वविद्वेत्तीति ।।३-७०-१७४।।

પ્રશ્નઃ- ``[૫૯]अन्तोमुहुत्तमित्तंपि'' આ ગાથાએ કરીને સમ્યગ્દષ્ટિનો ઉત્કર્ષથી કાંઈક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્ત સંસાર કહ્યો છે. ``जो अ किरिआवाई सो भविओ अभविओ वा''– જે ક્રિયાવાદી હોય તે ભવ્ય (સમ્યગ્દષ્ટિ) અથવા અભવ્ય (મિથ્યાદષ્ટિ) હોઈ શકે છે," ઈત્યાદિ દશાચૂર્ણિના અક્ષરોના અનુસારે તો સમ્યગ્દષ્ટિ અને ક્રિયાવાદિ મિથ્યાદષ્ટિનો ઉત્કર્ષથી ન્યૂન પુદ્ગલ પરાવર્ત સંસાર કહ્યો છે. પરંતુ તે પણ અન્ય આગમોને અનુસરીને કાંઈક ન્યૂન અર્ધ પુદ્ગલ પરાવર્ત રૂપ જ સમજાય છે. તો અહીં સમ્યગ્દષ્ટિ અને ક્રિયાવાદી મિથ્યાદષ્ટિના સંસારનું સરખાપણું હોઈ શકે?

ઉત્તરઃ- જો કે આભાસમાત્રથી સમાનતા કહી છે, તો પણ ઘણી આશાતના કરનાર વિરાધક એવા કોઈ સમ્યગ્દષ્ટિનો આટલો સંસાર હોઈ શકે છે, બીજાનો નહિ. ક્રિયાવાદી મિથ્યાદષ્ટિસમુદાયમાં તો કોઈક લઘુ કર્મી જીવના જ એકાવતારીપણાનો પણ સંભવ હોઈ શકે છે. માટે સમાનતાની શંકા કઈ રીતે હોઈ શકે? આ બાબત આ પ્રમાણે પ્રતિભાસે છે-જણાય છે, તે પછી તત્ત્વ તો તત્ત્વવેત્તા જાણે. ૩-૭૦-૧૭૪

ટિપ્પણ-૫૯. **``अंतोमुहुत्तमित्तंपि, फासियं हुज्ज जेहि सम्मत्तं ।
तेसिं अवड्ढपुग्गल, परिअट्टो चेव संसारो ।।५३।।''** (નવતત્વ)

ભાવાર્થ-'જે આત્માઓને અન્તર્મુહૂર્ત માત્ર પણ સમ્યક્ત્વ સ્પર્શ્યું હોય છે તે આત્માઓનો કાંઈક ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્ત જ સંસાર રહે છે.'

तथा–कस्यचिज्जानतोऽभिनिविष्टस्य संसारवृद्धिहेतुः कर्मबन्धो भूयान्, उताभिनिविष्टस्य तन्मार्गानुयायिनो वाऽजानतः ? इति प्रश्नोऽत्रोत्तरम्-व्यवहारेण जानतः कर्मबन्धो भूयानित्यवसीयते ॥३-७१-१७५॥

પ્રશ્નઃ- કોઈ જાણી બુઝીને અભિનિવેશી બનેલો હોય એવા જીવને સંસાર વૃદ્ધિના કારણભૂત ઘણો કર્મબંધ થાય, કે અજાણતા અભિનિવેશી થયેલાને, અગર તેના માર્ગને અનુસરનારાને ઘણો બંધ થાય?

ઉત્તરઃ- વ્યવહારથી જ્ઞાનપૂર્વક અભિનિવેશીને ઘણો કર્મબંધ થાય, એમ જણાય છે. ૩-૭૧-૧૭૫

तथा–कश्चिदजानन् हिंसादिना कर्म चिनोति कश्चित्तु जानन् इत्यनयोः कस्य कर्मबन्धदार्ढ्यम् ? इति प्रश्नोऽत्रोत्तरम्-उभयोरपि क्रोधादिपरिणामस्य दृढत्वे कर्मबन्धस्य दार्ढ्यम्, मन्दत्वे तु मन्दत्वं भवति ॥३-७२-१७६॥

પ્રશ્નઃ- કોઈ અજાણપણે હિંસા વગેરેથી કર્મબંધ કરે છે, અને કોઈ જાણીને કર્મ બાંધે છે, આ બેમાંથી કર્મનો દૃઢ બંધ કોને થાય?

ઉત્તરઃ- એ બંનેમાં જેને ક્રોધાદિ પરિણામની દૃઢતા હોય તેને કર્મનો બંધ દૃઢ થાય છે, અને ક્રોધાદિ પરિણામની મન્દતા હોય તો કર્મનો બંધ મંદ થાય છે. ૩-૭૨-૧૭૬

अथ पुनर्महोपाध्यायश्रीसुमतिविजयगणि-
शिष्यपण्डितगुणविजयगणिकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

दक्षिणभरतार्धे श्रीऋषभ इव उत्तरभरतार्धे कोऽपि सकलव्यवहारकर्ता समस्ति न वा? । आद्ये स नामग्राहं प्रसाद्यः, अन्त्ये च कथं तत्र तद्व्यवहारप्रवृत्तिः? इति प्रश्नोऽत्रोत्तरम्-उत्तरभरतार्धेऽपि जातिस्मरणादिभाक् क्षेत्राधिष्ठायकदेवो वा कश्चित्तत्र नीतिप्रणेता, कालानुभावतः स्वतोऽपि वा कियन्नैपुण्यं जायत इति ॥३-७३-१७७॥

પ્રશ્નકાર મહોપાધ્યાય શ્રીસુમતિવિજયગણિના શિષ્ય પંડિત ગુણવિજયગણિ

પ્રશ્નઃ- જેમ દક્ષિણ ભરતાર્ધમાં સકલ વ્યવહારના કર્તા શ્રીઋષભદેવસ્વામી થયા, તેમ ઉત્તર ભરતાર્ધમાં તમામ વ્યવહારના કર્તા કોઈ પણ થાય છે કે નહિ? જો થયા હોય તો કોણ થયા છે તેનું નામ જણાવવા કૃપા કરશો? અને ન થયા હોય તો ત્યાં વ્યવહારની પ્રવૃત્તિ કેવી રીતે પ્રવર્તિ?

ઉત્તરઃ- ઉત્તર ભરતાર્ધમાં પણ કોઈ જાતિસ્મરણાદિ જ્ઞાનનો ધણી, અથવા કોઈ ક્ષેત્રાધિષ્ઠાયક દેવ વ્યવહારને—નીતિને પ્રવર્તાવનાર હોઈ શકે છે. અથવા કાલના પ્રભાવથી સ્વતઃ પણ કેટલીક નિપુણતા ઉત્પન્ન થાય છે. ૩-૭૩-૧૭૭

तथा–सौधर्मादिषु प्रतिदेवमुपपातशय्याभेदोऽथवैकस्यामेवाऽनेकेषामुपपातः ? इति प्रश्नोऽत्रोत्तरम्-महर्धिकसुराणामुपपातशय्या भिन्ना, अन्येषां त्वभिन्नाऽपीति संभाव्यते; तथाविधव्यक्ताक्षराणां दर्शनस्यास्मरणादिति ॥३-७४-१७८॥

પ્રશ્નઃ- સૌધર્માદિ દેવલોકમાં દેવે દેવે ઉપપાત શય્યા ભિન્ન ભિન્ન હોય, કે એક શય્યામાં જ અનેક દેવોનો ઉપપાત થાય?

ઉત્તરઃ- મહર્ધિક દેવોની ઉપપાત શય્યા જુદી હોય, પરંતુ અન્યદેવોની એક પણ હોય એમ સંભાવના થાય છે, કેમકે તથા પ્રકારના સ્પષ્ટ અક્ષર જોયા હોવાનું યાદ આવતું નથી. ૩-૭૪-૧૭૮

તથા–देशावकाशिकव्रते केनचिद्योजनशतं रक्षितम्, किञ्चित्कार्यमापतितं, तदूर्ध्वं लेखप्रेषणे व्रतमालिन्यं न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-नियमितक्षेत्रादूर्ध्वं लेखप्रेषणे व्रतमालिन्यं भवतीति ज्ञायते, योगशास्त्रवृत्त्यादौ तथैव दर्शनादिति ॥३-७५-१७९॥

પ્રશ્નઃ- દેશાવકાશિક વ્રતમાં કોઈકે ૧૦૦ યોજનનું પ્રમાણ રાખ્યું હોય પછી કાંઈક કાર્ય આવી પડે અને ૧૦૦ યોજન ઉપર લેખ મોકલવામાં આવે તો વ્રતમાં દોષ લાગે કે નહિ?

ઉત્તરઃ- નિયમિત ક્ષેત્રથી ઉપર લેખ મોકલવામાં આવે તો વ્રત મલિન થાય, એમ જણાય છે, કારણ કે યોગશાસ્ત્રની ટીકા વગેરેમાં તેમ જ કહ્યું છે. ૩-૭૫-૧૭૯

तथा–उपधानवाहिनः श्राद्धादेरकालसंज्ञायां जलशौचादिविधिः किं निश्यपि स्यान्न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-स्वकीयादिनाऽऽनीतेनोष्णोदकेन शौचादिविधानं युक्तिमदिति ॥३-७६-१८०॥

પ્રશ્નઃ- ઉપધાન વહન કરનાર શ્રાવક વગેરેને અકાલે સ્થંડીલ વગેરેની શંકા થાય તો રાત્રિના સમયે જલશૌચ વગેરે વિધિ થાય કે નહિ?

ઉત્તરઃ- પોતાનું અથવા બીજાનું લાવેલું ગરમ પાણી હોય તો તે પાણીથી શૌચ વગેરે કરવું યુક્તિયુક્ત છે. ૩-૭૬-૧૮૦

तथा–ऋषभस्वामी अष्टाग्रशतेनैकस्मिन्नेव समये सिद्ध इदं चाश्चर्यम्, तत्र बाहुबल्याद्यायुराश्रित्य का गतिः? इदं च तत्प्रतिपादकग्रन्थनामप्रसादनपूर्वं निर्णयकारि प्रसाद्यमिति प्रश्नोऽत्रोत्तरम्-''अट्ठसयसिद्धा'' अस्मिन्नेवाश्चर्ये बाहुबलेरायुषोऽपवर्तनमन्तर्भवति, यथा ''हरिवंसकुलुप्पत्ति'' इत्याश्चर्ये हरिवर्षक्षेत्रानीतस्य युगलस्यायुरपवर्तनम्, शरीरलघुकरणम्, नरकगमनादि चाऽन्तर्भवतीति ॥३-७७-१८१॥

પ્રશ્ન:- શ્રીઋષભદેવસ્વામી ૧૦૮ સાથે એક સમયમાં જ મોક્ષ પામ્યા એ આશ્ચર્ય છે. પરંતુ તેમાં બાહુબલી વગેરેના આયુષ્યને આશ્રયી શું સમજવું? આ નિર્ણય તે વસ્તુના પ્રતિપાદક ગ્રંથનું નામ જણાવવા પૂર્વક જણાવવા કૃપા કરશો.

ઉત્તર:- જેમ ``हरिवंसकुलुप्पत्ति''–'હરિવંશ કુલોત્પત્તિ'-આ આશ્ચર્યમાં હરિવર્ષ ક્ષેત્રમાંથી લાવેલા યુગલિકના આયુષ્યનું અપવર્તન, શરીરને ટુંકાવવું, અને નરકમાં જવું વગેરે વસ્તુનો અન્તર્ભાવ થાય છે તેમ ``अट्ठसयसिद्धा''-'એક સમયમાં ૧૦૮ સિદ્ધ થયા'-આ જ આશ્ચર્યમાં બાહુબલીના આયુષ્યના અપવર્તનનો અન્તર્ભાવ થાય છે. ૩-૭૭-૧૮૧

तथा–येऽष्टावात्मप्रदेशा मध्यस्था एव सन्ति तेऽपि किं कर्मपरमाणुवर्गणाभिर्लिप्ताः सन्ति तदनालिङ्गिता एव वा? इति प्रश्नोऽत्रोत्तरम्-कर्मणाऽनावृता अष्टौ प्रदेशा इति विज्ञायते । ''स्पृश्यन्ते कर्मणा तेऽपि, प्रदेशा आत्मनो यदि । तदा जीवो जगत्यस्मिन्नजीवत्वमवाप्नुयात्'' ॥१॥ इति ज्ञानदीपिकायामुक्तत्वादिति ॥३-७८-१८२॥

પ્રશ્ન:- જે આઠ આત્મપ્રદેશો મધ્યમાં જ રહે છે, તે પણ શું કર્મવર્ગણાઓથી લેપાયેલા છે? કે નથી લેપાયેલા?

ઉત્તર:- મધ્યવર્તી આઠ પ્રદેશો કર્મથી અલિપ્ત છે, "જો આત્માના તે પણ પ્રદેશો કર્મથી સ્પર્શાય તો આ જગતમાં જીવ અજીવપણું પામે" આ પ્રમાણે જ્ઞાનદીપિકામાં કહેલું છે. ૩-૭૮-૧૮૨

तथा–मेघकुमारस्य पाश्चात्यभवे हस्तिरूपस्य यन्नाम दृश्यते तत्केन दत्तम्? इति प्रश्नोऽत्रोत्तरम्-तत्पर्वतनितम्बादिनिवासिवनेचरैस्तन्नाम दत्तमिति श्रीज्ञाताधर्मकथासूत्रे उक्तमस्तीति बोध्यम् ॥३-७९-१८३॥

પ્રશ્ન:- મેઘકુમારનો જીવ જ્યારે પૂર્વભવમાં હાથીરૂપ હતો ત્યારે તે હાથીનું જે વિશેષનામ દેખાય છે, તે નામ કોણે પાડ્યું હશે?

ઉત્તર:- તે પર્વતના નિતંબ (=તળેટી) વગેરે ભાગોમાં રહેનારા વનેચરોએ નામ પાડ્યું છે, આ પ્રમાણે શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રમાં કહ્યું છે, એમ જાણવું. ૩-૭૯-૧૮૩

तथा–चतुर्दशगुणस्थानकेषु समारोहन् जन्तुः किं क्रमेण एकादिव्यवधानेन वा चतुर्दशं गुणस्थानं स्पृशति? इति प्रश्नोऽत्रोत्तरम्-अनादिमिथ्यादृष्टिस्तावच्चतुर्थं गुणस्थानकं याति न तु द्वितीयतृतीये, तदनु यद्युपमश्रेणिमारभते तदैकादशं यावत्क्रमेण याति, यदि च क्षपकस्तदैकादशं विहाय चतुर्दशं यावत्क्रमेणेति विज्ञायते । विशेषस्तु विशेषावबोधकशास्त्रगम्य इति ॥३-८०-१८४॥

પ્રશ્નઃ- ચૌદ ગુણઠાણા ઉપર ચઢતો જીવ શું ક્રમપૂર્વક ચઢે છે કે એકાદિ ગુણઠાણાના અંતરે અંતરે ચૌદમે ગુણઠાણે જાય છે?

ઉત્તરઃ- અનાદિ મિથ્યાદૃષ્ટિ (મોહનીય કર્મની ૨૬ પ્રકૃતિની સત્તાવાળો) પહેલા ગુણઠાણેથી સીધો બીજા અને ત્રીજા ગુણઠાણાનો સ્પર્શ કર્યા વિના ચોથે ગુણઠાણે જાય છે. ત્યાર બાદ જો ઉપશમ શ્રેણી માંડે તો અગીયારમાં ગુણઠાણા સુધી ક્રમ પૂર્વક ચઢે છે. અને જો ક્ષપકશ્રેણી માંડનાર હોય તો ૧૧ (ઉપશાન્ત મોહનીય) મું ગુણઠાણું છોડીને ચૌદમા ગુણઠાણા સુધી ક્રમ પૂર્વક ચઢે છે, એમ જણાય છે. આ વિષયમાં વિશેષ આ જ વસ્તુને વિશેષ જણાવનાર શાસ્ત્રથી જાણી લેવું. ૩-૮૦-૧૮૪

तथा– औपपातिकसूत्रे साधुवर्णनाधिकारे 'पंताहारे' इत्यस्य वृत्तौ पर्युषितं वल्लचणकादीति व्याख्यातमस्ति, तथा च पर्युषितपूपिकाभक्षणादराणां खाद्यादीनां तद्विषयदोषोद्घटनं कथं युक्तिमत्? इति प्रश्नोऽत्रोत्तरम्-''निप्पावचणकमाई अंतं पंतं च होइ वावन्नं'' इति बृहत्कल्पभाष्ये जिनकल्पिकाधिकारे । एतद्वृत्तौ च वावन्नशब्देन विनष्टमिति व्याख्यातमस्ति । तत्त्वं तु तत्त्वविद्वेद्यम् । आत्मनां तु पर्युषितस्याग्रहणेऽविच्छिन्नवृद्धपरम्पराऽऽराधनं संसक्तिसद्भावे तद्दोषवर्जनं च गुणायैवेति बोध्यम् ।।३-८१-१८५।।

પ્રશ્નઃ- ઔપપાતિક સૂત્રમાં સાધુવર્ણનના અધિકારમાં ``पंताहारे'' આ શબ્દની વ્યાખ્યા ટીકામાં વાસી વાલ, ચણા વગેરે કહ્યું છે. આમ હોય તો વાસી લોચાપુરી વગેરેનું ભક્ષણ કરવામાં આદરવાળા ખરતર વગેરેને 'વાસીનું ભક્ષણ કરનારા છે' એવો દોષ આપવો શું યોગ્ય છે?

ઉત્તરઃ- ``निप्पावचणकमाई अंतं पंतं होइ वावन्नं'' એ, બૃહત્કલ્પભાષ્યમાં જિનકલ્પિકના અધિકારમાં આવે છે. એની ટીકામાં 'વાવન્ન' શબ્દથી વિનષ્ટ વસ્તુ કહી છે, તત્ત્વતો તત્ત્વવિદ્ જાણે. આપણને=તપાગચ્છીઓને તો વાસી વસ્તુ નહિ ગ્રહણ કરવામાં અવિચ્છિન્ન વૃદ્ધ પરંપરાનું આરાધન અને જીવસંસક્તિ હોય તો જીવવિરાધના દોષનું વર્જન ગુણને માટે જ છે એમ જાણવું. ૩-૮૧-૧૮૫

तथा–उपाङ्गानि किं गणधरविरचितानि? अन्यथा वा? तथाऽङ्गप्रणयन-कालेऽन्यदा वा तन्निर्माणम्? इति प्रश्नोऽत्रोत्तरम्-उपाङ्गानि स्थविराः कुर्वन्ति तीर्थङ्करे विद्यमाने-ऽविद्यमानेऽपीत्यङ्गप्रणयनकाले एव तेषां निर्माणमिति नैकान्त इति नन्दीसूत्रवृत्तौ व्यक्त्योक्तमस्ति तेन विशेषतस्ततोऽवसेयमिति ।।३-८२-१८६।।

પ્રશ્નઃ- ઉપાંગસૂત્રો શું ગણધરે ગુંથેલા છે કે અન્ય મુનિઓએ? તેમ જ તેની રચના દ્વાદશાંગીની રચનાના સમયે થઈ છે કે અન્ય સમયે?

ઉત્તર:- તીર્થંકરો વિદ્યમાન હોય કે ન હોય પણ ઉપાંગ સૂત્રોની રચના સ્થવિર ભગવંતો કરે છે. એટલે દ્વાદશાંગીની રચના વખતે જ ઉપાંગસૂત્રોની રચના થાય એવો એકાન્ત નથી, આ પ્રમાણે નન્દીસૂત્રની ટીકામાં સ્પષ્ટ રીતે કહ્યું છે, તેથી વિશેષ જાણવું હોય તો ત્યાંથી જાણી લેવું. ૩-૮૨-૧૮૬

अथ गणिजयवन्तशिष्यपण्डितदेवविजय गणिकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

लोकान्तिकदेवा एकावतारिणोऽष्टावतारिणो वा? इति प्रश्नोऽत्रोत्तरम्-अष्टावतारिण[1] इति ज्ञातमस्ति ।।३-८३-१८७।।

१ ''लोकस्य-ब्रह्मलोकस्यान्तः-समीपं कृष्णराजीलक्षणं क्षेत्रं निवासो येषां ते, लोकान्ते वा औदयिकभावलोकावसाने भवा अनन्तरभवे मुक्तिगमनादिति लोकान्तिकाः ।।'' इति स्थानांङ्गतृतीयस्थानप्रथमोद्देशकस्य वृत्तौ, प्रवचनसारोद्धारे तु सप्ताष्टभवान्ता लोकान्तिकाः कथिताः ।

પ્રશ્નકાર ગણિ જયવન્ત શિષ્ય પંડિત દેવવિજયગણી

પ્રશ્ન:- લોકાન્તિક દેવો એકાવતારી છે? કે અષ્ટાવતારી?

ઉત્તર:- અષ્ટાવતારી છે, એમ [૯૦]જાણ્યું છે. ૩-૮૩-૧૮૭

ટિપ્પણ-૯૦. લોકાન્તિક દેવસ્તવ, લબ્ધિસ્તવ વગેરેમાં અને ઠાણાંગસૂત્રના ત્રીજા સ્થાનની ટીકામાં લોકાન્તિક દેવો "અનન્તર ભવમાંજ મોક્ષે જનારા છે." એવો ટિપ્પણરૂપ પાઠ એક પુસ્તકમાં અધિક ઉપલબ્ધ થાય છે અને તે પાઠ ઉપયોગી હોવાથી હીરપ્રશ્નોત્તરના સંપાદક સ્વર્ગત મુનિ મહારાજ શ્રીચતુરવિજયજીએ ટિપ્પણીમાં ગ્રહણ કર્યો છે. જુઓ હીરપ્રશ્ન મુદ્રિત પ્રતનું પૃ. ૨૪/૨.

तथा–सङ्गमकसुरः सुरेशेन निष्काशितः स भवधारणीयेन शरीरेण मेरुचूलायां जगामोत्तरवैक्रियेण वा? इति प्रश्नोऽत्रोत्तरम्-मौलेनेति विज्ञायते, उत्तरवैक्रियस्यैतावत्कालमवस्थानाऽभावात् । यत्तु मौलं शरीरं विमानाद् बहिर्न निर्गच्छतीति वचस्तत्प्रायिकमिति बोध्यम् ।।३-८४-१८८।।

પ્રશ્ન:- ઈંદ્રે જ્યારે સંગમક દેવાધમને દેવલોકમાંથી કાઢી મૂક્યો ત્યારે તે મૂલશરીરથી મેરુપર્વતની ચૂલા ઉપર ગયો કે ઉત્તરવૈક્રિય શરીરથી ગયો?

ઉત્તર:- ભવધારણીય-મૂલશરીરથી ગયો હોય એમ જણાય છે. કારણકે ઉત્તરવૈક્રિય શરીર એટલા કાલ સુધી રહી શકે નહિ. જે એમ કહેવાય છે કે 'મૂલ શરીર વિમાનથી બહાર જતું નથી', તે વચન પ્રાયિક છે એમ જાણવું. ૩-૮૪-૧૮૮

तथा–कृतसर्वविकृतिप्रत्याख्यानस्य श्राद्धस्य निर्विकृतिप्रत्याख्याने एकाशनकवद् द्व्यासनकमपि कल्पते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-कल्पते इति ज्ञातव्यम् ।।३-८५-१८९।।

પ્રશ્નઃ- જેણે સર્વ વિગઈનું પચ્ચખ્ખાણ કર્યું હોય એવા શ્રાવકને નિવિના પચ્ચખ્ખાણમાં એકાસણાની જેમ બેસણું પણ કરવું કલ્પે કે નહિ?

ઉત્તરઃ- કલ્પે છે એમ જાણવું. ૩-૮૫-૧૮૯

तथा– परमाधार्मिका भव्या एव इति प्रघोषः सत्योऽसत्यो वा? इति प्रश्नोऽत्रोत्तरम्-असत्य एवेति ज्ञेयम्, उभयथापि तेषामविरोधात् । न च जन्मान्तरीयकृतदुष्कृतोक्तिपूर्वकं ते नारकान् कदर्थयन्तीत्यभव्यानां तत् कथं संगच्छते? इति वाच्यम्, यतस्तेऽपि स्वर्गकामास्तपस्यां कुर्वाणा आगमे [1]श्रूयन्त इति ॥३-८६-१९०॥

१. 'अभव्याः परमाधार्मिकपदं न प्राप्नुवन्ति' इति अर्थतः संबोधप्रकरणाभव्यकुलकादौ पूर्वसूरिपुङ्गवैः प्रोक्तं ।

પ્રશ્નઃ- પરમાધામીઓ ભવ્ય જ છે, એવો જે પ્રઘોષ છે, તે સાચો છે કે જુઠો?

ઉત્તરઃ- જુઠો જ છે, એમ જાણવું. પરમાધામીઓ ભવ્ય કિંવા અભવ્ય બંને રીતે માનવામાં વિરોધ નથી. 'જન્માંતરમાં કરેલા પાપો કહીને તે પરમાધામીઓ નારકીઓને પીડે છે, માટે જો તેઓ અભવ્ય હોય તો આ વસ્તુ કેવી રીતે સંગત થાય?' એમ ન કહેવું. કારણ કે અભવ્યો પણ સ્વર્ગની ઈચ્છાથી તપસ્યા કરતા હોય છે, એમ આગમમાં [૬૧]સંભળાય છે. ૩-૮૬-૧૯૦

ટિપ્પણ-૬૧: સંબોધ પ્રકરણ, અભવ્યકુલક વગેરેમાં અભવ્યોને પરમાધામી પદ ન મળે એમ કહ્યું છે.

तथा–श्रीवीरेण चक्रित्वप्राप्तिपुण्यं क्व भवेऽर्जितम्? इति प्रश्नोऽत्रोत्तरम्-अत्र निर्णयो ग्रन्थे दृष्टो नास्ति ॥३-८७-१९१॥

પ્રશ્નઃ- શ્રી વીરભગવાને ચક્રિપણાની પ્રાપ્તિનું પુણ્ય કયા ભવમાં ઉપાર્જ્યું?

ઉત્તરઃ- આ વિષયનો નિર્ણય (કોઈ) ગ્રંથમાં જોયો નથી. ૩-૮૭-૧૯૧

तथा–तीर्थङ्करजीवानां नरके परमाधार्मिककृता पीडा भवति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-अत्राप्येकान्तेन ज्ञातं नास्ति ॥३-८८-१९२॥

પ્રશ્નઃ- નરકમાં તીર્થંકરના જીવોને પરમાધામીએ કરેલી પીડા હોય કે નહિ?

ઉત્તરઃ- આ વિષયમાં પણ પીડા ઉપજાવે કે ન ઉપજાવે એમ એકાન્ત જાણ્યો નથી. ૩-૮૮-૧૯૨

तथा–देशविरतौ चक्रिपदबन्धो भवति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-अत्राप्येकान्तो ज्ञातो नास्तीति ॥३-८९-१९३॥

પ્રશ્નઃ- દેશવિરતિ ગુણસ્થાનકે ચક્રિપદનો બંધ થાય કે નહિ?

ઉત્તરઃ- આ વિષયમાં પણ એકાન્ત જાણ્યો નથી. ૩-૮૯-૧૯૩

तथा–कृष्णस्य भवपञ्चकं नेमिचरिते, क्षायिकसम्यक्त्ववतां चोत्कर्षतो भवचतुष्टयमेवोक्तमस्तीति कथं सङ्गतिः ? इति प्रश्नोऽत्रोत्तरम्-कृष्णस्य भवपञ्चकमाश्रित्य मतान्तरमवसीयते, यतो धर्मोपदेशमालावृत्तौ श्रीनेमिना श्रीकृष्णस्य विषादकरणप्रस्तावे कथितम्, यथा-''मा सोय तुमं, तओ उव्वट्टित्ता इहेव भारहे वासे सयदुवारे नयरे जियसत्तुस्स पुत्तो इक्कारसमो अममो नाम तित्थयरो होहिसि ।'' एतदक्षरानुसारेण भवत्रयमेवायाति । तत्त्वं पुनः केवलिनो विदन्तीति ॥३-९०-१९४॥

प्रश्नः- નેમિચરિત્રમાં કૃષ્ણના પાંચ ભવ કહ્યા છે, અને ક્ષાયિક સમ્યક્ત્વીઓના ઉત્કૃષ્ટથી ચાર જ ભવ કહ્યા છે. તો આ વિરોધની સંગતિ શી રીતે થાય?

ઉત્તરઃ- કૃષ્ણના પાંચ ભવને આશ્રયી મતાંતર હોય એમ જણાય છે. કારણ કે ધર્મોપદેશમાલાની ટીકામાં શ્રી નેમિનાથ ભગવાને પોતે કૃષ્ણને શોક થયો તે અવસરે કહ્યું છે કે— "હે કૃષ્ણ ! તું શોક ન કર, કારણ કે તું નારકીમાંથી ચ્યવીને આ જ ભરતક્ષેત્રમાં શતદ્વાર નગરમાં જીતશત્રુ રાજાનો પુત્ર અગીઆરમો અમમ નામનો તીર્થંકર થઈશ," આ અક્ષરોના અનુસારે ત્રણ જ ભવ આવે છે. આ વિષયમાં તત્ત્વ શું છે તે તો કેવલિ ભગવન્તો જાણે. ૩-૯૦-૧૯૪

तथा–श्रीमल्लिजिनस्य ज्ञाताधर्मकथाङ्गे दीक्षादिने केवलज्ञानोत्पत्तिः, आवश्यकनिर्युक्तौ त्वहोरात्रश्छाद्मस्थकालः कथितोऽस्ति तत्कथं घटते ? इति प्रश्नोऽत्रोत्तरम्-अत्र ज्ञाताधर्मकथाङ्गवृत्त्येकदेशो यथा-''यत्र दिवसे दीक्षां जग्राह तस्यैव पौषमासशुद्धैकादशीलक्षणस्य प्रत्यपराह्णकालसमये पश्चिमे भागे ।'' इदमेवावश्यके पूर्वाह्णे मार्गशीर्षे च श्रूयते, यदाह-''तेवीसाए णाणं उप्पण्णं जिणवराण पुव्वण्हे त्ति' । तथा 'मग्गसिरसुद्धएगारसीए मल्लिस्स अस्सिणी जोगे त्ति' ।'' तथा तत्रैवास्याहोरात्रं यावच्छाद्मस्थ्यपर्यायः श्रूयते । तदत्राभिप्रायं बहुश्रुता विदन्तीति ॥३-९१-१९५॥

प्रश्नः- જ્ઞાતાધર્મ કથા નામના અંગમાં શ્રી મલ્લિજિનેશ્વરને દીક્ષાના દિવસે કેવલજ્ઞાન થયું, એમ કહ્યું છે. આવશ્યકનિર્યુક્તિમાં તો એક અહોરાત્ર છદ્મસ્થપણાનો કાલ કહ્યો છે. તો તે કેવી રીતે ઘટી શકે?

ઉત્તરઃ- અહીં જ્ઞાતાધર્મકથા નામના અંગસૂત્રની ટીકાનો એકદેશ-થોડોપાઠ આ પ્રમાણે છે—"જે દિવસે દીક્ષા ગ્રહણ કરી તે જ પોષમાસની શુક્લ અગીઆરસના દિવસના અપરાહ્નકાલ સમયે-પાછલના ભાગમાં કેવલજ્ઞાન થયું." આ જ વિષય સંબંધે આવશ્યકસૂત્રમાં માગસર મહિનાના પૂર્વાહ્નકાલમાં કેવલજ્ઞાન થયું એમ સંભળાય છે. કહે છે કે—ત્રેવીસ જિનેશ્વરોને પૂર્વાહ્નકાલમાં કેવલજ્ઞાન થયું છે તથા માગસર સુદ અગીઆરસના દિવસે અશ્વિની નક્ષત્રનો યોગ આવે છતે મલ્લિનાથ ભગવાનને કેવલજ્ઞાન થયું છે. શ્રી મલ્લિનાથ ભગવાનનો એક અહોરાત્ર છદ્મસ્થ પર્યાય ત્યાં જ કહેલો સંભળાય છે. તેનો અભિપ્રાય બહુશ્રુતો જાણે. ૩-૯૧-૧૯૫

तथा–पौषधवत्यो नार्योऽध्वनि देवगुरुगुणगानं कुर्वन्तीति क्वास्ति? इति प्रश्नोऽत्रोत्तरम्-नेयं शास्त्रोक्ता रीतिरिति बोध्यम् ॥३-९२-१९६॥

પ્રશ્નઃ- પૌષધવ્રતવાળી સ્ત્રીઓ માર્ગમાં દેવગુરુના ગુણોનું ગાન કરી શકે એવું કયા શાસ્ત્રમાં છે?

ઉત્તરઃ- 'પૌષધવ્રતવાળી સ્ત્રીઓએ રસ્તામાં દેવગુરુના ગુણોનું ગાન કરવું,' એવી કોઈ શાસ્ત્રોક્ત મર્યાદા નથી એમ જાણવું. ૩-૯૨-૧૯૬.

तथा–रात्रौ पौरुष्याः पश्चाद् बाढस्वरेण न वक्तव्यमिति वृद्धवचः श्रुत्वापि श्राद्धा रात्रिजागरं कुर्वन्तीति क्वास्ति? इति प्रश्नोऽत्रोत्तरम्-तपस्यादिमहे तत्करणस्य दृश्यमानत्वात्परम्परैव शरणमवसीयत इति ॥३-९३-१९७॥

પ્રશ્નઃ- રાત્રિએ પોરસીનો કાલ થયા પછી મોટા સ્વરે નહિ બોલવું જોઈએ, એવું વૃદ્ધ પુરુષોનું વચન સાંભળીને પણ શ્રાવકો રાત્રિજાગરણ કરી શકે એવું કયા શાસ્ત્રમાં છે?

ઉત્તરઃ- તપસ્યા વગેરે મહોત્સવમાં રાત્રિજાગરણ થાય છે એમ દેખાય છે. માટે આ વિષયમાં પરંપરા જ શરણ તરીકે જણાય છે. ૩-૯૩-૧૯૭

अथ पण्डितविष्णर्षिगणिकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

नवक्षणैः कल्पसूत्रं वाच्यते, कैश्चिदधिकैरपि वाच्यते, तदक्षराणि क्व सन्ति? इति प्रश्नोऽत्रोत्तरम्-नवक्षणैः श्रीकल्पसूत्रं वाच्यते परम्परातः, अन्तर्वाच्यमध्ये नवक्षणविधानाक्षरसद्भावाच्च। अधिकव्याख्यानैस्तद्वाचनं तु तथाविधसुविहितगच्छपरम्परानुसारि अक्षरानुसारि च नाऽवसीयत इति ॥३-९४-१९८॥

પ્રશ્નકાર પંડિત વિષ્ણર્ષિ ગણિ

પ્રશ્નઃ- નવ વ્યાખ્યાનોથી કલ્પસૂત્ર વંચાય છે. કેટલાકો નવથી અધિક વાચનાથી પણ કલ્પસૂત્ર વાંચે છે. માટે અહીં આટલા વ્યાખ્યાનથી જ કલ્પસૂત્ર વાંચવું એવા અક્ષરો કયા ગ્રંથમાં છે?

ઉત્તર : પરંપરાએ કરીને નવ વ્યાખ્યાનોથી કલ્પસૂત્ર વંચાય છે. અને અન્તર્વાચનામાં 'નવ વ્યાખ્યાનથી કલ્પસૂત્ર વાંચવું' એવા અક્ષરો [૬૨]વિદ્યમાન છે, પરંતુ 'અધિક વ્યાખ્યાનોથી કલ્પસૂત્રની વાંચના કરવી' તે, નથી તથાપ્રકારની સુવિહિતગચ્છપરંપરાને અનુસરનારું, કે નથી શાસ્ત્રના અક્ષરને અનુસરનારું. ૩-૯૪-૧૯૮

ટિપ્પણ-૬૨. આ ઉત્તરથી માલુમ પડે છે કે પર્યુષણામાં શ્રીકલ્પસૂત્ર નવ ક્ષણો-વ્યાખ્યાનોથી વાંચવું એ જ શાસ્ત્ર અને સુવિહિત પરંપરાને અનુસરતું છે. આ દિવસોમાં ગ્રહણાદિ અસજ્ઝાયનો બાધ પણ શાસ્ત્રકારે ગણ્યો નથી. છતાં સં. ૧૯૮૯માં તેના બાધને

પ્રધાન બનાવીને 'શ્રીકલ્પસૂત્ર નવ વ્યાખ્યાનોથી વાંચવું જોઈએ' એ શાસ્ત્રીય નિયમને ઉથલાવનારા આજે પરંપરાની ગમે તેટલી ડાહી વાતો કરતા હોય, તથાપિ ઉપર્યુક્ત અધિક વ્યાખ્યાનોથી શ્રી કલ્પસૂત્ર વાંચનારાઓની માફક નથી તો તેઓ વાસ્તવિક રીતે સુવિહિત ગચ્છ પરંપરાને અનુસરનારા કે નથી શાસ્ત્રને અનુસરનારા, એમ સ્પષ્ટ સમજાય છે.

तथा–राजगृहे नगरे गुणशिलाख्ये चैत्ये श्रीमहावीरेण श्रीकल्पसूत्रं प्रकाशितमिति कल्पाध्ययने उक्तमस्ति, कल्पसूत्रवृत्त्यादौ तु श्रीभद्रबाहुस्वामिभिः प्रणीतमिति कथं सङ्गच्छते? इति प्रश्नोऽत्रोत्तरम्-श्रीमहावीरेण कल्पसूत्रमर्थतः प्रकाशितं सद् गणधरैः सूत्रतो निबद्धम्, तदनु श्रीभद्रबाहुस्वामिभिर्नवमपूर्वाद् दशाश्रुतस्कन्धमुद्धरद्भिस्तदष्टमाध्ययनरूपत्वेन श्रीकल्पसूत्रमप्युद्धृतमिति न किञ्चिदनुपपन्नमिति ॥३-९५-१९९॥

પ્રશ્નઃ- રાજગૃહ નગરમાં ગુણશિલ નામના ચૈત્યમાં શ્રી મહાવીર ભગવાને શ્રી કલ્પસૂત્ર પ્રકાશિત કર્યું છે એમ કલ્પાધ્યયનમાં કહ્યું છે. કલ્પસૂત્રની ટીકા વગેરેમાં તો શ્રી ભદ્રબાહુસ્વામીએ શ્રી કલ્પસૂત્ર રચ્યું છે, એમ કહ્યું છે. આ બે વસ્તુની સંગતિ કેવી રીતે કરવી?

ઉત્તરઃ- શ્રી મહાવીરસ્વામીએ અર્થથી કલ્પસૂત્ર પ્રકાશ્યું છે, અને ગણધર ભગવંતોએ સૂત્રથી રચ્યું છે. ત્યાર બાદ નવમા પૂર્વમાંથી દશાશ્રુતસ્કંધનો ઉદ્ધાર કરતા શ્રી ભદ્રબાહુ સ્વામીએ દશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયન રૂપે શ્રી કલ્પસૂત્રનો પણ ઉદ્ધાર કર્યો છે, એટલે કાંઈ અસંગત નથી. ૩-૯૫-૧૯૯

तथा–श्रीआदिनाथस्य वारके तालफलेन युगलिकदारको मृतः, युगलिनां चाकालमरणं न भवतीति कथं घटते? इति प्रश्नोऽत्रोत्तरम्-पूर्वकोट्यधिकायुषो युगलिनो न्यूनायुषि न म्रियन्ते । ततः श्रीआदिनाथस्य वारके तालफलेन मृतस्य युगलिनः पूर्वकोट्यधिकमायुर्नाभूदिति सङ्गच्छत इति ॥३-९६-२००॥

પ્રશ્નઃ- શ્રી આદિનાથ ભગવાનના વારે તાડનું ફળ પડવાથી યુગલિકના બાલકનું મૃત્યુ થયું અને યુગલિકોનું અકાલ મરણ થતું નથી, એ શી રીતે ઘટે?

ઉત્તરઃ- પૂર્વક્રોડથી અધિક આયુષ્યવાળા યુગલિકો અધુરા આયુષ્યે મરતા નથી, અર્થાત્ પોતાનું સંપૂર્ણ આયુષ્ય ભોગવીને જ કાલ કરે છે. એટલે શ્રી આદિનાથ ભગવાનના વારામાં તાડ ફલના પડવાથી જે યુગલિકનું મરણ થયું તેનું પૂર્વક્રોડ વર્ષથી અધિક આયુષ્ય ન હતું એમ ઘટી શકે છે. ૩-૯૬-૨૦૦

तथा–श्रीशत्रुञ्जयस्योपरि पञ्चपाण्डवैः समं साधूनां विंशतिकोटयः सिद्धा इति श्रीशत्रुञ्जयमाहात्म्यादौ प्रोक्तमस्ति, सा कोटिर्विंशतिरूपा शतलक्षरूपा वा? इति प्रश्नोऽत्रोत्तरम्-शतलक्षरूपा कोटिरवसीयते न तु विंशतिरूपेति बोध्यम् ॥३-९७-२०१॥

પ્રશ્નઃ- શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર પાંચ પાંડવો સાથે વીશ કોટિ સાધુઓ સિદ્ધિપદ વર્યા છે એમ શ્રી શત્રુંજય માહાત્મ્ય વગેરેમાં કહ્યું છે. તે કોટિ વીશની સંખ્યા રૂપ છે કે સો લાખની સંખ્યારૂપ છે?

ઉત્તરઃ- સો લાખની સંખ્યા રૂપ કોટિ જણાય છે, પણ વીશની સંખ્યારૂપ નહિ એમ જાણવું. ૩-૯૭-૨૦૧

तथा–ज्ञाताधर्मकथाङ्गनवमाध्ययने रत्नद्वीपदेवी मौलशरीरेण लवणसमुद्र-शोधनार्थं गतेत्युक्तमस्ति, परं मौलशरीरेणान्यत्र गमनं कथं सङ्गच्छते? इति प्रश्नोऽत्रोत्तरम्-ज्ञातामध्ये रत्नद्वीपदेवी मौलशरीरेण समुद्रशोधनार्थं गतास्ति, परं तस्या मौलशरीरेण गमनप्रतिषेधो ज्ञातो नास्तीति ॥३-९८-२०२॥

પ્રશ્નઃ- જ્ઞાતાધર્મકથા નામના અંગસૂત્રમાં નવમા અધ્યયનમાં રત્નદ્વીપની દેવી મૂલ શરીરથી લવણસમુદ્રની શુદ્ધિ માટે ગઈ, એમ કહ્યું છે. પરંતુ મૂલ શરીરથી અન્યત્ર જવું કેવી રીતે ઘટે?

ઉત્તરઃ- જ્ઞાતાજીમાં રત્નદ્વીપની દેવી મૂલ શરીરથી સમુદ્ર શોધનાર્થે ગઈ છે, પરંતુ તેને મૂલ શરીરથી જવાનો નિષેધ જાણ્યો નથી. ૩-૯૮-૨૦૨

तथा–तीर्थकृतामन्तरेषु साध्वादीनां विच्छेदे सति यदि कस्यचित्स्वयंबुद्धादेः केवलज्ञानमुत्पद्यते तदा स धर्मोपदेशं दत्ते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-प्रत्येक-बुद्धादयः सर्वथोपदेशं न ददतीति निषेधः सिद्धान्ते दृष्टो नास्तीति बोध्यमिति ॥३-९९-२०३॥

પ્રશ્નઃ- તીર્થંકરોના આંતરામાં સાધુ વગેરેનો વિચ્છેદ થાય ત્યારે જો કોઈ સ્વયંબુદ્ધ વગેરેને કેવલજ્ઞાન ઉત્પન્ન થાય તો તે ધર્મનો ઉપદેશ આપે કે નહિ?

ઉત્તરઃ- પ્રત્યેકબુદ્ધ વગેરે સર્વથા ઉપદેશ ન આપે એવો નિષેધ સિદ્ધાન્તમાં જોયો નથી, એમ જાણવું. ૩-૯૯-૨૦૩

तथा–भरतक्षेत्रसत्कषट्खण्डनामानि प्रसाद्यानीति प्रश्नोऽत्रोत्तरम्-भरतस्य दक्षिणार्द्धे गङ्गासिन्धुनद्योरन्तरवर्तिनो देशस्य मध्यखण्डमित्यभिधानम् १ । गङ्गातः पूर्वदिग्वर्तिनो देशस्य गङ्गानिष्कुटखण्डमित्यभिधानम् २ । सिन्धुनदीतः पश्चिमदिग्वर्तिनो देशस्य सिन्धुनिष्कुटखण्डमित्यभिधानम् ३ । एवमुत्तरार्धे चैतान्येव त्रीणि नामानि ज्ञातव्यानि ॥३-१००-२०४॥

પ્રશ્નઃ- ભરત ક્ષેત્રના છ ખંડનાં નામ જણાવવા કૃપા કરશો?

ઉત્તરઃ- ભરતના દક્ષિણાર્ધમાં ગંગા અને સિન્ધુનદીના મધ્ય ભાગમાં વર્તતા દેશનું ૧-મધ્યખંડ એવું નામ છે. ગંગાથી પૂર્વ દિશામાં રહેલા દેશનું નામ ૨-ગંગાનિષ્કુટ ખંડ છે. સિન્ધુ નદીથી પશ્ચિમ દિશામાં વર્તતા દેશનું ૩-સિન્ધુનિષ્કુટ એવું અભિધાન છે. આ પ્રમાણે ઉત્તરાર્ધમાં આ જ ત્રણ નામો જાણવાં. ૩-૧૦૦-૨૦૪

तथा–"जइआ होई पुच्छा, जिणाण मग्गम्मि उत्तरं तइआ । इक्कस्स निगोअस्स य, अणंतभागो उ सिद्धिगओ" ॥१॥ एतद्गाथाया अर्थो युक्तिग्राह्य आज्ञाग्राह्यो वा? इति प्रश्नोऽत्रोत्तरम्-"जइआ होई पुच्छा०" एतद्गाथाया अर्थो मुख्यवृत्त्या आज्ञाग्राह्यो वर्तते । युक्तिरपि तत्रेदृशी वर्तते, तथाहि-यद्यनादिकालसिद्धा एकनिगोदस्यानन्ततमे भागे कथितास्तदा पुनरनन्तकाले गते एकनिगोदानन्ततमभागत्वं सिद्धजीवानां कथं टलति?। तथा दृष्टान्तोऽप्यस्ति यथा-जम्बूद्वीपादिगता लक्षशो नद्यः प्रतिवर्षं कचवरादि प्रवाह्य समुद्रमध्ये लात्वा यान्ति तथापि समुद्रमध्ये स्थली न भवति जम्बूद्वीपादिमध्ये गर्ता वा न भवति, इति दृष्टान्तेन सिद्धिक्षेत्रं जीवैर्न भ्रियते संसारो वा जीवै रिक्तो न क्रियत इति ॥३-१०१-२०५॥

પ્રશ્નઃ- "[६३]जइआ होई पुच्छा, जिणाण मग्गम्मि उत्तरं तइआ ।
इक्कस्स निगोअस्स य, अणंतभागो उ सिद्धिगओ ॥"

આ ગાથાનો અર્થ યુક્તિગ્રાહ્ય છે કે આજ્ઞાગ્રાહ્ય?

ઉત્તરઃ- "जइआ होइ पुच्छा०" આ ગાથાનો અર્થ મુખ્ય વૃત્તિથી આજ્ઞાગ્રાહ્ય છે. અહીં યુક્તિ પણ આવા પ્રકારની છે કે—જો અનાદિ કાલથી સિદ્ધ થયેલા જીવોનું પ્રમાણ એક નિગોદના અનન્તમા ભાગનું કહ્યું છે, તો વળી અનંતો કાલ પસાર થવા છતાં પણ સિદ્ધ જીવોનું એક નિગોદના અનંતમા ભાગનું પ્રમાણ કેમ ટલે? અહીં એક ઉદાહરણ પણ છે. જેમકે—જંબૂદ્વીપ વગેરેમાં રહેલી લાખો નદીઓ દરેક વર્ષે પ્રવાહમાં કચરા વગેરેને તાણી તાણીને સમુદ્રમાં લઈ જાય છે તો પણ સમુદ્રમાં ભૂમિ થઈ જતી નથી, તેમ જંબૂદ્વીપ વગેરેમાં ખાડો થઈ જતો નથી. આ પ્રમાણે દૃષ્ટાન્તથી મોક્ષ ક્ષેત્ર જીવોથી ભરાઈ જતું નથી, તેમ સંસાર જીવોથી ખાલી થતો નથી. ૩-૧૦૧-૨૦૫

ટિપ્પણ-૬૩. ભાવાર્થ—'જ્યારે જ્યારે મોક્ષમાં ગએલા જીવોના પ્રમાણ સંબંધિ કોઈ પ્રશ્ન પૂછે, ત્યારે ત્યારે જિનેશ્વરના માર્ગમાં એક જ ઉત્તર છે કે એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષે ગયો છે.'

तथा–श्रीमहावीरस्य द्वासप्ततिवर्षप्रमाणमायुरुक्तमस्ति, तत्र जन्म चैत्रशुक्लत्रयोदश्यां निर्वाणं तु कार्तिकामावास्यामेतत्कथं सङ्गच्छते? इति प्रश्नोऽत्रोत्तरम्-आषाढसितषष्ठीलक्षणगर्भोत्पत्तिदिनादारभ्य गणने द्वासप्तत्येव वर्षाणि जायन्ते । कियन्न्यूनाधिकमासादिगणना त्वल्पत्वेन वर्षचूलातया विवक्षणान्न कृतेति संभाव्यते । निर्णयस्तु व्यक्त्या ग्रन्थाक्षरदर्शनं विना कथं भवतीति? ॥३-१०२-२०६॥

પ્રશ્નઃ- શ્રી મહાવીરનું બહોંતેર વર્ષ પ્રમાણ આયુષ્ય કહ્યું છે, તેમાં જન્મ ચૈત્ર સુદ ૧૩ને દિવસે કહ્યો છે, અને નિર્વાણ કાર્તિક વદ૦)) નું કહ્યું છે, આ કેવી રીતે સંગત થાય?

ઉત્તર:- આષાઢ સુદ ૬ને દિવસે પ્રભુ મહાવીર ગર્ભમાં આવ્યા હતા, માટે તે દિવસથી આરંભીને ગણતાં બહોંતેર વર્ષ જ થાય છે. કેટલાક ઓછા વત્તા માસની ગણતરી અલ્પ હોવાથી વર્ષની ચુલા રૂપે કરી નથી એમ સંભાવના થાય છે. ચોક્કસ નિશ્ચય તો સ્પષ્ટરીતિએ ગ્રંથના અક્ષરો જોયા વિના [૬૪] કેમ થઈ શકે. ૩-૧૦૨-૨૦૬

ટિપ્પણ-૬૪. વિવિધપ્રશ્નોત્તર— **"પ્રશ્ન ૧૪૯:-** શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામી મહારાજાનો જન્મ ચૈત્ર શુકૂલ ત્રયોદશીએ થએલો છે અને તે વિશ્વદીપકનું નિર્વાણ આસો વદી અમાવાસ્યાએ થયેલું હોવાથી તે કરુણાસાગર દેવાધિદેવ પ્રભુ શ્રી વીર પરમાત્માનું આયુષ્ય સંપૂર્ણ બહોતેર (૭૨) વર્ષનું કહેવાય છે તેનો સંભવ શી રીતિએ થાય?

ઉત્તર:- આયુષ્ય જન્મ દિવસથી જ નહિ પરંતુ ચ્યવનથી એટલે પ્રભુ જે દિવસે માતાના ગર્ભમાં આવ્યા તે દિવસથી ગણાય. વળી એક વાત એ પણ લક્ષ્યમાં રાખવાની છે કે પરમાત્મા શ્રી મહાવીરદેવના નિર્વાણ સમયે શ્રી કલ્પસૂત્રમાં બીજો ચંદ્રસંવત્સર કહ્યો છે અને યુગની આદિ શ્રી જ્યોતિષ્કરંડક પયન્નામાં અષાડ વદી એકમથી શરૂ થતી કહી છે, એ કારણથી શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીજીના ચ્યવન સમયે પાંચમા અભિવર્ધિત સંવત્સરની અષાઢ સુદિ ૬ હતી એમ સંભવે છે. આ સઘળી વાતો ધ્યાનમાં લીધા પછી પ્રભુ શ્રી વીર પરમાત્માનું સંપૂર્ણ બહોંતેર વર્ષનું આયુષ્ય બરાબર મળી રહે છે. જેમકે—

પ્રથમ ચંદ્રસંવત્સરના ૩૫૪ દિવસ, બીજા ચંદ્રસંવત્સરના ૩૫૪ દિવસ, ત્રીજા અભિવર્ધિત સંવત્સરના ૩૮૪ દિવસ, ચોથા ચંદ્રસંવત્સરના ૩૫૪ દિવસ અને પાંચમા અભિવર્ધિત સંવત્સરના ૩૮૪ દિવસ. આ પાંચ સંવત્સરના કુલ દિવસ ૧૮૩૦ થાય. ઋતુસંવત્સર સર્વ ૩૬૦ દિવસના હોવાથી પાંચ સંવત્સરના દિવસો પૂર્ણ ૧૮૦૦ થાય, આ હિસાબે એક માસનો ફરક હોવાથી શ્રી વર્ધમાન સ્વામિના ચ્યવન સમયની પહેલાં ઋતુસંવત્સરનો યુગ પ્રથમ અષાઢ શુકૂલ પૂર્ણિમાએ પૂર્ણ થઈ ઋતુવર્ષનો શ્રાવણ માસ શરુ થઈ ચૂક્યો હતો અર્થાત્ અભિવર્ધિતની અપેક્ષાએ પ્રભુ શ્રી વીરનો ચ્યવન સમય બીજા અષાઢ સુદિ ૬ નો કહેવાય, પણ ઋતુમાસની અપેક્ષાએ તે સમય શ્રાવણ સુદિ ૬ નો થાય. આ રીતે દરેક આદિત્ય યુગમાં ઋતુયુગનો એક માસ વધે તો ચૌદ યુગમાં ચૌદ માસ વધવાથી ઋતુમાસની અપેક્ષાએ સીત્તેરમાં વર્ષના આસા સુદિ ૬ ના દિવસે આદિત્યમાસ-સૌર્યમાસની અપેક્ષાએ ચૌદ યુગ એટલે પૂર્ણ સીતેર (૭૦) વર્ષ થયાં. તે પછી બે ચંદ્રવર્ષના આસો સુદી ૬ ના દિવસે સૂર્યમાસના બે વર્ષમાં ચોવીસ દિવસ ઘટે તે ચોવીસ દિવસ મેળવતાં આસો વદી અમાવાસ્યના દિવસે સૌર્યમાસની અપેક્ષાએ સંપૂર્ણ બહોતેર (૭૨) વર્ષ થાય, આ પ્રમાણે ગણત્રી સંભવે છે. ચૈત્ર શુદિ ત્રયોદશીથી પણ ગણતાં શ્રી વીર પરમાત્માનું બહોતેર વર્ષનું આયુષ્ય પૂર્ણ થાય છે તે આ પ્રમાણે-

તિથિપત્રમાં વર્ષ મધ્યે સવા અગીયાર દિવસ વધે અને નવ દિવસ ઘટે તેથી સવા અગીયારમાંથી નવ બાદ કરતાં સવા બે દિવસ એક વર્ષમાં વધે, તેને બહોતેર ગુણા કરતાં એકસો બાસઠ દિવસ એટલે પાંચ મહિના અને બાર દિવસ બહોતેર વર્ષે વધ્યા, તે ગણત્રીમાં લેવાના ન હોવાથી ચૈત્ર સુદી ત્રયોદશીમાંથી બાદ કરતાં કારતક સુદી એકમ આવે અને અમાવાસ્યાની રાત્રી અલ્પ જ બાકી હોવાથી તે એકમ જ ગણાય."

આ પ્રમાણે પ્રભુ મહાવીરના આયુષ્યનાં બહોંતેર વર્ષના ગણિતની સિદ્ધિ સ્વર્ગત સકલાગમરહસ્યવેદી પૂ.પા. આચાર્ય વિજયદાનસૂરીશ્વરજી વિરચિત વિવિધપ્રશ્નોત્તર ભાગ ૧, પૃ. ૧૧૫ માં કરી છે. વિસ્તારના અર્થીઓએ ત્યાંથી જોઈ લેવું.

तथा—श्रीमहावीरस्य मातापितरौ द्वादशे तुर्ये वा देवलोके गतौ? इति प्रश्नोऽत्रोत्तरम्-श्रीमहावीरस्य मातापितरावाचाराङ्गमध्ये द्वादशदेवलोके, प्रवचनसारोद्धारे च तुर्ये गतौ प्रतिपादितौ स्तस्तन्निर्णयस्तु केवलिगम्य इति ॥३-१०३-२०७॥

પ્રશ્નઃ- શ્રીમહાવીરના માતા-પિતા બારમા દેવલોકમાં ગયા કે ચોથા દેવલોકમાં ગયા?

ઉત્તરઃ- શ્રી આચારાંગસૂત્રમાં શ્રી મહાવીરના માતા-પિતા બારમાં દેવલોકમાં ગયા છે, એમ કહ્યું છે. અને પ્રવચનસારોદ્ધારમાં ચોથા દેવલોકમાં ગયા છે એમ પ્રતિપાદન કર્યું છે. તેનો નિશ્ચય તો કેવલિગમ્ય છે. ૩-૧૦૩-૨૦૭

तथा—हरिनैगमेषिणा श्रीमहावीरस्य गर्भापहारः केन द्वारेण कृतस्त्रिशलाकुक्षौ च केन द्वारेण मोचनं कृतम्? इति प्रश्नोऽत्रोत्तरम्-हरिनैगमेषी श्रीमहावीरं देवानन्दायोनिद्वारेण कर्षयित्वा त्रिशलागर्भाशये छविच्छेदं विधाय मुक्तवान्, न तु योनिद्वारेणेत्यक्षराणि श्रीभगवतीसूत्रमध्ये सन्तीति ॥३-१०४-२०८॥

પ્રશ્નઃ- હરિનૈગમેષીએ શ્રી મહાવીરનો ગર્ભાપહાર કયા દ્વારથી કર્યો અને ત્રિશલાની કુક્ષિમાં કયા દ્વારથી મૂક્યો?

ઉત્તરઃ- હરિનૈગમેષીએ દેવાનંદાની યોનિદ્વારા બહાર કાઢીને શ્રીમહાવીરને ત્રિશલાના ગર્ભાશયમાં છવિ-ચામડીનો છેદ કરીને મૂક્યા, પરંતુ યોનિદ્વારા નહિ, આવા અક્ષરો શ્રીભગવતીજી સૂત્રમાં છે. ૩-૧૦૪-૨૦૮

तथा—स्थूलभद्रस्य भ्राता श्रीयको मृत्वा क्व गतः? इति प्रश्नोऽत्रोत्तरम्-श्रीयकः परिशिष्टपर्वणि सामान्यतो देवलोके गतोऽभिहितोऽस्तीति ॥३-१०५-२०९॥

પ્રશ્નઃ- સ્થૂલભદ્રજીના ભાઈ શ્રીયક મરીને ક્યાં ગયા?

ઉત્તરઃ- શ્રીયક દેવલોકમાં ગયા એમ સામાન્યથી પરિશિષ્ટ પર્વમાં કહ્યું છે. ૩-૧૦૫-૨૦૯

तथा—साध्वी श्राद्धानामग्रे व्याख्यानं न करोतीत्यक्षराणि कुत्र ग्रन्थे सन्ति? इति प्रश्नोऽत्रोत्तरम्-दशवैकालिकवृत्तिप्रमुखग्रन्थमध्ये यती केवलश्राद्धीसभाग्रे व्याख्यानं न करोति रागहेतुत्वादित्युक्तमस्ति । एतदनुसारेण साध्व्यपि केवलश्राद्धसभाग्रे व्याख्यानं न करोति रागहेतुत्वादिति ज्ञायते इति ॥३-१०६-२१०॥

પ્રશ્નઃ- 'સાધ્વી શ્રાવકોની સમક્ષ વ્યાખ્યાન ન કરે' એવા અક્ષરો કયા ગ્રંથમાં છે?

ઉત્તર:- દશવૈકાલિક ટીકા વગેરે ગ્રંથની અંદર સાધુ રાગના હેતુરૂપ હોવાથી કેવલ શ્રાવિકાની સભા આગળ વ્યાખ્યાન ન કરે એમ કહ્યું છે. આ અનુસારે સાધ્વી પણ રાગના હેતુરૂપ હોવાથી કેવલ શ્રાવકોની સભા સમક્ષ વ્યાખ્યાન ન કરે એમ [૬૫]જણાય છે. ૩-૧૦૬-૨૧૦

ટિપ્પણ-૬૫. 'અહીં દશવૈકાલિક ટીકા પ્રમુખ કહ્યું છે. પ્રમુખ શબ્દથી જીવાનુશાસન નામનો ગ્રંથ પણ ઉપાદેય છે. આ ગ્રંથ સિદ્ધાન્ત શિરોમણિ શ્રી નેમિચંદ્રસૂરિના ઉપદેશથી સં. ૧૧૬૨ વર્ષે શ્રી દેવસૂરિએ રચ્યો છે, અને સકલાગમના પરમાર્થમાં કસોટીની ઉપમા જેમણે પ્રાપ્ત કરી છે એવા શ્રી જિનદત્તસૂરિએ શોધ્યો છે. પ્રમાણભૂત એ ગ્રંથને વિષે પણ સાધ્વીઓને વ્યાખ્યાન કરવાનો નિષેધ કર્યો છે.'

(જુઓ શ્રી હીરપ્રશ્ન મુ૦ પૃ. ૨૭/૧ નું ટીપ્પણ)

तथा–द्वीन्द्रियेलिका स्फिटित्वा चतुरिन्द्रियभ्रमरी कथं भवति? इति प्रश्नोऽत्रोत्तरम्-इलिकाकलेवरमध्ये इलिकाजीवोऽपरो वा भ्रमरीत्वेनागत्योत्पद्यत इति ।।३-१०७-२११।।

પ્રશ્ન:- બેઈંદ્રિય ઈયલ 'ઈયલરૂપ મટીને ચઉરિન્દ્રિય ભ્રમરી કેવી રીતે થાય છે?

ઉત્તર:- ઈયલના કલેવરમાં ઈયલનો જીવ અથવા બીજો કોઈ જીવ આવીને ભ્રમરીપણે ઉત્પન્ન થાય છે. ૩-૧૦૭-૨૧૧

तथा–केवलोर्णिका शरीरसंपर्के संमूर्च्छजजीवानामुत्पत्तिरस्ति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-केवलोर्णिका शरीरसंपर्के वस्त्रापेक्षया षट्पद्यो बह्वय उत्पद्यन्ते इत्यक्षराणि च्छेदग्रन्थे स्मरन्ति नेतराणीति ।।३-१०८-२१२।।

પ્રશ્ન:- કેવલ ગરમ-ઉનનાં વસ્ત્રનો શરીર સાથે સંપર્ક થતાં સંમૂર્ચ્છિમ જીવોની ઉત્પત્તિ થાય કે નહિ?

ઉત્તર:- કેવલ ઉનનાં વસ્ત્રનો શરીર સાથે સંબંધ થતાં વસ્ત્રની અપેક્ષાએ ઘણી ષટ્પદી-જૂઓ ઉત્પન્ન થાય છે.[૬૬] એવા અક્ષરો છેદ ગ્રંથમાં છે એમ યાદ આવે છે, પરંતુ બીજા અક્ષરો યાદ આવતા નથી. ૩-૧૦૮-૨૧૨

ટિપ્પણ-૬૬. આ ઉત્તરમાં જણાવ્યું છે કે કેવલ ઉનના વસ્ત્રમાં શરીર સાથે સંબંધ થતાં વધારે જૂઓ ઉત્પન્ન થાય છે. આ હેતુથી જ વર્ષાત્રાણને છોડીને સાધુઓએ એકલું ઉનનું વસ્ત્ર વાપરવું નહિ પરંતુ અંદર કપડો નાખીને વાપરવું, એ વિધિપરિભોગ છે. આ માટે શ્રી નિશીથ ઉદ્દેશ પહેલાની ગાથા ૨૬૧ની ચૂર્ણિમાં સાફ સાફ ફરમાવ્યું છે કે- ''वासत्ताणं मोत्तूण एगस्स उण्णियस्स नत्थि परिभोगो।'' **ભાવાર્થ**—'વર્ષાત્રાણને છોડીને એકલા ઉનના વસ્ત્રનો પરિભોગ નથી.'

અર્થાત્ વર્ષાત્રાણનો પરિભોગ તો એકલો-કપડા વિના કરવો, એ આ ઉપરથી સ્પષ્ટ સાબીત થાય છે.

तथा–महाविदेहे श्रीसीमन्धरस्वामिस्थाने यस्तीर्थकर उत्पत्स्यते तस्य किं नाम? तथा तत्र वस्त्रवर्णादिविधिः कथम्? । तथा विहरमाणविंशतितीर्थकृतां मातापितृग्रामादिनामनी कुत्र शास्त्रे सन्ति? इति प्रश्नोऽत्रोत्तरम्-महाविदेहे श्रीसीमन्धरस्वामिस्थाने उत्पत्स्यमानतीर्थङ्करनाम शास्त्रे दृष्टं नास्ति । तथा तत्र वस्त्रवर्णादिविधिरिहत्याजितादिद्वाविंशतितीर्थकृतामनुसारेणेति । तथा विहरमाणविंशतितीर्थकृतां मातापितृग्रामादिनामानि छुटितपत्रादौ कथितानि सन्तीति ॥३-१०९-२१३॥

પ્રશ્નઃ- મહાવિદેહમાં શ્રીસીમંધરસ્વામીના સ્થાને જે તીર્થંકર ઉત્પન્ન થશે તેમનું શું નામ? તથા ત્યાં વસ્ત્રોના વર્ણાદિનો વિધિ શો? તથા વિચરતા વીશ તીર્થંકરોના માતા, પિતા અને ગામ વગેરેનાં નામ કયા શાસ્ત્રમાં છે?

ઉત્તરઃ- મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમન્ધરસ્વામીના સ્થાને ઉત્પન્ન થનાર તીર્થંકરનું નામ શાસ્ત્રમાં જોયું નથી. તથા ત્યાં વસ્ત્ર વર્ણાદિ વિધિ ભરતમાં થએલ અજિત વગેરે બાવીસ તીર્થંકરોના અનુસારે છે. તથા વિચરતા વીંશ તીર્થંકરોના માતા, પિતા અને ગામ વગેરેનાં નામ છુટા પાના વગેરેમાં કહેલા છે. ૩-૧૦૯-૨૧૩

तथा–अष्टापदपर्वते प्रतिमाप्रतिष्ठा केन कृता? कुत्र वा सा कथिताऽस्ति? इति प्रश्नोऽत्रोत्तरम्-अष्टापदपर्वते प्रतिमाप्रतिष्ठा श्रीऋषभदेवशिष्येण कृतेति श्रीशत्रुञ्जयमाहात्म्यमध्ये कथितमस्तीति ॥३-११०-२१४॥

પ્રશ્નઃ- અષ્ટાપદ પર્વત ઉપર પ્રતિમાની પ્રતિષ્ઠા કોણે કરી? અને તે કયા શાસ્ત્રમાં કહેલી છે?

ઉત્તરઃ- અષ્ટાપદ પર્વત ઉપર પ્રતિમાઓની પ્રતિષ્ઠા શ્રી ઋષભદેવ ભગવાનના શિષ્યે કરી છે, આ પ્રમાણે શ્રી શત્રુંજય માહાત્મ્યમાં કહેલું છે. ૩-૧૧૦-૨૧૪

तथा–द्रौपद्या नवनिदानमध्ये किं नामकं निदानं कृतम्? इति प्रश्नोऽत्रोत्तरम्-श्रीज्ञाताधर्मोक्तद्रौपदीसम्बन्धानुसारेण चतुर्थनिदानसंभवो ज्ञायते, परमध्यवसायविशेषेण तस्य निदानताया अभावाद् द्रौपद्या चारित्रं प्राप्तमिति संभाव्यते । ग्रन्थमध्ये तु दृष्टं नास्ति यदनयाऽमुकं निदानं कृतमिति ॥३-१११-२१५॥

પ્રશ્નઃ- દ્રૌપદીએ [૬૭]નવ નિયાણામાંથી કયું નિયાણું કર્યું હતું?

ઉત્તરઃ- શ્રી જ્ઞાતાધર્મ કથામાં કહેલ દ્રૌપદીના સંબંધને અનુસારે ચોથા (ત્રીજા) નિયાણાનો સંભવ જણાય છે. પરંતુ અધ્યવસાય વિશેષથી તેનાં નિયાણામાં નિયાણાપણાનો અભાવ હોવાથી દ્રૌપદીએ ચારિત્ર પ્રાપ્ત કર્યું એમ સંભાવના થાય છે. ગ્રંથમાં તો એ જોયું નથી કે દ્રૌપદીએ અમુક નિયાણું કર્યું હતું. ૩-૧૧૧-૨૧૫

ટિપ્પણ-૬૭. વિષયાસક્તિ વગેરે કારણોથી ધર્મ કરીને, સો આપીને સાઠ લેવાની જેમ, દુન્યવિ પદાર્થોની પ્રાર્થના કરવારૂપ નિયાણું છે અને તે નવ પ્રકારે છે.

"निव१ सिट्ठि२ इत्थि३ पुरिसे४ परपविआरे सुरे५ अपविआरे६ ।
अप्पयरसुर७ दरिद्दे८ सड्ढे९ हुज्जा नव निआणा ॥१॥"

ભાવાર્થ–'હું-રાજા, શેઠ, સ્ત્રી, પુરુષ, પરની સાથે વિષયભોગ કરનાર દેવતા, વિષયભોગ ન કરનાર દેવતા, સ્વની સાથે વિષયભોગ કરનાર દેવતા, દરિદ્ર, અને શ્રાવક થાઉં, એવી ઈચ્છારૂપ નવ નિયાણાં જાણવાં."

तथा–शाश्वतो मेरुः श्रीमहावीरेण कथं चालितः? कुत्र वा कथितोऽस्ति? इति प्रश्नोऽत्रोत्तरम्-यथा शाश्वत्या रत्नप्रभाया देवानुभावेन स्वभावेन वा प्रकम्पो जायते तथा श्रीवीरचरणाङ्गुष्ठबलानुभावेन शाश्वतमेरोरपि प्रकम्पो बोध्य इति । एतदक्षराणि श्रीवीरचरित्रप्रमुखग्रन्थमध्ये सन्तीति ॥३-११२-२१६॥

પ્રશ્નઃ- શ્રી મહાવીર પરમાત્માએ શાશ્વત મેરુને કેવી રીતે ચલાયમાન કર્યો? અને કયા શાસ્ત્રમાં એમ કહ્યું છે?

ઉત્તરઃ- જેમ શાશ્વતી રત્નપ્રભાનું ચલન દૈવી પ્રભાવથી અથવા સ્વાભાવિક રીતિએ થાય છે, તેમ શ્રી વીરપરમાત્માના ચરણના અંગુઠાના બલપ્રભાવથી શાશ્વત મેરુનું પણ ચલન જાણવું, આવા અક્ષરો શ્રી વીરચરિત્ર વગેરે ગ્રંથમાં છે. ૩-૧૧૨-૨૧૬

तथा–पञ्चदशशततापसानां गौतमस्वामिना परमान्नेन पारणा कारिता, तत्र लब्धिपरमान्नमदत्तमिति साधूनां कथं कल्पते? इति प्रश्नोऽत्रोत्तरम्-एकोऽपि परमान्नपतद्ग्रहोऽक्षीणमहानसलब्धिप्रभावेणैव सर्वेषां प्राप्त इत्यत्राऽदत्तं किमपि ज्ञातं नास्तीति बोध्यमिति ॥३-११३-२१७॥

પ્રશ્નઃ- શ્રી ગૌતમસ્વામીએ પંદરસો તાપસોને ખીરથી પારણું કરાવ્યું તેમાં લબ્ધિથી પ્રાપ્ત થએલ ખીર અદત્ત છે, તો તે સાધુને કેવી રીતે કલ્પે?

ઉત્તરઃ- એક એવું પણ ખીરનું પાત્ર અક્ષીણ મહાનસ લબ્ધિના પ્રભાવથી જ સર્વ તાપસોને પારણા માટે ઉપયોગમાં આવ્યું છે. અહીં કાંઈ પણ અદત્ત નથી એમ જાણવું. ૩-૧૧૩-૨૧૭

अथ पण्डितकीर्तिहर्षगणिकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

प्रातः कृतद्विविधाहारैकाशनस्य (श्राद्धस्य) निशि द्विविधाहारप्रत्याख्यानं शुध्यति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-शुध्यतीति बोध्यम् ॥३-११४-२१८॥

પ્રશ્નકાર પંડિત કીર્તિહર્ષ ગણિ

પ્રશ્નઃ- પ્રાતઃકાલ દુવિહાર એકાસણું કર્યું હોય એવા (શ્રાવક) ને રાત્રિએ દુવિહારનું પચ્ચખ્ખાણ કરવું સુઝે કે નહિ?

ઉત્તરઃ- સુઝે છે એમ જાણવું. ૩-૧૧૪-૨૧૮

तथा–संसारे वसन्नेकजीव इन्द्रत्वं चक्रित्वं वासुदेवत्वं च कति वाराँल्लभते? इति प्रश्नोऽत्रोत्तरम्-इन्द्रत्वादिलब्धेः संख्या क्वाप्यागमे दृष्टा न स्मरतीति ।।३-११५-२१९।।

प्रश्नः- સંસારમાં રહેતો એક જીવ ઈંદ્રપણું, ચક્રિપણું અને વાસુદેવપણું કેટલી વાર પ્રાપ્ત કરી શકે છે?

ઉત્તરઃ- ઈંદ્રત્વાદિ લબ્ધિની સંખ્યા કહેલી કોઈ પણ આગમમાં જોઈ હોય એમ યાદ આવતું નથી. ૩-૧૧૫-૨૧૯

तथा–संप्रति ये इन्द्रास्सन्ति ते सर्वेऽप्येकावतारिणो न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-संप्रति ये इन्द्रास्सन्ति तेषां मध्ये केचनैकावतारिणो न तु सर्वे इति ।।३-११६-२२०।।

प्रश्नः- હાલ જે ઈંદ્રો છે તે સઘળાએ એકાવતારી છે કે નહિ?

ઉત્તરઃ- હાલ જે ઈંદ્રો છે તેઓની અંદર કેટલાએક એકાવતારી છે, પરંતુ બધા નથી. ૩-૧૧૬-૨૨૦

तथा–नारदाः सर्वे तद्भव एव मुक्तिगामिनो भवान्तरे वा? इति प्रश्नोऽत्रोत्तरम्-नारदाः केचन तद्भवे मोक्षगामिनाः केचन भवान्तरेऽपीति ज्ञेयमिति ।।३-११७-२२१।।

प्रश्नः- સઘળા નારદો તે ભવમાં જ મોક્ષે જનારા હોય છે કે અન્ય ભવમાં?

ઉત્તરઃ- કેટલાએક નારદો તે ભવમાં મોક્ષે જનારા હોય છે, અને કેટલાએક નારદો બીજા ભવમાં પણ મોક્ષે જનારા હોય છે, એમ જાણવું. ૩-૧૧૭-૨૨૧

अथ पण्डितनाकर्षिशिष्यगणिसूरविजयकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

पाक्षिकादिषु ये चतुर्थादि तपो न कुर्वन्ति तेषां किं प्रायश्चित्तमुतानन्तसंसारित्वं भवति? इति प्रश्नोऽत्रोत्तरम्-पाक्षिकादिषु चतुर्थादि तपः कारणाभावे न कुर्वन्ति तेषां प्रायश्चित्तं भवति, परमनन्तसंसारित्वं न भवतीति ।।३-११८-२२२।।

પ્રશ્નકાર પંડિત શ્રીનાકર્ષિના શિષ્ય ગણિ સૂરવિજય

प्रश्नः- પખ્ખી આદિમાં જેઓ ઉપવાસ આદિ તપ કરતા નથી, તેઓને શું પ્રાયશ્ચિત્ત આવે કે અનન્તસંસારીપણું પ્રાપ્ત થાય?

ઉત્તરઃ- જેઓ કારણ ન હોવા છતાં પણ પખ્ખી આદિમાં ઉપવાસ વગેરે તપ કરતા નથી, તેઓને પ્રાયશ્ચિત્ત આવે છે. પરંતુ અનન્તસંસારીપણું પ્રાપ્ત થતું નથી. ૩-૧૧૮-૨૨૨

तथा–रावणस्य हारः परिपाट्यागतो बालत्वे तस्य देवेन समर्पितो वा? इति प्रश्नोऽत्रोत्तरम्-रावणस्य हारः परिपाट्यागतोऽस्तीति ।।३-११९-२२३।।

પ્રશ્નઃ- રાવણનો હાર પરંપરાથી આવેલો છે કે બાલ્યાવસ્થામાં તેને દેવે અર્પણ કર્યો છે?

ઉત્તરઃ- રાવણનો હાર કુલપરંપરાથી આવેલો છે. ૩-૧૧૯-૨૨૩

तथा–येन प्रव्रज्यायाः पूर्वं लघुधान्यानि प्रत्याख्यातानि भवन्ति तस्य तद्ग्रहणे तानि कल्पन्ते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-पूर्वं येन लघुधान्यानि प्रत्याख्यातानि तस्य प्रव्रज्याग्रहणे सत्यन्याऽन्नाऽप्राप्तौ तानि कल्पन्त इति ॥३-१२०-२२४॥

પ્રશ્નઃ- જેણે દીક્ષા લેતા પહેલાં તુચ્છ-હલકાં ધાન્યોનું પચ્ચખ્ખાણ કર્યું હોય તેને દીક્ષા ગ્રહણ કર્યા બાદ તે ધાન્યો ગ્રહણ કરવાં કલ્પે કે નહિ?

ઉત્તરઃ- પૂર્વે જેણે તુચ્છ ધાન્યોનું પચ્ચખ્ખાણ કર્યું હોય, તેને દીક્ષા ગ્રહણ કર્યા બાદ અન્ય અન્નની પ્રાપ્તિ થતી ન હોય તો તે લેવાં કલ્પે છે. ૩-૧૨૦-૨૨૪

तथा–''नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः'' इति पूर्वगतं किंवा न? तथा पूर्वाणि संस्कृतानि प्राकृतानि वा? इति प्रश्नोऽत्रोत्तरम्– नमोऽर्हत्सिद्धाचार्येत्यादि पूर्वगतं ज्ञेयम् । तथा पूर्वाणि सर्वाणि संस्कृतानि वेदितव्यानि ॥३-१२१-२२५॥

પ્રશ્નઃ- ''नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः'' આ સૂત્ર પૂર્વમાંનું છે કે નહિ? તેમ જ પૂર્વો સંસ્કૃત છે કે પ્રાકૃત?

ઉત્તરઃ- 'नमोऽर्हत्सिद्धाचार्य०' ઈત્યાદિ સૂત્ર પૂર્વમાંનું છે, તથા પૂર્વો સઘળાંયે સંસ્કૃત ભાષામાં છે, એમ જાણવું. ૩-૧૨૧-૨૨૫

तथा–वीरशासने कति प्रत्येकबुद्धाः? अन्येषां च कियन्तः कियन्तः? इति प्रश्नोऽत्रोत्तरम्-वीरशासने चतुर्दशसहस्त्रप्रमाणाः प्रत्येकबुद्धाः । एवं ऋषभादीनां यावन्तो यतयस्तावन्तः प्रत्येकबुद्धा इति ॥३-१२२-२२६॥

પ્રશ્નઃ- વીરપ્રભુના શાસનમાં પ્રત્યેકબુદ્ધો કેટલા થયા? અને બીજા તીર્થંકરોના શાસનમાં કેટલા થયા છે?

ઉત્તરઃ- વીર પ્રભુના શાસનમાં ચૌદહજાર પ્રત્યેકબુદ્ધો થયા છે. એ પ્રમાણે શ્રી ઋષભદેવાદિ તીર્થંકરોના જેટલા જેટલા સાધુઓ તેટલા તેટલા પ્રત્યેકબુદ્ધો થયા છે. ૩-૧૨૨-૨૨૬

तथा–पण्डितादिपदस्थानामग्रे देववन्दनं कल्पते न वा? इति प्रश्नोऽत्रो-त्तरम्-प्रतिमानां स्थापनाचार्याणां वाग्रे देववन्दनं कल्पते नान्येषामिति ॥३-१२३-२२७॥

પ્રશ્નઃ- પંડિત વગેરે પદસ્થોની આગલ દેવવંદન કરવું કલ્પે કે નહિ?

ઉત્તરઃ- પ્રતિમાઓની અથવા સ્થાપનાચાર્યજીની આગળ દેવવંદન કરવું કલ્પે છે, પણ બીજાની આગળ નહિ. ૩-૧૨૩-૨૨૭

तथा–त्रिफलाकृतं प्रासुकपानीयं कुत्र सिद्धान्ते प्रोक्तमस्ति? इति प्रश्नोऽत्रोत्तरम्-त्रिफलाकृतं प्रासुकमुदकं सिद्धान्ताऽनुमतम् । यतः-``तुंबरफले य पत्ते, रुक्खसिलातुप्पमद्दणादीसु । पासंदणे पवाते, आयवतत्ते वहे अवहे'' ।।२०४।। इयं निशीथभाष्यगाथा । एतच्चूर्णौ ``तुंबरफला हरितक्यादयः'' इति व्याख्यातमस्तीति ।।३-१२४-२२८।।

प्रश्नः- ત્રિફલાથી કરાયેલું પ્રાસુક પાણી કયા સિદ્ધાન્તમાં કહ્યું છે?

ઉત્તરઃ- ત્રિફલાથી બનાવેલું પ્રાસુક પાણી સિદ્ધાન્ત સંમત છે. કારણ કે– ``[६८]तुंबरफले य पत्ते, रुक्खसिलातुप्पमद्दणादीसु । पासंदणे पवाते, आपवतत्ते वहे अवहे'' ।।३०४।। આ નિશીથ ભાષ્યની ગાથા છે. એની ચૂર્ણિમાં ``तुंबरफला हरितक्यादयः''–તુંબરફલ શબ્દથી હરડે વગેરે અર્થ જણાવેલો છે. ૩-૧૨૪-૨૨૮

ટિપ્પણ-૬૮. **ભાવાર્થ**—'હરડે, પત્ર, વૃક્ષકોટર, શીલા, મૃતકલેવરની વસાદિ યુક્ત રસ્તાદિ પ્રમર્દન, ઝરણ, પ્રપાત, તાપ આદિ કારણયોગથી પાણી અચિત્ત થાય છે.''

तथा–एकविंशतिपानीयानां प्रासुकीभवनानन्तरं पुनः कियता कालेन सचित्तता भवति? तथा तेषां सर्वेषां सांप्रतं प्रवृत्तिः कथं नास्ति? इति प्रश्नोऽत्रोत्तरम्-उष्णोदकस्य यथा वर्षादौ प्रहरत्रयादिकः कालः प्रोक्तोऽस्ति तथा प्रासुकोदक-धावनादीनामपीति बोध्यम् । तेषां प्रवृत्तिस्तु यथासम्भवं विद्यत इति ।।३-१२५-२२९।।

प्रश्नः- એકવીસ જાતના પાણી અચિત્ત થયા બાદ ફરીથી કેટલા કાલે સચિત્ત થાય છે? તથા હાલ સઘળા પ્રકારના તે પાણીની પ્રવૃત્તિ કેમ નથી?

ઉત્તરઃ- જેમ ઉકાળેલા પાણીનો વર્ષા આદિ ઋતુમાં ત્રણ પ્રહરાદિનો કાલ કહ્યો છે, તેવી જ રીતે તે સર્વે અચિત્ત પાણીનો કાલ પણ જાણવો. તે સર્વ પ્રકારના પાણીની પ્રવૃત્તિ પણ યથાસંભવ છે. ૩-૧૨૫-૨૨૯

तथा–श्राद्धो गुरुमुखे पौषधमुच्चारयति तदा गमनागमने आलोचयति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-यदि स्वयं पौषधकरणानन्तरं गमनागमने कृते भवतस्तदा गुरुमुखे पौषधकरणावसरे ते आलोचयति नान्यथेति ।।३-१२६-२३०।।

प्रश्नः- શ્રાવક ગુરુ પાસે પૌષધ ઉચ્ચરે ત્યારે ગમણાગમણે આલોવે કે નહિ?

ઉત્તરઃ- જો સ્વયં પૌષધ કર્યા બાદ ગમનાગમન કર્યું હોય તો ગુરુ પાસે પૌષધ કરતી વેળાએ ગમણાગમણે આલોવે, તે સિવાય નહિ. ૩-૧૨૬-૨૩૦

।। इति सकलसूरिपुरन्दरपरमगुरुतपागच्छाधिराजभट्टारकश्री श्रीहीरविजयसूरिप्रसादीकृतप्रश्नोत्तरसमुच्चये तच्छिष्यपण्डितकीर्ति-विजयगणिसमुच्चिते तृतीयः प्रकाशः ।।

चतुर्थः प्रकाशः ।

अथ जेसलमेरुसङ्घकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

अपक्वफलं बीजकर्षणादनु घटिकाद्वयानन्तरं प्रासुकं भवति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-अग्निलवणादिप्रबलसंस्कारे प्रासुकं भवति नान्यथेति ।।४-१-२३१।।

પ્રશ્નકાર જેસલમેરનો સંઘ

પ્રશ્નઃ- કાચું ફલ બીજ કાઢી નાખ્યા બાદ બે ઘડી પછી અચિત્ત થાય કે નહિ?

ઉત્તરઃ- અગ્નિ કે લવણ વગેરેનો પ્રબલ સંસ્કાર થાય તો અચિત્ત થાય, તે સિવાય નહિ. ૪-૧-૨૩૧

तथा–नारकाः पाश्चात्त्यभवशुभाशुभवार्तां कथं जानन्ति? इति प्रश्नोऽत्रोत्तरम्-देवताकथनादिना जानन्तीति ।।४-२-२३२।।

પ્રશ્નઃ- નારકીઓ પાછળના ભવની શુભ કે અશુભ વાર્તા કેવી રીતે જાણે છે?

ઉત્તરઃ- દેવના કહેવા આદિથી જાણી શકે છે. ૪-૨-૨૩૨

तथा–देवद्रव्यभक्षकगृहे जेमनाय गन्तुं कल्पते न वा? इति, गमने वा तज्जेमनक्रयद्रव्यं देवगृहे मोक्तुमुचितं न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-देवद्रव्यभक्षकगृहे यदि कदाचित्परवशतया जेमनाय याति तथापि मनसि सशूकत्वं रक्षति न तु निःशूको भवति । जेमनद्रव्यस्य देवगृहे मोचने तु विरोधो भवति ततस्तदाश्रित्य दक्षत्वं विलोक्यते, यथाग्रेऽनर्थवृद्धिर्न भवति तथा करोतीति ।।४-३-२३३।।

પ્રશ્નઃ- દેવદ્રવ્યનું ભક્ષણ કરનારના ઘેર જમવા માટે જવું કલ્પે કે નહિ? અગર જમવા જાય તો તેના ખરચનું દ્રવ્ય દેવમંદિરે મૂકવું જોઈએ કે નહિ?

ઉત્તરઃ- જો કદાચિત્ પરાધીનતાથી દેવદ્રવ્યનું ભક્ષણ કરનાર ઘેર જમવા માટે જાય તો પણ મનમાં કોમલ ભાવનું રક્ષણ કરે, પરંતુ નિઃશૂક-નિર્ધ્વંસ પરિણામી ન થાય, તથા જમ્યાનું દ્રવ્ય દેવમંદિરે મૂકવામાં વિરોધ થતો હોય તો તેને આશ્રયીને ડહાપણ રાખવું; એવું કરવું જોઈએ કે જેથી આગળ અનર્થની વૃદ્ધિ ન થાય. ૪-૩-૨૩૩

तथा–कल्याणकतपसि क्रियमाणे षष्ठाष्टमकरणस्य शक्त्यभावे पाक्षिकादावाचामाम्लादिकं करोति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-षष्ठाष्टमकरणस्य सर्वथा शक्त्यभावे पाक्षिकादिपर्वतिथावाचामाम्लादिकं करोति । कल्याणकतपःप्रवृत्तिस्तु परम्परया दृश्यत इति ।।४-४-२३४।।

પ્રશ્નઃ- કલ્યાણકનો તપ ચાલતો હોય ત્યારે છઠ્ઠ અઠ્ઠમ કરવાની શક્તિના અભાવે પખ્ખી આદિમાં આયંબિલ આદિ કરી શકે કે નહિ?

ઉત્તરઃ- છઠ્ઠ, અઠ્ઠમ કરવાની શક્તિનો સર્વથા અભાવ હોય તો પખ્ખી આદિ

પર્વતિથિમાં આયંબિલ આદિ કરી શકે છે. કલ્યાણક તપની પ્રવૃત્તિ તો પરંપરાથી દેખાય છે. ૪-૪-૨૩૪

ટિપ્પણ-૬૯. આજે પરંપરાને નામે કલ્યાણકોને પર્વતિથિમાંથી બાતલ ગણી તેની તપ વગેરે ક્રિયાઓને ઉલટાવનારા આ પ્રશ્નોત્તર વિચારે, અને પંચાંગમાં જે તિથિની ક્ષયવૃદ્ધિ હોય તે તિથિને બદલે બીજી તિથિઓની કલ્પિત ક્ષયવૃદ્ધિ માનતા અટકી જાય, તથા તેમ કરીને કલ્યાણકારી કોઈ પણ તિથિની આરાધનાને અન્યાય નહિ કરવા રૂપ સુવિશુદ્ધ પરંપરાને અનુસરે, એમ ઈચ્છવું સ્થાને છે.

तथा–प्रत्याख्यानकरणावसरे विकृतिद्वयं येन मुत्कलं रक्षितं भवति तस्य तृतीयविकृतिनिर्विकृतिकं कल्पते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-कारणं विना न कल्पत इति ।।४-५-२३५।।

प्रश्नः- પચ્ચખ્ખાણ કરતી વખતે જેણે બે વિગઈ મોકળી રાખી હોય તેને ત્રીજી વિગઈનું નિવિયાતું કલ્પે કે નહિ?

ઉત્તરઃ- કારણ વિના કલ્પે નહિ. ૪-૫-૨૩૫

तथा–'कयरीपाक' इत्यादिलोकप्रसिद्धानि पाकद्रव्याणि तद्दिवसनिष्पन्नान्यार्द्रशाकप्रत्याख्यानवतां कल्पन्ते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-कल्पन्ते, ईदृशी प्रवृत्तिर्दृश्यत इति ।।४-६-२३६।।

प्रश्नः- તે દિવસનાં બનાવેલા ``कयरीपाक'' (કેરીનો મુરબ્બો) ઈત્યાદિ લોકપ્રસિદ્ધ પાકદ્રવ્યો લીલાશાકનાં પચ્ચખ્ખાણવાળાઓને કલ્પે કે નહિ?

ઉત્તરઃ- કલ્પી શકે છે. એવી પ્રવૃત્તિ દેખાય છે. ૪-૬-૨૩૬

तथा–मनुष्यक्षेत्राद् बहिश्चन्द्राः सूर्याश्च सन्ति ते तीर्थकृतां जन्मोत्सवे समवसरणे चायान्ति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-तेषां तीर्थकृत्कल्याणकेषु देशनाश्रवणादिकार्ये चात्रागमनप्रतिषेधो ज्ञातो नास्तीति ।।४-७-२३७।।

प्रश्नः- મનુષ્યક્ષેત્રની બહાર જે ચન્દ્ર અને સૂર્યો છે તે ચન્દ્ર-સૂર્ય દેવો તીર્થંકરોના જન્મોત્સવમાં અને સમવસરણમાં આવે કે નહિ?

ઉત્તરઃ- મનુષ્ય ક્ષેત્રની બહાર રહેલ ચન્દ્ર-સૂર્યોને તીર્થંકરના કલ્યાણકોમાં અને દેશના શ્રવણ વગેરે કાર્યમાં અહીં આવવાનો પ્રતિષેધ જાણ્યો નથી. ૪-૭-૨૩૭

तथा–भरतक्षेत्रमध्ये सांप्रतं ये साधवः पञ्चसप्तशतादिक्रोशमध्ये दृश्यन्ते त एव किंवाऽन्येऽपि क्वापि संभवन्ति? इति प्रश्नोऽत्रोत्तरम्-भरतक्षेत्रमध्ये इदानीन्तनसमये यत्र यत्र स्थाने आत्मभिर्ज्ञायन्ते तत्रैव यतयः संभाव्यन्ते नान्यत्रेति। तथाप्यक्षरदर्शनं विनैकान्तेन कथयितुं न शक्यते यदन्यत्र स्थाने यतयो न सन्त्येवेति ।।४-८-२३८।।

પ્રશ્નઃ- ભરતક્ષેત્રમાં હાલ પાંચસો સાતસો આદિ ગાઉમાં જે સાધુઓ દેખાય છે, તે જ સાધુઓ છે કે અન્યત્ર કયાંય બીજા પણ સાધુઓ સંભવી શકે છે?

ઉત્તરઃ- ભરતક્ષેત્રમાં હાલ જે સ્થાને આપણે જાણીએ છીએ ત્યાં જ સાધુઓ છે એમ સંભાવના કરી શકાય છે, બીજે સ્થાને ન હોય એમ લાગે છે. તો પણ અક્ષર જોયા વિના એકાન્તે એમ ન કહી શકાય કે બીજે ઠેકાણે સાધુઓ નથી [૭૦]જ. ૪-૮-૨૩૮

ટિપ્પણ-૭૦. કોઈ પુસ્તકમાં-"ભરતક્ષેત્રમાં આધુનિક સમયે જેમ આપણી દૃષ્ટિપથમાં આવેલ ભૂમિમાં સાધુઓ છે તેમ અન્યત્ર પણ છે, એ પ્રમાણે શાસ્ત્ર વગેરેને અનુસારે જણાય છે." આ પ્રમાણેનો ઉત્તર આપેલો સમ્યક્ પ્રકારે થાય છે.' (જુઓ હીરપ્રશ્ન પૃ ૩૦/૧નું ટીપ્પણ)

तथा–आचामाम्लमध्ये शुण्ठीमरिचादिकं कल्पते तत्किं कारणेन स्वभावेन वा? इति प्रश्नोऽत्रोत्तरम्-कारणं विनापि कल्पत इति ।।४-९-२३९।।

પ્રશ્નઃ- આયંબિલમાં સુંઠ, મરી વગેરે કલ્પે છે; તે શું કારણસર કે સ્વાભાવિક રીતે?

ઉત્તરઃ- કારણ વિના કલ્પે છે. ૪-૯-૨૩૯

तथा–आचामाम्लमध्ये शुण्ठीमरिचादिकं कल्पते, पिप्पलीलवङ्गादिकं च न तत् किं शास्त्राक्षरैः परम्परातो वा? इति प्रश्नोऽत्रोत्तरम्-आचामाम्लमध्ये शुण्ठीमरिचादिकं कल्पते लवङ्गपिप्पलीहरीतकींप्रमुखं पुनर्न कल्पते तत्रैतत्कारणं ज्ञायते यल्लवङ्गेषु दुग्धभक्तं दीयमानमस्ति, हरितकीपिप्पल्यादिकं नालिकातोऽपक्वं सत् शुष्कीक्रियते. यथा युगन्धरीगोधूमादिपृथुको राद्धः सन्नाचामाम्लमध्ये न कल्पते । युगन्धरीगोधूमादिकं तु राद्धं सत्कल्पत इति सम्भाव्यते ।।४-१०-२४०।।

પ્રશ્નઃ- આયંબિલમાં સુંઠ મરી વગેરે કલ્પે છે, અને પીપર લવિંગ વગેરે કલ્પતા નથી તે શું શાસ્ત્રના અક્ષરોથી કે પરંપરાથી?

ઉત્તરઃ- આયંબિલમાં સુંઠ, મરી વગેરે કલ્પે છે, લવિંગ, પીપર અને હરડે વગેરે કલ્પતા નથી. તેમાં આ કારણ જણાય છે કે-લવિંગમાં દૂધનો પાસ દેવામાં આવે છે અને હરડે પીપર આદિ નાલિકામાંથી-મૂલમાંથી અપક્વ હોઈ પછીથી સુકવવામાં આવે છે. જેમ યુગન્ધરી અને ઘઉં વગેરેનો પોંક રાંધેલો હોય છતાં આયંબિલમાં કલ્પતો નથી, પરંતુ યુગન્ધરી અને ઘઉં વગેરે રાંધેલા હોય તો કલ્પે છે, તે મુજબ સંભાવના કરી શકાય છે. ૪-૧૦-૨૪૦

तथा–केनचिदुपासकेन चत्वार्युपधानान्युदूढानि भवन्ति, तन्मध्ये प्रथमोपधानस्य द्वादशवर्षातिक्रमे प्रथममेवोपधानं पुनरुद्वाह्य स मालां परिदधाति उत चत्वार्यपि? इति प्रश्नोऽत्रोत्तरम्-प्रथमोपधानस्य द्वादशवर्षातिक्रमे

पुनस्तस्मिन्नुदूढे माला परिहिता शुध्यति । अथ यदि मनः स्थाने तिष्ठति तदा चत्वार्यपि पुनरुद्वाह्य मालां परिदधातीति ।।४-११-२४१।।

प्रश्नः- કોઈ શ્રાવકે ચારે ઉપધાન વહી લીધાં છે. તેમાં પહેલા ઉપધાનને બાર વર્ષ પસાર થઈ ગયાં હોય તો તે શ્રાવક પહેલું જ ઉપધાન ફરીથી વહન કરીને માલા પહેરે કે ચારે ય ઉપધાન ફરીથી વહન કરીને?

ઉત્તરઃ- પહેલા ઉપધાનને બાર વર્ષ પસાર થઈ ગયાં હોય તો ફરીથી પહેલું ઉપધાન વહી લીધા બાદ માલા પહેરવી સુઝે છે. જો મન ઠેકાણે રહે તો ચારે ય ઉપધાન ફરીથી વહન કરીને માલા પહેરે. ૪-૧૧-૨૪૧

तथा–उपधाने वाह्यमाने तपोदिने यदि कल्याणकतिथिरायाति तदा तेनैवोपवासेन सरति उताऽन्योऽधिकः कृतो विलोक्यते? इति प्रश्नोऽत्रोत्तरम्-उपधानतपोदिनान्तः कल्याणकतिथ्यागमने नियन्त्रिततपस्तया तेनैवोपवासेन सरतीति ।।४-१२-२४२।।

प्रश्नः- ઉપધાનમાં તપના દિવસે જો કલ્યાણક તિથિ આવે તો તે જ ઉપવાસથી ચાલે કે બીજો અધિક કરી આપવો પડે?

ઉત્તરઃ- ઉપધાનના તપના દિવસની અંદર કલ્યાણક તિથિ આવી જાય તો નિયન્ત્રિત તપ હોવાથી તે જ ઉપવાસથી ચાલી શકે છે. ૪-૧૨-૨૪૨

तथा–यः श्रावको नियमेन प्रत्यहं प्रतिक्रमणद्वयं कुर्वाणो भवति तस्य कालवेलायां सन्ध्याप्रतिक्रमणविस्मरणे कियतीं रात्रिं यावत्तच्छुध्यति? इति प्रश्नोऽत्रोत्तरम्-कारणविशेषे विस्मृतौ वा रात्रिप्रहरद्वयं यावत्तत्कर्तुं शुध्यतीति ।।४-१३-२४३।।

प्रश्नः- જે શ્રાવકને નિરંતર બે વખત પ્રતિક્રમણ કરવાનો નિયમ હોય અને જો તે કાલવેલાએ દૈવસિક પ્રતિક્રમણ કરવું ભૂલી ગયો હોય તો તે શ્રાવકને કેટલી રાત્રી સુધી કરવું કલ્પે?

ઉત્તરઃ- કોઈ કારણ વિશેષે કે ભૂલી ગયો હોય તો રાત્રિના પ્રથમના બે પ્રહર પર્યંત દેવસી પ્રતિક્રમણ કરવું કલ્પે છે. ૪-૧૩-૨૪૩

तथा–येन शुक्लपञ्चम्युच्चरिता भवति स यदि पर्युषणायां द्वितीयातोऽष्टमं करोति तदैकान्तेन पञ्चम्यामेकाशनकं करोति उत यथारुच्या? इति प्रश्नोऽत्रोत्तरम्-येन शुक्लपञ्चम्युच्चरिता भवति तेन मुख्यवृत्त्या तृतीयातोऽष्टमः कार्यः । अथ कदाचिद्द्वितीयातः करोति तदा पञ्चम्यामेकाशनकरणप्रतिबन्धो नास्ति, करोति तदा भव्यमिति ।।४-१४-२४४।।

પ્રશ્નઃ- જેણે શુકલ પંચમીનો તપ ઉચ્ચરેલો હોય તે જો પર્યુષણામાં ભાદરવા સુદિ બીજથી અઠ્ઠમ કરે તો તે ભાદરવા સુદિ પાંચમના દિવસે અવશ્ય એકાસણું કરે કે રુચિ પ્રમાણે કરે?

ઉત્તરઃ- જેણે શુકૂલ પંચમી ઉચ્ચરેલી હોય તેણે મુખ્ય વૃત્તિએ ભાદરવા સુદ ત્રીજથી અઠ્ઠમ કરવો જોઈએ. જો કદાચિત્ ભાદરવા સુદિ બીજથી અઠ્ઠમ કરે તો ભાદરવા સુદિ પાંચમે એકાસણું કરવું જોઈએ એવો પ્રતિબંધ નથી, કરે તો [૭૧]સારું છે. ૪-૧૪-૨૪૪

ટિપ્પણ-૭૧. આ પ્રશ્નોત્તર પણ સાબીત કરે છે ભાદરવા સુદ પંચમી યદ્યપિ પર્વતિથિ છે તથાપિ ભાદરવા સુદ ચોથ, કે જે સંવત્સરીની સ્થાપિત તિથિ છે, તેના કરતાં ગૌણ છે. પંચાંગમાં ખુદ પંચમી તિથિ ઉદયગત હોય તો પણ તેવા કારણે તેનો તપ ચોથના તપથી સરે છે, શાસ્ત્રકારના આ વિધાનથી સાફ નિશ્ચિત થઈ જાય છે કે પંચમીના કારણે ચોથની વિરાધના કરવાની હોય જ નહિ. છતાં જેઓ શાસ્ત્રકારની આજ્ઞા લોપીને સ્વમતિકલ્પનાથી ભાદરવા સુદ પંચમીની ક્ષયવૃદ્ધિએ ભાદરવા સુદ ચોથને વિરાધે છે તેઓ શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ જ વર્તે છે. વધુ માટે જુઓ આ જ ગ્રંથનો ૨૫૭ મો પ્રશ્નોત્તર.

तथा–यदा चतुर्मासकं पूर्णिमायामभूत्तदा प्रतिक्रमणानि पञ्चविंशतिरष्टाविंशतिर्वा बभूवुः? तथा तानि शास्त्राक्षरबलेन विधीयमानानि परम्परातो वा?, शास्त्राक्षरबलेन् चेत्तदा तदभिधानं प्रसाद्यमिति प्रश्नोऽत्रोत्तरम्-वर्षमध्ये प्रतिक्रमणानि पञ्चविंशतिरष्टाविंशतिर्वेति क्वापि ज्ञात्तं नास्ति, शास्त्रमध्ये तु दैवसिकरात्रिकपाक्षिकचातुर्मासिकसांवत्सरिकलक्षणानि पञ्च प्रतिक्रमणानि प्रतिपादितानि सन्तीति ॥४-१५-२४५॥

પ્રશ્નઃ- જ્યારે ચોમાસી પૂર્ણિમાની હતી ત્યારે પ્રતિક્રમણ પચીસ હતાં કે અઠ્ઠાવીસ હતાં? તથા તે શાસ્ત્રાક્ષરના બલથી કરાતાં હતાં કે પરંપરાથી? જો શાસ્ત્રના અક્ષરના બલથી કરાતાં હોય તો તેનું નામ જણાવવા કૃપા કરશો?

ઉત્તરઃ- એક વર્ષમાં પ્રતિક્રમણ પચીશ આવે કે અઠાવીસ આવે એવું વિધાન કોઈ પણ ઠેકાણે જાણ્યું નથી. શાસ્ત્રમાં તો દેવસી, રાઈ, પખ્ખી, ચોમાસી, અને સંવત્સરી રૂપ પાંચ પ્રતિક્રમણો[૭૨] કહેલાં છે. ૪-૧૫-૨૪૫

ટિપ્પણ-૭૨. આજ્ઞા અને સુવિહિત આચારણાને પ્રમાણ ગણનારાઓના મતે પૂનમની ત્રણ ચોમાસી ચૌદશની સ્થપાતાં ત્રણ પખ્ખી અનુષ્ઠાનો ચોમાસામાં સમાઈ ગયાં તે જેમ અયુક્ત લેખાયું નથી, તેમ પૂનમ આદિના ક્ષયે એક દિવસમાં એક ગૌણ પર્વતિથિનું અનુષ્ઠાન બીજી પ્રબલ પર્વતિથિના અનુષ્ઠાનમાં સમાઈ જાય તે જરાય અયુક્ત નથી. એમ છતાં આની સામે આજે 'એક પર્વતિથિને લોપી' ઈત્યાદિ આક્ષેપ કરનારા પોતામાં સુરુચિનો તદ્દન અભાવ જ બતાવે છે. એ તત્ત્વના ખપી આત્માઓએ સત્વર સમજી લેવા જેવું છે.

तथा—मौक्तिकानि सचित्तान्यचित्तानि वा कुत्र वा कथितानि सन्ति? इति प्रश्नोऽत्रोत्तरम्-मौक्तिकानि विद्धान्यविद्धानि वाऽचित्तानि ज्ञेयानि, यतः श्रीअनुयोगद्वारसूत्रे मौक्तिकरत्नादीन्यचित्तपरिग्रहमध्ये कथितानि सन्तीति ।।४-१६-२४६।।

પ્રશ્નઃ- મોતી સચિત્ત છે કે અચિત્ત? અને તે ક્યાં કહેલું છે?

ઉત્તરઃ- વિંધેલાં મોતી કે નહિ વિંધેલાં મોતી અચિત્ત જાણવાં. કારણકે શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં મૌક્તિક રત્ન વગેરે અચિત્ત કહ્યાં છે. ૪-૧૬-૨૪૬

तथा—सर्वार्थसिद्धविमाने मौक्तिकवलयानि शास्त्रे कथितानि परम्परातो वाऽभिधीयन्ते?, शास्त्रे चेत् तदक्षराणि प्रसाद्यानीति प्रश्नोऽत्रोत्तरम्- सर्वार्थसिद्धविमाने मौक्तिकवलयाक्षराणि च्छुटितगाथासु परम्परायां भुवनभानु-केवलिचरित्रे च सन्ति, तथा च तद्गाथा :-''तत्थ य महाविमाणे, उवरिमभागम्मि वट्टए एगं । सायररस ६४ मणमाणं , मुत्ताहलमुज्जलजलोहं ।।१।। मज्झगयस्स इमस्स य, वलयागारेण ताव सोहंति । चत्तारि मुत्तिआइं, नित्तानल ३२ मणपमाणाइं ।।२।। पुणरवि बीए वलए, अड ८ संखाकंलिअमुत्तिअकलावो । रिउचंद १६ मणपमाणो, दिप्पइ खजलं व मलमुक्को ।।३।। चंदकला १६ संखाइं, चंदकलानिम्मलत्तजुत्ताइं । तइए वलए अडमणपमिआइं मुत्तिआणि तओ ।।४।। लोअणकिसाणु ३२ पमिआणि मुत्तिअफलाणि तुरिअवलयम्मि । जलहि ४ मणसरीराइं, नायव्वाइं विअड्ढेहिं ।।५।। वेअरस ६४ संखया पुण, पंडिअ ! मुत्तिअफलाणि जाणाहि । पंचमवलयम्मि तओ, लोअण २ मणभारमाणाइं ।।६।। कुंजरलोअणवसुहा १२८ मिआणि मुत्ताहलाणि नेआणि । इगमणभारवहाइं, छट्ठे वलयम्मि वट्टाइं ।।७।। मुत्ताहलमंतड्डिअअणेगवज्जंतवायलहरीहिं । वलयगमुत्तिअनिअरो, समुच्छलिअ आहणेइ जया ।।८।। एअं महाविमाणं, महुररवेकंतभायणं जायं । कत्थ वि अन्नत्थ न अत्थि एरिसं सद्दमहुरत्तं ।।९।। तत्थ विमाणम्मि सुरा, तन्नायरसेगमोहिअसचित्ता । समयग्गि ३३ सायरमिअं, सुहेण पूरंति निअमाउं'' ।।१०।। इति ।। ४-१७-२४७।।

પ્રશ્નઃ- સર્વાર્થસિદ્ધ વિમાનમાં જે મોતીના વલયો કહેલાં છે તે શાસ્ત્રમાં કહેલાં કહેવાય છે કે પરંપરાથી કહેવાય છે? જો શાસ્ત્રમાં કહેલાં હોય તો તે અક્ષરો જણાવવા કૃપા કરશો.

ઉત્તરઃ- સર્વાર્થસિદ્ધ વિમાનમાં મોતીઓનાં વલયો સંબંધી અક્ષરો છુટી ગાથાઓમાં અને પરંપરાએ ભુવનભાનુ કેવલિના ચરિત્રમાં છે. તે ગાથાઓ આ પ્રમાણે છે— 'તે મહાવિમાનમાં ઉપરના ભાગમાં ઉજ્જવલ પાણીના સમૂહ જેવું-પાણીદાર-એવું ચોસઠ મણ પ્રમાણનું એક મોતી છે. (૧) મધ્યમાં રહેલા તે ચોસઠ મણ પ્રમાણ મોતીની આસપાસ વલયાકારે બત્રીસમણ પ્રમાણનાં ચાર મોતી શોભે છે. (૨)

ફરીથી પણ બીજા વલયમાં આકાશમાં રહેલ પાણીની જેમ નિર્મલ અને શંખના જેવાં શ્વેત સોળ મણ પ્રમાણનાં આઠ મોતી શોભે છે. (૩) ત્યાર બાદ ત્રીજા વલયમાં ચંદ્રકલાની જેમ નિર્મલતાએ કરીને યુક્ત એવાં આઠ મણ પ્રમાણનાં સોળ મોતી વર્તે છે. (૪) ચોથા વલયમાં ચાર મણ પ્રમાણનાં બત્રીશ મોતી પંડિતોએ જાણવાં. (૫) વળી હે પંડિત ! પાંચમાં વલયમાં બે મણ વજનવાળાં ચોસઠ મોતી છે, એમ જાણો. (૬) છઠ્ઠા વલયમાં એક મણ વજનવાળાં અને ગોળ એવાં એકસો અઠ્ઠાવીસ મોતી છે એમ જાણવું. (૭) મુક્તાફલની અંદર રહેલી અનેક અવાજ કરતી વાયુની લહરીઓથી વલયાકારે રહેલ મોતીઓનો સમૂહ જ્યારે પરસ્પર અફળાય છે ત્યારે આ મહા વિમાન મધુર શબ્દોનું એકાંત સ્થાન થાય છે, આવી શબ્દની મધુરતા અન્યત્ર ક્યાંય પણ હોતી નથી. (૮-૯) તે વિમાનમાં રહેલા દેવો તે શબ્દના રસમાં મોહિત ચિત્તવાળા બનીને તેત્રીસ સાગરોપમ પ્રમાણ પોતાનું આયુષ્ય સુખપૂર્વક પૂર્ણ કરે છે. (૧૦) ૪-૧૭-૨૪૭

तथा–येषां गृहे पुत्रपुत्रीजन्म जातं भवति तद्गृहमनुजाः खरतरपक्षे स्वगृहपानीयेन देवपूजां न कुर्वन्ति, तद्यतिनोऽपि तद्गृहे दश दिनानि यावन्न विहरन्ति, तदक्षराणि कुत्र सन्ति? आत्मपक्षे चैतदाश्रित्य को विधिः? इति प्रश्नोऽत्रोत्तरम्-यद्गृहे पुत्रपुत्रीप्रसवो जातो भवति तद्गृहपानीयेन देवपूजा न शुध्यतीत्यक्षराणि शास्त्रे ज्ञातानि न सन्तीति । तथा तद्गृहविहरणमाश्रित्य यस्मिन् देशे यो लोकव्यवहारस्तदनुसारेण यतिभिः कर्तव्यं दशदिननिर्बन्धस्तु शास्त्रे ज्ञातो नास्तीति ।।४-१८-२४८।।

પ્રશ્નઃ- ખરતર ગચ્છમાં જેઓના ઘરે પુત્ર અથવા પુત્રીનો જન્મ થયો હોય તે ઘરના મનુષ્યો પોતાના ઘરના પાણીથી દેવપૂજા કરતા નથી, અને ખરતર ગચ્છના સાધુઓ પણ તેના ઘરે દસ દિવસ સુધી ગોચરી પાણી માટે જતા નથી. આવા અક્ષરો ક્યાં છે? તથા આપણા ગચ્છમાં પુત્ર પુત્રીના જન્મને અવલંબીને કયો વિધિ છે?

ઉત્તરઃ- જેના ઘરે પુત્ર-પુત્રીનો જન્મ થયો હોય તે ઘરના પાણીથી દેવપૂજા સુઝે નહિ, એવા અક્ષરો શાસ્ત્રમાં હોય એવું જાણ્યું નથી. તેમ જ તેના ઘરની ગોચરી પાણી વગેરેને આશ્રયી જે દેશમાં જે લોક વ્યવહાર હોય તેને અનુસરીને સાધુઓએ કરવું જોઈએ, પરંતુ દશ દિવસનો આગ્રહ શાસ્ત્રમાં જાણ્યો[૭૩] નથી. ૪-૧૮-૨૪૮

ટિપ્પણ-૭૩. શ્રી તપાગચ્છમાં આજે એક વર્ગ સૂતકને વિષે જે વિચિત્ર પ્રવૃત્તિ સેવી રહ્યો છે, જેવી કે-કોઈને ત્યાં સુવાવડ હોય તો એકતાલીસ દિવસ સુધી સાધુને વહોરાવી શકાય નહિ. તેના ઘર સાથે જેનો એક મોભ હોય તેનાથી પણ ગોચરી વહોરાવી

શકાય નહિ, એક ખડકી હોય તેનાથી પણ ગોચરી વહોરાવી શકાય નહિ, સુવાવડ ગમે ત્યાં થયેલી હોય છતાં તેના ઘરના માણસોથી સેવા પૂજા કરાય નહિ, સુવાવડી બાઈથી સવા સવા મહિના સુધી દર્શન પણ કરી શકાય નહિ, મરણ પ્રસંગે પણ કાંધ દીધી હોય, શ્મશાનમાં ગએલા હોય, શબને પણ અડ્યા હોય તો અમુક અમુક દિવસો સુધી પૂજા-સામાયિક-પ્રતિક્રમણ-વગેરે થઈ શકે નહિ, ઈત્યાદિ ધર્મકરણીમાં જ અટકાયત કરનારી કહેવાતી હાલની અનેક વિચિત્ર પ્રવૃત્તિને શાસ્ત્ર તેમ જ સુવિશુદ્ધ પરંપરાનો મુદ્દલ ટેકો નથી, તે ઉપરનો મૂલ પ્રશ્નોત્તર સ્પષ્ટ સાબીત કરી આપે છે આમ છતાં આજે કેટલાકો ખોટી પ્રવૃત્તિઓને પરંપરાના નામે ઉત્તેજન આપી શાસ્ત્રીય માર્ગને જનતામાંથી ભૂંસી નાખવાના નાદે ચઢેલા સૂતક વિષેના ભ્રમને પણ સુધારવાને બદલે 'જૈન કોમ અભડાઈ જાય છે.' એવી ધા નાખીને પોતાની અધમ મનોવૃત્તિનું તાંડવ કરે છે, તેમનાથી ખપી જીવોએ કદી ઊંધે માર્ગે દોરાવું નહિ. આ સાથે આ વિષેના શ્રી સેનપ્રશ્નના ૪૨૪ વગેરે પ્રશ્નોત્તર પણ મેળવી જોવાની અમો વાંચકોને ભલામણ કરીએ છીએ, અને ઈચ્છીએ છીએ કે તેઓ સૂતકના નામે સેવા પૂજાદિ શુભ કરણી, કે જે શાસ્ત્રાધારે સ્નાન કરીને શુદ્ધ થવાથી સુખેથી કરી શકાય છે, તેનાથી પોતે અટકીને કે અન્ય કોઈને અટકાવીને મહાઅંતરાય કર્મનું પાપ ન બાંધો.

अथ देवगिरिसङ्घकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

पाक्षिकप्रतिक्रमणे गीतार्थैः क्षामणावसरे ``नित्थारपारगा होह'' इति कथ्यते तदा श्रावकादिभिरपि किमेतदेव कथनीयम्? उत ``इच्छामो अणुसट्ठिं'' इति प्रश्नोऽत्रोत्तरम्-श्रावकादिभिः ``इच्छामो अणुसट्ठिं'' इत्येव कथनीयं न तु ``नित्थारपारगा होह'' इति ॥४-१९-२४९॥

પ્રશ્નકાર દેવગિરિનો શ્રી સંઘ

પ્રશ્નઃ- પખ્ખી પ્રતિક્રમણમાં જ્યારે ખામણાના અવસરે ગીતાર્થો ``नित्थारपारगा होह''-'તમે સંસારનો નિસ્તાર અને પાર પામનારા થાઓ,' આમ કહે છે ત્યારે શ્રાવક વગેરેએ પણ શું આ જ કહેવું જોઈએ કે ``इच्छामो अणुसट्ठिं''-'હું આપની શિખામણને ઈચ્છું છું,' એમ કહેવું જોઈએ?

ઉત્તરઃ- શ્રાવક વગેરેએ ``इच्छामो अणुसट्ठिं'' એટલું જ કહેવું જોઈએ, પરંતુ ``नित्थारपारगा होह'' એમ ન કહેવું જોઈએ. ૪-૧૯-૨૪૯

तथा–पाक्षिकप्रतिक्रमणपर्यन्ते गीतार्था यस्य शान्तिकथनादेशं ददति स श्रावकः दुक्खक्खयकम्मक्खयनिमित्तं काउस्सग्गं चतुर्लोगस्सप्रमाणं कृत्वा प्रकटमेकं च कथयित्वा शान्तिं कथयति, कथनानन्तरं पुनरपि पञ्चदशलोगस्सकाउस्सग्गं विधाय प्रकटमेकं च कथयित्वा पौषधं पारयतीति केचन कथयन्ति । केचिच्च यस्य शान्तिकथनादेशो दत्तो भवति स चतुर्लोगस्समानं काउस्सग्गं कृत्वा प्रकटमेकं च कथयित्वा शान्तिं कथयति पश्चात्पौषधं पारयतीति कथयन्ति । अनयोर्मध्ये यो विधिः प्रमाणं स प्रसाद्य इति प्रश्नोऽत्रोत्तरम्-पाक्षिकप्रतिक्रमणे शान्तेः

कथयिताऽग्रतश्चतुर्लोगस्सकाउस्सग्गं कृत्वा प्रकटमेकं च कथयित्वा शान्तिं कथयति, एतावतैव शुध्यति । द्वितीयवारं पञ्चदशलोगस्सकाउस्सग्गकरणे विशेषो ज्ञातो नास्तीति ॥४-२०-२५०॥

પ્રશ્નઃ- પખ્ખી પ્રતિક્રમણના અંતે ગીતાર્થો જેને શાન્તિ બોલવાનો આદેશ આપે છે તે શ્રાવક દુખ્ખખ્ખય કમ્મખ્ખયનો ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરીને ઉપર પ્રકટ એક લોગસ્સ કહીને શાન્તિ કહે છે. તે કહ્યા બાદ ફરીથી પણ પંદર લોગસ્સનો કાઉસગ્ગ કરીને પ્રકટ એક લોગસ્સ કહીને પૌષધ પારે છે, એમ કેટલાક કહે છે, અને કેટલાક એમ કહે છે કે—જેને શાન્તિ કહેવાનો આદેશ આપ્યો હોય તે ચાર લોગસ્સ પ્રમાણ કાઉસગ્ગ કરીને ઉપર પ્રકટ એક લોગસ્સ કહીને શાન્તિ કહે, ત્યાર બાદ પૌષધ પારે છે. આ બંનેમાં જે વિધિ પ્રમાણભૂત હોય તે જણાવવા કૃપા કરશો?

ઉત્તરઃ- પખ્ખી પ્રતિક્રમણમાં શાન્તિ બોલનાર પ્રથમ ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરીને ઉપર એક લોગસ્સ કહીને શાન્તિ બોલે છે. એટલું કરવાથી જ ક્રિયા શુદ્ધ થાય છે. બીજીવાર પંદર લોગસ્સનો કાઉસગ્ગ કરવામાં કોઈ વિશેષ જાણ્યો નથી. ૪-૨૦-૨૫૦

तथा—श्रीमहावीरस्य निर्वाणसमयेऽमावास्यातिथिः स्वातिनक्षत्रं चाभूताम्, दीपालिकासम्बन्धिगुणनसमये च कस्मिंश्चिद्वर्षे ते भवतः कस्मिंश्चिच्च नेति । एतदुपरि केचनेत्थं कथयन्ति यद् यदा स्वात्यमावास्ये भवतस्तदा गुणनीयम्; अन्ये च यस्मिन् दिने 'मेरइयां' इति लोकप्रसिद्धः क्रियाविशेषस्तस्मिन् दिने गुणनीयमिति । तत्र 'मेरइयां' करणे भेदो भवति, एतद्देशमध्ये ये गूर्जरलोकास्सन्ति तैः पाक्षिकदिने तानि कृतानि, एतद्देशीयैस्तु द्वितीयवासरे । ततः किं स्वस्वदेशानुसारेण मेरइयांकरणदिने गुणनीयम्? उत गूर्जरदेशानुसारेण? इति प्रश्नोऽत्रोत्तरम्-दीपालिकागुणनमाश्रित्य स्वस्वदेशीयलोका यस्मिन् दिने दीपालिकां कुर्वन्ति तस्मिन् दिने गुणनीयमिति ॥४-२१-२५१॥

પ્રશ્નઃ- શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ વખતે અમાવાસ્યા તિથિ અને સ્વાતિ નક્ષત્ર હતાં. દીવાલીનું ગણણું ગણતી વખતે કોઈ વર્ષે અમાવાસ્યા અને સ્વાતિ નક્ષત્ર હોય છે અને કોઈ વર્ષે નથી હોતાં. આ વિષયમાં કેટલાક એમ કહે છે કે સ્વાતિ નક્ષત્ર અને અમાવાસ્યા એ બંને હોય ત્યારે ગણણું ગણવું. બીજાઓ એમ કહે છે કે જે દિવસે 'मेरइयां'-કોડીયામાં કપાસીયા વગેરે નાખીને દીવા કરવામાં આવે છે તે લોક પ્રસિદ્ધ ક્રિયાવિશેષ થતો હોય તે દિવસે ગણણું ગણવું. તેમાં મેરઈયાં કરવામાં જુદે જુદે ઠેકાણે ફેર પડે છે. આ દેશમાં જે ગુજરાતીઓ છે તેઓએ પખ્ખીના દિવસે તે કર્યાં છે અને આ દેશના લોકોએ પછીના દિવસે કર્યાં છે. તો શું પોતપોતાના દેશને અનુસરીને મેરઈયાં કરવાના દિવસે ગણણું ગણવું કે ગુજરાત દેશના અનુસારે ગણવું?

ઉત્તર:- દીવાલીના ગણણાને આશ્રયીને પોતપોતાના દેશના લોકો જે દિવસે દીવાલી કરે તે દિવસે દીવાલીનું ગણણું ગણવું[૭૪] જોઈએ. ૪-૨૧-૨૫૧

ટિપ્પણ-૭૪. આ જ વસ્તુને મલતો ખુલાસો જણાવનાર સ્વ. પરમ ગુરુદેવ સકલાગમ રહસ્યવેદી પૂ. આચાર્યદેવ શ્રી વિજયદાનસૂરીશ્વર વિરચિત શ્રી વિવિધ પ્રશ્નોત્તર ભા. ૨ નો પ્રશ્નોત્તર ૫૫, પૃ. ૮૩માં જુઓ. તેમાં લખ્યું છે કે—"લોકો જે દિવસે દીવાલી કરે તે જ દિવસે આપણે જૈનોએ પણ દીવાલી કરવી (અર્થાત્-દીવાલીનું ગણણું ગણવું.) પણ અમુક તિથિ અથવા નક્ષત્રનો નિયમ નહિ સમજવો."

'यन्माधवेनोक्तं तन्न'-મતલબ કે—'જે તમે કહ્યું તે અમારે નહિ', આવી અનિચ્છનીય મનોદશાને આધીન બનેલા આજે કેટલાકો આ વિધાનનો પણ વિરોધ કરે છે અને સ્વાતિ નક્ષત્રનો આગ્રહ રાખે રખાવે છે તથા લોકોએ જે દિવસે દીવાલી ન કરી હોય તે દિવસે દીવાલીનું ગણણું ગણે ગણાવે છે; તેઓએ ભવભીરુ બનીને એ સમજવું જોઈએ કે એમ કરીને તેઓ શ્રી હીરસૂરિ મહારાજે પણ વિધાન કરેલી શાસ્ત્રાજ્ઞા અને સુવિશુદ્ધ પરંપરાનો ભંગ જ કરે છે; કે જે કરવું જરાયે હિતાવહ નથી.

तथा—प्रासादे ये केचन यतयः श्राद्धाश्च प्रतिमास्नपनकरणावसरे चैत्यवन्दनां न कुर्वन्ति, ते चेत्थं कथयन्ति यदवस्थाहेतुना न क्रियत इति, इतरे च भगवतां काऽवस्था? इति यदा प्रासादे गम्यते तदा चैत्यवन्दना क्रियत इति, तत्र किं प्रमाणम्? इति प्रश्नोऽत्रोत्तरम्-प्रासादे प्रतिमास्नपनकरणावसरे चैत्यवन्दनकरणप्रतिषेधो ज्ञातो नास्तीति ।।४-२२-२५२।।

પ્રશ્ન:- જિનમંદિરમાં જે કેટલાક સાધુઓ અને શ્રાવકો પ્રતિમાને સ્નાન કરાવવામાં આવતું હોય ત્યારે ચૈત્યવંદન કરતા નથી. તેઓ એમ કહે છે કે—પ્રભુને સ્નાન કરાવવામાં આવતું હોય ત્યારે ચૈત્યવંદનની અવસ્થા નથી હોતી માટે અવસ્થાના કારણે ચૈત્યવંદન કરાતું નથી. અને બીજા કેટલાક એમ જણાવે છે કે ભગવાનની વળી અવસ્થા શી? જ્યારે જિનમંદિરમાં જઈએ ત્યારે ચૈત્યવંદન કરી શકાય છે. આ બેમાં પ્રમાણભૂત શું છે?

ઉત્તર:- જિનમંદિરમાં પ્રતિમાને સ્નાન કરાવવાના અવસરે ચૈત્યવંદન કરવાનો નિષેધ જાણ્યો નથી. ૪-૨૨-૨૫૨

अथ द्वीपबन्दरसङ्घकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा—

देवगृहमध्ये पौषधिका यदा देवान् वन्दन्ते तदेर्यापथिकीप्रतिक्रमणावसरे उत्तरासङ्गं कृतं विलोक्यते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-यदा देवगृहमध्ये पौषधिका देवान् वन्दन्ते तदेर्यापथिकीप्रतिक्रमणावसरे उत्तरासङ्गस्य कार्यं दृश्यमानं नास्ति, वृद्धा अपीत्थमेव कथयन्तः श्रुतास्सन्ति । किञ्च, ईर्यापथिकी देववन्दनक्रियामध्ये नास्ति, तेन देववन्दनायां क्रियमाणायामन्यदा च देवगृहमध्येऽवस्थितावुत्तरासङ्गं कृतं विलोक्यते, क्रिया तु विधिनैव भवतीति ।।४-२३-२५३।।

પ્રશ્નઃ- દેવમંદિરમાં પોસાતિઓ જ્યારે દેવવંદન કરે ત્યારે ઈરિયાવહીયા પડિક્કમતિ વખતે ઉત્તરાસનં-ખેસ જોઈએ કે નહિ?

ઉત્તર : જ્યારે જિનમંદિરમાં પોસાતિઓ દેવવંદન કરે ત્યારે ઈરિયાવહીયા પડિક્કમતિ વેલાએ ઉત્તરાસનનું=ખેસનું કાંઈ પ્રયોજન જણાતું નથી. વૃદ્ધ પુરુષો પણ એમ જ કહેતા સાંભળ્યા છે. બીજું દેવવંદનની ક્રિયામાં ઈરિયાવહીયા નથી, તેથી દેવવંદન કરતી વખતે અને બીજે વખતે દેવમંદિરમાં અવસ્થાન હોય ત્યારે ઉત્તરાસન કરેલું જોવાય છે. ક્રિયા તો વિધિપૂર્વક જ હોઈ શકે છે. ૪-૨૩-૨૫૩

तथा–प्रभातप्रतिक्रमणसमये प्रथमतः कुसुमिणदुसुमिणउहडावणिअं काउस्सग्गं चतुर्लोगस्समानं करोति तदा ''चंदेसु निम्मलयरा'' इतियावत् ''सागरवरगंभीरा'' इतियावद्वा? इति प्रश्नोऽत्रोत्तरम्-सामान्येन ''चंदेसु निम्मलयरा'' इतियावत्करोति । यदा पुनः स्वप्ने तुर्यव्रतातिचारो जातो भवति तदा नमस्कारमेकमधिकं चिन्तयतीति ॥४-२४-२५४॥

પ્રશ્નઃ- રાઈ પ્રતિક્રમણના સમયે રાઈ પ્રતિક્રમણ કરનાર પહેલાં કુસ્વપ્ન દુસ્વપ્નના નિવારણ માટે ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરે છે, ત્યારે તેઓ ''चंदेसु निम्मलयरा'' સુધી કરે કે 'सागरवरगंभीरा' સુધી કરે?

ઉત્તરઃ- સામાન્યતઃ ''चंदेसु निम्मलयरा'' સુધી કરે. પણ જ્યારે સ્વપ્નમાં ચોથા વ્રતનો અતિચાર થયો હોય ત્યારે આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ એક નવકાર અધિક ચિંતવે, અર્થાત્ ''सागरवरगंभीरा'' સુધી કાઉસગ્ગ કરે. ૪-૨૪-૨૫૪

तथा–प्रभातप्रतिक्रमणे प्रथमतः कुसुमिणदुसुमिणकाउस्सग्गं चैत्यवन्दनां च कृत्वा चत्वारि क्षमाश्रमणानि ददाति ततः स्वाध्यायं करोति? उत स्वाध्यायं कृत्वा क्षमाश्रमणानि ददाति? इति प्रश्नोऽत्रोत्तरम्-प्रभातप्रतिक्रमणे प्रथमतश्चतुर्लोगस्समानं काउस्सग्गं चैत्यवन्दनां च कृत्वा चत्वारि क्षमाश्रमणानि दत्त्वा क्षमाश्रमणयुगेन स्वाध्यायं च कृत्वा प्रतिक्रमणं करोति । यत उक्तम्- ''इरियाकुसुमिणुसग्गो, जिणमुणिवंदण तहेव सज्झाओ । सव्वस्स वि सक्कथओ, तिन्नि य उस्सग्ग कायव्वा'' ॥१॥ एषा गाथा श्रीसोमसुन्दरसूरिकृत-सामाचारिमध्ये वर्तते । तथा श्रीविजयदानसूरयोऽपीत्थमेव कृतवन्तस्तच्छिक्षया च वयमपि तथैव कुर्म इति । अथ स्वाध्यायानन्तरं चत्वारि क्षमाश्रमणानि देयानीतिविधिः क्वापि ग्रन्थे वर्तते, तस्यापि प्रतिषेधो नास्ति परं यथा वृद्धाः कृतवन्तस्तथैवेदानीं कुर्म इति ॥४-२५-२५५॥

પ્રશ્નઃ- પ્રભાતકાલના રાઈપ્રતિક્રમણમાં પ્રથમ કુસુમિણ દુસુમિણનો કાઉસગ્ગ

અને ચૈત્યવંદન કર્યા બાદ 'ભગવાન્‌હં' આદિનાં ચાર ખમાસમણાં આપીને સજ્ઝાય કરે કે સજ્ઝાય કરીને ચાર ખમાસમણાં આપે?

ઉત્તર:- રાઈ પ્રતિક્રમણમાં પ્રથમ ચાર લોગસ્સનો કાઉસગ્ગ અને ચૈત્યવંદન કર્યા પછીથી ભગવાન્‌હં વગેરે ચાર ખમાસમણ આપીને ત્યારબાદ બે ખમાસમણ પૂર્વક સજ્ઝાય કરીને પ્રતિક્રમણ કરે. કહ્યું છે કે—"પ્રથમ ઈરિયાવહીયા, પછી કુસુમિણ દુસુમિણનો કાઉસગ્ગ, પછી ચૈત્યવંદન, પછી મુનિવંદન-ભગવાન્‌હં આદિ ચાર ખમાસમણાં, પછી સજ્ઝાય, પછી પડિક્કમણ સ્થાપવું, પછી નમુત્થુણં અને પછી ત્રણ કાઉસગ્ગ કરવા." આ ગાથા શ્રી સોમસુંદરસૂરિએ કરેલી સામાચારીમાં છે. તથા શ્રી વિજયદાનસૂરિ મહારાજા પણ એમ જ કરતા હતા અને તેમની શીખામણથી અમે પણ તેમ જ કરીએ છીએ. સજ્ઝાય કર્યા બાદ ચાર ખમાસમણ દેવા એવો વિધિ પણ કોઈ ગ્રંથમાં છે, તેનો પણ નિષેધ નથી. પરંતુ વૃદ્ધો જેમ કરતા હતા તે પ્રમાણે જ અમે હાલ કરીએ છીએ. ૪-૨૫-૨૫૫

तथा–उष्णकालादावुष्णं प्रासुकं वा पानीयं पञ्चादिप्रहरं यावदचित्तं ततः परं सचित्तं भवतीत्यक्षराणि कुत्र सन्ति? । तथा तत्र यावत्त्रसजीवोत्पत्तिर्जाता न भवति तावदगालितं कल्पते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-उष्णकालादावुष्णं प्रासुकं वा पानीयं पञ्चादिप्रहरं यावदचित्तं ततः परं सचित्तं भवतीत्यक्षराणि प्रवचनसारोद्धारसूत्रवृत्तिमध्ये प्रोक्तानि सन्ति । तथा तत्र त्रसजीवोत्पत्तिर्जाता भवतु मा वा तथापि गालितमेव तद्व्यापारणीयं नाऽगालितमिति परम्परा दृश्यत इति ॥४-२६-२५६॥

પ્રશ્ન:- ઉનાળા વગેરેમાં ગરમ, અથવા અચિત્ત પાણી પાંચ આદિ પ્રહર સુધી અચિત્ત રહે છે ત્યાર બાદ સચિત્ત થાય છે, એવા અક્ષરો કયા ગ્રંથમાં છે? તથા તે પાણીમાં જ્યાં સુધી ત્રસજીવોની ઉત્પત્તિ ન થઈ હોય ત્યાં સુધી ગાળ્યા વિના પીવું કલ્પે કે નહિ?

ઉત્તર:- ઉનાળા વગેરેમાં ગરમ અથવા અચિત્ત પાણી પાંચ આદિ પ્રહર સુધી અચિત્ત રહે છે ત્યાર બાદ સચિત્ત થાય છે, એવા અક્ષરો પ્રવચન સારોદ્ધારની ટીકામાં કહેલાં છે. તથા તે પાણીમાં ત્રસ જીવોની ઉત્પત્તિ થઈ હોય કે ન થઈ હોય તો પણ તે પાણી ગાળેલું જ વાપરવું જોઈએ, પરંતુ ગાળ્યા વિનાનું નહિ એવી પરંપરા દેખાય છે. ૪-૨૬-૨૫૬

तथा–पञ्चमीतिथिस्त्रुटिता भवति तदा तत्तपः कस्यां तिथौ क्रियते?, पूर्णिमायां च त्रुटितायां कुत्र? इति प्रश्नोऽत्रोत्तरम्-पञ्चमीतिथिस्त्रुटिता भवति तदा तत्तपः पूर्वस्यां तिथौ क्रियते । पूर्णिमायां च त्रुटितायां त्रयोदशीचतुर्दश्योः क्रियते, त्रयोदश्यां विस्मृतौ तु प्रतिपद्यपीति ॥४-२७-२५७॥

પ્રશ્નઃ- જ્યારે પાંચમ તિથિનો ક્ષય થયેલો હોય ત્યારે તે તપ કઈ તિથિએ કરાય? અને પૂનમનો ક્ષય થયેલો હોય ત્યારે તે તપ કઈ તિથિએ કરાય?

ઉત્તરઃ- જ્યારે પાંચમનો ક્ષય થયેલો હોય, ત્યારે તેનો તપ પૂર્વ તિથિમાં કરાય છે અને પૂનમનો ક્ષય થયેલો હોય ત્યારે તેનો તપ તેરસ ચઉદશે કરાય છે અને તેરસે ભૂલી જવાય તો એકમે પણ કરી [૭૫]શકાય છે. ૪-૨૭-૨૫૭

ટિપ્પણ-૭૫. આ પ્રશ્નોત્તર પણ સાફ સાફ બતાવી આપે છે કે પાંચમ પૂનમ આદિ પર્વતિથિઓનો ક્ષય વગેરે પણ આવે છે. તથાપિ તેને બદલે બીજી કોઈ તિથિઓનો ક્ષય વગેરે કરાતો નથી, કિન્તુ તેના તપ નિયમ વગેરે પૂર્વાદિ તિથિમાં કરી લેવાય છે. આ પ્રગટ અર્થને છોડીને જેઓ મારી મચડીને આ પ્રશ્નોત્તરથી પૂર્વ કે પૂર્વતર તિથિનો ક્ષય વગેરે કરવા કરાવવા લલચાય છે તેઓ બે દુ ચારને બદલે છ મનાવવા જેવો પ્રયત્ન કરે છે, તે સુજ્ઞ સમાજમાં ખરેખર હાસ્યાસ્પદ છે. આ વિષયની વધુ ખાત્રી માટે સને ૧૯૧૩માં બહાર પડેલ હીરપ્રશ્નાવલી નામના પુસ્તકમાં આ પ્રશ્નોત્તરનો અનુવાદ જે પ્રમાણે કરેલો છે તે તરફ ધ્યાન ખેંચીએ છીએ. જુઓ તે આ રહ્યો.

પ્રશ્ન ૫-પાંચમનો અથવા પૂર્ણિમાનો ક્ષય હોય તો તે તિથિઓનો તપ કોણ કોણ (=કઈ કઈ) તિથિને દિવસે કરવો જોઈએ ?

ઉત્તર ૫-પાંચમનો જો ક્ષય હોય તો તેનો તપ પાછલી તિથિમાં કરવો પૂર્ણિમાનો જો ક્ષય હોય તો તેનો તપ તેરશને દિવસે અથવા તો ચૌદશે કરવો જો ત્રયોદશીને દિવસે કરવો ભૂલી જાય તો પ્રતિપદ (એકમ) ને દિવસે પણ કરવો."

આ ઉપરથી વાંચકો સમજી શકશે કે પૂનમના ક્ષયે તેરસનો ક્ષય કરવાનું કોઈ પણ રીતે સાબીત થઈ શકે તેમ નથી છતાં એવો અર્થ ખેંચનારા ઉપર્યુક્ત અનુવાદથી પણ ખોટા ઠરે છે.

આમાં પૂનમના તપનું પુછાયું છે તે ચૌદશ—પૂનમના છટ્ઠને આશ્રયીને પણ લાગુ થઈ શકે છે. ઉત્તરમાં તેરસ ચૌદશ અગર ચૌદશ પડવો ફરમાવીને આચાર્યે 'ચૌદશ પૂનમ વગેરે જોડીયાં પર્વોને સાથે જ રાખવાં જોઈએ' એવા કેટલાક આધુનિકોથી સેવાતા ભ્રમને પણ તોડી નાખ્યો છે. આ પ્રશ્નોત્તર એક દિવસમાં બે પર્વતિથિઓની સમાપ્તિ થઈ હોય તો તે બન્નેની આરાધના તે એક જ દિવસમાં કરવાનું સાબીત કરે છે. વધુ માટે જુઓ ટિપ્પણ ૫૪ તથા ૭૧.

तथा—अक्षमालादिका स्थापना या नमस्कारेण विधीयते तदुपर्युद्योते दृष्टिरक्षणं सुकरम्, अन्धकारे च कथं भवति? तद्विना च स्थापना शुध्यति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-अक्षमालापुस्तकादिकस्थापना नमस्कारेण स्थाप्यते, स्थापनानन्तरं च क्रियाकरणं यावदुद्योते यथाशक्ति दृष्ट्युपयोगौ रक्ष्येते, अन्धकारे चोपयोगः। दृष्ट्युपयोगयोरन्तरे जाते तु पुनः स्थापनां कृत्वाऽग्रतः क्रिया क्रियते। यतः स्थापना द्वेधा, इत्वरा यावत्कथिका च। तत्रेत्वराऽक्षमालादिका या नमस्कारेण स्वयं स्थापिता सा दृष्ट्युपयोगयोः सतोरेव तिष्ठति। यावत्कथिका चाक्षप्रतिमादिका या गुरुसकाशात्स्थाप्यते, सा पुनः पुनः स्थापिता न विलोक्यत इति ॥४-२८-२५८॥

પ્રશ્નઃ- નવકારવાલી વગેરેની જે સ્થાપના નમસ્કાર મહામંત્રથી કરાય છે, તે સ્થાપના ઉપર પ્રકાશ હોય તો દૃષ્ટિ રાખી શકવી સુકર છે. પરંતુ સ્થાપના ઉપર પ્રકાશ ન પડતો હોય ત્યારે અંધકારમાં શું થાય? સ્થાપના ઉપર દૃષ્ટિ કેમ રાખી શકાય? પ્રકાશ વિના સ્થાપના સુઝે કે નહિ?

ઉત્તરઃ- નવકારવાલી અને પુસ્તક વગેરેની સ્થાપના નમસ્કાર મહામંત્રથી સ્થાપી શકાય છે. સ્થાપના સ્થાપ્યા બાદ ક્રિયા કરવી હોય ત્યાં સુધી પ્રકાશ હોય તો દૃષ્ટિ અને ઉપયોગ બંને રાખી શકાય છે અને અંધકારમાં માત્ર ઉપયોગ રાખી શકાય છે. દૃષ્ટિ અને ઉપયોગનો ભંગ થયો હોય તો-એટલે દૃષ્ટિ અને ઉપયોગ બંને ન રહે તો સ્થાપના સ્થાપીને આગળ ક્રિયા કરી શકાય છે. કારણ કે સ્થાપના બે પ્રકારની છે, તે આ પ્રમાણે—ઈત્વર અને યાવત્કથિક. તેમાં અમૂક કાલ માટે સ્થાપેલી સ્થાપના તે ઈત્વર કહેવાય છે. તે નવકારવાલી વગેરે, કે જે નવકારમંત્રથી સ્વયંસ્થાપન કરેલી છે, તે દૃષ્ટિ અને ઉપયોગ રહે ત્યાં સુધી જ રહી શકે છે. અને જ્યાં સુધી વસ્તુ રહે ત્યાં સુધીની જે સ્થાપના તે યાવત્કથિક સ્થાપના કહેવાય છે. તે અક્ષ અને પ્રતિમા વગેરે છે, કે જે ગુરુદ્વારા સ્થપાય છે. તે યાવત્કથિક સ્થાપના ફરી ફરી સ્થાપન કરાતી નથી. ૪-૨૮-૨૫૮

तथा—मालापरिधाने प्रवेदनकं करोति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-मालापरिधाने प्रवेदनककरणनियमो ज्ञातो नास्तीति ।।४-२९-२५९।।

પ્રશ્નઃ- માલા પહેરવામાં પવેયણાની ક્રિયા કરે કે નહિ?

ઉત્તરઃ- માલા પહેરવામાં પવેયણાની ક્રિયા કરવાનો નિયમ જાણ્યો નથી. ૪-૨૯-૨૫૯

तथा—उपधानपूर्णीभवनानन्तरं तपोवासरे उत्तरितुं कल्पते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-उपधानपूर्णीभवनानन्तरं तपोवासरे नोत्तीर्यते । तथाविधकारणे गीतार्थाऽऽज्ञापूर्वकमुत्तरणे एकान्तेन निषेधो ज्ञातो नास्तीति ।।४-३०-२६०।।

પ્રશ્નઃ- ઉપધાન સમાપ્ત થયા બાદ તપના દિવસે નીકળવું કલ્પે કે નહિ?

ઉત્તરઃ- ઉપધાન પૂર્ણ થયા બાદ તપના દિવસે નીકળી શકાય નહિ. તથાપ્રકારનું કારણ હોય તો ગીતાર્થની આજ્ઞાપૂર્વક નીકળવામાં એકાન્તે નિષેધ જાણ્યો નથી. ૪-૩૦-૨૬૦

तथा—केचित्पृच्छन्ति नन्दिमण्डनाक्षराणि कुत्र सिद्धान्ते वर्तन्ते? इति प्रश्नोऽत्रोत्तरम्-नन्दिमण्डनाक्षराण्यनुयोगद्वारवृत्तिसामाचारीप्रमुखग्रन्थेषु वर्तन्ते। तथा परम्परयाऽपि नन्दिर्मण्ड्यमाना ज्ञायत इति ।।४-३१-२६१।।

પ્રશ્નઃ- કેટલાક પૂછે છે કે નાણ માંડવાના અક્ષરો કયા સિદ્ધાન્તમાં છે?

ઉત્તરઃ- નાણ માંડવાના અક્ષરો અનુયોગદ્વારની ટીકા, અને સામાચારી પ્રમુખ ગ્રંથોમાં છે. તેમ પરંપરાએ-પણ નંદી મંડાતી જણાય છે. ૪-૩૧-૨૬૧

तथा–पौषधमध्ये सामायिकद्वात्रिंशद्दोषा लगन्ति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-सामायिकद्वात्रिंशद्दोषाः पौषधमध्ये लगन्तो ज्ञायन्ते ततस्तानुत्सर्गतो न लगयति। कारणे यदि लगयति तदाऽऽलोचयति प्रतिक्रामतीति ॥४-३२-२६२॥

પ્રશ્નઃ- પૌષધમાં સામાયિકના બત્રીશ દોષો લાગે કે નહિ?

ઉત્તરઃ- પૌષધમાં સામાયિકના બત્રીશ દોષો લાગતા હોય, એમ જણાય છે. માટે ઉત્સર્ગથી તે દોષોને લાગવા દે નહિ. કારણ વિશેષે જો દોષો લગાડે તો આલોચના અને પ્રતિક્રમણ કરે. ૪-૩૨-૨૬૨

तथा–पौषधे शकलातसंस्तारिकं व्यापारयितुं कल्पते न वा? इति, तथा तम्बोलो भक्षयितुं कल्पते न वा? इति, तथा जेमनोपकरणानि कथं गृह्यन्ते? यतस्तत्र मुत्कलानीतं वस्तु कल्पते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-शकलातसंस्तारिकं पौषधमध्ये व्यापारयितुं कल्पते। तथा तम्बोलो लवङ्गकाष्टादिकं[1] कारणे पौषधमध्ये भक्षयितुं कल्पते। तथा मुत्कलानीतोपकरणानां शुध्यमानतानिषेधो ज्ञातो नास्तीति ॥४-३३-२६३॥

१ 'काष्टिकादिक'मिति प्रत्यन्तरे।

પ્રશ્નઃ- પૌષધમાં શકલાતનો સંથારો=દર્ભ વિશેષનો સંથારો વાપરવો કલ્પે કે નહિ? તથા મુખવાસ ખાવો કલ્પે કે નહિ? તથા જમવામાં ઉપકરણો-પાટલો, થાલી, વગેરે કેવી રીતે ગ્રહણ કરવાં? કારણ કે તેને છૂટા માણસો લાવેલા હોય છે. તે કલ્પે કે નહિં?

ઉત્તરઃ- શકલાતનો=દર્ભ વિશેષનો સંથારો પૌષધમાં વાપરવો કલ્પે છે, તથા કારણ હોય તો મુખવાસ-લવિંગ, કાષ્ઠ=તજ વગેરે પૌષધમાં ખાવા કલ્પે છે, તથા છૂટા માણસે લાવેલાં ઉપકરણોની શુધ્યમાનતાનો=શુદ્ધ હોવાનો નિષેધ જાણ્યો નથી. એટલે છૂટા માણસોની લાવેલી વસ્તુનો ઉપયોગ પોસાતીઓ યથાયોગ્ય કરી શકે છે. ૪-૩૩-૨૬૩

तथा–देवा यदा स्वकीयेतरकल्पे यान्ति तदा तत्रत्यानि चैत्यानि वन्दन्ते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-देवा यदा स्वकीयेतरदेवलोके यान्ति तदा तत्रत्यचैत्यवन्दननिषेधो ज्ञातो नास्तीति ॥४-३४-२६४॥

પ્રશ્ન : દેવો જ્યારે પોતાના દેવલોકથી અન્ય દેવલોકમાં જાય ત્યારે ત્યાં રહેલાં ચૈત્યોને વંદન કરે કે નહિ?

ઉત્તર : દેવો જ્યારે પોતાના દેવલોકથી અન્ય દેવલોકમાં જાય ત્યારે ત્યાં રહેલાં ચૈત્યોને વંદન કરવાનો નિષેધ જાણ્યો નથી. ૪-૩૪-૨૬૪

तथा–जम्बूद्वीपगतमेरोः परितो यथैकविंशत्यधिकैकादशशतयोजनान्यबाधां कृत्वा ज्योतिश्चक्रं भ्राम्यति तथाऽन्यद्वीपगतमेरुभ्योऽपि कियतीमबाधां कृत्वा भ्रमति? इति प्रश्नोऽत्रोत्तरम्-जम्बुद्वीपगतमेरोः परितो यथैकविंशत्यधिकैकादशशतयोजनान्यबाधां कृत्वा ज्योतिश्चक्रं भ्राम्यति तथैवान्यद्वीपगतमेरुभ्योऽपीति सम्भाव्यते, शास्त्राक्षराणि तु व्यक्ततया दृष्टानि न स्मरन्तीति ॥४-३५-२६५॥

પ્રશ્નઃ- જંબૂદ્વીપના મેરુની ચારે બાજુ ૧૧૨૧ યોજન છેટે રહીને જેમ જ્યોતિષ્ચક્ર-સૂર્ય, ચંદ્ર વગેરે ફરે છે તેમ અન્ય દ્વીપમાં રહેલા મેરુપર્વતોથી પણ કેટલે છેટે રહીને જ્યોતિષ્ચક્ર ભમે છે-ફરે છે?

ઉત્તરઃ- જંબૂદ્વીપમાં રહેલ મેરુની ચારે બાજુએ જેમ ૧૧૨૧ યોજન છેટે રહીને જ્યોતિષ્ચક્ર ભમે છે તેવી જ રીતે અન્યદ્વીપમાં રહેલ મેરુપર્વતોથી પણ ૧૧૨૧ યોજન છેટે રહીને જ્યોતિષ્ચક્ર ફરતું હોય એમ સંભાવના થાય છે. પરંતુ સ્પષ્ટ પણે તેવા પ્રકારના શાસ્ત્રના અક્ષરો જોયા હોય એમ યાદ આવતું નથી. ૪-૩૫-૨૬૫

तथा–कायोत्सर्गे वन्दनकदानावसरे च स्थापनाचार्यचालनं शुध्यति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-कायोत्सर्गकरणावसरे वन्दनकदानावसरे च स्थापनाचार्यचालनं न शुध्यतीत्येकान्तो ज्ञातो नास्तीति ॥४-३६-२६६॥

પ્રશ્નઃ- કાઉસગ્ગમાં અને વાંદણા દેવાના અવસરે સ્થાપનાજી ચાલે-હાલે તો તે ક્રિયા સુઝે કે નહિ?

ઉત્તરઃ- કાઉસગ્ગમાં અને વાંદણા દેવાના અવસરે સ્થાપનાજી ચાલે તો તે ક્રિયા ન સુઝે એવો એકાન્ત જાણ્યો નથી. ૪-૩૬-૨૬૬

तथा–मतान्तरीयस्य कदाचिदुपवासादिप्रत्याख्यानं कार्यते तत्र ''पाणस्स'' इत्युच्चारणमाश्रित्य किं विधेयम्? यतस्तस्य कसेल्लकादिपानीयपाने कथं तत्पालनं भवति? इति प्रश्नोऽत्रोत्तरम्-मतान्तरीयस्य प्रत्याख्यानकरणे ''पाणस्स'' इत्युच्चारणे स यदि कसेल्लकादिपानीयं पिबति तदा प्रत्याख्यानभङ्गो ज्ञातो नास्ति, यतः कसेल्लकक्षेपेऽपि पानीयं प्रासुकं भवति, परमात्मनामाचरणा नास्तीति न गृह्यत इति ॥४-३७-२६७॥

પ્રશ્નઃ- અન્ય મતવાળાને કોઈ વખતે ઉપવાસનું પચ્ચખ્ખાણ આપવામાં આવે તો તેમાં ''पाणस्स'' પાણીના આગારના ઉચ્ચારને આશ્રયી શું કરવું? કારણકે તેઓ કસેલ્લકાદિનું પાણી પીએ તો પચ્ચખ્ખાણનું પાલન કેવી રીતે થાય?

ઉત્તરઃ- અન્ય મતવાળાઓને પચ્ચખ્ખાણ કરાવતાં ``पाणस्स'' પાણીના આગાર ઉચ્ચરાવવામાં આવે તેમાં જો તેઓ કસેલ્લકાદિનું પાણી પીએ તો તેથી પચ્ચખ્ખાણનો ભંગ થતો હોય તેમ જાણ્યું નથી. કારણ કે કસેલીયો નાખવાથી પણ પાણી અચિત્ત થાય છે, પરંતુ આપણા ગચ્છવાળાઓની આચરણા નથી માટે આપણે કસેલીયાનું પાણી ગ્રહણ કરતા નથી. ૪-૩૭-૨૬૭

तथा–साम्प्रतं क्रियमाणः स्नात्रादिविधिः केन कृतः? कुत्र वा ग्रन्थे वर्तते? इति प्रश्नोऽत्रोत्तरम्-साम्प्रतं क्रियमाणः स्नात्रादिविधिः कियान् परम्परया कियांश्च श्राद्धविधिमध्ये कथितोऽस्तीति ॥४-३८-२६८॥

પ્રશ્નઃ- હાલ કરાતી સ્નાત્ર વગેરેની વિધિ કોણે બનાવી છે અને તે કયા ગ્રંથમાં છે?

ઉત્તરઃ- વર્તમાન કાલમાં કરાતી સ્નાત્ર વગેરેની વિધિ કેટલીક પરંપરાથી અને કેટલીક શ્રાદ્ધવિધિમાં કહેલી છે. ૪-૩૮-૨૬૮

तथा–केवली केवलिसमुद्घातं यदा करोति तदाऽऽत्मप्रदेशैस्त्रसनाडीमेव पूरयति किंवा संपूर्णं लोकम्? इति प्रश्नोऽत्रोत्तरम्-केवली केवलिसमुद्घातं यदा करोति तदा सम्पूर्णं लोकं पूरयतीति ॥४-३९-२६९॥

પ્રશ્નઃ- કેવલિભગવાન જ્યારે કેવલિ સમુદ્‌ઘાત્ કરે ત્યારે પોતાના આત્મપ્રદેશોથી ચૌદ રાજલોક ઊંચી અને એક રાજલોક લાંબી પહોળી ત્રસનાડીને જ ભરે કે સમસ્ત લોકને?

ઉત્તરઃ- કેવલિ ભગવાન જ્યારે કેવલિ સમુદ્‌ઘાત કરે છે ત્યારે પોતાના આત્મપ્રદેશોથી સમસ્ત લોકને ભરી દે છે. ૪-૩૯-૨૬૯

तथा–चतुर्विंशतिपट्टपञ्चतीर्थीप्रतिमादिषु ऋषभादितीर्थकृतः केनाऽनुक्रमेण गण्यन्ते?, तथा सूत्रधारसम्बन्धि 'गज' इति प्रसिद्धमानेन भूमिकातः सार्धहस्तोच्चप्रदेशे देवावसरकरणं प्रोक्तमस्ति तदुत्कृष्टकालादावात्माङ्गुलवृद्धिहानिभवने कथं घटते? इति प्रश्नोऽत्रोत्तरम्-चतुर्विंशतिपट्टपञ्चतीर्थीप्रतिमादिषु ऋषभादितीर्थकृतोऽनेनैवऽनुक्रमेण गण्यन्त इत्येकान्तो ज्ञातो नास्ति । तथा सूत्रधारसम्बन्धि ``गज'' इति प्रसिद्धमानानुसारेण भूमिकातःसार्धहस्तोच्चप्रदेशे देवावसरकरणे उत्कृष्टकालादावात्माङ्गुलवृद्धिहानिभवनेऽपि काऽप्यघटमानता नास्ति, यत आत्माङ्गुलवृद्ध्यादौ ``गज'' इति प्रसिद्धमानमपि तदनुसारेणैव भवतीति ॥४-४०-२७०॥

પ્રશ્નઃ- જેમાં ચોવીશે તીર્થંકરોની મૂર્તિઓ હોય એવો ચોવીશવટ્ટો અને જેમાં શ્રીઋષભદેવ, શ્રીશાંતિનાથ, શ્રીનેમનાથ, શ્રીપાર્શ્વનાથ, અને શ્રીમહાવીર સ્વામિની

મૂર્તિ હોય એવી પંચતીર્થી પ્રતિમાદિમાં કયા અનુક્રમથી ઋષભદેવાદિ તીર્થંકરો ગણાય? વળી સુથાર સંબંધિ 'ગજ' એવા પ્રસિદ્ધ પ્રમાણે કરી ભૂમિકાથી દોઢ હાથ ઊંચા સ્થાન ઉપર દેવોની પ્રતિમાને બિરાજમાન કરવાનું કહેલું છે, તે ઉત્કૃષ્ટ કાલાદિમાં (જેમાં કાયા વગેરેનું પ્રમાણ મોટું હોય છે.) આત્માંગુલની વૃદ્ધિ હાનિ થતાં કેવી રીતે ઘટે?

ઉત્તરઃ- ચોવીશવટ્ટો અને પંચતીર્થીની પ્રતિમા વગેરેમાં આ જ અનુક્રમથી ઋષભદેવાદિ તીર્થંકરો ગણી શકાય. એવો એકાન્ત જાણ્યો નથી. તેમ જ સૂત્રધાર સંબંધિ "ગજ" એવા પ્રસિદ્ધ પ્રમાણના અનુસારે ભૂમિકાથી દોઢ હાથ ઊંચા સ્થાન ઉપર દેવોનું આસન કરવામાં ઉત્કૃષ્ટ કાલ વગેરેમાં આત્માગુંલની વૃદ્ધિ હાનિ થતી હોય તો પણ કોઈ પણ જાતનું અઘટમાનપણું નથી. કારણ કે આત્માંગુલની વૃદ્ધિ આદિમાં "ગજ" એવું પ્રસિદ્ધ પ્રમાણ પણ તેના અનુસારે જ મોટું નાનું થાય છે. ૪-૪૦-૨૭૦

तथा–उपधानविधिरेकान्तरोपवासैस्तद्वाहनं च कुत्र शास्त्रे केन वा ते कथिते स्तः? इति प्रश्नोऽत्रोत्तरम्-उपधानविधिरेकान्तरोपवासैस्तद्वाहनं च महानिशीथ-सामाचारी-प्रमुखग्रन्थानुसारेण परम्परानुसारेण च ज्ञातव्ये इति ।।४-४१-२७१।।

પ્રશ્નઃ- ઉપધાનની વિધિ અને એકાંતર ઉપવાસથી ઉપધાનનું વહન કરવું કયા શાસ્ત્રમાં કહ્યું છે અને કોણે કહ્યું છે?

ઉત્તરઃ- ઉપધાનની વિધિ અને એકાન્તર ઉપવાસથી તેનું વહન મહાનિશીથ અને સામાચારી વગેરે ગ્રંથને અનુસારે અને પરંપરાને અનુસારે છે, એમ જાણવું. ૪-૪૧-૨૭૧

तथा–''कयरीपाक'' इत्यादिलोकप्रसिद्धद्रव्याण्यासवाश्चाऽऽर्द्रशाकावयवनिष्पन्नतया तत्प्रत्याख्यानवतां कल्पन्ते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-''कयरीपाक'' इत्यादिलोकप्रसिद्धद्रव्याण्यासवाश्चाऽऽर्द्रशाकावयवनिष्पन्नान्यपि तत्प्रत्याख्यानवतां कल्पन्त इति प्रवृत्तिर्दृश्यत इति ।।४-४२-२७२।।

પ્રશ્નઃ- ''कयरीपाक''–કેરીનો પાક ઈત્યાદિ પ્રસિદ્ધ દ્રવ્યો અને આસવો-દ્રાક્ષાસવાદિ લીલા શાકના અવયવોથી અર્થાત્ લીલી વનસ્પતિના અવયવોથી બનેલાં હોવાથી લીલોતરીના પચ્ચખ્ખાણવાળાઓને તે કલ્પે કે નહિ?

ઉત્તરઃ- ''कयरीपाक''–કેરીનો પાક ઈત્યાદિ લોકપ્રસિદ્ધ દ્રવ્યો અને દ્રાક્ષાસવાદિ આસવો લીલી વનસ્પતિના અવયવોથી બનેલા હોવા છતાં પણ લીલોતરીના પચ્ચખ્ખાણવાળાને તે કલ્પે છે, એવી પ્રવૃત્તિ જોવાય છે. ૪-૪૨-૨૭૨

तथा–पौषदशमीरात्रौ श्रीपार्श्वनाथजन्मकल्याणकं, तत्र सा रात्रिः किं नवमीदशम्योरन्तरा? उत- दशम्येकादश्योरन्तरा? इति; तथा तत् स्नात्रं दशम्यामेकादश्यां वा क्रियते? इति प्रश्नोऽत्रोत्तरम्-पार्श्वनाथजन्मकल्याणकं दशमीरात्रौ जातमस्ति ततो दशमीदिने स्नात्रं करणीयमिति ।।४-४३-२७३।।

પ્રશ્ન : પોષ દશમીની રાત્રિએ શ્રીપાર્શ્વનાથનું જન્મ કલ્યાણક છે. તેમાં તે રાત્રિ શું નોમ અને દશમની મધ્યની લેવી કે દશમ અને અગીઆરસની મધ્યની લેવી? તથા તે સંબંધિ સ્નાત્ર દશમના દિવસે કરાય કે અગીઆરસને દિવસે કરાય?

ઉત્તરઃ- પાર્શ્વનાથ પ્રભુનું જન્મકલ્યાણક દશમની રાત્રિએ થયું છે, માટે દશમને દિવસે સ્નાત્ર કરવું જોઈએ. ૪-૪૩-૨૭૩

तथा–प्रतिक्रमणे आलोचनानन्तरं ''ठाणे कमणे'' इत्यादि कथयित्वा गमनागमनाऽऽलोचनादेशो मार्ग्यते, तत्र केचित्कथयन्ति न मार्ग्यते, तदाश्रित्य यथा भवति तथा प्रसाद्यम् । तथा केचित्कथयन्ति हस्तशताद् बहिर्गमने गमनागमनालोचनादेशो मार्ग्यते। केचिच्चाप्रमार्जितभूमिगमने, इत्येतदाश्रित्यापि यथोचितं प्रसाद्यमिति प्रश्नोऽत्रोत्तरम्-प्रतिक्रमणे आलोचनानन्तरं ''ठाणे कमणे'' इत्यादि कथयित्वा गमनागमनालोचनादेशो मार्गणीयो ज्ञायते । तथा पौषधमध्ये स्थण्डिलादिकार्ये बहिर्गत्वाऽऽगमनानन्तरं गमनागमनाऽऽलोचनं ज्ञायत इति ।।४-४४-२७४।।

પ્રશ્નઃ- પ્રતિક્રમણમાં આલોચના (દેવસિઅં આલોઉં) કર્યા બાદ 'ठाणे कमणे' ઈત્યાદિ કહીને ગમનાગમનની આલોચનાનો આદેશ इच्छाकारेण संदिसह भगवन् गमणागमणे आलोउं મંગાય છે; તેમાં કેટલાક કહે છે કે ગમનાગમનની આલોચનાનો આદેશ મંગાતો નથી, તો આ વસ્તુને આશ્રયીને જે હોય તે જણાવવા કૃપા કરશો. તથા કેટલાક કહે છે કે—સો હાથ ઉપર ગયા હોય તો ગમનાગમનની આલોચનાનો આદેશ મંગાય છે અને કેટલાક એમ કહે છે કે—પ્રમાર્જ્યા વિનાની ભૂમિએ ગમન થયું હોય તો આલોચનાનો આદેશ મંગાય છે. તો આ વસ્તુને આશ્રયીને પણ જે ઉચિત હોય તે જણાવવા કૃપા કરશો?

ઉત્તરઃ- પ્રતિક્રમણમાં આલોચના કર્યા બાદ ''ठाणे कमणे'' ઈત્યાદિ સૂત્ર કહીને ગમનાગમનની આલોચનાનો આદેશ માગવો યોગ્ય જણાય છે. તથા પૌષધમાં સ્થંડીલાદિ પ્રયોજને બહાર જઈને આવ્યા બાદ ગમનાગમનની આલોચના કરવી જોઈએ, એમ જણાય છે. ૪-૪૪-૨૭૪

तथा–पौषधे उच्चारिते कः सावद्यव्यापारः स्थितो वर्तते यदर्थं सामायिकमुच्चार्यते? तथा पौषधे देशावकाशिकं नोच्चार्यते सामायिके चोच्चार्यते

तत्र किं प्रयोजनम्? इति प्रश्नोऽत्रोत्तरम्-पौषधकरणानन्तरं यत् सामायिकमुच्चार्यते तत् सहजापतितं नवमव्रताराधनार्थम्, यत्पुनर्देशावकाशिकं न क्रियते तत्पौषधिको निरवद्यतया गमनादौ प्रवर्तते तेन तत्करणे किं प्रयोजनम्? इति । सामायिकमध्ये देशावकाशिककरणं तु सामायिके द्विघटिकामाने पारितेऽपि ततः परं विरतिकरणार्थमिति ॥४-४५-२७५॥

પ્રશ્નઃ- પૌષધ ઉચ્ચરાવ્યા બાદ કયો સાવદ્ય વ્યાપાર બાકી રહે છે જેના માટે સામાયિક ઉચ્ચરાવાય છે? તથા પૌષધમાં દેશાવકાશિક ઉચ્ચરાવાતું નથી અને સામાયિકમાં ઉચ્ચરાવાય છે, તેમાં શું પ્રયોજન છે?

ઉત્તરઃ- પૌષધ કર્યા બાદ જે સામાયિક ઉચ્ચરાવાય છે તે તો સ્વાભાવિક રીતે પ્રાપ્ત થયેલ નવમા વ્રતની આરાધના માટે છે તથા જે દેશાવકાશિક કરાવાતું નથી તે તો પોસાતી નિર્દોષપણે ગમન આગમનમાં પ્રવર્તે છે તેથી દેશાવકાશિક ઉચ્ચરાવવાનું કાંઈ પ્રયોજન નથી. સામાયિકમાં દેશાવકાશિકનું કરવું તો બે ઘડી પ્રમાણ સામાયિક પાર્યા બાદ વિરતિ રહે તે માટે છે. ૪-૪૫-૨૭૫

तथा–द्विदलमाश्रित्य केचिदित्थं वदन्ति यद् द्विदलतक्रमुखत्रयसंयोगे तत्र जीवा उत्पद्यन्ते, केचित्तु द्विदलतक्रसंयोगे, इत्येतदुपरि यच्छास्त्रानुसारि भवति तत्प्रसाद्यमिति प्रश्नोऽत्रोत्तरम्-द्विदलमध्येऽपक्वदुग्धदधितक्रसंयोगे जीवा उत्पद्यमाना ज्ञातास्सन्ति शास्त्रानुसारेणापि । मुखसंयोगे तत्र जीवा उत्पद्यन्त इति तु ज्ञातं नास्तीति ॥४-४६-२७६॥

પ્રશ્નઃ- દ્વિદલને આશ્રયી કેટલાક આ પ્રમાણે કહે છે કે—જેની સરખી બે ફાડ થઈ શકે, અને જેમાં સ્નેહ ન હોય તે દ્વિદલ, છાશ-કાચું ગોરસ અને મુખ આ ત્રણ વસ્તુનો સંયોગ થતાં તેમાં જીવો ઉત્પન્ન થાય છે, કેટલાક એમ કહે છે કે—દ્વિદલ અને તક્ર-છાશનો સંયોગ થતાં જીવો ઉત્પન્ન થાય છે, આ વિષય ઉપર જે શાસ્ત્રાનુસારી હોય તે જણાવવા કૃપા કરશો?

ઉત્તરઃ- દ્વિદલ ધાન્યમાં કાચું દૂધ દહિં કે છાશનો સંયોગ થતાં જીવો ઉત્પન્ન થાય છે, એમ શાસ્ત્રને અનુસરીને પણ જાણ્યું છે. મુખનો સંયોગ થતાં તેમાં જીવો ઉત્પન્ન થાય છે એમ જાણ્યું નથી. અર્થાત્ મુખનો સંયોગ ન થાય તો પણ કાચા ગોરસના સંયોગથી જીવો ઉત્પન્ન થાય છે. ૪-૪૬-૨૭૬

तथा–साधारणप्रासादे प्रतिमायां कार्यमाणायां ग्रामनाम्ना प्रतिमा विलोक्यते? उत सङ्घराशिनाम्ना? यदि सङ्घराशिनाम्ना तदा सर्वग्रामसङ्घाना-मेकमेव राशिनाम विद्यते, तेन यथा युक्तं भवति तथा प्रसाद्यमिति प्रश्नोऽत्रोत्तरम्-साधारणप्रासादे प्रतिमायां कार्यमाणायां ग्रामनाम्ना प्रतिमा विलोक्यत इति युक्तं ज्ञायत इति ॥४-४७-२७७॥

પ્રશ્નઃ- સાધારણ જિનમંદિરમાં પ્રતિમા પધરાવવા માટે જ્યારે જ્યારે પ્રતિમા કરાવવી હોય ત્યારે ગામના નામથી પ્રતિમા જોવી જોઈએ કે સંઘની રાશિથી? જો સંઘની રાશિના નામથી જોવાય તો સર્વ ગામના સંઘનું એક જ રાશિ નામ આવે છે, તેથી જેમ યુક્ત હોય તેમ જણાવવા કૃપા કરશો?

ઉત્તરઃ- સર્વ સાધારણ જિનમંદિરમાં પ્રતિમા કરાવવી હોય ત્યારે ગામના નામથી પ્રતિમા જોવી ઠીક જણાય છે. અર્થાત્ ગામ રાશિથી જોવી પણ સંઘ રાશિથી નહિ. ૪-૪૭-૨૭૭

तथा–षष्ठव्रतसंक्षेपरूपा प्रत्यहं द्विर्दिग्गमनविरतिर्देशावकाशिकाख्ये दशमव्रते, चतुर्दशनियमास्तु भोगोपभोगविरमणाख्ये सप्तमव्रते, तत्कथं देशावकाशिककरणेनैव ते उच्चार्यन्ते? इति प्रश्नोऽत्रोत्तरम्-देशावकाशिकं द्वेधा, एकं षष्ठव्रतसंक्षेपरूपम्, द्वितीयं सर्वव्रतसंक्षेपरूपं क्रियमाणमस्तीति न कापि विप्रतिपत्तिरिति ।।४-४८-२७८।।

પ્રશ્નઃ- હમેશાં છઠ્ઠાવ્રતના સંક્ષેપ રૂપ દિગ્ગમનવિરતિ બે વાર કરાય છે તે દેશાવકાશિક નામના દશમા વ્રતમાં આવે છે અને ચૌદ નિયમો તો ભોગોપભોગવિરમણ નામના સાતમા વ્રતમાં આવે છે, તો તે દેશાવકાશિકનું પચ્ચખ્ખાણ કરવા દ્વારા કેમ ઉચ્ચરાવાય છે?

ઉત્તરઃ- દેશાવકાશિક વ્રત બે પ્રકારનું છે. એક છઠ્ઠા વ્રતના સંક્ષેપ સ્વરૂપ, કે જે હમેશાં ચારે દિશાની વિરતિ કરવા સ્વરૂપ છે. બીજું સર્વ વ્રતના સંક્ષેપ રૂપ કરવામાં આવે છે. માટે અહીં કોઈ પણ જાતની વિપ્રતિપત્તિ=વિરોધ નથી. ૪-૪૮-૨૭૮

तथा–उपधानवाचना नमस्कारं विना दीयते उत तत्पूर्विका? इति प्रश्नोऽत्रोत्तरम्-उपधानवाचनां श्रीविजयदानसूरयो नमस्कारं विनैव दत्तवन्तो वयमपि तथैव दद्म इति ।।४-४९-२७९।।

પ્રશ્નઃ- ઉપધાનની વાચના નવકાર ગણ્યા વિના અપાય કે નવકાર ગણવા પૂર્વક?

ઉત્તરઃ- શ્રી વિજયદાનસૂરિ મહારાજ નવકાર વિના જ ઉપધાનની વાચના આપતા હતા, અમે પણ તે જ રીતિએ આપીએ છીએ. ૪-૪૯-૨૭૯

तथा–उपधानवाचना पारणादिने उत तपोदिने? तथा उपधानवाचना प्रातः सन्ध्यायां वा दीयते? इति प्रश्नोऽत्रोत्तरम्-उपधानवाचना तपोवासरे पारणादिने वा दत्ता शुध्यति । तथोपधानवाचनाऽऽचामाम्लैकाशनककरणानन्तरं सन्ध्यायामपि दत्ता शुध्यति, परं प्रतिदिनक्रियमाणसन्ध्यासमयक्रिया पश्चात्क्रियते ।।४-५०-२८०।।

પ્રશ્નઃ- ઉપધાનની વાચના પારણાને દિવસે અપાય કે તપના દિવસે? તથા ઉપધાનની વાચના પ્રાતઃકાલે અપાય કે સાંજના સમયે?

ઉત્તરઃ- ઉપધાનની વાચના પારણાના દિવસે અથવા તપના દિવસે આપેલી સુઝે છે. તથા ઉપધાનની વાચના આયંબિલ અથવા એકાસણું કર્યા બાદ સાંઝના સમયે પણ આપેલી સુઝે છે. પરંતુ પ્રતિદિન કરાતી સાંજના સમયની ક્રિયા વાચના લીધા પછી કરાય છે. ૪-૫૦-૨૮૦

तथा–चतुर्मासकमध्ये मालारोपणनन्दिः कुतः प्रभृति विधीयते? इति प्रश्नोऽत्रोत्तरम्-चतुर्मासकमध्ये तुर्यव्रतमालारोपणनन्दी विजयदशम्यनन्तरं भवतः। द्वादशव्रतनन्दी त्वर्वागपि भवन्ती दृश्यत इति ।।४-५१-२८१।।

પ્રશ્નઃ- ચોમાસામાં માલારોપણની નાણ ક્યારથી આરંભીને કરાય?

ઉત્તરઃ- ચાતુર્માસમા ચોથા વ્રતની અને માલારોપણની નાણ વિજયાદશમી પછી માંડી શકાય છે. બાર વ્રતની નાણ તો પહેલાં પણ માંડી શકાતી દેખાય છે. ૪-૫૧-૨૮૧

तथा–उपधानमध्ये आर्द्रशाकभक्षणं कल्पते न वा? तथा विलेपनमस्तकतैलप्रक्षेपादिकं कल्पते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-उपधानमध्ये सांप्रतमार्द्रशाकभक्षणरीतिर्नास्ति । तथा विलेपनमस्तकतैलक्षेपादिकं यतिवत्स्वयं न वाञ्छति, अन्यः कश्चिद्यदि भक्तिं करोति तदा निषेधो ज्ञातो नास्तीति ।।४-५२-२८२।।

પ્રશ્નઃ- ઉપધાનમાં લીલું શાક ખાવું કલ્પે કે નહિ? તથા વિલેપન, અને મસ્તકમાં તેલ નાખવું વગેરે કલ્પે કે નહિ?

ઉત્તરઃ- હાલ ઉપધાનમાં લીલું શાક ખાવાની રીતિ નથી. તથા સાધુની જેમ વિલેપન અને મસ્તકમાં તેલ નાખવું વગેરે સ્વયં ઈચ્છે નહિ, પરંતુ જો કોઈ બીજો ભક્તિ કરે તો નિષેધ જાણ્યો નથી. ૪-૫૨-૨૮૨

तथा-श्रावकश्राविकाणां नन्दीसूत्रश्रावणं ''नाणं पंचविहं पन्नतं'' इत्यादिरूपं नमस्कारत्रयरूपं वा क्रियते? इति प्रश्नोऽत्रोत्तरम्-श्रावकश्राविकाणां नन्दीसूत्रं नमस्कारत्रयरूपं श्राव्यत इति ।।४-५३-२८३।।

પ્રશ્નઃ- શ્રાવક—શ્રાવિકાઓને ''नाणं पंचविहं पन्नत्तं'' ઈત્યાદિ સ્વરૂપ નન્દીસૂત્ર સંભળાવવું કે ત્રણ નમસ્કાર સ્વરૂપ?

ઉત્તરઃ- શ્રાવક—શ્રાવિકાઓને ત્રણ નમસ્કાર સ્વરૂપ નન્દીસૂત્ર સંભળાવાય છે. ૪-૫૩-૨૮૩

तथा–उपधानवाचनां श्राद्धाः श्राद्धयश्चोर्ध्वस्थानेन गृह्णन्ति उपविश्य वा? इति प्रश्नोऽत्रोत्तरम्-उपधानवाचनां श्राद्धय ऊर्ध्वस्थिताः श्रृण्वन्ति, श्राद्धास्तु चैत्यवन्दनमुद्रयेति ।।४-५४-२८४।।

પ્રશ્નઃ- શ્રાવક અને શ્રાવિકાઓ ઊભાં રહીને ઉપધાનની વાચના ગ્રહણ કરે કે બેસીને?

ઉત્તરઃ- શ્રાવિકાઓ ઉપધાનની વાચના ઊભી રહીને સાંભળે, અને શ્રાવકો ચૈત્યવંદન મુદ્રાએ સાંભળે. ૪-૫૪-૨૮૪

तथा–पौषधिकः श्राद्धो वस्त्रेण मस्तकं बन्धयित्वा देवगृहमध्ये गत्वा देववन्दनं करोति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-पौषधिकश्राद्धस्य मुख्यवृत्त्या मस्तकबन्धनाधिकारो नास्ति, कारणे पुनः ''फालीउं'' इति प्रसिद्धवस्त्रेण बन्धने देवगृहमध्ये देववन्दनादिक्रियायां क्रियमाणायां छोटितं विलोक्यते । अन्यो विशेषो ज्ञातो नास्तीति ।।४-५५-२८५।।

પ્રશ્નઃ- પોસાતી શ્રાવક વસ્ત્રથી મસ્તક બાંધીને દેવમંદિર જઈને દેવવંદન કરે કે નહિ?

ઉત્તરઃ- પોસાતી શ્રાવકને મુખ્યવૃત્તિએ માથું બાંધવાનો અધિકાર નથી. પરંતુ કારણ હોય તો ''फालिउं'' એવા પ્રસિદ્ધ વસ્ત્રથી માથું બાંધ્યું હોય તો-અર્થાત્ ફાલીઉં માથે બાંધ્યું હોય તો તે દેવમંદિરમાં દેવવંદનની ક્રિયા કરતાં છોડેલું જોવાય છે. બીજો કોઈ વિશેષ જાણ્યો નથી. ૪-૫૫-૨૮૫

तथा–सांवत्सरिकपाक्षिकाष्टमीज्ञानपञ्चमीरोहिणीतपांसि येन यावज्जीवमुच्चरितानि भवन्ति स रोहिण्या अग्रतः पृष्ठतो वाऽऽगमने षष्टकरणशक्त्यभावे किं करोति? इति प्रश्नोऽत्रोत्तरम्-सर्वथा षष्टकरणशक्त्यभावे यत्तपः प्रथममागच्छति तत्तपः प्रथमं करोति, स्थितं तु पश्चात्कृत्वा प्रापयतीति ।।४-५६-२८६।।

પ્રશ્નઃ- સંવચ્છરી, પખ્ખી, અષ્ટમી, જ્ઞાનપંચમી, અને રોહિણીના તપો જેણે જીંદગી સુધીના ઉચ્ચર્યા હોય તે રોહિણી આગળ કે પાછળ આવે છતે છઠ્ઠ કરવાની શક્તિ ન હોય તો શું કરે?

ઉત્તરઃ- સર્વથા છઠ્ઠ કરવાની શક્તિ ન હોય તો જે તપ પહેલો આવે તે પહેલાં કરે અને બાકી રહેલ તપ પાછળથી કરી આપી શકે છે. ૪-૫૬-૨૮૬

तथा–श्राद्धानामेकादशाङ्गेषु श्राव्यमाणेषु नन्दिर्मण्डिता विलोक्यते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-श्राद्धानामेकादशाङ्गश्रावणे नन्दिमण्डनाधिकारो ज्ञातो नास्तीति ।।४-५७-२८७।।

પ્રશ્નઃ- શ્રાવકોને અગીઆર અંગસૂત્રો સંભળાવાતાં હોય ત્યારે નાણ માંડેલી દેખાય છે કે નહિ?

ઉત્તરઃ- શ્રાવકોને અગીઆર અંગસૂત્રો સંભળાવાતાં હોય ત્યારે નાણ માંડવાનો અધિકાર જાણ્યો નથી. ૪-૫૭-૨૮૭

तथा–अन्यतीर्थीयः कश्चिद्यदि तुर्यव्रतमुच्चारयति तदा किं नन्दिं विनाऽप्युच्चार्यते? उत नन्दिसहितमेव? इति प्रश्नोऽत्रोत्तरम्-अन्यतीर्थीयः कश्चित् तुर्यव्रतमुच्चारयति तदा नन्दिं विनाऽप्युच्चार्यते, तदाश्रित्य निषेधः कोऽपि ज्ञातो नास्तीति ॥४-५८-२८८॥

પ્રશ્નઃ- અન્યતીર્થિક કોઈ જો ચોથું વ્રત ઉચ્ચરે ત્યારે નાણ વિના પણ શું ઉચ્ચરાવી શકાય કે નાણ માંડીને?

ઉત્તરઃ- અન્યતીર્થિક કોઈ જો ચોથું વ્રત ઉચ્ચરે તો નાણ વિના પણ ઉચ્ચરાવાય છે. તે વસ્તુ આશ્રયીને કોઈ પણ જાતનો નિષેધ જાણ્યો નથી. ૪-૫૮-૨૮૮

तथा–पौषधिकः श्राद्धो यद्याहारं गृह्णाति तदा तस्य जेमनानन्तरं चैत्यवन्दनकरणमन्तरा पानीयं पातुं शुध्यति न वा?, तथा स्वाभाविक उपधानवाहकश्चाहारग्राहकपौषधिकः सन्ध्यासमयप्रतिलेखनां केनानुक्रमेण करोति? इति प्रश्नोऽत्रोत्तरम्-पौषधिकश्राद्धस्याहारग्रहणानन्तरं चैत्यवन्दनायां कृतायामेवं पानीयं पातुं शुध्यति नान्यथा, यतः पौषधमध्ये श्राद्धस्यापि बह्वी क्रियारीतिर्यतिवदेव वर्तते। तथाऽऽहारग्राहकपौषधिकः सन्ध्यासमये प्रतिलेखनामुखवस्त्रिकां प्रतिलिख्य परिधानांशुकं परावृत्य ''पडिलेहणा पडिलेहावो'' इत्यादेशं मार्गयित्वा तत्कृत्यं विधाय उपधिमुखपटीं प्रतिलिख्य स्वाध्यायं कृत्वा वन्दनकद्वयं दत्त्वा प्रत्याख्यानं कृत्वा ''उपधि संदिसावुं, उपधि पडिलेहुं'' इत्यादेशद्विकं क्षमाश्रमणद्विकेन मार्गयतीति सामाचारी वर्तते। उपधानपौषधिकस्याऽयं विशेषः यत्पानीयसारणानन्तरं गुरुपार्श्वे स्थापनाचार्यपार्श्वे वा मुखवस्त्रिकां प्रतिलिख्य वन्दनकद्वयं दत्त्वा च प्रत्याख्यानं करोति, न पुनः प्रतिलेखनासमये वन्दनकदानप्रत्याख्याने करोति। अन्यदन्तरं तु ज्ञातं नास्तीति ॥४-५९-२८९॥

પ્રશ્નઃ- પોસાતી શ્રાવક જો આહાર વાપરે તો તેના જમ્યા બાદ ચૈત્યવંદન કર્યા વિના પાણી પીવું સુઝે કે નહિ? તેમ જ ઉપધાન વિનાનો અથવા ઉપધાન વહન કરનાર આહાર વાપરનાર પોસાતી સંધ્યા સમયની પડિલેહણ કયા અનુક્રમથી કરે?

ઉત્તરઃ- પોસાતી શ્રાવકને આહાર ગ્રહણ કર્યા પછી ચૈત્યવંદન કર્યા બાદ જ પાણી પીવું સુઝે છે, તે સિવાય નહિ. કારણ કે પૌષધમાં-શ્રાવકની પણ ઘણી ક્રિયારીતિ સાધુની જેમ જ છે. તથા આહાર વાપરનાર પોસાતી સંધ્યા સમયે પડિલેહણની મુહપત્તિ પડિલેહીને પહેરેલું ધોતીયું બદલીને ''पडिलेहणा पडिलेहावो''

એવો આદેશ માગીને વડીલોની પડિલેહણ કરીને ઉપધિ મુહપતિ પડિલેહે. ત્યારબાદ સજ્ઝાય કરીને બે વાંદણાં આપીને પચ્ચખ્ખાણ કરીને ``उपधि संदिसावुं, उपधि पडिलेहुं'' આ બે આદેશ ખમાસમણ દઈને માગે છે એવી સામાચારી છે. ઉપધાન વહન કરનાર પોસાતીને અંગે આટલો વિશેષ છે કે—પાણી ચૂકવ્યા બાદ ગુરુપાસે અથવા સ્થાપનાચાર્યજીના પાસે મુહપત્તિ પડિલેહણના સમયે વાંદણાં અને પચ્ચખ્ખાણ ન કરે. બીજો કોઈ તફાવત જાણ્યો નથી. ૪-૫૯-૨૮૯

तथा—रात्रिपौषधिकः प्रस्त्रवणोच्चारभूम्योः कति मण्डलकानि करोति? इति प्रश्नोऽत्रोत्तरम्-रात्रिपौषधिकः प्रस्त्रवणोच्चारपरिष्ठापनभूम्योश्चतुर्विंशतिमण्डलकानि करोति । द्वादश मध्ये द्वादश बहिश्च, ``बारस बारस तिन्नि अ'' इति वचनादिति ।।४-६०-२९०।।

પ્રશ્ન:- રાત્રિ પોસાતી લઘુનીતિ અને વડિનીતિનાં કેટલાં માંડલાં કરે?

ઉત્તર:- રાત્રિ પોસાતી માત્રું અને સ્થંડિલ પરઠવવાની ભૂમિને આશ્રયીને ચોવીસ માંડલાં કરે. ``बारस बारस तिन्नि अ'' એવું વચન છે માટે બાર માંડલાં અંદર અને બાર માંડલાં બહાર, આ પ્રમાણે ચોવીસ કરે. ૪-૬૦-૨૯૦

तथा—यः सन्ध्यायां रात्रिपौषधं करोति स तदुच्चारणान्तरं पानीयं पिबति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्- यः सन्ध्यायां रात्रिपौषधं करोति तस्याऽऽहारपौषधः सर्वत एवोच्चार्यते न देशतस्तेन दिवसपौषधो भवतु मा वा परं रात्रिपौषधकरणानन्तरं स पानीयं न पिबतीति ।।४-६१-२९१।।

પ્રશ્ન:- જે સાંજે રાત્રિપોસહ કરે છે તે રાત્રિ પોસહ ઉચ્ચર્યા બાદ પાણી પી શકે કે નહિ?

ઉત્તર:- જે સાંજના સમયે રાત્રિપૌષધ કરે છે, તેને આહારપોસહ સર્વથી જ ઉચ્ચરાવાય છે પરંતુ દેશથી નહિ. તેથી દિવસનો પોસહ હોય કે ન હોય પરંતુ રાતનો પોસહ કર્યા બાદ તે પોસાતી પાણી પી શકે નહિ. ૪-૬૧-૨૯૧

तथा—त्रिविधाहारप्रत्याख्याननिर्विकृतिकैकाशनकद्व्यासनकेषु कृतेष्वार्द्रशाकभक्षणं शुध्यति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-निर्विकृत्यादिषु त्रिविधाहारप्रत्याख्यानेष्वेकान्तेनार्द्रशाकभक्षणनिषेधो ज्ञातो नास्ति, संवरार्थं न गृह्णाति तदा वरमिति ।।४-६२-२९२।।

પ્રશ્ન:- તિવિહાર પચ્ચખ્ખાણ યુક્ત નિવિ, એકાસણું, કે બીઆસણું કરેલું હોય તો લીલું શાક ખાવું કલ્પે કે નહિ?

ઉત્તર:- તિવિહાર પચ્ચખ્ખાણ યુક્ત નિવિ વગેરેમાં એકાન્તે લીલું શાક ખાવાનો નિષેધ જાણ્યો નથી. ત્યાગ કરવા માટે ન ગ્રહણ કરે તો સારું. ૪-૬૨-૨૯૨

तथा–दिवसपौषधिकः सन्ध्यासमयप्रतिलेखनां कृत्वा यदि रात्रिपौषधं करोति तदा किं प्रतिलेखनाऽऽदेशान् पुनरपि मार्गयति? उत प्राग्मार्गितैरेव तैः शुध्यति? इति प्रश्नोऽत्रोत्तरम्-प्रतिलेखनाऽऽदेशाः पुनर्मार्गिता न विलोक्यन्त इति ॥४-६३-२९३॥

પ્રશ્નઃ- દિવસે જેણે પોસહ ઉચ્ચરેલો હોય એવો પોસાતી સાંજની પડિલેહણ કરીને જો રાત્રિ પોસહ કરે તો પડિલેહણના આદેશોને શું ફરીથી માગે? કે પૂર્વે માગેલા આદેશોથી જ ચાલી શકે છે?

ઉત્તરઃ- પડિલેહણના આદેશો ફરીથી માગવા પડે, એવું જોવાતું નથી. ૪-૬૩-૨૯૩

तथा–एकाशनसहितनिर्विकृतिकप्रत्याख्यानैकाशनकप्रत्याख्यानयोरुच्चारे किमन्तरम्? इति प्रश्नोऽत्रोत्तरम्-निर्विकृतिकैकाशनकप्रत्याख्यानयोरेतावदेवान्तरमस्ति यन्निर्विकृतिकप्रत्याख्याने ''निव्विगइयं पच्चक्खामि'' इति उच्चार्यते, एकाशनकप्रत्याख्याने तु ''विगइयं पच्चक्खामि'' इति । अन्यत्सर्वं सदृशमस्ति । तथैतदप्यन्तरमस्ति यन्निर्विकृतिकप्रत्याख्यानं त्रिविधाहारचतुर्विधाहाररूपं भवति, एकाशनकप्रत्याख्यानं तु द्विविधाहाररूपमपीति ॥४-६४-२९४॥

પ્રશ્નઃ- એકાસણા સહિત નિવિનું પચ્ચખ્ખાણ અને એકલું એકાસણાનું પચ્ચખ્ખાણ આ બે પચ્ચખ્ખાણના ઉચ્ચારમાં શો ભેદ છે?

ઉત્તરઃ- નિવિ અને એકાસણાના પચ્ચખ્ખાણમાં એટલોજ ફરક છે કે નિવિના પચ્ચખ્ખાણમાં ''निव्विगइयं पच्चक्खामि'' એવો પાઠ ઉચ્ચરાય છે અને એકાસણાના પચ્ચખ્ખાણમાં ''विगइयं पच्चक्खामि'' એમ ઉચ્ચરાય છે, બીજું સર્વ સરખું છે. તથા આ પણ અંતર છે કે—નિવિનું પચ્ચખ્ખાણ તિવિહાર અથવા ચોવિહાર થાય છે, ત્યારે એકાસણાનું પચ્ચખ્ખાણ તો દુવિહાર પણ થાય છે. ૪-૬૪-૨૯૪

तथा–पौषधसामायिकयोर्ग्रहणानन्तरं तयोः पारणकालेऽप्राप्ते ग्राहकशरीरे क्लामनायां किं विधेयम्? इति प्रश्नोऽत्रोत्तरम्-पौषधसामायिकयोः पारणकालेऽप्राप्ते यदि ग्राहकस्य शरीरक्लामना भवति तदा स वेलाप्राप्त्यनन्तरं सावधानताभवने यथाशक्ति तत्पारणाचारं सत्यापयति, यदि ग्राहकः सावधानो न भवति तदा समीपस्था अन्ये वेलायां प्राप्तायां पारणविधिं श्रावयन्ति, यावच्च न श्रावितस्तावन्महतीं विराधनां कर्तुं न ददतीति सम्भाव्यत इति ॥४-६५-२९५॥

પ્રશ્નઃ- પૌષધ અને સામાયિક ગ્રહણ કર્યા બાદ તેના પારવાનો સમય થયા પહેલાં પૌષધ અને સામાયિક ગ્રહણ કરનારના શરીરે કીલામણા-દરદ થાય ત્યારે શું કરવું?

ઉત્તર:- પૌષધ અને સામાયિકનો પારવાનો સમય પ્રાપ્ત થયા પહેલાં જો ગ્રાહકના શરીરે પીડા થાય તો પારવાનો સમય પ્રાપ્ત થયા પછી સાવધાન થયા બાદ તે યથાશક્તિ પોસહ અને સામાયિકને પારવાનો આચાર બરાબર રીતે કરે. જો ગ્રાહક સાવધાન થયો ન હોય તો પાસે રહેલા બીજાઓ સમય થતાં પારવાની વિધિ સંભળાવે. પરંતુ જ્યાં સુધી પારવાની વિધિ સંભળાવી ન હોય ત્યાં સુધી મોટી વિરાધના કરવા દે નહિ, એમ સંભાવના થાય છે. ૪-૬૫-૨૯૫

तथा–आरात्रिकमङ्गलप्रदीपः सृष्ट्या संहारेण वोत्तार्यते? तदुत्तारणपाठश्च कः? इति प्रश्नोऽत्रोत्तरम्-जिनप्रतिमाऽग्रे आरात्रिकमङ्गलप्रदीपः सृष्ट्योत्तार्यते न तु संहारेण । पूर्वाचार्यप्रणीतग्रन्थमध्ये क्वापि संहारोत्तारणस्याप्यक्षराणि सन्ति परमिदानीं श्राद्धविधिजिनप्रभसूरिकृतपूजाप्रकरणयोः सृष्ट्यैवोत्तारणमुक्तमस्ति तेन तथैव क्रियते । तदुत्तारणगाथा च-''मरगयमणिघडियविसालथालमाणिक्क-मंडियपईवो । ण्हवणपरकरुक्खित्तो भमिउ जिणारत्तियं तुम्हं'' ।।१।। इति ।।४-६६-२९६।।

પ્રશ્ન:- આરતિ અને મંગલદીવો પ્રદક્ષિણાના ક્રમથી ઉતારાય કે અવળા ક્રમથી ઉતારાય? તથા આરતિ મંગલદીવો ઉતારવાનો પાઠ કયો છે?

ઉત્તર:- જિનપ્રતિમાની આગળ આરતિ અને મંગલદીવો સવળા ક્રમથી ઉતારાય, પરંતુ અવળા ક્રમથી નહિ. પૂર્વાચાર્યના રચેલ ગ્રંથની અંદર કોઈ ઠેકાણે અવળાક્રમે ઉતારવાના પણ અક્ષરો છે. પરંતુ હાલ શ્રાદ્ધવિધિ અને જીનપ્રભસૂરિએ કરેલ પૂજાપ્રકરણમાં પ્રદક્ષિણાક્રમથી જ ઉતારવાનું કહ્યું છે, તેથી તે પ્રમાણે જ કરાય છે. આરતિ, મંગલદીવો ઉતારવાની ગાથા આ છે. 'હે જિન-દેવાધિદેવ મરકતમણિના બનાવેલા વિશાલ સ્થાલમાં રહેલો માણિક્યમંડિત દીવો અને સ્નાન કરાયેલ હાથે ઉપાડાયેલી આરતિ તમારી સન્મુખ ઉતારવામાં આવો.' (૧) ૪-૬૬-૨૯૬

तथा–श्राद्धांनां यद्येकादशाङ्गानि श्राव्यन्ते तदा किं प्रथमचतुर्थयोरेव प्रहरयोः? उत द्वितीयतृतीययोरपि? इति प्रश्नोऽत्रोत्तरम्-श्राद्धानामेकादशाङ्गानि सूत्रतः श्राव्यन्ते तदा प्रथमचतुर्थयोः प्रहरयोः श्रावितानि शुध्यन्ति । अर्थसहितानि तु द्वितीयतृतीययोरपीति ।।४-६७-२९७।।

પ્રશ્ન:- શ્રાવકોને જો અગીઆર અંગો સંભળાવવામાં આવે તો શું પહેલા અને ચોથા જ પ્રહરમાં સંભળાવાય કે બીજા અને ત્રીજા પ્રહરમાં પણ?

ઉત્તર:- શ્રાવકોને જ્યારે અગીઆર અંગો કેવલ સૂત્રથી સંભળાવવામાં આવે ત્યારે પહેલા અને ચોથા પ્રહરમાં સંભળાવેલાં સુઝે છે ને અર્થ સહિત સંભળાવવામાં આવે તો બીજા અને ત્રીજા પ્રહરમાં પણ સુઝે છે. ૪-૬૭-૨૯૭

अथ डुङ्गरपुरसङ्घकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

सप्तदशभेदपूजायामष्टमङ्गलस्थालभरणे पूजानन्तरं तदपनयने तदन्तर्गतमत्स्युगलाकारस्यापि भङ्गे पातकं भवति न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-अष्टमङ्गलमध्ये मत्स्याकारस्य विधानं शास्त्रानुसारितया युक्तमेव वर्तते । पूजानन्तरं तदपनयनमपि युक्तमेव प्रतिभासते । तथा यो मन्यते तस्य युक्तिरपि तत्रेदृशी वर्तते, तथाहि-इन्द्रो यदा जिनजन्मोत्सवं कर्तुं समायाति तदा पूर्वं भगवज्जन्मगृहे आगत्य मातुः पार्श्वाद्भगवन्तं गृहीत्वा तत्प्रतिबिम्बं च तत्र मुक्त्वा मेरौ गत्वा जन्माभिषेकं च कृत्वा पुनरपि तत्राऽऽगत्य मातुः पार्श्वे भगवन्तं मुक्त्वा प्रतिबिम्बं विसर्जयति। तथा नवीनपित्तलादिप्रतिमायां भ्रियमाणायां प्रथमं मदनाकारं विधायोपरि मृतिकां दत्त्वा मदनं मध्यतो गालयित्वा कृषति । अत्र पूर्वत्र च हिंसापरिणामं विना यथा पातकं न भवति तथा मत्स्ययुगलापनयनेऽपि ज्ञेयमिति ।।४-६८-२९८।।

પ્રશ્નકાર ડુંગરપુરનો સંઘ

પ્રશ્ન:- સત્તરભેદી પૂજામાં અષ્ટમંગલનો સ્થાલ ભરે ત્યારબાદ તેની પૂજા થઈ રહ્યા પછી તેને દૂર કરતાં-ભાંગી નાખતાં અષ્ટમંગલની અંદર રહેલ મત્સ્યયુગલના આકારનો પણ ભંગ થાય અને તેમ થવાથી પાપ લાગે કે નહિ?

ઉત્તર:- આઠ મંગલમાં મત્સ્યાકારનું વિધાન શાસ્ત્રાનુસારી હોવાથી યોગ્ય જ છે. પૂજા પૂરી થયા બાદ આઠ મંગલનું અપનયન-દૂર કરવું પણ યોગ્ય જ છે, એમ લાગે છે. તથા મત્સ્યાકારના ભંગમાં જેઓ પાપ માને છે તેને સમજાવવા આવા પ્રકારની યુક્તિ પણ શાસ્ત્રમાં છે. તે આ પ્રમાણે—જ્યારે ઈંદ્ર તીર્થંકરનો જન્મોત્સવ કરવા આવે છે ત્યારે પ્રથમ ભગવાનના જન્મઘરમાં આવીને માતા પાસેથી ભગવાનને ગ્રહણ કરીને અને માતા પાસે ભગવાનના પ્રતિબિંબને મૂકીને મેરુ પર્વત ઉપર જઈને જન્માભિષેક કરીને ફરીથી પણ ત્યાં આવીને માતાની પાસે ભગવાનને મૂકે; મૂકીને પ્રતિબિંબનું વિસર્જન કરે છે. તથા નવીન પિત્તલ વગેરેની પ્રતિમા ભરાવતાં પહેલાં એવો મીણનો આકાર કરીને ઉપર માટી લગાડીને મધ્યમાં રહેલ મીણને ઓગાળીને કાઢી નાખવામાં આવે છે. આ વિષયમાં અને પૂર્વના વિષયમાં જેમ હિંસાના પરિણામ નહિ હોવાથી પાપ લાગતું નથી તેમ મત્સ્યયુગલને દૂર કરવામાં પણ જાણવું. ૪-૬૮-૨૯૮

तथा–जिनप्रतिमानां तान्येवाभरणानि प्रतिदिनं परिधाप्यन्ते, अथ तेषां निर्माल्यता कथं न भवति? इति प्रश्नोऽत्रोत्तरम्-एतदाश्रित्य शास्त्रमध्ये एवं कथितमस्ति यद् ''भोगविनष्टं द्रव्यं निर्माल्यम्'' इति । तेनाऽऽभरणानां भोगाविनष्टत्वाभावेन निर्माल्यता न भवतीति ज्ञेयमिति ।।४-६९-२९९।।

પ્રશ્નઃ- જિનપ્રતિમાઓને તે ને તે જ આભરણો હમેશાં પહેરાવાય છે. તો તે આભરણો નિર્માલ્ય કેમ થતાં નથી?

ઉત્તરઃ- નિર્માલ્યતાને-આશ્રયીને શાસ્ત્રમાં એમ કહ્યું છે કે— ``भोगविनष्टं द्रव्यं निर्माल्यम्'' –'ભોગથી નાશ પામેલું દ્રવ્ય નિર્માલ્ય કહેવાય છે.' આથી આભૂષણો ભોગ કરવાથી વિનાશ પામતાં નહિ હોવાથી નિર્માલ્ય થતાં નથી એમ જાણવું. ૪-૬૯-૨૯૯

तथा–विष्णुकुमारसम्बन्धः कुत्र ग्रन्थे वर्तते?, तथा तेन यल्लक्षयोजनप्रमाणं रूपं कृतं श्रूयते तत्किमुत्सेधाङ्गुलनिष्पन्नेन योजनेन प्रमाणाङ्गुलनिष्पन्नेन वा? तथा तेन पूर्वपश्चिमसमुद्रयोः पादौ मुक्तौ स्त इत्यप्युक्तमस्ति, तेनैतदाश्रित्य यथा घटमानं भवति तथा प्रसाद्यमिति प्रश्नोऽत्रोत्तरम्-विष्णुकुमारसंबन्ध उत्तराध्ययनवृत्त्युपदेशमालावृत्तिप्रमुखग्रन्थेषु वर्तते । तथा तेन यल्लक्षयोजनप्रमाणं रूपं कृतं वर्तते तदुत्सेधाङ्गुलनिष्पन्नयोजनप्रमाणेन । यत्पुनः पूर्वपश्चिमसमुद्रयोः पादौ मुक्तौ तज्जम्बूद्वीपमध्यस्थलवणसमुद्रखातिकायामिति सम्भाव्यते, अन्यथोत्सेधाङ्गुलनिष्पन्नलक्षयोजनप्रमाणशरीरस्य तस्य चरणाभ्यां पूर्वपश्चिमलवणसमुद्रस्पर्शनं दुःशकमिति ॥४-७०-३००॥

પ્રશ્નઃ- વિષ્ણુકુમારનો સંબંધ કયા ગ્રંથમાં છે? તથા તેમણે જે લાખ યોજન પ્રમાણ રૂપ વિકુર્વ્યું સંભળાય છે તે શું ઉત્સેધાંગુલ નિષ્પન્ન યોજનના પ્રમાણથી કે પ્રમાણાંગુલ નિષ્પન્ન યોજનના પ્રમાણથી? તથા તેમણે એક પગ પૂર્વ સમુદ્રને છેડે અને બીજો પગ પશ્ચિમ સમુદ્રને છેડે મૂક્યો છે એમ પણ કહ્યું છે. તો આ સંબંધી જેમ ઘટતું હોય તેમ જણાવવા કૃપા કરશો?

ઉત્તરઃ- વિષ્ણુકુમારનો સંબંધ ઉત્તરાધ્યયનની ટીકા અને ઉપદેશમાલાની ટીકા વગેરે ગ્રંથોમાં છે. તથા તેમણે જે લાખ યોજન પ્રમાણ રૂપ વિકુર્વ્યું છે તે ઉત્સેધાંગુલથી બનેલ યોજનના પ્રમાણથી સમજવું. જે પૂર્વ અને પશ્ચિમ સમુદ્રમાં પગ મૂક્યા એમ આવે છે તે જંબૂદ્વીપની મધ્યમાં રહેલ લવણસમુદ્રની ખાઈઓમાં મૂક્યા હોય એમ સંભાવના થાય છે. જો એમ ન માનીએ તો ઉત્સેધાંગુલથી બનેલ લાખ યોજન પ્રમાણના શરીરવાળા તેમના બે ચરણોથી પૂર્વ અને પશ્ચિમ લવણ સમુદ્રનો સ્પર્શ થવો દુઃશક્ય છે-દુઃખ પૂર્વક થઈ શકે તેમ છે. ૪-૭૦-૩૦૦

अथ सिद्धपुरसङ्घकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

प्रतिवासुदेवे गर्भावतीर्णे तन्माता कियतः स्वप्नान् पश्यति? इति प्रश्नोऽत्रोत्तरम्-त्रीन् स्वप्नान् पश्यतीति ज्ञायते[1] सप्ततिशतस्थानकशान्तिचरित्राद्यनुसारेणेति ॥४-७१-३०१॥

१ ज्ञायते इत्यन्तः पाठः प्रत्यन्तरे

પ્રશ્નઃ- પ્રતિવાસુદેવ માતાના ગર્ભમાં આવે ત્યારે તેની માતા કેટલાં સ્વપ્નાં જુએ?

ઉત્તરઃ- સપ્તતિશતસ્થાનક અને શાન્તિચરિત્ર વગેરે ગ્રંથોના અનુસારે ત્રણ સ્વપ્નો જુએ, એમ જણાય છે. ૪-૭૧-૩૦૧

तथा–तद्दिनतलितपक्वान्नं कटाहविकृतिप्रत्याख्यानवतः कल्पते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-तद्दिनतलितपक्वान्नं कटाहविकृतिप्रत्याख्यानवतः प्रत्याख्यानकरणसमये यदि मुत्कलं रक्षितं भवति तदा कल्पते नान्यथेति परम्परा दृश्यत इति ॥४-७२-३०२॥

પ્રશ્નઃ- તે દિવસનું તળેલું પકવાન્ન કડાવિગઈના પચ્ચખ્ખાણવાળાને કલ્પે કે નહિ?

ઉત્તરઃ- તે દિવસનું તળેલું પકવાન્ન કડાવિગઈના પચ્ચખ્ખાણવાળાને, જો પચ્ચખ્ખાણ કરવાના સમયે છૂટું રાખ્યું હોય તો, કલ્પે છે તે સિવાય નહિ, એવી પરંપરા દેખાય છે. ૪-૭૨-૩૦૨

तथा–चतुर्मासकमध्ये सार्धद्विगव्यूतप्रमाणनदीमुत्तीर्याऽऽहारग्रहणार्थमिव वन्दनार्थं क्षामणार्थं वा गम्यते न वा? इति प्रश्नोऽत्रोत्तरम्-चतुर्मासकमध्ये सार्धद्विगव्यूतप्रमाणनदीमुत्तीर्य भिक्षाग्रहणार्थमिवैकं पादं जले कृत्वैकं पादं स्थले कृत्वा यदि वन्दनार्थं क्षामणार्थं वा व्रजति तदा शास्त्रानुसारेणैकान्तिको निषेधो नास्ति, परमिदानीं प्रवृत्तिर्न दृश्यत इति ॥४-७३-३०३॥

પ્રશ્નઃ- ચાતુર્માસમાં અઢી ગાઉના પ્રમાણે કરી નદી ઉતરીને જેમ આહાર ગ્રહણ કરવા માટે જવાય છે તેમ વંદન અને ખામણાં કરવા જવાય કે નહિ?

ઉત્તરઃ- ચાતુર્માસમાં અઢી ગાઉ પ્રમાણે કરી નદીને ઉતરીને જેમ ભિક્ષા ગ્રહણ માટે એક પગ પાણીમાં અને એક પગ અદ્ધર રાખીને જવાય છે તેમ વંદન માટે અને ખામણા માટે જાય તો શાસ્ત્રના અનુસારે એકાન્તે નિષેધ નથી. પરંતુ હાલ પ્રવૃત્તિ જોવાતી નથી. ૪-૭૩-૩૦૩

अथ धायताग्रामसत्कसङ्घकृतप्रश्नास्तत्प्रतिवचांसि च यथा–

द्वयोः श्राद्धयोः प्रतिक्रमणकरणसमयेऽथवा सामायिके कृते सत्येकस्य हस्तादपरेण चरवलके पातिते उभयोर्मध्ये कस्येर्यापथिकी समायाति? किमुभावपि प्रतिक्रामत एको वा? इति प्रश्नोऽत्रोत्तरम्-द्वयोः श्राद्धयोः प्रतिक्रमणकरणादौ सावधानतयैकेन चरवलको गृहीतो भवति, अथ यदि द्वितीयहस्तलगनेन हेतुना पतति तदा तस्येर्यापथिकी समायाति । यदि च गृहीतोऽप्यसावधानतयैव तदोभयोरपीर्यापथिकी समायातीति ॥४-७४-३०४॥

પ્રશ્નકાર ધાયતા ગામનો સંઘ

પ્રશ્નઃ- બે શ્રાવકો પ્રતિક્રમણ કરતા હોય કે સામાયિક કર્યું હોય ત્યારે એક શ્રાવકના હાથમાંથી બીજા શ્રાવકે ચરવલો પાડી નાખ્યો, તે વખતે બેમાંથી કોને ઈરિયાવહીયાનું પ્રતિક્રમણ આવે? બંને શ્રાવકને ઈરિયાવહીયાનું પ્રતિક્રમણ આવે કે એક શ્રાવકને આવે?

ઉત્તરઃ- બે શ્રાવકો પ્રતિક્રમણ વગેરે કરતા હોય તે વખતે એકે સાવધાનતાથી ચરવલો ગ્રહણ કર્યો હોય, હવે જો બીજાનો હાથ લાગવાના હેતુથી તે પડી જાય તો પાડનારને ઈરિયાવહીનું પ્રતિક્રમણ આવે છે. અને જો ગ્રહણ પણ ઉપયોગ રાખ્યા વિના જ કર્યો હોય તો ગ્રહણ કરનાર અને પાડનાર બંનેને ઈરિયાવહીનું પ્રતિક્રમણ આવે છે. ૪-૭૪-૩૦૪

तथा–यः शुद्धक्रियां कुर्वाणः शुद्धाचारं च पालयन्नीर्यापथिकीमागतां न जानाति स कियद्भिर्मुहूर्तैस्तां प्रतिक्रामति? इति प्रश्नोऽत्रोत्तरम्-शुद्धक्रियायां क्रियमाणायां सोपयोगतया प्रमार्जनादिविधिनोपवेशनादिष्वीर्यापथिकी नायाति, यतस्तामाश्रित्य कालमानमुक्तं ज्ञातं नास्ति । तथापि क्रियान्तरे क्रियमाणे ईर्यापथिकी प्रतिक्रम्यते, यतो महत्यां वेलायां मनोवचःकाययोगानां सम्यगवबोधो न भवतीति ॥४-७५-३०५॥

પ્રશ્નઃ- જે શુદ્ધ ક્રિયા કરતો હોય અને શુદ્ધ આચાર પાલતો હોય છતાં આવેલ ઈરિયાવહીયાંના પ્રતિક્રમણને જાણે નહિ તે કેટલા મુહૂર્તે ઈરિયાવહીયાનું પ્રતિક્રમણ કરી શકે?

ઉત્તરઃ- શુદ્ધ ક્રિયા કરતાં ઉપયોગ પૂર્વક પ્રમાર્જન વગેરે વિધિથી ઉપવેશન-બેસવું વગેરે ક્રિયાઓમાં ઇરિયાવહીયા આવતી નથી, કારણ કે ઈરિયાવહીયાને આશ્રયીને કાલમાન કહેલું જાણ્યું નથી. તો પણ અન્ય ક્રિયા કરતાં ઈરિયાવહીયાનું પ્રતિક્રમણ કરાય છે. કારણ કે ઘણો સમય થતાં મન વચન અને કાયાના ઉપયોગનું સમ્યગ્જ્ઞાન રહેતું નથી. ૪-૭૫-૩૦૫

तथा–अष्टापदपर्वते भरतचक्रवर्तिकारिताः सिंहनिषद्याप्रमुखप्रासादास्तद्गतबिम्बानि चाद्ययावत्कथं स्थितानि सन्ति? तथा शत्रुञ्जयपर्वतेऽपि भरतकारितान्येव प्रासादबिम्बानि कथं न स्थितानि? यतस्तत्रासङ्ख्याता उद्धारा जाताः श्रूयन्ते, तेनाष्टापदे कस्य सान्निध्यम्? शत्रुञ्जये च कस्य न? यदेतावान् भेद इति व्यक्त्या प्रसाद्यमिति प्रश्नोऽत्रोत्तरम्-अष्टापदपर्वते भरतचक्रवर्तिकारितप्रासादादीनां स्थानस्य निरपायत्वाद्देवादिसान्निध्यात् ''केवइयं पुण कालं आययणं अवसज्जिस्सइ? ततो तेण अमच्चेण भणियं- जाव इमा उसप्पिणि त्ति मे

केवलिजिणाण अंतिए सुयं'' इत्यादिवसुदेवहिण्ड्यक्षरसद्भावाच्चाद्य-यावदवस्थानं युक्तिमदेव । शत्रुञ्जये तु स्थानस्य सापायत्वात्तथाविधदेवादिसांनिध्याभावाच्च भरतकारितप्रासादादीनामद्ययावदवस्थानाऽभाव इति सम्भाव्यते । तत्त्वं तु तत्त्वविद्वेद्यमिति ।।४-७६-३०६।।

પ્રશ્નઃ- અષ્ટાપદ પર્વત ઉપર ભરત ચક્રવર્તીનાં કરાવેલાં સિંહનિષદ્યા વગેરે મંદિરો અને મંદિરમાં સ્થાપેલાં બિંબો હજુ સુધી કેમ રહ્યાં છે? તથા શત્રુંજય પર્વત ઉપર ભરતનાં કરાવેલાં મંદિરો અને બિંબો કેમ રહ્યાં નથી? કારણ કે શત્રુંજય ઉપર અસંખ્યાતા ઉદ્ધારો થયેલા સંભળાય છે. તેથી અષ્ટાપદ ઉપર કોનું સાન્નિધ્ય છે અને શત્રુંજય ઉપર કોનું નથી કે જેથી આટલો ભેદ છે, એ સ્પષ્ટ રીતે જણાવવા કૃપા કરશો?

ઉત્તરઃ- અષ્ટાપદ પર્વત ઉપર ભરત ચક્રવર્તીનાં કરાવેલાં મંદિર વગેરેનું સ્થાન અપાય=આપત્તિ વિનાનું હોવાથી, દેવ વગેરેની સાન્નિધ્યતાવાળું હોવાથી અને "અષ્ટાપદ પર્વત ઉપરનાં મંદિરો કેટલા કાલ સુધી રહેશે? એમ પ્રધાનને પૂછવામાં આવ્યું ત્યારે પ્રધાને જણાવ્યું કે—આ અવસર્પિણી સુધી ટકી રહેશે એમ મેં કેવલિ જિન પાસેથી સાંભળ્યું છે." ઈત્યાદિ વસુદેવ હિણ્ડિના અક્ષરો હોવાથી અત્યાર સુધી ટકી રહેવું યુક્તિ યુક્ત જ છે. શત્રુંજય તો, એક તો સ્થાન અપાયવાળું હોવાથી અને બીજું તથાપ્રકારના દેવ વગેરેનું સાન્નિધ્ય નહિ હોવાથી ભરતે કરાવેલાં મંદિરો આદિનું અવસ્થાન અત્યાર સુધી રહ્યું નથી, એમ સંભાવના થાય છે. તત્ત્વ તો તત્ત્વવેત્તા જાણે. ૪-૭૬-૩૦૬

इति श्रीसकलसूरिपुरन्दरपरमगुरुतपागच्छाधिराजभट्टारकश्री ५ श्रीहीरविजयसूरिप्रसादीकृतप्रश्नोत्तरसमुच्चये तच्छिष्यपण्डितकीर्ति-विजयगणिसमुच्चिते चतुर्थः प्रकाशः ।।

इति श्रीसकलसूरिपुरन्दरपरमगुरुतपोगच्छगगनदिनमणि-परमपूज्य-आचार्यप्रवर-सिद्धान्तमहोदधि-शासनप्रभावक-**श्रीमद्विजयप्रेमसूरि-साम्राज्ये** तत्पट्टप्रभाकर-प्रवचनप्रभावक-प्रौढगीतार्थ-आगमप्रज्ञ-सूरिप्रवर-पूज्य-गुरुदेव-**श्रीमद्विजयजम्बूसूरिवाराणा**मन्तेवासि मुनि**श्रीचिदानन्द-विजयेन** सटिप्पणकानुवादिते **प्रश्नोत्तरसमुच्चये** चतुर्थः प्रकाशः समाप्तः तत्समाप्तौ च चतुःप्रकाशकायात्मक**प्रश्नोत्तरसमुच्चयानुवादः**

।। समाप्तिमगमत् ।।

***

સં. પુ